સ્વાધ્યાય

પુસ્તક ૧

અંક ૨

સ્વાધ્યાય અને સંશોધનનું
ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મંદિર,
વડોદરા

શ્રી ગણેશ—શામળાજી

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય
વડોદરા

વસન્તપંચમી, વિ. સં. ૨૦૨૦

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષય-તૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલ ખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બોક્સ નં ૭૫,
વડોદરા.

સંપાદક

સ્વાધ્યાય

વસન્તપંચમી, વિ. સં. ૨૦૨૦ — પુસ્તક ૧

જાન્યુઆરી, ૧૯૬૪ — અંક ૨

ગાન્ધારી

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

[સ્વાધ્યાય, અંક ૧, પૃ. ૬૦થી ચાલુ]

આ મહિલાની જીવંત ધર્મશ્રદ્ધાને શાની ઉપમા આપવી? રત્નાકર સાગરની આપવી, ભગવતી વસુંધરાની આપવી કે અનંત આકાશની આપવી?

એ પછી ગાન્ધારીની આજ્ઞા લઈને પાંડવો માતા કુન્તી પાસે ગયા.

મૂર્તિમન્ત શોક સમાં કુન્તી, કર્ણમૃત્યુનો શોક પણ પ્રગટ નહોતાં કરી શકતાં. તેમની પાસે દ્રૌપદી લગભગ બેભાન જેવી ભોંય પર પડી પડી રડતી હતી. એટલે કુન્તી દ્રૌપદી અને પાંડવોને લઈને ગાન્ધારી પાસે આવ્યાં.[1] સાસુ ગાન્ધારીએ સમદુઃખિયણ દ્રૌપદીને કહ્યું—વિધિની એ નોંધપાત્ર વિચિત્રતા છે કે ગાન્ધારીને કૌરવ-પાંડવ સર્વ પુત્રવધૂઓમાં દ્રૌપદી સહુથી વધુ પ્રિય હતી[2] અને એ વહાલી વહુને જ એમના પેટના દીકરાઓએ ચીર ખેંચીને અપમાની હતી—"પુત્રી! આમ ન કર. મુજ દુઃખિયારી તરફ થોડી નજર કર. મને તો હવે ભાસે છે કે કાલની પ્રેરણાથી આ લોકોનો વિનાશ થયો છે. ભાવી ભાવ થવાનો હતો તે થયો. શ્રીકૃષ્ણનો અનુનય નિષ્ફળ જતાં, વિદુરે ઉચ્ચારેલ વાણી ફળી છે. માટે અપરિહાર્ય અને ખાસ કરીને બની ચૂકેલી ઘટનાનો શોક ન ઘટે. (ગાન્ધારીનો શોક અને ક્રોધ પ્રમુખતઃ અધર્મ સામે છે) અત્યારે તો જેવી તું એવી હું છું. આપણને કોણ આશ્વાસન આપશે?" વળી આત્મલક્ષી બની બોલ્યાં, "અરેરે! મારા જ (દુર્યોધન જેવા કલિ અંશનો જન્મ આપવાના) અપરાધથી આપણા અગ્રગણ્ય કુળનો વિનાશ થયો છે."[3]

---

૧. ૧૧–૧૫–૯ થી ૧૪; કુન્તી ગાન્ધારીને વડીલ ગણતાં. પુરુષો લડી મૂઆ પણ આ સ્ત્રીઓએ પ્રેમનો તંતુ તૂટવા ન દીધો, જાળવ્યો અને છેવટે મજબૂત પણ કર્યો.

૨. ૧૫–૩૭–૭.

૩. ૧૧–૧૫–૧૫ થી ૨૦. તેમાંથી સરખાવો.

तस्मिन्नपरिहार्येऽर्थे व्यतीते च विशेषतः ।
मा शुचो न हि शोच्यास्ते संग्रामे निधनं गताः ॥ १५–१५–१९.

હવે કવિ સ્થિરપ્રજ્ઞા ગાન્ધારીની આંખે રણભૂમિનું દર્શન કરાવે છે. મહાભારતના સર્વોત્તમ વિભાગો પૈકીનો, વિશ્વમાં કરુણ કાવ્યોમાં માર્ગ મુકાવે તેવો, દિલ હચમચાવી મૂકતો આ વિભાગ, યુદ્ધનાં ઘોર તાંડવનો, આંતરકલહની અનર્થકારિતાનો, કુસંપનો અને મન્યુના પુરસ્કારનો અંજામ શું હોય તેને તાદશ ખડો કરે છે. મહાભારતની એક કરતાં વધુ દૃષ્ટિકોણથી નિહાળવાની ખાસિયત પ્રમાણે અહીં પણ ગાન્ધારીને બે રીતે સમરાંગણ જોતાં વર્ણવ્યાં છે. (૧) મહર્ષિ કૃષ્ણ વ્યાસના વરદાનને લીધે દિવ્યચક્ષુથી[૧] અને (૨) ધૃતરાષ્ટ્રની સાથે બધી કૌરવ સ્ત્રીઓ રણભૂમિ ઉપર ગઈ ત્યારે (પાટા ખોલીને ચર્મચક્ષુથી)[૨].

રણક્ષેત્ર ઉપર ભગવાન શ્રીકૃષ્ણની સાથે ફરતાં ગાન્ધારીએ શું જોયું ?[૩] છૂટા વાળ પીંખતી ટીટોડીની પેઠે વિલાપ કરતી, પુત્રો, ભાઈઓ પિતાઓ, અને પતિઓનાં શબ ખોળતી દોડાદોડ કરતી વીરમાતાઓ, વીરભગિનીઓ, વીરપુત્રીઓ અને વીરપત્નીઓથી ઘેરાયેલું સમરાંગણ. ચારે બાજુ હિંસક પ્રાણીઓનાં ટોળાં માંસની ખેંચાખેંચ કરતાં કે રમતાં કે ઘોરતાં પડ્યાં છે. સુવર્ણનાં કવચો, નિષ્કો, મણિઓ, બાજુબંધો, માળાઓ, વીરપુરુષોના હાથ, પગ, ધડ, માથાં, તલવારો, ગદાઓ, બાણ, ધનુષ્યો, પરિઘો, ભાંગેલા રથ, મરેલા ઘોડાઓ અને મૂર્ધાભિષિક્ત રાજાઓનાં ધૂળ ચાટતાં શબોથી યુદ્ધભૂમિ ઉભરાઈ રહી છે. એમાં પ્રિયજનની શોધ કરતી નારીઓ ધડ મળે તો માથું નહિ અને માથું મળે તો ધડ નહિ એવા દેહભાગોને એકઠા કરીને મેળવતી હતી. માત્ર ધડ જોઈને સ્ત્રીઓ બેભાન થતી હતી. કોઈ વળી શબના હાથપગ વગેરે અંગોને શબ સાથે મેળવી જોતી હતી, અને કકળતી હતી. આ જોતાં જોતાં ગાન્ધારીએ શ્રીકૃષ્ણને રડતાં રડતાં કહ્યું, "માધવ ! હું પુત્રો, પૌત્રો અને ભાઈઓને એકી સાથે મરી ગયેલા જોઉં છું, એટલે મેં પેલા ભવમાં ખરેખર મહાપાપ કર્યું હશે.[૪]

થોડુંક આગળ ચાલતાં દુર્યોધનનું શબ જોતાં ગાન્ધારી ધીરજ ખોઈને એકાએક બેભાન થઈ ગયાં. ભાનમાં આવતાં 'હા પુત્ર! હા પુત્ર!' એમ કરુણ વિલાપ કરવા માંડ્યાં, અને સમીપમાં જ ઊભેલા કૃષ્ણને કહેવા માંડ્યાં, "હે સમર્થ ! યુદ્ધની શરૂઆતમાં આ નૃપસત્તમ દુર્યોધને મને પ્રણામ કરી, 'હે અમ્બા ! કુટુમ્બનો સંહાર કરનાર આ સંઘર્ષમાં મને તારો જય થા—એવો આશીર્વાદ આપ' એમ કહ્યું હતું. ત્યારે અમારા ઉપર આવનારા ઘોર સંકટની વાત જાણવા

यथैव त्वं तथैवाहं को वा माश्वासयिष्यति ।
ममैव ह्यपराधेन कुलमग्र्यं विनाशितम् ॥ १५-२०

આમાં ૧૫-૧૫-૧૯ સાથે સરખાવો ૬-૨૪-૧૧ (ગીતા ૨-૧૧) અને ૬-૨૪-૨૭ (ગીતા ૨-૨૭).

गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥

આ વચનો ઉચ્ચારતી સન્નારીએ ગીતાવચનો નહોતાં સાંભળ્યાં. ગીતાવચનો તેના હૃદયમાં સ્ફુર્યાં હતાં.

૧. ૧૧-૧૬-૧ થી
૨. ૧૧-૧૬-૧૦ થી
૩. ૧૧-અ-૧૬ થી ૨૫
૪. ૧૧-૧૬-૫૯

છતાં મેં તેને ઉત્તર આપ્યો હતો કે ‘ જ્યાં ધર્મ છે ત્યાં જય છે. ’[૧] અને વળી કહ્યું હતું કે, ‘ યુદ્ધમાં જો તું મોહવશ નહિ થાય તો અવશ્ય શસ્ત્રોથી જીતાતા લોકોમાં અમરોની જેમ—દેવોની જેમ—વિહાર કરીશ. આમ મેં પહેલેથી કહ્યું હતું તેથી મને દુર્યોધનનો (એટલો) શોક નથી થતો. પણ દીન ધૃતરાષ્ટ્ર રાજાનો શોક થાય છે. અરે જુઓ તો ખરા ! જેને સુંદર સ્ત્રીઓ રમણ કરાવતી તેને શિયાળવીઓ રમણ કરાવે છે ! જેને રાજાઓ વિનોદ કરાવતા તેને ગીધો વિનોદ કરાવે છે ! જેને પ્રથમ રમણીઓ સુંદર વીંઝણાથી પવન નાખતી તેને હવે પક્ષીઓ વીંઝણા નાખે છે ! જે મૂર્ધાભિષિક્ત રાજાઓની આગળ ચાલતો તે આજે ધૂળ ફાકે છે ! જેણે ૧૧ અક્ષૌહિણી સેનાઓને રણમાં ઉતારી હતી તે અન્યાયથી માર્યો ગયો છે !...મૂર્ખ અને મંદબુદ્ધિનો તે, વિદુર, તેના પિતા અને વૃદ્ધોની અવગણના કરીને માર્યો ગયો છે...શૂરા પતિઓ પાસે બેસીને વિલાપ કરતી સ્ત્રીઓને જોઈને પુત્રોના વધ કરતાંયે મને ઘણું દુઃખ થાય છે. આ યુદ્ધમાં માર્યા ગયેલા મારા પુત્રોને અને પૌત્રોને હું જોઉં છું તોપણ મારા હૃદયના સેંકડો કકડા કેમ થઈ જતા નથી ?”...વળી થોડું આશ્વાસન લેતાં બોલ્યાં, જો આગમો અને શ્રુતિઓ સત્ય હશે તો મારો પુત્ર બાહુબળથી મેળવેલા દિવ્ય લોકોમાં જરૂર ગયો હશે. ”[૨]

આમ અનુક્રમે ગર્વિષ્ઠ દુઃશાસન, વિદ્વદ્‌માન્ય સુંદર વિકર્ણ, શૂરવીર દુર્મુખ અને ચિત્રસેન, શ્રીકૃષ્ણ અને અર્જુન કરતાં જે દોઢો બળવાન ગણાતો તે સિંહ જેવો દપ્ત અને ઉત્કટ નવયુવાન અભિમન્યુ, દીર્ઘરોષી મહારથી કર્ણ, મનસ્વી જયદ્રથ, વાસુદેવની સ્પર્ધા કરતો શલ્ય, પાર્વતીય પ્રદેશનો વૃદ્ધ મહારથી ભગદત્ત, વીરશયનમાં સૂતેલા નરસૂર્ય પિતામહ દેવવ્રત ભીષ્મ, ઇંદ્ર અને પરશુરામ જેવા અસ્ત્રવેત્તા દ્રોણાચાર્ય, તથા દ્રુપદ, વિરાટ વગેરે બીજા અનેક રાજા, મહારાજા, મહારથીઓ અને ક્ષત્રિયોનાં મુડદાંને ફોલતા ગીધ–કાગડાઓને ઉરાડવા એમની પત્નીઓ નિષ્ફળ પ્રયત્ન કરતી હતી, અને ખેંચી જતાં કૂતરાં તથા શિયાળિયાંને હાંકી મૂકવા વ્યર્થ મહેનત કરતી, એનું કરુણ વર્ણન આંખમાંથી આંસુધારા કઢાવે છે. આ કરુણતાની અવધિ યૂપધ્વજ મહારથી ભૂરિશ્રવાની પત્નીઓ પૈકી એકે અર્જુને કાપી નાખેલા એના હાથને ઉત્સંગમાં લઈને એ હાથે કરેલી શૃંગારલીલાઓ વર્ણવતાં કૃષ્ણની સમીપમાં અર્જુને કરેલા અધર્મ કૃત્યને ફિટકાર આપતાં કરેલાં ક્રંદનમાં આવે છે.[૩]

---

૧. उपस्थितेऽस्मिन्संग्रामे ज्ञातिनां संक्षये विभो ।
मामयं प्राह वार्ष्णेय प्राञ्जलिर्नृपसत्तम : ।।
अस्मिञ्ज्ञातिसमुद्धर्षे जयमम्बा ब्रवीतु मे ।। ११–१७–५

इत्युक्ते जानती सर्वमहं स्वं व्यसनागमम् ।
अब्रुवं पुरुषव्याघ्र यतो धर्म स्ततो जय : ।।

ગાન્ધારીનો અહીં કટાક્ષ છે કે, ‘શું મેં યુદ્ધમાં દુર્યોધનનો અધર્મથી ઘાત કરનારાનો જય વાંછ્યો હતો ? શું મેં ‘જય ત્યાં ધર્મ’ એવું કહ્યું હતું ?’ કવિએ આવાં વચનો દ્વારા હિંસક યુદ્ધમાં શુદ્ધ ધર્મ જળવાય જ નહિ એ સ્પષ્ટ કર્યું છે.

૨. ૧૧–૧૭–૧ થી ૩૦.

૩. ૧૧–૨૪–૧૬ થી ૨૦.

આ ક્રંદનો, વિલાપો, ફિટકારો, અધર્મ કૃત્યોના આઘાતો, ભૂતકાળનાં સુખોનાં સંસ્મરણો, સળગતી ચિતાઓ, ગવાતાં સામગાનો, નિઃશ્વાસો અને ક્રવ્યાદોની ખેંચાખેંચી શાનું ફળ હતું ? ઈર્ષ્યા અને લોભનું, કુસંપ અને વૈરનું.

આ સમીક્ષા કરતાં કરતાં અને સમરાંગણ સતત જોઈ જોઈને સતી ગાન્ધારીએ ફરીથી ધૈર્ય ખોયું. દુઃખથી એમનું વિજ્ઞાન (= વિવેક) નાશ પામ્યું; ક્રોધાવિષ્ટ થઈ ગયાં, અને એમને લાગ્યું કે આ બધા સંહારનો દોષ શ્રીકૃષ્ણનો જ છે.[૧] એટલે એમણે શ્રીકૃષ્ણને શાપ્યા "તમારી પાસે શક્તિ હતી, તમારી પાસે બહુ સેવકો અને વિપુલ સૈન્ય હતું, તમે શાસ્ત્રકૌશલ અને વાક્પાટવ બન્નેથી સમર્થ હતા.[૨] છતાં પાંડવ-કૌરવ પરસ્પર વૈર કરીને બળી મૂઆ, તેમના નાશની તમે જાણી જોઈને ઉપેક્ષા કરી છે માટે તેનું ફળ તમને મળશે જ.[૩] મારી પતિસેવાથી મેં જે તપોબળ સંપાદન કર્યું છે, તે દુર્લભ તપોબળના સામર્થ્યથી ચક્રગદાધારી એવા તમને હું શાપ આપુ છું કે, હે ગોવિંદ! પરસ્પર સંબંધથી જોડાયેલા કૌરવ-પાંડવ જ્યારે પરસ્પરનો સંહાર કરતા હતા, ત્યારે તમે તેની ઉપેક્ષા કરી છે માટે તમે તમારા બાંધવોનો સંહાર કરશો. આજથી છત્રીસમા વર્ષે તમે પણ સંબંધીઓ, અમાત્યો અને પુત્રો મૂઆ પછી રઝળશો, અને કુત્સિત મૃત્યુને પામશો. એ વખતે જેમ અત્યારે ભરતોની સ્ત્રીઓ કકળે છે એમ યાદવ સ્ત્રીઓ પણ પુત્રો, સંબંધીઓ અને બાંધવોના મૃત્યુથી કકળાટ કરશે."[૪]

ગાન્ધારીનાં આ ઘોર વચનો શ્રીકૃષ્ણે મંદ હાસ્ય સહિત સ્વીકાર્યાં. ભગવાને કહ્યું કે, આ પ્રમાણે તમે મને શાપો એવું મેં પ્રથમથી જ નક્કી કર્યું હતું, કારણ, (૧) ગાન્ધારીની ક્રોધવૃત્તિને આમ માર્ગ મળવાથી પાંડવો બચી જાય;—અનન્યાશ્રયી ભક્તો વતી ભક્તવત્સલા શ્રીકૃષ્ણે આઘાત સહન કર્યો; (૨) યાદવો અભિમાનથી છકી જાય, અને અન્યાયી બને તો તેનું કાર્યકારણભાવને અનુલક્ષીને આ જ પરિણામ આવે. બાકી યાદવો એટલા બળવાન હતા કે આંતરિક ફૂટ સિવાય તેમનો નાશ અન્ય મનુષ્યો તો શું પણ દેવો કે દાનવો સુદ્ધાં ય કરી શકે નહિ;[૫] અને (૩) કાર્યકારણભાવના નિયમમાં કોઈ અપવાદ નથી એવો વેદવ્યાસનો મત છે. તેથી શ્રીકૃષ્ણ (માનવ ઉપરાંત) ભગવાન છે છતાં, અને હિંસક યુદ્ધમાં અધર્મ અનિવાર્ય હોઈ તેમણે નિરૂપાયે તે આચરેલો તેથી તે નિયમ અનુસાર અધર્મનું ફળ ભોગવવું જ પડે.

---

૧. ૧૧-૨૫-૩૪, ૩૫

૨. આ શાપવચન ઉચ્ચારાયું તેના અગાઉ થોડા પ્રહર પૂર્વે કૃષ્ણને સંબોધાયેલું આ યુધિષ્ઠિર-વચન અહીં અધ્યાહાર સમજવાનું છે.

त्वं हि कर्ता विकर्ता च लोकानां प्रभवाप्ययः ॥ ९-६२-२६

૩. મહાભારતના કવિનો સ્પષ્ટ મત છે કે શક્તિશાળી મનુષ્ય પોતે એકલો ધર્મિષ્ઠ રહે તે પર્યાપ્ત નથી જ. જ્યાં અન્યાય હોય તેને કર્મયોગથી—કર્મફલાસક્તિત્યાગથી દૂર કરવાની તેની ફરજ છે—પ્રાપ્ત ધર્મ છે. તેની એ ઉપેક્ષા કરે તો કર્મથી લેવાય. વધુ માટે જુઓ "ભારતરત્ન" (ઉ. જ. સાંડેસરા, ૧૯૬૩), પૃ. ૨૪૮ થી.

૪. ૧૧-૨૬-૩૬ થી ૪૨

૫. ૧૧-૨૬-૪૩ થી ૪૬.

ખરેખર એમ જ થયું. સમય જતાં શ્રીકૃષ્ણ-બલરામ જેવા સમર્થ આગેવાનોની દોરવણીથી અત્યંત સલામત બનેલા યાદવો આળસુ, વિલાસી અને અભિમાની બન્યા; મોટાઈના ખ્યાલથી છકી ગયા; સુખ અને મોટાઈના સ્વયંમન્ય ખ્યાલોને લીધે આરોગ્યના સામાન્ય નિયમોને ય અવગણવા માંડ્યા. નગરના રાજમાર્ગો (પછી શેરીઓની વાત જ ક્યાં રહી) ઉપર કચરાના ઢગલા થયા, અને ઉંદરો આથડવા લાગ્યા. યાદવ સ્ત્રીઓ જે દ્વારકાના સંરક્ષણકાર્યોમાં ય પુરુષોની પડખે લડતી તે એટલી આળસુ બની કે રાંધેલા અન્નમાં યે ઢગલાબંધ કૃમિઓ જોઈ શકાતા હતા. દર્પના છાકમાં યાદવો પાપકર્મથી લજાતા નહિ. બલરામ અને કૃષ્ણને છોડીને સર્વ વડીલો, બ્રાહ્મણો, પિતૃઓ અને દેવો સર્વને અવમાનતા તથા દ્વેષ કરતા. પ્રથમ પતિ-પત્નીમાં પરસ્પર વિશ્વાસ હતો તે લુપ્ત થઈ ગયો. પતિ પત્નીને અને પત્ની પતિને ઠગવા લાગ્યાં. આમ વિપરીત સમય જોતાં શ્રીકૃષ્ણે ગાન્ધારીનો શાપ યાદ કર્યો. તેમણે વિચાર્યું તો શાપને છત્રીસ વર્ષ વીતી ગયેલાં જણાયાં. તેથી ગાન્ધારીની વાત સત્ય કરવાને માટે સર્વને તીર્થયાત્રા કરવાની આજ્ઞા કરી. તેમણે તેની રીતસર ઘોષણા કરાવી, પ્રભાસ ગયા. ત્યાં મદ્યનિષેધ નહોતો તેથી યાદવો પીને ચકચૂર બન્યા; અંદરોઅંદર લડ્યા અને કપાઈ મૂઆ.[૧]

યોગસ્થ થઈ જીવનલીલા સંકેલતા યોગાચાર્ય શ્રીકૃષ્ણે સ્વસ્થાને પધારતાં પહેલાં ગાન્ધારીના શાપવચનને પુનઃ સંભારીને એ સતીની ધર્મશીલતાને અર્ઘ્ય આપ્યો હતો.[૨]

ગાન્ધારીના શાપનો વાસુદેવે તટસ્થ બુદ્ધિથી સ્વીકાર કર્યો, પણ ગાન્ધારીએ વિવેકબુદ્ધિથી વિચલિત થઈને શાપ આપ્યો તેથી તેમણે કંઈક અપ્રિય છતાં સત્ય વચન કહ્યું, "હવે ઊઠો! શોકને દૂર કરો. તમારા-તમારા પુત્રોના—અપરાધથી કૌરવો માર્યા ગયા છે. તમારો પુત્ર (દુર્યોધન) દુરાત્મા, ઈર્ષ્યાળુ અને અતિ અભિમાની હતો. હવે એ નિષ્ઠુર, કઠોર વૈર કરનારા અને વૃદ્ધોની શિખામણ તેમ જ આજ્ઞાનું ઉલ્લંઘન કરનારાનાં દુષ્કૃત્યોને સારાં માનીને તમે પોતે જ કરેલા દોષોનું મારામાં શા માટે આરોપણ કરો છો? ભૂતકાળમાં મરણ પામ્યું હોય કે નાશ પામ્યું હોય એનો જે શોક કર્યા કરે છે તે દુઃખ અને દુઃખમાંથી દુઃખ એમ બેવડો અનર્થ મેળવ્યા કરે છે."[૩] વાસુદેવનાં આ અપ્રિય વચનો સાંભળી શોકથી વ્યાકુળ ગાન્ધારી કંઈ ન બોલ્યાં; મૂગાં રહ્યાં. ક્રાન્તદર્શી કવિનું અહીં સૂચન છે કે ગાન્ધારીએ દીકરાને અધર્મથી અટકાવવા પ્રયત્ન કરેલો પણ પૂરો નહિ. પુત્રસ્નેહથી સમબુદ્ધિમાં આવેલી (ભલે અલ્પ પ્રમાણની હોય) ક્ષતિને લીધે,[૪] પરિણામ શું હોઈ શકે તે જાણવા છતાં એ કર્તવ્ય—સ્વધર્મ પૂર્ણ રીતે આચરી શક્યાં નહિ. તેથી કર્મના નિયમને આધીન થઈને સાધ્વી હોવા છતાં પુત્રોના સમૂળ ઉચ્છેદથી થતા શોકને પ્રાપ્ત

---

૧. ૧૬–૩–૧ થી ૭; ૧૮ થી ૨૨; ૪–૧ થી ૪૬.

૨. ૧૬–૫–૧૬, ૧૭ થી; ભગવાન કૃષ્ણના પિતા વસુદેવે અર્જુનને યાદવોના સંહારની વિગત આપતાં કહ્યું હતું કે, "હું આ બાબતમાં સાત્યકિ, કૃતવર્મા, અક્રૂર કે પ્રદ્યુમ્નની નિંદા નથી કરતો પણ (ગાન્ધારીના) શાપને જ કારણભૂત માનું છું." ૧૬–૫–૮.

૩. ૧૧–૨૬–૧ થી ૬.

૪. સર. કુન્તીને પુત્રજન્મ થયાનું સાંભળીને ઈર્ષ્યા થયેલી તે. જુઓ પાદનોંધ ૮, પૃ. ૫૦.

થયાં. કવિ નિત્ય જાગ્રત ધર્મપાલન કરવાનું કહેતાં અન્યત્ર કહે છે, “ શરીરના નાશ કરતાંય ધર્મ(પાલન) જ વિશિષ્ટ છે.”[૧]

આ નિરૂપણ ગાન્ધારીનું અવમૂલ્યન કરવા માટે નથી પણ નિર્દોષ ધર્મપાલન—કર્મયોગ—કેવું દુષ્કર છે, અને તેને કોઈ વિરલા જ અક્ષુણ્ણ રીતે સાચવી શકે છે. માટે નમ્રતાપૂર્વક, અસૂયા વિના કર્મયોગ આચરવાની કવિદૃષ્ટિ વિશદ કરવા માટે છે.

આ પછી યુધિષ્ઠિર સૂતક દૂર કરવા માટે હસ્તિનાપુરની બહાર એક માસ રહ્યા; અને તેમણે મૃતાત્માઓની ઉત્તરક્રિયા કરી. મહિનો પૂરો થયે (વ્યાવહારિક રીતે) શોક મૂકી હસ્તિનાપુરમાં સમ્રાટ તરીકે પાછા ફર્યા. તે સમયે તેમના રસાલાની આગળ ગાન્ધારી અને ધૃતરાષ્ટ્રની પાલખી હતી.[૨] ગાન્ધારી યુધિષ્ઠિરના રાજ્યાભિષેકમાં આવેલાં.[૩]

પિતામહ ભીષ્મના અંતિમ સંસ્કાર વખતે ગાન્ધારી પણ તેમને છેલ્લી અંજલિ આપવા ગયેલાં.[૪]

યુધિષ્ઠિરે રાજશાસનની ધુરા, શોકભર્યા હૃદયે ગ્રહણ કરી. તે પછી તેઓ ધૃતરાષ્ટ્ર-ગાન્ધારીને પહેલાંની જેમ જ સન્માનતા.[૫] એટલું જ નહિ પણ દુઃખી રાજારાણીને ઓછું ન આવે માટે સમગ્ર રાજ્ય તેમને નિવેદન કર્યું હતું; તેમની એટલી અદબ જાળવાતી.[૬] પરિણામે પ્રસન્ન થયેલા ધૃતરાષ્ટ્રે શોક કરતા યુધિષ્ઠિરને લાગણીપૂર્વક ધીરજ આપતાં એક વખત કહ્યું, “ તારે શાનો શોક કરવાનો ? શોક તો મારે અને ગાન્ધારીએ કરવાનો કે જેમના પુત્રો સ્વપ્નલબ્ધ ધનની જેમ નાશ પામ્યા છે.”[૭] ઇન્દ્રપ્રસ્થ આરામ માટે ગયેલા કૃષ્ણ અને અર્જુન પાછા આવીને બધા પ્રિય જનોને મળ્યા તેમાં ગાન્ધારીને મળવા જતાં, તેને દ્રૌપદી, સુભદ્રા અને બીજી ભરતવંશી સ્ત્રીઓથી વીંટાઈને બેઠેલાં નિહાળ્યાં હતાં.[૮] હિમાલયમાંથી અશ્વમેધ યજ્ઞ માટે જોઈતું ધન લઈ પાછા આવેલા પાંડવોએ પ્રથમ ધૃતરાષ્ટ્ર-ગાન્ધારીને પ્રણામ કર્યા હતા. માતા કુન્તીને પણ તે પછી પ્રણામ કર્યા હતા.[૯] અશ્વમેધ યજ્ઞના ઘોડા સાથે દિગ્વિજય માટે ગયેલા અર્જુને ગાન્ધારી અને ધૃતરાષ્ટ્રને યાદ કરીને, ક્ષત્રિયોના ધર્મની નિંદા કરીને, રાજ્યલોભી દુર્યોધનનો ધિક્કાર કરી, જયદ્રથ-દુઃશલાના

---

૧. शरीरस्यापि नाशेन धर्म एव विशिष्यते ॥ ૧-૨-૫-૧૭. એક ધર્મસંકટના પ્રસંગે તીવ્ર મનોમંથનમાંથી પસાર થતો અર્જુન, છેવટે આ વિચાર ઉપર આવી પ્રજારક્ષણનો સ્વધર્મ ભારે જોખમે અદા કરે છે.

૨. ૧૨-૩૮-૪૦.

૩. ૧૨-૪૦-૬.

૪. ચિ. ૧૩-૧૬૭-૯.

૫. ૧૨-૪૨-૯

૬. ૧૨-૪૫-૧૧

૭. ૧૪-૧-૮, ૯ ઇ.

૮. ૧૪-૫૧-૨૭, ૨૮.

૯. ૧૪-૭૦-૬.

પુત્ર અર્થાત્ ગાન્ધારીના દૌહિત્રને અભય આપ્યું હતું. પિત્રાઈ બહેન દુઃશલાને સાંત્વન કરી, અને ભેટીને રાજી કરી હતી.[૧] એ તો ઠીક, પણ શકુનિના મૂર્ખ અને ખારીલા પુત્રને પણ ગાન્ધારીનો ભત્રીજો હોઈ ને પોતાના ભાઈ સમાન લેખીને જ જીવતો રાખ્યો હતો.[૨]

રાજ્યશાસન પર પાંડવો સ્થિર થયા તે પછી ધૃતરાષ્ટ્ર-ગાન્ધારીનું સન્માન સર્વસત્તાધીશ રાજવી જેવું થતું.[૩] દ્રૌપદી, સુભદ્રા અને અન્ય પાંડવ સ્ત્રીઓ કુન્તી અને ગાન્ધારી બન્ને સાસુઓને સમાન વૃત્તિથી સત્કારતી.[૪] કુન્તી, દ્રૌપદી, સુભદ્રા, નાગકન્યા ઉલૂપી અને ચિત્રાંગદા વગેરે સ્ત્રીઓ ગાન્ધારીની દાસીઓની જેમ સેવા ઉઠાવતી. યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રની સગવડોનું ધ્યાન રાખતા તેવી જ રીતે કુન્તી-ગાન્ધારીની સગવડો સાચવતા[૫] આ માન સાથે ગાન્ધારી પોતાના પુત્રોનાં વિવિધ શ્રાદ્ધો કરીને તથા પુણ્યદાન કરીને, પુત્રો પ્રત્યેના ઋણમાંથી મુક્ત થયાં.[૬] પાંડવો અને તેમની સ્ત્રીઓના ધૈર્ય, શૌર્ય અને વિનયથી ગાન્ધારી પુત્રોનો શોક કરવો મૂકીને પ્રસન્ન રહેવા માંડયાં.[૭] માત્ર ભીમસેન જૂનું વેર ભૂલી શકતો નહિ તેથી ધૃતરાષ્ટ્રને જોઈને ચિડાઈ જતો, અનેક ગુપ્ત રીતે વૃદ્ધ રાજારાણીનું અપ્રિય કરતો. આમ કરતાં કરતાં પંદર વર્ષ વીતી ગયાં. દરમ્યાન એક વખત ભીમસેને આવેશમાં આવી જઈને ધૃતરાષ્ટ્ર તથા બુદ્ધિમતી, કાલપર્યાયવેદિની—કાલનો ફેરફાર પારખનારી, સર્વધર્મજ્ઞા ગાન્ધારીના સાંભળતાં જ પોતાના મિત્રમંડળમાં બાહુઓ ઠોકતાં કઠોર વાણી ઉચ્ચારી: “ભોગળ સમા, ચન્દનથી ચર્ચેલા અને વન્દનીય એવા મારા અસહ્ય બાહુઓથી મેં અંધરાજાના દુર્યોધનાદિ પુત્રોને બાંધવો સહિત પરલોકમાં મોકલી દીધા છે.” આ સાંભળતાં વૃદ્ધ રાજારાણીને નિર્વેદ–કંટાળાજનિત વૈરાગ્ય આવ્યો. જોકે આ વાતની બીજા ચારે પાંડવ ભાઈઓ, કુન્તી કે દ્રૌપદીને ખબર જ નહોતી પડી.[૮]

આ બનાવ પછી ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિર સહિત સર્વ સંબંધીઓને ભેગા કર્યા. ગળગળા સાદે દુર્યોધનને ચઢાવણી કરવાની પોતાની ભૂલ કબૂલ કરી. કૃષ્ણ, વ્યાસ, વિદુર, સંજય અને ગાન્ધારી વગેરેનાં હિતવચનોનો અનાદર કર્યો તેનો સંતાપ કરતા બોલ્યા, “એ પાપનું પ્રક્ષાલન કરવા માટે જ જાણે જીવી રહ્યો છું. અત્યારે નિયત કરેલા ચોથા ટંકે અથવા કદાચિત્ આઠમા ટંકે માત્ર તૃષ્ણાશમન અર્થે પ્રવાહી ખોરાક લઉં છું. હું અને ગાન્ધારી દર્ભની પથારીમાં સૂઈ રહીએ છીએ; જપપરાયણ રહીએ છીએ. મારા ઉપવાસવ્રતની વાત ગાન્ધારી અને સેવકો જાણે છે; પણ રાજા

---

૧. ૧૪–૭૭–૩૯ થી ૪૧; સર૦ રણક્ષેત્રદર્શન વખતે ગાન્ધારીએ જયદ્રથને જોઈને, કૃષ્ણાનું હરણ કરી ગયેલા જયદ્રથને પાંડવોએ તે વધ્ય છતાં, દુઃશલાના ખાતર છોડી મૂકેલો તે કૃતજ્ઞતાપૂર્વક યાદ કર્યું હતું. ૧૧–૨૨–૧૨ થી.

૨. ૧૪–૮૫–૨૧ થી

૩. ૧૫–૧–૨, ૩ થી

૪. ૧૫–૧–૮.

૫. ૧૫–૧–૯ થી, ૨૧ થી

૬. ૧૫–૨–૧૨.

૭. ૧૫–૩–૩ થી ૧૫.

૮. ૧૫-૧-૨૪, ૨૫; ૪-૧ થી ૧૫.

યુધિષ્ઠિર દુઃખી ન થાય માટે સેવકો, હું આહાર કરું છું, એવી વાત કરે છે. મેં શક્તિ પ્રમાણે પુણ્યદાન અને શ્રાદ્ધ કર્યાં છે. માટે હવે હું ગાન્ધારી સાથે વન જવાની રજા માગું છું."[૧]

આ દુઃખદાયક વાતથી ધર્મરાજા વ્યગ્ર થઈ ગયા. જો ધૃતરાષ્ટ્ર અને ગાન્ધારી વન જવાનું બંધ રાખતાં હોય તો તેમણે રાજ્ય, યુયુત્સુને—જે ધૃતરાષ્ટ્રનો પુત્ર હતો—સોંપી દેવા ઇચ્છા વ્યક્ત કરી, અને જણાવ્યું, "જેમ દુર્યોધનાદિ તમારા પુત્રો હતા એમ અમેય તમારા પુત્રો છીએ. મારે મન તો ગાન્ધારી અને કુન્તી સમાન જ છે.[૨] મારું એ અહો ભાગ્ય છે કે આપની સેવા કરીને હું માનસિક તાપને દૂર કરી શકીશ.[૩]

આ વાતચીત દરમિયાન વૃદ્ધાવસ્થા અને થાકથી ગ્લાનિ પામેલા ધૃતરાષ્ટ્ર નિઃસંજ્ઞ થઈ ગાન્ધારી ઉપર ઢળી પડ્યા. એ જોઈને યુધિષ્ઠિર અનુકંપાથી દુઃખી થયા અને જો રાજા ધૃતરાષ્ટ્ર તથા યશસ્વિની ગાન્ધારી ન જમે તો પોતે પણ નિરાહાર રહેશે એવો નિર્ણય જાહેર કર્યો. યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રને સારવાર કરી ભાનમાં આણ્યા; પછી ધૃતરાષ્ટ્રની જ નિર્મળ ઇચ્છાથી તેમનાં અંગે-અંગનો સ્નેહપૂર્વક સ્પર્શ કર્યો. સ્નેહસ્પર્શની સંજીવનીથી સંજ્ઞા પામીને ધૃતરાષ્ટ્ર યુધિષ્ઠિરને ભેટી પડ્યા. આ દૃશ્ય જોઈ વિદુર સુદ્ધાં બધાં રુદન કરવા લાગ્યાં. રાજા યુધિષ્ઠિર પણ દુઃખભારથી કંઈ બોલી શકતા નહોતા. ત્યારે કેવળ ગાન્ધારી, ધર્મજ્ઞા હોઈ આ દુઃખભારને મનમાં ધારણ કરી રાખીને યુધિષ્ઠિરને વારતાં બોલ્યાં, "રાજન્ ! તમે આમ ન કરો."

એ પછી ધૃતરાષ્ટ્ર તપોવનમાં જવાની આજ્ઞાની માગણી પુનઃ પુનઃ કરતા રહ્યા અને યુધિષ્ઠિર તેનો અસ્વીકાર કરતા રહ્યા.[૪]

એટલામાં ઋષિ વ્યાસ આવ્યા. તેમણે સલાહ આપી, "વૃદ્ધ ધૃતરાષ્ટ્ર પુત્રમરણનું દુઃખ હવે લાંબા વખત સુધી નહિ વેઠી શકે. પ્રાજ્ઞા, કરુણવેદિની—શોક જાણનારી ગાન્ધારીય અત્યંત ધૈર્યપૂર્વક પુત્રશોકને વેઠી રહી છે. માટે પ્રાચીન રાજર્ષિઓના માર્ગે જવાની તેમને રજા આપ. સર્વ રાજર્ષિઓ અંતે વનમાં જ જાય છે."[૫]

છેવટે યુધિષ્ઠિરે વનમાં જવા દેવાનું કબૂલ્યું. ધૃતરાષ્ટ્ર જમ્યા. ગાન્ધારીએ પણ કુન્તી સહિત બધી વહુઓની સાથે માનપૂર્વક ભોજન કર્યું. પછી ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને વિસ્તારથી રાજધર્મનો

---

૧. ૧૫-૫-૧ થી, ૧૫ થી.

૨. वयं हि पुत्रा भवतो यथा दुर्योधनादयः।
गान्धारी चैव कुन्ती च निर्विशेषे मते मम ॥ १५-६-११

સર. સ્વધર્મનિષ્ઠ અને સમભાવી યુધિષ્ઠિરને મને કુન્તી અને માદ્રી પણ સમાન જ હતાં.

यथा कुन्ती तथा माद्री विशेषो नास्ति मे तयोः।
मातृभ्यां सममिच्छामि नकुलो यक्ष जीवतु ॥ ३-२९७-७३

૩. ૧૫-૬-૧ થી ૧૫

૪. ૧૫-૬-૧૬ થી ૨૮; ૭-૧ થી ૧૯.

૫. ૧૫+૮-૧ થી; વૃદ્ધ ધૃતરાષ્ટ્રના પિતા વેદવ્યાસ દેખીતી રીતે જ અતિ વૃદ્ધ છે, છતાં તેમના જ્ઞાન-શીલથી જ આઘાત-પ્રત્યાઘાતોથી મુક્ત હોઈ 'વૃદ્ધ' નથી.

ઉપદેશ કર્યો.[1] પ્રજાપાલનની શિખામણ આપી, આ વાક્યથી પૂર્ણાહુતિ કરી: "જે પૃથ્વીપતિ રાજા એક હજાર અશ્વમેધથી યજન કરે અને જે ધર્મથી પ્રજાપાલન કરે, તે બન્નેને સરખું ફળ મળે છે.[2]"

ઉપદેશ અને છેલ્લી શિખામણ આપવાનું કાર્ય પૂરું થતાં ગાન્ધારીએ ધૃતરાષ્ટ્રને પૂછ્યું, "હવે ક્યારે વન જવું છે?" ધૃતરાષ્ટ્રે મૃતપુત્રોને ઉદ્દેશીને દાન કર્યા પછી જવાની મરજી વ્યક્ત કરી.[3] ત્યાર બાદ ધૃતરાષ્ટ્રે સર્વ પ્રજાજનોને—બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ બધા વર્ગોને આમંત્રણ આપી મળવા બોલાવ્યા. યુધિષ્ઠિરને ન્યાસરૂપે—પ્રજાના માલિક તરીકે નહિ—તેમને સોંપે છે એમ જણાવ્યું. પોતાના વર્તનથી કંઈ દુઃખ થયું હોય તો તે માટે ક્ષમા માગી, અને છેલ્લે પોતાના ચંચળ બુદ્ધિવાળા, લોભી અને ફાવે તેમ વર્તનારા પુત્રો—કૌરવો—ના વર્તન બદલ પણ બન્નેને—ધૃતરાષ્ટ્ર અને ગાન્ધારીને માફી આપવા વિનંતી કરી; અને પોતાના વનગમનને અનુમોદન આપવા વારંવાર પ્રાર્થના કરી. અત્યંત કરુણ વાતાવરણમાં પ્રજાજનોએ તેમના વનગમનને માન્ય કર્યું.[4]

એ પછી ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિર-અર્જુનની શુભનિષ્ઠાથી દસ દિવસ સુધી પૃથ્વીને તૃપ્ત કરવા વરસતા મેઘની જેમ, અથવા તો ઊછળતા મહાસાગરની જેમ, તરબોળ કરતો દાનયજ્ઞ, પુત્રો, પૌત્રો, પોતે તેમ જ ગાન્ધારીના કલ્યાણને ઉદ્દેશીને કર્યો.[5]

એ પૂર્ણ થતાં બીજે દિવસે પ્રભાતે, કાર્તિક માસની પૂર્ણિમાને દિવસે ધૃતરાષ્ટ્ર વન જવા નીકળ્યા. એ સમયે હૃદય વલોવી નાખે તેવું વાતારણ સર્જાયું. યુધિષ્ઠિર હાથ જોડી, ગદ્‌ગદ્ કંઠે "હે સત્પુરુષ! તમે ક્યાં જશો?" બોલી ભૂમિ પર પટકાયા. દુઃખથી નિસાસા નાખતો અર્જુન દીનની પેઠે તેમને ઝાલવા માંડ્યો. પ્રજાવર્ગ, સેવકો, અમાત્યો અને પાંડવો ગદ્‌ગદ્ કંઠે પાછળ જવા લાગ્યા. ત્યારે માતા કુન્તી આંખે પાટા બાંધેલાં ગાન્ધારીનો હાથ ખભા ઉપર રાખીને દોરતાં હતાં, અને ધૃતરાષ્ટ્ર ગાન્ધારીના ખભે હાથ મૂકીને પ્રસન્નતાથી જતા હતા. તે પછી પાંડવ-સ્ત્રીઓ તથા તે પછી પ્રજાના ચારે વર્ણની સ્ત્રીઓ જવા માંડી. એ વખતે અગાઉ જ્યારે પાંડવો દ્યૂતમાં હારીને વનમાં જતા હતા ત્યારે જેવું દુઃખપૂર્ણ વાતાવરણ થયું હતું, તેવું જ દુઃખી વાતાવરણ સર્જાયું હતું.[6]

એમ બધાં હસ્તિનાપુરના વર્ધમાન નામના દરવાજેથી બહાર નીકળ્યાં. ધૃતરાષ્ટ્રે બધાને પાછા જવા સૂચવ્યું, ત્યારે વિદુર અને સંજય ધૃતરાષ્ટ્રની સાથે જવા તૈયાર થયા. એટલું જ નહિ પણ સહુના દુઃખ અને આશ્ચર્ય વચ્ચે માતા કુન્તી પણ ગાન્ધારીની સેવા માટે વનમાં જવા નીકળ્યાં. પાંડવોએ તેમને બહુ સમજાવ્યાં છતાં ન માન્યાં. નિરુપાયે પાંડવો હસ્તિનાપુર પાછા ગયા.

---

૧. ૧૫-૮-૨૨; अ. ૯ થી ૨૨.

૨. ૧૫-૧૨-૨૩.

૩. ૧૫-૧૩-૪ થી, ૮ થી.

૪. ૧૫-૧૩-૧૦ થી; अ. ૧૪ થી ૧૬.

૫. ૧૫-૨૦-૧ થી ૭.

૬. ૧૫-૨૧-૧ થી.

ધૃતરાષ્ટ્રને સાચો વિવેક સૂઝયો. તેને આ ન ગમ્યું. કુન્તીને પાછા વળવા સમજાવવા ગાન્ધારીને આમ સમજ પાડીને કહ્યું, 'પુત્રૈશ્વર્ય રૂપી મહાફળ અને પુત્રોને ત્યજીને કયી સ્ત્રી મૂર્ખની પેઠે દુર્ગમ વનમાં જાય? વળી રાજ્યમાં રહીને પણ કુન્તી તપ, દાન અને વ્રતો કરી શકશે. ગાન્ધારી! કુન્તીને કહે કે તેની સેવાથી હું પ્રસન્ન થયો છું. તેને પાછી વળવા સમજાવ." ગાન્ધારીએ આ વચનો અને તે ઉપરાંત બીજી ઘણી રીતે સમજાવીને કુન્તીને પાછાં વાળવા પ્રયત્ન કર્યો પરંતુ તે સફળ ન થયો; કુન્તી સાથે જ વન ગયાં. અરણ્યમાં કુન્તી ગાન્ધારીની સાથે સૂતાં; સાસુસસરારૂપ ગાન્ધારી-ધૃતરાષ્ટ્રને તેમનાં નિત્યકર્મમાં સહાયભૂત થતાં. વનમાં આ બધાં વ્યાસશિષ્ય રાજર્ષિ શતયૂપના આશ્રમમાં રહ્યાં. ત્યાં ધૃતરાષ્ટ્રે દીક્ષા લીધી તથા ગાન્ધારી, કુન્તી વગેરે પણ વલ્કલ તથા મૃગચર્મ ધારણ કરીને ધૃતરાષ્ટ્રના જેવા જ વ્રતનું આચરણ કરવા લાગ્યાં.[૧]

અહીં ધૃતરાષ્ટ્ર, ગાન્ધારી, કુન્તી વગેરે મુનિઓના સત્સંગમાં દિવસો વિતાવવા માંડ્યાં.[૨] એમ સોળ વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો. તેથી પાંડવોને એ બધાની ફીકર થઈ. પાંડવોની સ્ત્રીઓ અને પ્રજાજનો પણ ચિંતા કરવા લાગ્યાં, અને તેમને મળવા આતુર થયાં. તેથી યુધિષ્ઠિર જેઓને આવવું હતું તેઓને લઈને ધૃતરાષ્ટ્ર, ગાન્ધારી, કુન્તીને મળવા વનમાં ગયા.[૩] પાંડવો જ્યારે આશ્રમમાં ગયા ત્યારે ધૃતરાષ્ટ્ર યમુના નદીએ પુષ્પ અને જળકુંભ લેવા ગયા હતા. તેથી ચાર પાંડવ-ભાઈઓ ધૃતરાષ્ટ્રને મળવા યમુનાતીરે ગયા પણ નાનો સહદેવ (હવે તો મોટો થઈ ગયેલો છતાંય નાનો જ ને!) તો કુન્તી પાસે આવી ચરણમાં પડ્યો. કુન્તીએ તેને બાથમાં લઈ આલિંગન આપી ગાન્ધારીને કહ્યું, "જુઓ, આ સહદેવ આવ્યો છે!"[૪] તે પછી પાંડવો બધાને મળ્યા.[૫]

આ અરસામાં વ્યાસમુનિ ત્યાં આવ્યા. તેમણે ધૃતરાષ્ટ્રને કુશળ પ્રશ્નો પૂછ્યા. તેમાં ગાન્ધારી વિષેના પ્રશ્નો તેની વિદ્વત્તા ઉપર પ્રકાશ નાખે છે. "ગાન્ધારી વધુ શોકથી પરાભૂત તો થતી નથી ને? મહારાણી, બુદ્ધિમતી, ધર્માર્થદર્શિની, ઉત્પત્તિવિનાશના તત્ત્વને જાણનારી એ દેવી શોક તો કરતી નથી ને?"[૬]

ઋષિ વ્યાસ વિચક્ષણ હતા. તે ગાન્ધારી સહિત સર્વ સ્ત્રીઓના હૃદયમાં રહેલું શલ્ય જાણી ગયા અને તેથી બધાને મૃત સંબંધીઓનું દર્શન કરાવવાની ઇચ્છા કરી.[૭] ગાન્ધારીએ કુન્તીની, સ્નુષાઓમાં અતિ પ્રિય એવી દ્રૌપદીની, ભદ્રભાષિણી સુભદ્રાની, ભૂરિશ્રવાની પત્નીની, સોમદત્તની પત્નીની, પોતાની અને ધૃતરાષ્ટ્રની મનોવ્યથા વ્યવસ્થિત રજૂ કરી મૃત સગાંઓનાં દર્શન કરાવી શોકમુક્ત કરવા વિનંતી કરી.[૮]

---

૧. ૧૫–અ–૨૨ થી ૨૫.

૨. ૧૫–અ–૨૬, ૨૭.

૩. ૧૫–અ–૨૮, ૨૯, ૩૦.

૪. આ ઓરમાન માતા-પુત્રનું વહાલ સગા માતા પુત્રને ટપી જાય એવું છે. માદ્રીએ ભળાવેલો સહદેવ કુન્તીનો સૌથી વહાલો પુત્ર હતો. ૧૫–૪૬–૧૮.

૫. ૧૫–અ–૩૧ થી ૩૪.

૬. ૧૫–૩૫–૪, ૫

૭. ૧૫–૩૬–૧૭ થી

૮. ૧૫–૩૭–૧ થી

વેદવ્યાસે ગાન્ધારીને તે રાત્રે જ સર્વને સગાં, સ્નેહી, મિત્રોનું દર્શન કરાવવાનું વચન આપ્યું. બધાં ગંગાતટે ગયાં. પ્રિયજનોની ઉત્કટ ઇચ્છાને લીધે દિવસ જાણે સો વર્ષનો હોય એટલો લાંબો લાગ્યો. રાત્રે બધાએ સ્નાન કર્યું. રાત્રિનું કર્મ (સંધ્યાવંદન, પ્રભુપ્રાર્થના, ધ્યાન ઇ.) કર્યું. એ પૂરું થયા પછી મહાતેજસ્વી વ્યાસ ભાગીરથીમાં પ્રવેશ્યા અને મૃત્યુ પામેલાંઓને બોલાવ્યા. બોલાવતાની સાથે જળમાંથી સૈન્યો સાથે સર્વ મહારથીઓ ભારે અવાજ કરતા બહાર આવ્યા. પણ કેવા ? નિર્વૈર, નિરહંકારી, ક્રોધ અને મન્યુ વિનાના, ગંધર્વો અને બંદીઓથી સ્તવાતા, દિવ્ય માળા અને વસ્ત્રોને ધારણ કરેલા, અપ્સરાગણોથી વીંટાયેલા; વ્યાસે તપોબળથી આપેલાં દિવ્ય ચક્ષુથી આ બધાને ધૃતરાષ્ટ્રે જોયા; દિવ્યજ્ઞાનના બળવાળી ગાન્ધારીએ જોયા; અને બીજા સર્વજનોએ પણ જોયા.[1] આ બધા મૃતાત્માઓ અને જોનારાં ક્રોધ, મત્સર અને પાપરહિત થઈને પરસ્પર મળ્યાં. આ મિલનમાં શોક, ભય, ત્રાસ, અપ્રીતિ, અપયશ કંઈ નહોતું. વૈરવૃત્તિનો ત્યાગ કરીને સૌએ સૌહાર્દભાવનું સ્થાપન કર્યું.[2] આમ આનંદથી એક રાત્રિ વિહાર કરીને વિસર્જન કરતાં, પાછા મૃતાત્માઓ અંતર્ધાન થઈ ગયા.[3]

આમને આમ એક મહિનો વીતી ગયો. પાંડવોની સાથે આવેલાં મનુષ્યો પુનઃ પાછાં ચાલ્યાં ગયાં. પરંતુ યુધિષ્ઠિર તથા પાંડવો ત્યાં જ રહ્યા. ધૃતરાષ્ટ્ર, ગાન્ધારી અને કુન્તીએ તેમને પાછા જવા સમજાવ્યા. ગાન્ધારીએ ખાસ સમજ પાડી કે, " પુત્ર ! તું જા. કુરુકુલ તથા મારા સસરાનો પિંડ (–દાન) તારે અધીન છે. અમારું આટલું સન્માન પૂરતું છે. તારા પિતા ધૃતરાષ્ટ્રનું કહ્યું માન." માતા કુન્તીએ પછી પાંડવોને સમજાવીને વિદાય કર્યા. અંતે ધૃતરાષ્ટ્ર ભીમનું મન પણ મનાવી શક્યા. આમ દ્વેષનો રહ્યોસહ્યો અંશ લુપ્ત થઈ ગયો. રાજા યુધિષ્ઠિર હસ્તિનાપુર પાછા ફર્યા.[4]

તે પછી બે વર્ષ વીતી ગયાં. (ધૃતરાષ્ટ્ર–ગાન્ધારી ઇ.ના વનગમનને કુલ ૧૮ વર્ષ થયાં.) એવામાં એક વખતે યદૃચ્છાથી ફરતા ફરતા નારદમુનિ હસ્તિનાપુર આવ્યા. યુધિષ્ઠિરે આશ્રમવાસી ગુરુજનોના કુશળ સમાચાર પૂછતાં, નારદે તે તમામના પરલોકવાસના સમાચાર કહ્યા. " રાજા યુધિષ્ઠિર ! તમે વનમાંથી પાછા ફર્યા, તે પછી ગાન્ધારી, કુન્તી અને સંજય સહિત ધૃતરાષ્ટ્ર ગંગાદ્વાર (= હરદ્વાર) આવ્યા, અને તીવ્ર તપ તપવા માંડ્યા. ધૃતરાષ્ટ્ર મોંમાં કાંકરો રાખી વાયુભક્ષણ કરતા, ગાન્ધારી કેવળ જળનો આહાર કરતાં. કુન્તીએ માસોપવાસ કરેલા. સંજય છટ્ઠે ટંકે જમતો. સંજય ધૃતરાષ્ટ્રને દોરતો અને કુન્તી ગાન્ધારીને દોરતાં. કુન્તી તો ગાન્ધારીની આંખ જ બની ગયેલાં.[5] તે બધાં એક વખત ગંગાના કચ્છ પ્રદેશમાંથી

---

૧. ૧૫–૪૦–૧૫ થી

૨. ૧૫–૪૧–૧ થી

૩. ૧૫–અ–૩૯ થી ૪૧; આ ચમત્કારિક બનાવ પછી તરત જ અ–૪૨માં તેનો કર્મનિયમ, સાંખ્યશાસ્ત્ર અને બ્રહ્મવિદ્યાની દૃષ્ટિથી ખુલાસો આવે છે. તે ઉપરથી એમ સ્પષ્ટ સમજાય છે કે, મહર્ષિ વ્યાસે સર્વ જનમંડળને તેમના હૃદયની ઉન્નત સ્થિતિ પારખીને રાજધર્મનું તત્ત્વ, બ્રહ્મરહસ્ય સ્ફુટ કરતાં ઉપનિષદો હસ્તામલકવત્ સમજાવી, બુદ્ધિનો નિશ્ચય (સ્થિતપ્રજ્ઞતા) પ્રાપ્ત કરાવેલો. તેથી તમામના હૃદયની શોક, મોહ, ક્રોધની ગ્રન્થિઓ છૂટી ગયેલી અને વીત-શોક-મોહ-ક્રોધ બનેલાં. ૧૫-અ-૪૨ અને ૧૫-૪૩-૧ થી ૩.

૪. ૧૫–અ–૪૪.

૫. ૧૫–૪૫–૧૭.

સ્નાન કરીને આશ્રમ જતાં હતાં, ત્યાં ભારે દવ લાગ્યો. દવની ગરમીથી અને નિરાહારી હોવાને લીધે ધૃતરાષ્ટ્ર, ગાન્ધારી, કુન્તી ચાલી શક્યાં નહિ. તેથી ધૃતરાષ્ટ્રે સંજયને સલામત જગ્યાએ ચાલી જવા કહ્યું. સંજયને લાગ્યું કે આવી રીતે અંતરિયાળ અગ્નિમાં બળી જાય તે તો અપમૃત્યુ કહેવાય. એટલે (મૃત્યુ) પછી (સદ્‌ગતિ માટે) કરવાનાં કાર્યો માટે પૂછ્યું. ધૃતરાષ્ટ્રે અંતિમ સમયે હોવી જોઈતી સ્વસ્થતાપૂર્વક સંજયનું સમાધાન કર્યું, "ના, એમ નથી. અમે તો જાતે જ ગૃહત્યાગ કર્યો છે. એટલે આ અનિષ્ટ મૃત્યુ નથી. તાપસોને માટે તો જલ, અગ્નિ, વાયુ અને અનશનથી થતું મરણ પ્રશસ્ત છે. માટે તું જલદી ચાલ્યો જા." પછી ગાન્ધારી, કુન્તી અને ધૃતરાષ્ટ્ર પૂર્વાભિમુખે બેઠા. મેધાવી સંજયે તેમની પ્રદક્ષિણા કરી અને કહ્યું, "તમે આત્માને (પરમ તત્ત્વમાં) યોજો." ત્રણેયે યોગધારણા કરી, દાવાનળમાં ઘેરાયાં (અને પંચત્વ પામ્યાં). ફરતાં ફરતાં હું એ તપોવનમાં જઈ ચઢ્યો ત્યારે મેં તેમનાં કલેવર જોયાં હતાં. તેમનાં મૃત્યુ સાંભળીને ત્યાંના તપોધનો એકઠા થયા હતા, પણ કોઈ તેમનો શોક કરતું નહોતું, અને તારે પણ શોક કરવાનો હોય નહિ.[1]

આ સમાચાર સાંભળતાં જ પાંડવોનાં મહાલયોમાં અને અંતઃપુરમાં ભારે શોક પ્રવર્ત્યો. એક મુહૂર્ત (= ૪૮ મિનિટ) જેટલો સમય શોક ચાલ્યા પછી નારદે બધાંને ધીરજ આપી, અને "આવી પરમગતિ નિઃસંશય શોકપાત્ર હોઈ જ ન શકે" એમ કહીને ઉત્તરક્રિયા કરવા કહ્યું.

પાંડવભાઈઓ અને રાણીઓ સૂતક દૂર થાય ત્યાં સુધી—બાર દિવસ—હસ્તિનાપુરની બહાર રહ્યાં, અને બીજી તરફ આપ્ત પુરુષોને ગંગાદ્વારે ઉત્તરક્રિયા કરવા મોકલ્યાં. ત્યાં તેમણે ધૃતરાષ્ટ્ર, ગાન્ધારી અને કુન્તીનાં અસ્થિને સન્માનપૂર્વક ગંગામાં પધરાવ્યાં. અહીં બાર દિવસ પૂરા થતાં આ બન્ને માતા તથા પિતાસમા ધૃતરાષ્ટ્રને ઉદ્દેશીને પાંડવોએ શ્રાદ્ધો કર્યાં. દરેકનાં નામ દઈને તેમનાં કલ્યાણાર્થે દાન દીધાં, અને ઉદાસ ચિત્તે રાજ્યપાલન કરવા માંડ્યા.[2]

છેવટે પૌરાણિક રીતે અંત લાવતાં ગાન્ધારીપતિ ધૃતરાષ્ટ્રની સાથે ધનેશ કુબેરના લોકમાં ગયાં, એમ વર્ણવ્યું છે.[3] આનું કારણ કદાચ એમ હોઈ શકે કે જન્મલોભી ધૃતરાષ્ટ્ર કુબેરના લોકમાં જાય એટલે પતિવ્રતપરાયણા ગાન્ધારી ત્યાં જ હોય ને!

આમ આ યશસ્વી, ધર્મશીલ જીવનનો સંપૂર્ણ સમાધિપૂર્વક અંત આવ્યો. આ પાત્ર સર્જીને વેદવ્યાસે ધર્મશીલતાનાં ઉજ્જ્વળ પાસાંઓનું દર્શન કરાવ્યું છે. દુઃસહ દુઃખ, શોક અને અધર્મ વચ્ચે ટકી રહેતી જીવંત ધર્મશ્રદ્ધા બતાવી છે. એવી જીવંત શ્રદ્ધાપૂત વ્યક્તિનું અશોચ્ય એવું સમાધિનિષ્ઠ મૃત્યુ વર્ણવ્યું છે; પોતાનું તો ખરું જ, બીજાઓનું ય. ધર્મશીલતાને પરિણામે આવતું સુખ વ્યક્તિગત ન યે હોય, સામાજિક હોય એ પણ સ્પષ્ટ કર્યું છે. અર્થાત્ કર્મયોગ—કર્મફ્લાસક્તિત્યાગથી જ ધર્મનું અનુશીલન પુરસ્કાર્યું છે અને આ સર્વથીયે ઊંચે, અંતરીક્ષગામી ભારતીય નારીત્વને અંજલિ આપી છે. સામાન્યતઃ ભારતમાં (અને જગતમાં સર્વ ઠેકાણે) શાસ્ત્રોમાં અને બીજા વાઙ્‌મયમાં નારીને બહુધા ઈર્ષ્યાળુ, કલહપ્રિયા, ટૂંકી દષ્ટિની, લોભી, નરકદ્વાર

૧. ૧૫-૪૫-૯ થી ૩૮.

૨. ૧૫-અ-૪૬, ૪૭.

૩. ૧૮-૫-૧૧; સર° ૧૫-૭-૧૧.

અને એવાં કોણ જાણે કેટલાંય દૂષણોથી આવૃત વર્ણવી છે પણ અહીં શું છે? જ્યારે કુરુકુળના પુરુષો ઈર્ષ્યા, અસૂયા, લોભમાં અંધ બન્યા હતા, પારકું ખાવાની વૃત્તિમાંથી આગળ વધીને બીજાને અપમાનિત કરતા હતા, ભાઈની પત્નીનાં વસ્ત્રહરણ કરવાની છેલ્લી કક્ષાએ પહોંચ્યા હતા ત્યારે કોઈ રડ્યાપડ્યા વિકર્ણ જેવા નવયુવાન સિવાય કયો પુરુષ આગળ આવ્યો હતો? મહામના વિદુર સિવાય ન્યાયના સૂક્ષ્મતમ માર્ગ ઉપર બીજો કયો પુરુષ સ્થિર રહ્યો હતો? એ સામે સતી ગાન્ધારીની આગેવાની નીચેની કૌરવ સ્ત્રીઓ એકમતે—બહુમતે નહિ—ન્યાયપક્ષે હતી. ક્યાંય અછડતું યે સૂચન નથી મળતું કે સતી ગાન્ધારીની આજ્ઞાવર્તી એવી એક સ્ત્રીએ કૌરવ પુરુષોના અન્યાયને પુરસ્કાર્યો હોય, અનુમોદ્યો હોય. મહાભારતમાં દ્રૌપદીવસ્ત્રાહરણ પ્રસંગમાં તેનો બચાવ કાવ્યની ચમત્કારિક શૈલીમાં વર્ણવ્યો છે: "દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચાવા માંડતાં, તેના જેવાં જ અનેક વસ્ત્રો એક પછી એક ઉપર આવવા માંડચાં."[1] એને કેવળ કવિની કાવ્યમય અંજલિ, કે ચમત્કાર ન માનતાં, ગાન્ધારીએ લીધેલ મજબૂત વલણને લીધે, કુરુ સ્ત્રીઓએ જ આ નિર્લજ્જ પતિ-પુત્રોને અટકાવવા માટે ભૈરવ રુદન કરતાં કરતાં ચીરનો ઢગલો કરીને, જાણે કે ઉપાલંભ આપ્યો હોય કે, અમારા જીવતાં તમે માની લીધેલા શત્રુની સ્ત્રીનું ય શીલ લૂંટી શકતા નથી—એ અમારું શીલ લૂંટચા બરાબર છે.

એ બનાવ પછીયે પોતાને થયેલા ઘોર અન્યાય અને અપમાનનું સ્મરણ કરતી, રોષે બળતી દ્રૌપદી, તેનો રોષ જાણવા છતાંય, ગાન્ધારીની સર્વથા વહાલી સ્નુષા હતી. આવાં અપમાનોને અયોગ્ય કૃષ્ણના રોષને એ ક્ષમ્ય જ ગણતી હશે ને?

પુત્રનો અધર્મ જાણતી એવી, પુત્ર સ્નેહવાળી છતાં એને કેદ કરવા કે એનો વધ કરવા એ ધૃતરાષ્ટ્રને પ્રેરતી. તેના વિજયની ઇચ્છા તો કરે જ શાની? પતિપરાયણા એવી તે આંખે પાટા બાંધીને પતિનું અતિક્રમણ કરવાની મનથી યે ઇચ્છા નહોતી રાખતી. એ સાથે જ ઉન્માર્ગે જતા ધૃતરાષ્ટ્રને અધિકારપૂર્વક પાછા વાળવાનો એનો ભારે પ્રયત્ન હતો. પતિવ્રતા હતી સાથે, સત્યવાદિની અને સ્પષ્ટવક્તા યે હતી; તત્ત્વવેત્તા હોઈ શોકને ખાળી શકતી, અને જ્યારે ન ખાળી શકાયો ત્યારે તેનો શાપ સ્વીકારીને પુરુષોત્તમ શ્રીકૃષ્ણ પાસે તેનું સન્માન કરાવી વ્યાસે લાયક પુત્રવધૂનું અભિવાદન કર્યું છે.

સતી ગાન્ધારીનું ઉજ્જવળ સ્ત્રીત્વ રજૂ કરી વેદવ્યાસે સ્ત્રીઓના ગુણોનું ઉચિત દર્શન કરાવ્યું છે. એ રીતે તેમના સદ્‌ગુણોથી થતો સાર્વત્રિક લાભ વર્ણવ્યો છે અને આવા વિમલ નારીત્વનું બહુમાન કરવા પ્રબોધ્યું છે.

---

૧. आकृष्यमाणे वसने द्रौपद्यास्तु विशां पते।
तद्रूपमपरं वस्त्रं प्रादुरासीदनेकशः ॥ २-६१-४१.

ભગવાન કૃષ્ણે ચીર પૂર્યાંની કથા નિર્વિવાદ ક્ષેપક છે.

બ્રહ્મસૂત્ર-સ્મૃતિપાદ અને ભગવદ્ગીતા

પ્રતાપરાય મો. મોદી

બ્રહ્મસૂત્ર અને ભગવદ્ગીતાના પરસ્પર સંબંધનો પ્રશ્ન ઘણો મહત્ત્વનો છે. ભ. ગી. (૧૩·૪ ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः)ની ચર્ચામાં આચાર્યો અને વિદ્વાનોએ આ પ્રશ્ન ઉપર પોતાના મતો આપ્યા છે. એક મત મુજબ ઉક્ત શ્લોકમાં બ્ર.સૂ. ગ્રન્થનું અનુસંધાન નથી (શા. ભા., મધુસૂદન, સી.વી. વૈદ્ય, પ્રો. સુ. ના. દાસગુપ્તા, પ્રો. હિલ), તો બીજા મત મુજબ છે (આનન્દગિરિ, રામાનુજ, ગાર્બે, ડોયસન, ભાંડારકર, રુડોલ્ફ ઓટ્ટો). શ્રી ટિળક મુજબ 'એક જ વ્યાસે' ગીતા અને બ્ર.સૂ. લખ્યા છે (ગીતારહસ્ય, ગુજ. પ્રથમ આવૃત્તિ, પૃ. ૫૩૬–૫૪૮). પ્રો. બેલ્વેલ્કર મુજબ ઉપલબ્ધ બ્ર.સૂ.થી પ્રાચીન "પ્રાતિશાખીય" બ્ર.સૂ.નું અનુસંધાન ગીતા ૧૩·૪માં લેવાનું છે. પૂજ્ય ડૉ. આર. ડી. રાનડેનો મત લગભગ પ્રો. બેલ્વેલ્કર જેવો છે.[1] ડૉ. રાધાકૃષ્ણનનો અભિપ્રાય પણ લગભગ એવો જ છે.[2] આ મતાન્તરો ઉપરથી બ્ર.સૂ. અને ગીતાના પરસ્પર સંબંધના પ્રશ્નની અગત્યતા સમજાશે.

આ લેખમાં તો બ્ર.સૂ.ના "સ્મૃતિપાદ" (બ્ર.સૂ. ૨·૧)ને ગીતા સાથે શો સંબંધ છે તેટલું જ વિચારવાનું છે. લગભગ બધા આચાર્યો અને વિદ્વાનો માને છે કે સ્મૃતિપાદમાં "સ્મૃતિ" એટલે "સાંખ્યદર્શન". આ બાબત આચાર્યોનાં વાક્યો ઘણા સ્પષ્ટ અને સુવિજ્ઞાત છે. ડૉ. રાધાકૃષ્ણનનો પણ મત તેવો જ છે.[3] એ બધાના મત મુજબ બ્ર.સૂ. ૨·૧માં "સાંખ્ય" સ્મૃતિનું "**ખંડન**" છે. અહીં મારો મત રજૂ કરું છું: બ્ર.સૂ. ૨·૧માં "સ્મૃતિ" એટલે ગીતા, અને તે પાદમાં **સૂત્રકાર ગીતાના સિદ્ધાન્તો કે તત્ત્વોનું ખંડન નથી કરતા પણ નવું, તાજું વ્યાખ્યાન કરે છે.** ગીતાનાં "प्रकृति" વગેરે તત્ત્વોનો છાન્દોગ્ય-બૃહદારણ્યક ઉપનિષદોને અનુકૂળ અર્થ કરે છે, જેમ બ્ર.સૂ. ૧·૧માં आकाश, ज्योतिः, प्राण, વગેરેનો અર્થ ब्रह्म કર્યો છે તેમ. છાં૦ ઉપ૦માં सत् રૂપ ब्रह्मમાંથી तेजस् વગેરે જગતની સૃષ્ટિ "साक्षात्" થાય છે; ગીતાના ઘણા અધ્યાયો મુજબ प्रकृतिમાંથી સૃષ્ટિ થાય છે. જો આ प्रकृतिને ब्रह्म સમજીએ, એટલે કે, प्रकृति અને प्रकृतिના માલિક શ્રીકૃષ્ણ, એ બન્નેને એક જ સમજીએ તો ગીતાની प्रकृतिનો અર્થ ઉપનિષદ પ્રમાણે કર્યો કહેવાય. સૂત્રકાર એમ કહેતા લાગે છે.

---

૧. પ્રો. બેલ્વેલ્કરનું Basu Mallic Lectures, P. 99, P. 140. પ્રો. રાનડેનું The Bhagavadgītā As A Philosophy of God-Realization, પૃ. ૩૭:—It is not necessary that the Bādarāyana Sūtrās themselves might be regarded as being referred to in the Gītā. Any of these Brahmasūtra Systems (आत्रेय, आश्मरथ्य, औडुलोमि, काशकृत्स्न, कार्ष्णाजिनि, जैमिनि, बादरि and वामदेव) might be regarded as being referred to in the Gītā.

2. The Bhagavadgītā, P. 303—"The **Brahma-Sutra** or the aphorisms of Brahman, later systematized by Bādarāyaṇa."

3. The Brahmasūtra, P. 333.

બ્ર.સૂ. ૨.૧ (स्मृतिपाद)માં स्मृति એટલે 'સાંખ્ય' એમ અર્થ કરવામાં આવ્યો છે; પણ બ્ર.સૂ.માં જ બીજાં ઘણાં સ્થળોમાં स्मृति, स्मृतम्, स्मर्यमाणम्, स्मृतेश्च, स्मरन्ति, स्मानम्—એ બધાનો અર્થ 'ગીતાસ્મૃતિ' કરવામાં તે જ આચાર્યો અને વિદ્વાનો સંમત છે. વળી, બ્ર.સૂ. ૨.૧ (स्मृतिपाद)માં સાંખ્યનું "ખંડન" છે, એમ અર્થનિરૂપણ કરવા માટે બ્ર.સૂ. ૨.૧.૧૨માં (एतेन शिष्टा अपरिग्रहा अपि व्याहव्याताः—માં) व्याहव्याताः એટલે "प्रतिषिद्धतया व्याहव्याताः निराकृताः द्रष्टव्याः" એમ "प्रतिषिद्धतया"—જેવો ભયંકર શબ્દ ઉમેરવો પડ્યો છે. व्याहव्यात શબ્દ બ્ર.સૂ. ૧.૪.૨૮, ૨.૩.૮ વગેરેમાં વપરાયો છે; ત્યાં 'આટલા ગ્રન્થ દ્વારા સર્વે વેદાન્તોનું વ્યાખ્યાન થયું' (૧.૪.૨૮), વગેરે અર્થ થાય છે. સૂ. ૨.૧.૩માં પ્રતિષેધ કરવા માટે प्रत्युक्त શબ્દ વપરાયો છે.

બ્ર.સૂ. ૨.૧.૧માં स्मृत्यनवकाशदोषप्रसङ्ग કહ્યો છે, તેનો અર્થ 'ગીતાસ્મૃતિને સૂત્રકાર તરફથી अवकाश આપવામાં આવતો નથી, તે દોષ,' એમ થાય છે, અને તે દોષ, મારા મત મુજબ, બ્ર.સૂ. ૧.૪.૨૩-૨૭માંથી ઉપસ્થિત થાય છે.

બ્ર.સૂ. ૧.૪.૨૩નો અર્થ: બ્ર.સૂ. ૧.૧.૧ થી ૧.૪.૨૨ સુધીમાં आनन्दमय, आकाश, वैश्वानर, વગેરેનો અર્થ 'ब्रह्म' કર્યો છે. હવે, છેવટે, (प्रकृतिश्चમાં चनो અર્થ) જેનો નિર્દેશ શ્વે. ઉપ. તથા ગીતામાં છે તે 'प्रकृति'નો અર્થ બ્રહ્મ કરીએ છીએ, (अ) કેમકે છા. ઉપ. ૬.૧ મુજબ एकના વિજ્ઞાનથી सर्वના વિજ્ઞાનની **પ્રતિજ્ઞા** અને, એકલી मृत्तिकाના જ્ઞાનથી मृत्तिकाની બનેલી સર્વ વસ્તુઓનું જ્ઞાન થાય છે તે **દૃષ્ટાન્ત,** એ બેનો ઉપરોધ કરીને બ્રહ્મ (અથવા શ્રીકૃષ્ણ) અને એક प्रकृति, (ગી. ૯) એ બે, અથવા બ્રહ્મ અને બે प्रकृतिओ (ગી. ૭) એ ત્રણ, અથવા स्वभाव, अपरअव्यक्त, पुरुष અને श्रीकृष्ण (ગી. ૮) એ ચાર તત્ત્વોના જ્ઞાનથી જગતની ઉત્પત્તિનું જ્ઞાન થાય છે તેવા સૃષ્ટિવાદો સ્વીકારવા અમે ઇચ્છતા નથી (બ્ર.સૂ. ૧.૪.૨૩), (आ) કેમકે શ્રુતિ મુજબ જગત ઉત્પન્ન કરનાર બ્રહ્મે ईक्षण અથવા अभिध्या કરી; આવી अभिध्या ગીતાની प्रकृति કરી શકે નહીં (બ્ર.સૂ. ૧.૪.૨૪), (इ) કેમકે શ્રુતિઓમાં જગતની ઉત્પત્તિ અને પ્રલય, બન્ને साक्षात् બ્રહ્મમાંથી કહ્યાં છે; બ્રહ્મમાંથી પ્રથમ प्रकृति અને પછી તે प्रकृतिમાંથી જગતની ઉત્પત્તિ થઈ, એમ અથવા બ્રહ્મમાં એક ઘટક રૂપે રહેલી प्रकृतिમાંથી જગતની ઉત્પત્તિ થઈ, એમ ગીતામાં કહ્યું છે; પણ ઉપનિષદો એમ કહેતાં નથી (બ્ર.સૂ. ૧.૪.૨૫), (ई) કેમકે બ્રહ્મનું જગતરૂપી પરિણામ શ્રુતિ પ્રમાણે એક એવું પરિણામ છે કે જેમાં કાર્ય (कृति) પણ બ્રહ્મ અથવા आत्मन् પોતે જ છે (तदात्मानं स्वयमकुरुत); જો બ્રહ્મમાંથી જ સીધું જગત ઉત્પન્ન થાય તો જ જગતરૂપી પરિણામ "બ્રહ્મ પોતે" જ બની શકે; પણ જો प्रकृतिમાંથી જગત ઉત્પન્ન થાય તો જગત્કાર્ય બ્રહ્મ-કારણરૂપ ન હોય (બ્ર.સૂ. ૧.૪.૨૬); અને છેવટે, (उ) કેમકે મુંડક ઉપ૦માં अक्षरब्रह्मने જગતની 'યોનિ' કહ્યું છે (तद्भूतयोनिं परिपश्यन्ति धीराः); प्रकृतिને જગતની યોનિ—જેમ ગીતા ૭.૬માં કહે છે તેમ—કહી નથી. માટે प्रकृति શબ્દનો અર્થ ब्रह्म કરવો. બ્ર.સૂ. ૨.૧.૧૪માં બ્ર.સૂ. ૧.૪.૨૩ના प्रतिज्ञादृष्टान्तानुपरोधने "आरंभणशब्द" અને अभिध्योपदेश વગેરે (બ્ર.સૂ. ૧.૪.૨૪-૨૭)ને "आदि" દ્વારા કહીને સૂત્રકાર જગત તથા બ્રહ્મનું अनन्यत्व સિદ્ધ કરે છે.

આચાર્યો તથા વિદ્વાનોએ બ્ર.સૂ. ૧.૪.૨૩ (प्रकृतिश्च)નો અર્થ "બ્રહ્મ જગતનું **ઉપાદાન** (प्रकृति) છે, અને (च) **નિમિત્ત પણ** છે," એમ કર્યો છે; બ્ર.સૂ. ૧.૪.૨૩ને બ્ર.સૂ. ૧.૧.૨

(जन्माद्यस्य यतः) અને બ્ર.સૂ. ૧·૧·૫ (ईक्षतेर्नाशब्दम्માંથી ईक्षण) સાથે જોડયું છે. "બ્રહ્મમાંથી જગતની ઉત્પત્તિ (બ્ર.સૂ. ૧·૧·૨)નો અર્થ કોઈ એમ કરે કે બ્રહ્મ માત્ર નિમિત્ત કારણ છે; તથા ईक्षणपूर्वककर्तृत्व માત્ર નિમિત્ત કારણમાં જ હોય છે; માટે 'બ્રહ્મ જગતનું ઉપાદાન કારણ પણ (प्रकृतिः + च) છે' એમ સૂત્રકારે બ્ર.સૂ. ૧·૪·૨૩-૨૭માં કહ્યું છે."[1] આમ દલીલ કરવામાં આવી છે. પણ બ્ર.સૂ. ૧·૧·૨માં 'બ્રહ્મને જગતની ઉત્પત્તિ તેમ જ સ્થિતિ અને પ્રલયનું કારણ (પ્રલીન દશામાં રહેવાનું સ્થાન) કહ્યું છે; અને સૂ. ૧·૧·૫માં જે ईक्षण કહ્યું છે તે 'सत्' પોતે જ પોતાના દ્વારા બહુ થવા ઈક્ષણ કરે છે તે જ ईक्षण છે, અને તે ईक्षण ગૌણ નથી એમ પણ ત્યાં કહ્યું છે અને તે રીતે ગીતાસ્મૃતિના અનુયાયીઓએ ईक्षणને ગૌણ લઈ ને सत्‌ને प्रकृति ઠરાવી દેવા ત્યાં યત્ન કરેલો (બ્ર.સૂ. ૧·૧·૬માં), માટે બ્ર.સૂ. ૧·૪·૨૩-૨૭ને બ્ર.સૂ. ૧·૧·૨ અથવા ૧·૧·૫ સાથે જોડી શકાય નહીં.

માટે બ્ર.સૂ. ૧·૪·૨૩-૨૭માં સૂત્રકાર प्रकृति એટલે 'બ્રહ્મ' અર્થ કરે છે, એ ચોક્કસ છે. આમ, જો प्रकृति તત્ત્વ બ્રહ્મનું એક ઘટક અથવા બ્રહ્મમાંથી ઉત્પન્ન થએલું પ્રથમ તત્ત્વ જેમાંથી જગત ઉત્પન્ન થયું તે તત્ત્વ ન હોય તો ગીતાસ્મૃતિનો अनवकाश થાય. આ દોષ સૂત્રકારને માથે આવે, કેમ કે તેના વેદાન્તમાં प्रकृतिને જ ब्रह्म ઠરાવી (૧·૪·૨૩-૨૭) છે. સૂત્રકાર બ્ર.સૂ. ૨·૧·૧માં ઉત્તર આપે છે કે ના, જો અમે ગીતાસ્મૃતિની प्रकृतिને બ્રહ્મથી અલગ તત્ત્વ રૂપે સ્વીકારીએ તો પછી બીજી (ઇતિહાસ પુરાણોની) સ્મૃતિઓમાં જે વેદાન્તસંપ્રદાયો છે અને જેમાં જગતની ઉત્પત્તિલયનાં તત્ત્વો અને સિદ્ધાન્તો છે તેમને પણ અમારે માનવા પડે. માટે અમે શ્રૌતવેદાન્તી હોવાથી શ્વેતા૦ ઉપ૦ અને ગીતાસ્મૃતિની प्रकृतिનો જ અર્થ ब्रह्म કરીશું, જેથી ગીતાનો મેળ છાન્દોગ્ય ઉપ૦ સાથે બેસે (બ્ર.સૂ. ૨·૧·૧); વળી प्रकृति જેવા, परा કે अपराप्रकृति (ગી. ૭), स्वभाव, अपरअव्यक्त (ગી. ૮.૧૭), क्षेत्र (ગી. ૧૩), महद् ब्रह्म (ગી. ૧૪) વગેરે જે તત્ત્વો ગીતામાં કહ્યાં છે તેમાંથી કોઈ પણ છાં. બૃ. વગેરે ઉપનિષદોમાં ઉપલબ્ધ નથી (इतरेषां चानुपलब्धेः). માટે, અમે ગીતાના प्रकृति એટલે ब्रह्म, એમ જ અર્થ કરીશું.

હવે, બ્ર.સૂ. ૨·૧·૩, ગીતામાં प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः (ગીતા. ૩·૨૭) વગેરે દ્વારા ગીતાએ નિષ્કામકર્માચરણરૂપ योग શીખવ્યો છે. તે योग બ્રહ્મસૂત્રકાર સ્વીકારતા નથી, કેમ કે प्रकृतिને જ બ્રહ્મથી પૃથક્ તત્ત્વ તરીકે સ્વીકારતા નથી (एतेन योगः प्रत्युक्तः).

આમ, બ્ર.સૂ. ૨·૧·૧-૨ અને ૩માં प्रकृतिનો અર્થ 'બ્રહ્મ' કરવાનો આગ્રહ સૂત્રકારે કર્યો છે, તથા બ્ર.સૂ. ૨·૧·૨માં प्रकृति જેવા प्रकृति સિવાયનાં બીજાં (शिष्टाः) તત્ત્વોનો નિર્દેશ છે. આ प्रकृति સિવાયની બાકીનાં તત્ત્વો જે પ્રકૃતિનાં જેમ સ્વીકારવામાં નથી આવ્યાં (अपरिग्रहाः), તે 'शिष्ट अपरिग्रहो'નો અર્થ પણ "બ્રહ્મ" કરવાનું સૂત્રકાર બ્ર.સૂ. ૨·૧·૧૨માં કહેતા હોય, તેમ મારું મન્તવ્ય છે (एतेव...व्याख्याताः)

બ્ર.સૂ. ૨·૧નાં કુલ ૩૭ સૂત્રો છે. તેમાંથી પ્રથમ ત્રણ સૂત્રોનો અર્થ મારી દૃષ્ટિએ મેં ઉપર આપ્યો છે. હવે સૂત્રો ૪થી ૩૭માં ગીતાસ્મૃત્યનુયાયી (સ્માર્ત) વેદાન્તીઓની શી શી દલીલો છે તે આપણે ટૂંકમાં જોઈએ. સૂત્ર ૪-૧૧માં પોતાની प्रकृतिના બચાવ માટે ગીતાસ્મૃતિ દલીલો

---

૧. ડૉ. રાધાકૃષ્ણનનું Brahmasutra, P. 329.

કરે છે. છેવટે શ્રૌતવેદાન્તી સૂત્રકાર अनिर्मोक्षનો દોષ કહી प्रकृति તત્ત્વ સ્વીકારતા નથી; અને તેઓ સૂ. ૧·૪·૨૩-૨૭ મુજબ 'प्रकृति'નો અર્થ 'બ્રહ્મ' કરવાની પોતાની રીતને વળગી રહે છે. સૂ. ૨·૧·૧૨ અમે ઉપર સમજાવ્યું છે. સૂ. ૨·૧·૧૩માં ગીતાનો સ્માર્ત વેદાન્તી પૂર્વપક્ષ કહે છે કે 'જો બ્રહ્મ પોતાનામાંથી જ જગત ઉત્પન્ન કરશે તો બ્રહ્મ પોતે (ઉત્પન્ન થએલા જગતના) ભોક્તા બની જશે (भोक्रापत्ति દોષ બ્રહ્મ ઉપર આવશે), માટે બ્રહ્મમાંથી જગતનો વિભાગ થયો નથી.' આ દલીલનો સૂત્રકાર ઉત્તર આપે છે કે 'स्याल्लोकवत्.'

આ રીતે प्रकृति તથા प्रकृति જેવાં બીજાં अव्यक्त (ગીતા ૮), क्षेत्र (ગી. ૧૩), महद् ब्रह्म (ગીતા ૧૪) વગેરે તત્ત્વો એટલે 'ब्रह्म' પોતે જ, એમ નક્કી થયું; અને બ્રહ્મની भोक्रापत्ति દોષથી મુક્તિ થઈ; એટલે હવે (સૂ. ૧૪થી ૨૦માં) સૂત્રકાર પોતાનો 'જગત્ અને બ્રહ્મના अनन्यत्व'નો સિદ્ધાન્ત રજૂ કરે છે. સૂ. ૧·૪·૨૩-૨૭ની प्रतिज्ञादृष्टान्तानुपरोध વગેરે દલીલોનો જ નિર્દેશ અહીં (૨·૧·૧૪માં) आरंभणशब्दादि દ્વારા સૂત્રકાર કરે છે. તદ્દુપરાંત એક દલીલ એવી છે કે જગતની ઉત્પત્તિ થઈ તે પહેલાં જગતનું सत्त्व (अस्तित्व) હતું જ. અહીં પૂર્વપક્ષ કહે છે કે 'ઉત્પત્તિ પહેલાં જગત असत् હતું' (સૂ. ૧૭). આ દલીલ सत्कार्यवादी સાંખ્યની હોય જ નહીં. ગીતા જગતની ઉત્પત્તિ એટલે નવી, પ્રથમ, ઉત્પત્તિનાં અનેક વર્ણનો કરે છે; તેની જ આ દલીલ હોઈ શકે. બ્રહ્મમાંથી ઉત્પન્ન થએલું જગત બ્રહ્મરૂપ ચેતન છે. તેનું દૃષ્ટાન્ત સૂત્રકાર प्राण અને બુદ્ધિ, મન, દ્વારા આપે છે (यथा च प्राणादि; ૨.૧.૨૦); બ્ર.સૂ. ૨.૪.૧ (तथा प्राणाः) તથા બ્ર.સૂ. ૨.૩. (विज्ञानमनसी……अविशेषात्)માં प्राण નિત્ય છે અને બુદ્ધિમનસ્ બ્રહ્મ જ છે (अविशेष) એમ સૂત્રકાર કહે છે. આમ સૂત્રકાર કહી શકે છે કેમ કે प्रकृतिમાંથી જગત ઉત્પન્ન થયું નથી. બ્ર.સૂ. ૨.૧.૧૯નું संवेष्टितप्रसारित પટનું દૃષ્ટાન્ત પણ ગીતાસ્મૃતિ સામે છે.

આપણે સૂ. ૨·૧-૪-૧૧ વિચારવાના બાકી છે; પણ ઉપલી વિચારણાના અનુસંધાનમાં જ આપણે બ્ર.સૂ. ૨૧-૩૬ વિચારી લઈએ. વાચક સહેલાઈથી સમજી શકશે કે બ્ર.સૂ. ૨·૧·૧–૨૦ની ચર્ચા ब्रह्म પોતે જગતનું ઉપાદાન કારણ હોય તો ગીતાસ્મૃતિને શો બાધ આવે તેને અંગે છે. બ્રહ્મના ઉપાદાનકારણત્વને લીધે જ જગત અને બ્રહ્મનું अनन्यत्व અને તેની સામે સ્માર્તવેદાન્તીની असत्कारणवादની (નવી સૃષ્ટિઉત્પત્તિની) દલીલની વિચારણા સૂ. ૨·૧·૧૪-૨૦માં કરી છે. હવે પછીનાં સૂત્રોમાં ગીતાસ્મૃતિનો સ્માર્તવેદાન્તપૂર્વપક્ષ બ્રહ્મના (ઉપાદાનથી અભિન્ન) નિમિત્ત-કારણત્વ સામે પોતાની દલીલો કરે છે. આ દલીલો એવી છે કે "સાંખ્ય" દર્શન આ પ્રકારની દલીલો ન જ કરી શકે. (अ) એક શ્રુતિ (अनेन जीवेन आत्मना अनुप्रविश्य नामरूपे व्याकरवाणि—છાં. ૬·૩·૨)માં બ્રહ્મને जीवात्मन् (इतर) કહ્યું છે (સૂ. ૨·૧·૨૧); તેથી જીવાત્મવ્યપદેશવાળું બ્રહ્મ પોતાને હિતકારી, ઉપયોગી જ કાર્ય ઉત્પન્ન કરે; પણ જગત બ્રહ્મને ઉપયોગી નથી, કેમ કે બ્રહ્મ તો आप्तकाम છે; માટે, સ્માર્તવેદાન્તી શ્રૌતવેદાન્તી સૂત્રકારને કહે છે કે, प्रकृति જ જગત ઉત્પન્ન કરે અને 'બ્રહ્મ માત્ર अध्यक्ष' (मयाअध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम्—ગીતા ૯·૧૦) રહે, તે જ સૃષ્ટિવાદ સાચો છે. ઇશ્વર છે, ઇશ્વર आप्तकाम છે, સૃષ્ટિમાં अध्यक्ष (प्रकृतिની प्रवृत्तिના દ્રષ્ટા) છે; શ્રુતિમાં સત્‌ને જ जीवात्मन् કહ્યું છે; આ બધું માનનાર 'સાંખ્ય' ન હોઈ શકે; અને ગીતામાં તો આ પક્ષ કહ્યો જ છે. સૂત્રકાર મુજબ બ્રહ્મને जीवात्मन् કહ્યું છે કેમ કે ब्रह्म (सत्) જડ अश्मादि જેવું નથી; ખરું જોતાં બ્રહ્મ જીવથી अधिक છે. ગીતાસ્મૃતિ પોતે પણ

આ માન્યતા ધરાવે છે. (आ) સૂ. ૨૪-૩૦માં પૂર્વપક્ષ કહે છે કે જ્યાં કંઈ "કારણ" હોય છે ત્યાં "વસ્તુઓનો સમુદાય" કારણરૂપે હોય છે; નિમિત્તકારણ પણ વસ્તુઓનો उपसंहार હોય તો જ પોતાનું કાર્ય કરી શકે છે. આ उपसंहारની દલીલ 'સાંખ્ય'ની હોય જ નહીં. ગીતાના સૃષ્ટિવાદોમાં કોઈ વાદમાં બે, કોઈમાં ત્રણ, કોઈમાં ચાર તત્ત્વોનો સમુદાય બનીને 'एक' તત્ત્વ જગત્કારણ કહ્યું છે, તે આપણે ઉપર જોયું છે. ગીતાની આ દલીલ સામે સૂત્રનું શ્રૌત વેદાન્ત क्षीरवत्‌ની દલીલ આપે છે; તે દૃષ્ટાન્ત ઉપરથી ગીતાનો સ્માર્તવેદાન્તી कृत्स्नप्रसक्ति વગેરે પૂર્વપક્ષ રજૂ કરે છે. માટે અહીં कृत्स्नप्रसक्तिનો દોષ "સાંખ્ય" તરફથી નથી, પણ उपसंहारकारणवादी ગીતા તરફથી છે. સૂત્રકારે આની સામે જે ઉત્તરો આપ્યા છે તેમાં स्वपक्षदोषનો એક ઉત્તર આપ્યો છે. ગીતાની प्रकृतिમાંથી સૃષ્ટિની માન્યતાને कृत्स्नप्रसक्ति વગેરે દોષ લાગે છે, એમ સૂત્રકાર કહે છે. (સૂ. ૩૦માં च છે; માટે તે સૂત્ર પણ સૂત્ર ૨૯ની સાથે લેવાનું છે). आत्मा વિશેની શ્રુતિઓ વિચિત્ર છે, માટે "શબ્દ"ને જ માન્ય રાખવો; ને યુક્તિ કે તર્કની ભાંજગડમાં ન પડવું, એમ સૂત્રકાર કહે છે. વળી सर्वोपेता-સૂત્રમાં પણ च છે; ને ઉત્તર પણ સૂત્રકારે उपसंहार દર્શનની ગીતાસ્મૃતિની દલીલ સામે આપ્યો છે. સૂત્રકાર કહે છે કે જગત ઉત્પન્ન કરવા માટે જે કંઈ જરૂરી હોય તે સર્વ સાધન **બ્રહ્મમાં જ છે;** માટે "ઉપસંહાર"ની જરૂર નથી. (इ) સૂ. ૨·૧·૩૧—અહીં પૂર્વપક્ષ विकरणत्व (બ્રહ્મ ઇન્દ્રિયોરહિત હોવાથી નિમિત્તકારણ ન બની શકે તે)ની દલીલ કરે છે. શું આ પૂર્વપક્ષ સાંખ્યનો હોઈ શકે? ગીતાની સૃષ્ટિપ્રક્રિયામાં प्रकृतिના માલિક (ગી. ૭·૬) કે प्रकृतिના अध्यक्ष (ગી. ૯·૧૦) 'सकरण' છે; તેથી આ બ્રહ્મના विकरणत्वની દલીલ ગીતાની જ છે. (ई) મૂળમાં સૂ. ૩૨ થી ૩૬નું એક જ अधिकरण હોવું જોઈએ. 'બ્રહ્મ જગતનું નિમિત્ત કારણ ન બને, કેમકે નિમિત્ત કારણને પ્રયોજન હોવું જોઈએ'—આ દલીલ ગીતાસ્મૃતિ કરે કેમકે ગીતા મુજબ શ્રીકૃષ્ણ प्रकृतिની પ્રવૃત્તિ કરાવતા નથી, પણ માત્ર अध्यक्ष એટલે તટસ્થ દ્રષ્ટા જ રહે છે. વળી, **પહેલાં સૃષ્ટિ ન હતી,** બ્રહ્મમાંથી જગત જુદું પડયું ન હતું (अविभाग હતો), અને તેથી તે સમયે **જીવનાં કર્મો** (જીવે કરેલાં અનાદિ કર્મો) ન હતાં. જીવોનાં જુદાં જુદાં વર્ણકર્મો સૌથી પ્રથમ નવી સૃષ્ટિ વખતે स्वभाव તત્ત્વમાંથી આવીને મળ્યાં, જીવ પોતે કર્મરહિત હતો—આ માન્યતા પણ ગીતાની જ છે (જુઓ ब्रह्मकर्मस्वभावजम्, ગીતા ૧૮·૪૧·૪૭); સાંખ્ય તો अनादि जीवकर्मમાં માને છે; તેથી ઇશ્વર ઉપર वैषम्यनैर्घृण्यदोष આવે, એવી દલીલ સાંખ્ય ન જ કરી શકે. (उ) છેવટે સૂ. ૨·૧·૩૭માં સૂત્રકાર ગીતાસ્મૃતિને અન્તિમ ઉત્તર આપે છે કે જગતનાં ઉપાદાન તથા નિમિત્ત કારણ બનવા માટે જરૂરી બધા ધર્મો (ઘટક તત્ત્વ કે બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલા કાર્યરૂપે प्रकृति નહીં, પણ ધર્મો) બ્રહ્મમાં ઉપપન્ન છે. અહીં ईश्वरના અસ્તિત્વમાં માનનાર પૂર્વપક્ષને સૂત્રકાર કહે છે; અને તે પૂર્વપક્ષ ગીતાસ્મૃતિ છે; સાંખ્ય નથી. આ પ્રમાણે બ્ર.સૂ. ૨·૧·૨૧-૩૭ના બધા પૂર્વપક્ષો ગીતાના સ્માર્તવેદાન્ત તરફથી આવેલા છે. उपसंहारदर्शन, विकरणत्व, प्रागभाव, स्वभावजं कर्म (कर्माभाव) વગેરે દલીલો સાંખ્યની ન જ હોઈ શકે; અને ગીતામાં ઉપલબ્ધ છે.

ઇશ્વરવાદી કે બ્રહ્મવાદી કોઈ પણ સૃષ્ટિપ્રક્રિયામાં प्रकृति તત્ત્વ વચ્ચે આવવું જ જોઈએ, તેની દલીલો સૂ. ૨.૧.૪-૧૧માં છે; સ્વતંત્ર प्रकृतिવાદની દલીલો નથી. એક દલીલ મુજબ 'જગત જડ છે, કેમ કે શ્રુતિ પોતે જ જગતને જડ કહે છે' (अस्य तथात्वं च शब्दात्); માટે બ્રહ્મમાં ઘટક તરીકે અથવા પ્રથમ ઉત્પન્ન થયેલા કાર્યતત્ત્વ રૂપે (સૃષ્ટિપ્રક્રિયામાં) प्रकृति હોવી જોઈએ. વળી

"સૃષ્ટિ પહેલાં જગત ન હતું, બ્રહ્મમાંથી નવું જ ઉત્પન્ન થયું છે"—આ असत्कार्यवादनी દલીલ સાંખ્યની ન જ હોય (સૂ. ૨·૧·૭). આ બન્ને દલીલોના સૂત્રકારના ઉત્તરો છે કે (૧) જગત ચેતનરૂપ દેખાય છે અથવા છાણમાંથી વૃશ્ચિક થાય તે આપણે જોઈએ છીએ (दृश्यते तु—૨.૧.૬) અને (૨) असत् એટલે વંધ્યાપુત્ર જેવું असत् નહીં, પણ प्रतिषेधमात्र (સૂ. ૨·૧·૭). આમ प्रकृतिની સ્થાપના કરવાના પોતાના 'तर्को' અપ્રતિષ્ઠિત થવાથી જુદી રીતે તર્ક કરવો જેથી प्रकृति (બ્રહ્મ અને જગતની વચ્ચે) સૃષ્ટિપ્રક્રિયામાં આવી શકે (तर्काप्रतिष्ठानादप्यन्यथानुमेयम्), એમ ગીતાનું સ્માર્તવેદાન્ત દલીલ કરે છે. સૂત્રકાર એવી દલીલનો વિરોધ કે નવા તર્કની શકયતાનો વિરોધ કરતા નથી; પણ નવું જ કારણ प्रकृतिની સામે આપે છેઃ જો प्रकृतिમાંથી જગતની ઉત્પતિ થઈ એમ માનીશું તો તે જ્ઞાનથી મોક્ષ નહીં મળે (एवमप्यनिर्मोक्षप्रसङ्गात्). સૂત્રકારનું આ વલણ બતાવે છે કે તેઓ ગીતાસ્મૃતિના અનુયાયીઓ સાથે વાદ-ચર્ચા કરી રહ્યા છે; કેમ કે એવા अन्यथानुमेयम् અથવા अन्यथानुमितौ—) સંજોગોમાં સાંખ્યને આપેલો સૂત્રકારનો ઉત્તર જુદો જ છે. (ज्ञशक्तिवियोग—ઉત્તર છે; બ્ર.સૂ. ૨·૨·૯). બ્ર.સૂ. ૨·૧·૪-૧૧માં ईश्वर કે બ્રહ્મના अध्यक्षत्व નીચે प्रकृतिની प्रवृत्तिમાં માનનાર પૂર્વપક્ષ છે; પણ બ્ર.સૂ. ૨·૨·૧-૧૦માં એવા ચેતન તત્ત્વના अध्यक्षत्वરહિત સ્વતંત્ર प्रवृत्ति કરનારી प्रकृतिમાં માનનાર પૂર્વપક્ષ છે; પ્રથમ પૂર્વપક્ષ ગીતાનો છે; દ્વિતીય પૂર્વપક્ષ સાંખ્યનો છે.

મેં ઉપર બ્ર.સૂ. ૨·૧નાં સૂત્રોનો અર્થ અત્યન્ત સંક્ષેપમાં આપ્યો છે. તેમાં સિદ્ધાન્તોની દલીલો આપી નથી, તથા પૂર્વપક્ષની દલીલો પણ ટૂંકમાં જ આપી છે. આ દલીલો જ એવી છે કે 'સાંખ્ય' દર્શન પરથી કરવામાં આવી જ ન હોય. વળી, સૂત્રકાર પૂર્વપક્ષનું ખંડન, ખાસ કરીને प्रकृति અને प्रकृति જેવાં अव्यक्त, क्षेत्र, स्वभाव, महद्ब्रह्म, વગેરે તત્ત્વોનું **ખંડન** નથી કરતા; પણ માત્ર 'व्याहृयान' (વિવરણ; प्रकृति એટલે બ્રહ્મ પોતે જ, એમ અર્થ) કરે છે. "अन्यथा अनुमेयम्"-ની દલીલ સ્વીકારે છે, અને प्रकृति સામે अनिर्मोक्षનો વાંધો (बाध) બતાવે છે.—આ સમગ્ર હકીકતને બ્ર.સૂ. ૧·૪·૨૩-૨૭ સાથે સંબંધ છે, કેમ કે ત્યાં જ 'प्रकृति'નો અર્થ સૂત્રકાર ब्रह्म કરી બતાવે છે; અને તે ઉપરથી ગીતાસ્મૃતિને अवकाश ન આપ્યાનો દોષ સૂત્રકાર ઉપર આવે છે, જેનો ઉત્તર સૂત્રકાર મહાભારતરામાયણ કે પુરાણરૂપી "अन्यस्मृति"ની દલીલ સામે ધરીને આપે છે, અને प्रकृतिનું "બ્રહ્મ" અર્થમાં વ્યાખ્યાન કરીને ગીતાના योगનો ત્યાગ (પ્રતિવચન) કરે છે. મેં સ્થાનના અભાવને લીધે અને વિસ્તાર વધી જવાના ભયથી સૂત્રોના પ્રચલિત અર્થોની ટીકા નથી કરી; પણ તે જોવાથી પણ જણાશે કે બ્ર.સૂ. ૨·૧માં स्मृति શબ્દ ગીતાના અર્થમાં વપરાયો છે; અને સૂત્રકાર ગીતાનો સ્વીકાર કરીને ગીતાનો અર્થ ઉપનિષદો મુજબ કરે છે.

ઉદ્ધવસંદેશને લગતાં ગુજરાતી કાવ્યો

સુમન શાહ

શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધના ૪૬મા અને ૪૭મા અધ્યાયમાં આવતો ઉદ્ધવસંદેશનો પ્રસંગ પોતે જ ઘણો કાવ્યક્ષમં છે. કૃષ્ણનો નંદયશોદા, વ્રજ અને વ્રજાંગનાઓ માટેનો સ્નેહ; તેઓનો તેના માટેનો અપાર પ્રેમ—તેમાંય ખાસ તો યશોદાનું વાત્સલ્ય અને ગોપીજનોનો પ્રેમ, હવે કૃષ્ણ મથુરા જતા રહ્યા છે તેથી તેનો વિરહ, તેની હૃદયવેધક વેદના, સંસ્મરણો, ઉદ્ધવ દ્વારા સંદેશ, ગોપાંગનાઓને જોગ-વિષયક સંદેળીશ, ગોપાંગનાઓનો તે પ્રતિ ક્રોધ ને ખણ્ડન, ઈશ્વરનું સર્વવ્યાપીપણું, તેનું નિરંજન નિરાકાર નિર્ગુણ સ્વરૂપ, આત્મરતિ જ શોકમુક્તિનું સાધન છે એવો ઉપદેશ વગેરે સર્વ વાતો કવિતા કરનારને ઘણી ઘણી ફાવે તેવી રસમય છે અને માટે જ ઘણા કવિઓ આ વિષયની કાવ્યક્ષમતાને કસી જોવાની લાલચ જતી કરી શક્યા નથી. કવિ ચતુર્ભુજ અને કવિ બ્રેહેદેવે 'ભ્રમરગીતા' એવા નામે, પ્રેમાનંદે એના 'દશમસ્કંધ'માં, કવિ ભીમે 'રસિકગીતા' એવા નામથી, તો દયારામે 'પ્રેમરસગીતા' એવા શીર્ષક નીચે આ વિષયનાં કાવ્યો રચ્યાં છે. નરસિંહ અને મીરાંનાં ઘણાંય પદમાં આ વિષયનો સ્પર્શ છે પણ કોઈ એવું સળંગ લાંબુ કાવ્ય જાણમાં નથી. કવિ રઘુનાથદાસની પાંચ ગરબીઓ ઓધવસંદેશવિષયક જ છે. ટૂંકમાં, આખાય મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ગાળા દરમ્યાન ચતુર્ભુજથી માંડી દયારામ સુધી આ વિષય ખેડાતો આવ્યો છે. આ વિષયની ગુજરાતી કવિતા, ભાષાવિષયક જ્ઞાન માટે ઉપયોગી થઈ પડે છે. આટલા બધા કવિઓની પસંદગીનો આ એક જ વિષય એટલો જ લોકખ્યાત અને લોકપ્રિય પણ જરૂર હોવો જ જોઈએ. હિન્દી–વ્રજમાં તો ઉદ્ધવસંદેશને લગતાં કાવ્યોની સદ્ધર એવી પરંપરા જોવા મળે છે.

૧

ઉપર નિર્દેશેલા લગભગ આઠેક કવિઓનાં કાવ્યોને અહીં તુલનાત્મક દૃષ્ટિએ જોવાનો એક પ્રયાસ છે. પ્રત્યેક કવિએ મૂળથી કેવો ફેરફાર કર્યો છે, કેવાં ઉમેરણ કર્યાં છે, શાથી કર્યાં છે, તે કવિતાને ઉપકારક બને છે કે અપકારક, તે દરેકનો રચનાબંધ, ભાષા કવિત્વ વગેરે પાસાંને પણ જોવાં જોઈશે. આખાય કથાનકના ચાર મુખ્ય વિભાગ પડી જાય છે: (૧) ઉદ્ધવનું ગોકુળમાં આગમન અને તેનું સ્વાગત, (૨) નંદયશોદા અને ગોપીઓની વિરહવેદનાનું નિરૂપણ, કૃષ્ણ-ચરિતનાં સંસ્મરણો, વાત્સલ્ય અને પ્રેમના ભાવોનું આલેખન, (૩) ઉદ્ધવમુખે કૃષ્ણનો સંદેશ ને ઉપદેશ અને (૪) કૃષ્ણને પ્રતિસંદેશ અને જ્ઞાનમાર્ગનું ખણ્ડન.

ગોકુળનું વર્ણન, ભમરાનું આગમન, કૃષ્ણચરિતોનાં સંસ્મરણ વગેરે કેટલીક ગૌણ વાતો કોઈમાં છે તો કોઈમાં નથી. સૌએ પોતા તરફથી ફેરફાર કર્યા છે, ઘરનું ઉમેર્યું છે. બધાં કાવ્યો જોતાં એક એવી સમગ્ર છાપ પડે છે કે ભાગવતનો આધાર બધાએ લીધો પણ છે ને નથી ય લીધો વિષય પોતે જ જાણીતો અને લોકોનાં હૈયે વસેલો છે.

૨

ઉદ્ધવનું ગોકુળમાં આગમન અને સ્વાગત

ચતુર્ભુજની 'ભ્રમરગીતા'માં સીધું જ ઉદ્ધવનું આગમન નથી; પણ તે, તેની પૂર્વે અક્રૂર કૃષ્ણને આવીને લઈ ગયો તે પ્રસંગને પણ ઉમેરે છે, એટલે કે અક્રૂરના આગમનથી કાવ્યની શરૂઆત થાય છે. અહીં, ગોપીઓ ભાગવતની જેમ જ, કૃષ્ણને લઈ જનાર અક્રૂર તરફ 'અક્રૂર નહીં એ ક્રૂર' એમ ખિજાય છે; રથ રોકી તે કૃષ્ણને ન જવા વીનવે છે:

"સ્વામીને સમ દેઈ વારઈ, પ્રાણ અહ્મે છંડસું પ્રેમિ તાહરિ,
પૂર્વની પ્રીતિ તું સિંઈ ન સંભારઈ, વાલ્હા વિછોહ કરી કાં મારઈ?" (૧૭)

અને આમ, 'રથિ રાંમા મિલી ઝલિઝૂંબી' પણ 'ચડવડીનિ રથ ખેડયા રે...' બિચારી ગોપીઓ કૃષ્ણની વાટ જોતી રડતી રહી ગઈ:

"વિરુહણી વાટ નિહાલઈ રે, ઢાલિ નયણે નીર." (૨૦)

હવે શરીર ગળ્યાં જાય છે, પગ ઊપડતા નથી અને 'સૂનિ ગોકુલ જઈ સૂં કરીસિ?' એમ મન વિમાસે છે. કૃષ્ણ સાથેના વિરહનો આ પહેલો પ્રસંગ કવિએ અહીં ઉમેરીને—ખરેખર તો એનું ભાવવાહી આલેખન કરીને—પાછળના ઉદ્ધવસંદેશના પ્રસંગની મજબૂત ભૂમિકા રચી છે. બીજા કોઈ કવિએ અક્રૂરના આખા પ્રસંગને પોતાના કાવ્યમાં વણ્યો નથી, શ્રોતા અક્રૂરવિષયક ઘટના જાણે કે જાણે છે એમ માની લેવાયું છે. જ્યારે અહીં તેનાથી કાવ્યનો ઉઘાડ થતાં ભૂમિકા રચાય છે અને આ વિષયમાં અક્રૂરપ્રસંગનું આલેખન આવશ્યક ઠરતું લાગે છે.

બ્રહ્મદેવને ઉદ્ધવ-ગોપીના સંવાદની ઘણી ઉતાવળ છે તેથી તે પહેલા જ કડવામાં કૃષ્ણ ઉદ્ધવને મોકલે છે, તે નંદ વગેરેને મળે છે, સંધ્યા સમય છે વગેરે વાતો કહી જાય છે. આવી જ રીતે **ભાલણ**માં પણ ઉદ્ધવ ગોકુળ આવી ગયા છે એમ સમજ્યા પછી જ આગળના ભાગની રજૂઆતથી કાવ્ય ઊપડે છે. ભાગવતમાં તો ભગવાન પોતે જ વિરહદુઃખ દૂર કરવા અને ભક્તોને પ્રસન્ન કરવા ઉદ્ધવને મોકલે છે. **વિશ્વનાથ જાની**નું કાવ્ય દેવકીની ચિંતાથી શરૂ થાય છે. કૃષ્ણને કેમ અહીં ગોઠતું નથી તે વિષયની વસુદેવ-દેવકીની ચર્ચા અને પછી કૃષ્ણની વિનંતીથી ઉદ્ધવનું આગમન એમ કાવ્ય શરૂ થયું છે. પણ પ્રેમાનંદ, ભીમ ને દયારામ ત્રણેય કવિઓ કાવ્યનો ઉઘાડ અને ઉદ્ધવાગમન જુદી જુદી રીતે કરે છે. **પ્રેમાનંદ**માં, ગોપીઓ પ્રભુની આજ્ઞાનો ભંગ કરી, વચમાંની જમુના સાગરથી પણ મોટી થઈ છે તેથી, કે મરજાદારૂપી પર્વત ઓળંગી ન શકાય માટે આકુળ વ્યાકુળ થઈ હોવા છતાં મથુરા જવાને અશક્તિમાન છે. વ્રજવનિતાનું આ દુઃખ કમળાકાંત જાણી ગયા છે. ને માટે, તેના ઉપાયમાં સેવક ઉદ્ધવને ગોકુળ મોકલે છે. વળી, એ વિરહિણીઓ જો અહીં આવી પડે તો પોતાનો ઉપહાસ થતો દૂર રહે એવો પણ ઉદ્ધવને મોકલવા પાછળનો આશય તે સ્પષ્ટ કરે છે. **ભીમ** કહે છે, ઉદ્ધવનું ભક્ત તરીકેનું અભિમાન ગાળવાને પ્રભુએ તેને ગોપાંગનાઓની ભક્તિ જોવા મોકલ્યો :

"એક સમે કૃષ્ણ ઓધવ બેઠા વાતો કરિ;
ઓધે એમ મન જાણ્યું, અમ મન મોટા હરિ.
એવું અભિમાન જ્યારે, ઓધે મન આણિયું;
હવે એહને ગોકુળ મેહલું, હરિએ એમ જાણિયું." (ક. ૭.)

જ્યારે **દયારામ**માં, કૃષ્ણ-ઉદ્ધવનો ઉત્કટ મૈત્રીભાવ જોવા મળે છે. અહીં ઉદ્ધવ જ વ્રજનાથને તેમની ઉદાસીનતા અને ઉદ્વેગ જોઈને તેનું કારણ પૂછે છે. કૃષ્ણથી ગોકુળની પ્રીત ભૂલી શકાતી નથી એમ તે બીજા જ પદમાં જણાવે છે :

"ક્ષણ નહિ વીસરે વ્રજની ક્રીડા જી, વ્યાપી રહી તે પ્રેમની પીડા જી;
ભક્ત નથી કોઈ અન્ય એવા જી, જિત્યો અજિત્ય હું કરીને સેવા જી." (૨: ૨)

પછી, ઉદ્ધવને અંતર્ગત ગણીને નંદયશોદા તેમ જ ગોપીઓને 'યોગ્ય ઉપદેશ' અને 'અધ્યાત્મ બ્રહ્મ' બતાવવાનું કહી પોતે જ પોતાનો મોરમુગટ, કુંડળ, પીત વસન અને પોતાનો જ રથ ઉદ્ધવને બક્ષે છે.

૩

નંદ વગેરેનો વિરહ, સંસ્મરણો, વાત્સલ્ય ને પ્રેમ

નંદયશોદા અને ગોપીઓની વિરહવેદના, કૃષ્ણનાં અસંખ્ય સંસ્મરણો, વાત્સલ્ય અને પ્રેમના ભાવો તથા ઉદ્ધવનું સાંત્વન, ઉપદેશ વગેરેમાં કાવ્યનો મધ્યભાગ ખરચાય છે. બધા કવિઓ આ સર્વે અંગોને પોતપોતાની રીતે ખીલવે છે. આ વિભાગમાં જ નંદ, યશોદા ગોપીઓ, કુબ્જા, અક્રૂર ને ભ્રમર એમ બધાં જ પાત્રોનું સંમેલન થતું હોય છે.

ચતુર્ભુજમાં, યશોદા સજળ નયને કૃષ્ણનાં ચરિતો સંભારે છે:

"ધેનુક, વચ્છક બક હણિઉ, અઘાસુર અસુર જોય,
માહાગિરિ તોલિઉ ટિચાંગલી, ગોકલિ રાખ્યું તોય." (૪૨)

પોતે કૃષ્ણને ઉખળે બાંધેલા તે, 'બલતું દવ બિ વાર પીધું' તે, 'કાલીકલહ કૃષ્ણ કરિઉ' તે વગેરે સંસ્મરણો યશોદા વારાફરતી ઊખેડે છે અને કહે છે, 'કેતલા કૃષ્ણના ગુણ સંભારું, મોકલ્યા તે અભાગ્ય અહ્મારું' અને એમ 'ગુણ સંભારતાં થયું પ્રભાત.' ભાવનું એકધારું સાતત્ય ને ચિત્રાત્મકતા ચતુર્ભુજની કવિ તરીકેની મહત્તાનાં સૂચક છે. એની ગોપી હૃદયથી વાત કરે છેઃ હે ઉદ્ધવ! અમે મંદભાગી...બાકી તે જ ગાયો, તે જ ગોકુળ, તે જ વૃંદાવન ને તે જ યમુનાનાં તીર છે પણ કૃષ્ણ વિના બધું સૂનું સૂનું છે. પણ અમે તો ભરવાડાં ને નગરની નારી તો ચતુર ! તે હવે હરિ શું લેવા આવે ? એના ભમરાના જેવા ભલા ભાવ બહુ જોયા :

"નાંહનિ થકિ ઘણું નેહ કીધુ, જાતઈ અહ્મારડુ જીવ લીધુ,
થોડી કાજ ઘણી પ્રીત માંડી, વાહિલું એ વયરી ગ્યુ છાંડી." (૬૧)

આમ ગોપાંગનાઓ જાતજાતના નિસાસા નાખી વિલાપ કરે છે, તેઓએ થોડા કાજે ઘણો પ્રેમ કર્યો છે.

બ્રહ્મદેવમાં, ભાગવતની જેમ જ આલેખન જોવા મળે છે. ગોપીજનો, અક્રૂર આવ્યો કે શું, ઉરમાંસ લેવા આવ્યો કે શું એવી ચિંતા વ્યક્ત કરે છે. ઉપરાંત, કૃષ્ણ સ્વાર્થી જારપુરુષ જેવા છે એવા મૂળના જ ભાવને આ કવિએ પણ, વન બળવાથી વન છોડી જતી હરણી, ફળ વિનાનાં વૃક્ષને છોડી જતાં ખેચર, વારિ વિનાનાં સરને છોડી જતા હંસ સાથે સરખાવ્યા છે. ભાગવતની જેમ જ, પેલા ભ્રમરને 'કાળા હોય કૂડે ભર્યા' કહીને અહીં ભાંડવામાં આવે છે, તેમ જ તે શોક્યને ઉરે જઈ આવ્યો છે એવો દ્વેષ પણ વ્યક્ત કરાય છે.

ભાલણમાં, ક્યાંય ભ્રમરને સંબોધન કે અક્રૂર આવ્યાની શંકા વ્યક્ત થઈ નથી. ગોપાંગનાઓ પોતે ગ્રામિણ છે જ્યારે કુબ્જા નગરમાં વસનારી છે, આ પ્રકારનો મૂળ ભાવ છે. અહીં તો, પ્રભુને કુબ્જા જેવી અનેક કરવી હોય તો ભલે કરે, અમારા સંસારમાં તો તે એક જ છે. અમે એમના માટે ઘર ત્યજ્યાં, પતિ ત્યજ્યા પણ એમના મનમાં એની કદર થઈ નહિ. ગામડિયાં છે, કુબ્જા જેવી અનેક હોય તો તેમને વાંધો નથી, તેમનો પ્રેમ અનન્ય છે—આ પ્રકારનો ભાવ આખાય કાવ્યમાં વારે વારે પુનરુક્તિ પામે છે. આ કાવ્યમાંના સાતમા પદમાં રાધાનો સ્પષ્ટપણે ઉલ્લેખ છે જે ભાગવતના પ્રસ્તુત અધ્યાયોમાં નથી. પણ યશોદાનું વાત્સલ્ય અને હવેની પુત્ર-વિરહની વેદના, વિલાપ તથા ગોપીજનો અને રાધાની ‘ શા માટે છાંડ્યા ’ એવી ફરિયાદ, મૂંઝવણ, કુબ્જામાં એવું શું હશે—વિષયક તેમની લઘુતા ભાલણ બહુ સુંદર રીતે નિરૂપી શક્યો છે. યશોદાને બાલકૃષ્ણનાં ઘણાંય સ્મરણો સતાવે છે. તેને વારવા છતાં કાલિંદીમાં પડેલો, માખણ કાજે બાંધવો પડેલો, ગોવર્ધન ધારેલો, મુખમાં બ્રહ્માંડ બતાવેલું, આનંદથી વાંસળી વગાડતો, ગોપીજનોની ફરિયાદ વખતે જૂઠું જૂઠું રડતો, આંખો આંજતી વખતે અને તિલક કરતી વેળાએ અધવચથી નાસી જતો—આ બધું સુખ, યશોદા પૂછે છે આજે ક્યાં છે, તે કહે છે. આ ‘ સુખ આગળે સ્વર્ગ ને વૈંકુંઠ, મુજને ન ભાવે કાંઈ રે. ’ કૃષ્ણ ગયા ત્યારે પોતાના પ્રાણ કેમ ન ગયા: “ રથ પૂંઠેથી પ્રાણ ન ગયા તો, હવે હું જીવતી લાજું રે ” (૪: ૮) એમ પોતાના જીવતર માટે તેને લાજ આવે છે. ઓગણીસમા પદમાં ખૂબ આર્જવભરી વિનંતી કરે છે કે બસ ‘ એક વાર આવીને ઠારો ’. એનું વાત્સલ્ય આ પદમાં અંતિમ કક્ષાનું બન્યું છે, ને ભાલણનો એ પ્રિય ભાવ છે તે જાણીતું છે. યશોદા અહીં કહે છે, “ ભવોભવ થાઉં હું ધાવ તારી રે. ” ગોપીજનોને, કૃષ્ણ આમ એકાએક નિર્ગુણ થઈ જશે એવી જાણ નહોતી. એમને તો જે કૃષ્ણ દીન બનીને કરગરતા તે આમ છેહ કેમ દઈ શકયા તેનું જ અચરજ છે. રાધાને ખબર નહોતી કે હરજી સાથેનું એનું ‘ સારું સગપણ ટળશે ’ ને ‘ વા’લો ફીટીને વેરી થાશે. ’ કૃષ્ણ-કુબ્જાનું કજોડું થયું તેથી તે અંદરખાનેથી તો ખુશ જ થઈ છે:

“ ભર્યા નગરમાંહે મળી એક હુંઠી !
ભલી મળી એ જુગતી જોડી;
કાળો વર ને કન્યા ખોડી ! ! ” (૫–૧૦)

પણ તે ઉદ્ધવને પૂછ્યા વિના રહી શકતી નથી. તે પૂછે છે, પેલી બહુજાર ને કંસદાસી ત્રિવિક્રમા કુબ્જા શું ‘ રૂપે રૂડી ’ છે, શું તેનામાં ‘ ચતુરાઈ અપાર ’ છે તે દેવમુરારી તત્ક્ષણ મોહી પડચા ? અમે તો એની જ આશામાં છીએ ને એણે આમ કર્યું ! ! એવાને ‘ ઓલંભા ’ પણ શું દેવા ? ના, પણ એનો સ્વભાવ જ એવો છે—રામાવતારમાં સીતા જેવીને પણ એણે જ છાંડી હતી ને ! શરદનિશામાં રાસ રમવામાં પોતે ભોળવાઈ, વાંસલડીના નાદે દોડી, વસ્ત્રાહરણની વાત પણ સહી લીધી—પણ આજે ? આજે આવા ‘ શઠ નાયક ’ માટે તે પસ્તાય છે. આજે ‘ નિંદરડી ’ નિસાસાથી ચાલી ગઈ છે, સ્વપ્ન તો હોય જ ક્યાંથી ? દર્શન દુર્લભ બન્યું છે, હૈયે પાવક પ્રજળે છે, નયને નીર માતાં નથી. અન્ન ઉદક શૃંગાર સર્વને પોતે છાંડચાં છે. તે ભારપૂર્વક પૂછે છે, અમારો કયો અપરાધ ? કયા અવગુણ ? અમને જે હોય તે આવીને કૃષ્ણ મોંઢામોંઢ બતાવી જાય. રાધા કહે છે, કોઈ પૂર્વજન્મના પુણ્યે તે ગોકુળ આવેલા; પોતાને પટરાણીપદે સ્થાપેલી તે થોડો

આ સ્નેહ કરી આમ તૂટી જવાનો હતો !—પણ "ક્ષણુ એક માંહી વિપરીત થઈ રે, જેમ છિલ્લરનું સૂકે પાણી" (૧૨: ૪) અને ૧૩મા પદમાં લગભગ આક્રંદ કરે છે:

"લૂખડાં લાડ કર્યાં ઘણાં, ન લહ્યો જી તેનો મર્મ,
ઉજળું દૂધ મેં જાણિયું, જોતાં ભાગ્યો જી ભર્મ."

તેને એમ લાગે છે કે આમાં વાંક પોતાનો જ છે. 'પોતે જ દૂધ પાઈને સાપ ઉછેર્યો.' હવે ડંશ (છેહ)થી વિષ વ્યાપ્યું છે તો હે પ્રભુ, "વૈદ્ય થઈ વહેલા પધારો, એ ઔષધ છે તમ કને."

'ઉદ્ધવ આવ્યા; નંદ-જશોદાને મન ભાવ્યા' આમ સીધે સીધું જ ઉદ્ધવ-આગમન વર્ણવીને **જાની** યશોદા પાસે બંને દીકરાના કુશળ પુછાવે છે. પ્રાણનાથ મથુરામાં શું કરે છે? 'એક વાર ગોકુલમાંહે આવે, માડી કહીને મુંને રે બોલાવે' એમ યશોદા પોતાનો અભિલાષ વર્ણવે છે. ઉદ્ધવનું ગોકુળ-આગમન આમ તો આ કાવ્યમાં લાંબા સમય પછી છેક તેરમા પદમાં આવે છે. શરૂનાં પદોમાં નંદયશોદાનો નહિ પણ દેવકીવસુદેવનો પ્રેમ સારી રીતે ઉઠાવ પામ્યો છે. દેવકી અને વસુદેવના પ્રેમને જાની સિવાય કોઈ કવિએ આટલા વિસ્તાર ગાયો નથી, બલકે ઉલ્લેખ પણ ઘણાકમાં તો નથી. તે તો કૃષ્ણ માટેના દેવકીવસુદેવના, નંદયશોદાના, ગોપાંગનાઓના અને તે સૌ પ્રત્યેના કૃષ્ણના પ્રેમને જ પોતાની 'પ્રેમ-પચીશી'માં ગાવા માગે છે. ઉદ્ધવ યશોદાને કહે છે કે કૃષ્ણ તમને સૂતાં બેસતાં, હસતાં, રમતાં રાતદિવસ સ્મરે છે."...એક પલક જીવનજીને સ્મરણ વિના નવ્ય જાત..." વહાલી માતા જશોદાને અને અને તાત નંદજીને તે હંમેશ યાદ કરે છે. મથુરાના રાજભોગ ને સાત અથાણાંવાળી રુચિર રસોઈ પણ તેમને ભાવતાં નથી, તે તો ગોકુળનો ભાત જ ઝંખે છે. યશોદાનું માતૃત્વ અને વાત્સલ્ય જાનીના હાથે ભાલણની બરોબરી કરે તેવું નિરૂપાયું છે. તે કહે છે જો કૃષ્ણ એક વાર જ આવે અને 'માડી કહી બોલાવે' તો તેનું મન ઠરી જાય. એને બધાં સ્મરણો જાગે છે. કૃષ્ણ રીસાતા ત્યારે હૃદયે ચાંપી ખોળામાં બેસાડી પોતે ચુંબન કરતી અને રીસની વીગતો પૂછતી તે, 'હું ભૂખ્યો છું. ધવરાવો, માડી' એમ કહેતો તે, એને ટળવળતો મૂકી પોતે વલોણું વલોવતી તે, એમ અનેક પ્રકારના પૂર્વના બનાવો તેને યાદ આવે છે. કેશ ગૂંથતી વખતે બેસતો નહિ, બળ કરીને બેસાડવો પડતો, તેના ધોયેલા મુખ પર તિલક કર્યા પછી તેનું રૂપ જોઈ યશોદાની આંખ ઠરતી. તિલક અને આંખ આંજવાની વાત ભાલણમાંથી જાનીને સૂઝી હોય એમ બને. યશોદાને, કૃષ્ણની સુખડીની માગણી પણ સતાવે છે: "માજી! સૂખડી મુજને આપો; તે માયા કયમ ઉતારી?" પણ શું થાય? સુખ પાછળ દુઃખ લખાયેલું જ છે. ત્યાર બાદ, નંદ પણ ઉદ્ધવને કૃષ્ણનાં દર્શન માટે વીનવે છે. તે કહે છે, "ઉદ્ધવ! એહની માવડી, સુણ્ય વાહાલા રે! કોહોને કહેશે તંન?" હવે તો એનો પુત્ર છીનવાઈ ગયો. તે ખાતીપીતી નથી, જમુનાતીરની વાટે રાહ જોયા કરે છે, કૃષ્ણ ન દેખાતાં મૂર્છા ઊઠે છે. કાજલની દાબડી હાથ આવે છે ને નિરાશ થવાય છે કે કોની આંખ આંજું! રસ્તામાં ગોપવધૂઓ મળે છે તે પણ નીચું જોઈને રડે છે તેઓને પણ શું કહેવું! નંદના મુખે થયેલું યશોદાનું દુઃખી માતાનું ચિત્રણ સાચે જ આકર્ષક બન્યું છે. નંદ ઉદ્ધવને પૂછે છે શું યશોદાનું એની સાથેનું સગપણ દૂધ ધવરાવવા પૂરતું જ હતું? ભાલણમાં યશોદા ભવોભવ ધાવ થવાનું ઝંખે છે જ્યારે અહીં તો સંપૂર્ણ માતૃત્વની જ ભૂખ છે. નંદ પૂછે છે, એની પલંગડી, એનું પારણું, એનાં વસ્ત્ર, અલંકાર, બંસી, રમકડાં, બધાંને કહો અમે શું કરીએ? તે તો એટલે સુધી કહે છે "અમ્યો જીવું કેહી પેરય?" ગોપાંગનાઓ અહીં, કૃષ્ણનો રાજભોગ

પ્રત્યેનો પ્રેમ અને ગોકુળ ભૂલી ગયા તે, પોતે ભરવાડાં છે તે, કંસદાસી કુબ્જાના થયા તે વગેરે આક્ષેપો ઈર્ષાથી કહી જાય છે. જાની, એક ગોપીએ આમ કહ્યું, એકે આમ ને બીજીએ આમ એ રીતે વર્ણવે છે. પ્રેમાનંદે પણ આ જ રાહ અપનાવ્યો છે. ગોપીઓમાંની એક કહે છે, કુબ્જાના સંગથી જ કૃષ્ણ બગડચા; વળી એનો સ્વભાવ પણ જેવા સાથે તેવા થવાનો છે!:—

> " એક કેહેઃ કાલો એ કપટી કોણે કળ્યો નવ્ય જાયે.
> જ્યાંહાંકણ જયેહેવી જોડી મલે રે, ત્યાં હાંકણ તેહેવો થાયે. " (૫૬–૧૭)

અક્રૂર અને ભ્રમરનો ઉલ્લેખ ભાલણની માફક અહીં જાનીમાં પણ નથી.

પ્રેમાનંદમાં, મલપતી હીંસતી ગાયો, વાછરુનો ભાંભરડાટ, દોડંદોડા, સુરભિ દોહતી વ્રજનારીઓ, ધેનુખુરની રેણુથી ગગનઘટા વગેરે દ્વારા ભાગવતમાં છે તે જ ગોકુળ ફરીથી જીવંતરૂપે જોવા મળે છે. પ્રેમાનંદમાં, યશોદા એક સામાન્ય કક્ષાની માતાની જેમ પોતાને કૃષ્ણ ગુમાવવા પડ્યા તેના કારણમાં પૂર્વે પોતે પાપી હશે એમ તર્ક કરે છે. શું બાળવૃક્ષની ડાળી તોડી હશે કે પરબનાં માટલાં ફોડ્યાં હશે કે શું પડોશીને દુભવ્યાં હશે કે શું બ્રાહ્મણની ઘાલ અભડાવી હશે—વગેરે વગેરે પોતાના જમાનામાં ગણાતી પાપબુદ્ધિનો પ્રેમાનંદે યશોદામાં આરોપ કર્યો છે. એનું આ ઉમેરણ યશોદાની પાત્રદીપ્તિને અપકારક નીવડે છે. વળી,

" કાંઈ દેવકીને પૂછશે ધર્મરાય, એણીયે દેખાઈતો કીધો અન્યાય " (૧૨૬–કડવું) એમ શાપ દેવા જેવો રોષ વ્યક્ત કહે છે ત્યારે પણ તેના ગૌરવને હાનિ પહોંચે છે. યશોદાના વિરહને પ્રેમાનંદે જાણે એક જ પંક્તિમાં વ્યક્ત કરવાનું બીડું ઝડપ્યું હોય:—

" આ ઘરમાં રમતો માહારો બાળ, મુને ખાવા ધાયે ઓરડા પરસાળ. " (૧૨૬-કડવું) પ્રેમાનંદની કેટલીક ચિરંજીવી પંક્તિઓમાં આની પણ નોંધ લેવાવી જોઈએ. કૃષ્ણનો દૂધ પીવાનો વાટકો તે બતાવે છે; તે કહે છે ગોળી ફોડેલી તેના કટકાને પણ હું શૂન્યમનસ્ક જોઇ રહું છું. તેનાં રમકડાં, ગેડીદડો, વાંસળી અને પ્રેમાનંદે ઉમેરેલાં પાઘડી, ટોપી, કામળી ને પીછોડી પણ યશોદાને સતાવે છે. ઉદ્ધવનો રથ ગોપીઓ માટે પ્રાણઘાતક નીવડ્યો. તેઓએ તો સારથીને જ મારવા લીધો!:

> " શું પુનરપિ પાપી આવિયો, અક્રૂર નંદને ગેહ;
> પ્રાણ પ્રથમ હરી ગયો, હવે લેવા આવ્યો દેહ. " (૧૨૮–કડવું)

અને હુકમ થાય છે " પ્રથમ રથ તણા કટકા કરો... " પછી પ્રભાતમાં મળતા ઉદ્ધવનું ચિત્ર પ્રેમાનંદે પોતાની રીતે દોર્યું છે. કોઈ સાત્ત્વિક બ્રાહ્મણની જેમ તેને સંધ્યાતર્પણ કરતા, નિત્યકર્મ પરવારતા, 'સૂર્ય ઉપસ્થાન' કરતા ને વિષ્ણુસહસ્રનામનો પાઠ કરતા બતાવ્યા છે. આ પણ લાક્ષણિક ઉમેરો છે. પ્રેમાનંદ પેલા ભમરા વિશે કહેતાં કહે છે, તે તો કૃષ્ણનું જ રૂપ છે: " મથુરાથી શ્રીકૃષ્ણ પધારચા ધરી ભમરાનું રૂપ. " એ ભમરાને ગોપી દુઃખી સ્વરમાં પાછો જવાનું કહે છે, પંક્તિ ઘણી જ કવિત્વમય બની છે:

" નીરસ પુષ્પ છે વૃંદાવનમાં, મધુકર જા મધુવનમાં. " 'જેટલા કાળા તે સહુ કપટી' કહી પ્રેમાનંદ એની ટેવ મુજબ કાળો સર્પ, કાળી રાત, કાળી જમુના ને કાળા તેલના ગેરફાયદા ગણાવી જાય છે. પણ એક તર્ક ઘણો જ સુંદર છે. ચાર પગવાળાને પશુ કહેવાય, ભમરો છ પગનો

તેથી દોઢપશુ થયો : "ખટચર્ણ છે તેથી દોઢપશુ." એ ભોગી ભમરાને (કૃષ્ણને) જતો રહેવા ગોપીઓ વીનવે છે. 'ભોગી ભમરા રે 'વાળુ' ગીત 'મારે માણેકડું...'ની જેમ, તેટલું જ ભાવવાહી આલેખાયું છે. એ ભમરાએ,

"રાધાપંકજ પરહરી
કીધો દાસીધંતુરે વિશ્રામ" (૧૩૨–કડવું) એ વાતનું ગોપીને દુઃખ છે.

ભીમ, "ઓધવજી રથ બેસી, વ્રજ વિશે પરવર્યા; સાંજ સમે ગોકુળ પહોતાં, નંદ ગ્રહે ઉતર્યા" વગેરે ઘટનાઓ બહુ ટૂંકમાં પતાવે છે, ગદ્યાળુતા પણ વરતાય છે. જશોદા કહે છે, અમે કૃષ્ણને અક્રૂર સાથે જતાં ઘણા વારેલા. કંસનો વધ કર્યો તે એના ખભા દુઃખતા હશે. તે કહે છે, મેં તો બધું માતા તરીકે પુત્ર ગણી આચરેલું, તેને હું પરોઢમાં જગાડીને ગાયો ચરાવા મોકલતી ને ઘણું કામ કરાવતી પણ એ 'લાલાનું મુખ' ફરી જોવાની આશે તે કહે છે, "કામ કૌંઉ નહિ દીઉ; હરિ હિયામાં ઘાલી, મળી મીઠડા લઉ (૨૪)". આમ કૃષ્ણકથામાં રાત વીતી ગઈ, હરિની ગોકુળજનોની ભક્તિ જોઈ ઉદ્ધવ મુગ્ધ થઈ ગયા :

"અરે ધન ધન ગોકુળ, ઓધવજી મન ધરે; ચોદશ વ્રજબાલા, કૃષ્ણ (૨) કહે" (૨૭)
ભીમની ગોપીઓ કૃષ્ણનો લિખિત સંદેશો માગે છે :

"અરે પ્રમાણ ઓધા, તમે ભલે આવીયા; કૃષ્ણે કાંઈ અમને કહ્યું, લેખું કંઈ લાવીયા ?" (૩૧)

પેલા **રઘુનાથદાસ**ની પાંચ ગરબીઓમાં પણ અક્રૂરને અધર્મી કહ્યો છે, વળી મરણોત્તર ક્રિયા—માસીઓ—કરવો હશે તે ફરી માંસ લેવા આવ્યો છે એવો ગોપીજનોનો તર્ક ગુજરાતી છે; "પ્રાણ લેઈને પાછો કેમ આવ્યો હશે, માસીઓ કરવાને લેશે માંસ જો." (૧:૬). અહીં ગોપવધૂઓને સાસરિયામાં દુઃખ પડે છે તે નવી વાતનો ઉલ્લેખ છે. રસોઈ કરવામાં ચિત્ત ચોંટતું નથી, ઉચાટ થાય છે. માટે સાસુ સંતાપે છે, નણદલ બોલથી બાળે છે 'પીરસતાં પણ કૃષ્ણના જ ભણકાર વાગે છે. આ ગરબીઓ હોઈને ગોપીઓ ગુજરાતણો જેવી સ્વાભાવિક જ ચીતરાઈ છે.

દયારામમાં, વચ્ચે, ગાય ને ગોવાળોના અવાજથી, ગૌદોહનના ધ્વનિથી ગાજતા ગોકુળથી શોભા અને સાંજનું વર્ણન, ઉદ્ધવનું નંદને ત્યાં પૂજન, બળદેવના કુશળ, કંસવધથી સુખ થયું અને દેવકી-વસુદેવનું બંધન છૂટવાથી સૌને આનંદ થયો વગેરે વાર્તાલાપ—એમ બધો પૂર્વભાગ ભાગવતની જેમ જ વર્ણવવામાં આવ્યો છે. દુઃખની વાત, નંદ કહે છે તેમ એ છે કે કૃષ્ણ, "આ જ એક ગોકુળ વીના આનંદ આપે જગ્તને." (૫૬-૪). યશોદાને અહીં કૃષ્ણનાં જે ચરિતો યાદ આવે છે તેમાં બે મુખ્ય છે; જેનો ઉલ્લેખ ભાગવતના પ્રસ્તુત અધ્યાયોમાં નથી. એક તો પયમાન વખતે કૃષ્ણનું અરીસામાં પ્રતિબિંબ પડવાથી બીજો બાળ છે એવી શંકા ઊપજતાં રિસાઈ જવું :

"ના ના નહિ ધાવૂં હવાં, તૂજ પાસે બીજો બાળ છે." (૫૬-૭)
અને બીજું કૃષ્ણે પોતાની વહુ જોવા માગેલી તે !

"માડી મારી વહુ કયાં મુજને દેખાડો જી." (૫૬-૮).
કૃષ્ણને અનુખળે બાંધ્યાની વાત પણ યશોદાને સ્મરે છે. ઉદ્ધવના રથને જોઈને બિચારા અક્રૂરને બરાબર સપાટો તો દયારામની ગોપી જ લગાડી શકે ને ! એનો ક્રોધ તો માતો નથી :

"અક્રૂરિયો ફરીને આવ્યો, એક વાર તો ગયો છે હણી,
હોય એ દુશમન તો કરો શિક્ષા, ગોકુળથી કાહાડો પરો." (૫૯-૯).

પેલો ભમરો 'કાળો છે તે હોશ કપટી, વીત્યૂં માટે જાણીએ', વળી તે ચંપાને છોડી બીજાં અનેક પુષ્પો ઉપર જાય છે અને તેથી કૃષ્ણ જેવો જ ચંચળ છે; ઉપરાંત 'શોકયના કૂચ ઉપર રમતો જી'— આ બધાં કારણોથી ગોપીઓ એનો 'ઇતબાર' નથી કરતી. દયારામની ગોપી માનુની છે. ઉદ્ધવને કહે છે, કૃષ્ણને ગોકુળ આવવાનું વીનવીએ છીએ તે અમારે માટે નહિ, પણ એનાં માબાપને માટે; બાકી "હેને હમારે સંબંધ શો રે, એ હમારા ક્યારે હતા?" (૧૧) "કોઈ અણસમજણમાં સ્નેહ કર્યો એણે, હવાં બહુ પસ્તાય છે" (૧૧). એટલું જ નહિ 'ગોપીનાથ' એવા કોઈના સંબોધનથી, અરે વાંસળી અને વ્રજની બીજી ચીજોથી પણ હવે એ લજવાય છે. કહે છે, ગરજ હતી ત્યાં સુધી ગોકુળ ભાવતું હતું હવે અકારું લાગે છે:

"ગરજડે કયહું ગોકુળ હતૂં સારૂં જી, મતલબ વીના હાવાં થયૂં અકારૂં જી" (૧૧).

આમ, દયારામ પણ મૂળના, કૃષ્ણના સ્વાર્થી સ્વભાવને જ સ્પષ્ટ કરે છે, પણ પોતાની રીતે. ગોપીઓ કહે છે, એનાથી તો એક શિકારી સારો કે શિકારને વીંધે પણ મર્યાજીવ્યાની તપાસેય કરે; આ તો એટલામાંથી પણ ગયો! આ ભાવ, અને કૃષ્ણ આજે તો મથુરામાં ભાતભાતના ભોગ ભોગવે છે તે હવે પારકાંના દુઃખે શું લેવા દુઃખી થાય એવો ભાવ દયારામનાં ઉમેરણ છે. વળી, 'ચકોર તલપે ચંદ્રને, પણ ચંદ્રના મનમાં નહીં' (૧૩), એ કવિસમયનો પણ દયારામે અહીં કુશળતાપૂર્વક વિનિયોગ કર્યો છે.

૪

ગોપીઓને તેમ જ નંદયશોદાને અપાયેલો સંદેશ અને ઉપદેશ

ગોપીઓને તેમ જ નંદયશોદાને ઉદ્ધવે પાઠવેલો સંદેશ અને ઉપદેશ ઘણુંખરું તો ભાગવતની જ ભાવનાને—પ્રભુના સર્વવ્યાપી વિરાટ સ્વરૂપને—સમજાવે છે; પણ ઉદ્ધવના એ જ્ઞાનમાર્ગનું ખણ્ડન બધા કવિઓ પોતપોતાની રીતે કરે છે. ઉદ્ધવનો ઉપદેશ, ખણ્ડન અને પ્રતિ-સંદેશ બધા જ અંશોને આપણે આ વિભાગમાં એકીસાથે જોઈ લઈએ.

ચતુર્ભુજમાં, ઉદ્ધવ ગોપાંગનાઓની ભક્તિથી સ્તબ્ધ બની જાય છે અને જ્યાં એઓની ચરણરજ પડી છે તેવા વૃંદાવનમાં ગુલ્મ, લતા કે તરુ બની અવતરવાનું ઇચ્છે છે. તે ગોપીઓને ઉપદેશતાં કહે છે કે, મુરારિ હૃદયકમળમાં જ વિરાજમાન છે, જુદા પણ નથી, દૂર પણ નથી:

"છઈ ઋદયકમલિ જમલિ મુરારી, અહ્મતુહ્મ અંતર લિઉ વિચારી,
વેદપુરાણ જોઉ રે કથી, ક્રિષ્ણ વિના રજ માત્ર નથી." (૭૧)

ભાગવતમાં અને બીજા કવિઓની રચનાઓમાં છે તેમ ગોપાંગનાઓ અહીં ઉદ્ધવે આપેલા જ્ઞાનનું જોરદાર રીતે ખણ્ડન નથી કરતી. માત્ર એક જ કડીથી કવિ સંતોષ માને છે:

"ચાલસિ અહ્મારિ ભગતિ પાષઈ, અહ્મનઈ કો કિહી કૃષ્ણ દાષિ,
જ્ઞાન કહિઉં તહ્મે તે ન લહીઈ, જાંણીઈ હરિ ગલિ લાગી રહીઈ." (૭૩)

પછી, ઉદ્ધવ વૃંદાવનમાં વાસો કરે છે. ગોપાંગનાઓ, કૃષ્ણના એકેએક ચરિતને સ્મરીને, તેઓ અહીં

આમ કરતા હતા, અહીં આમ કરેલું વગેરેથી ઉદ્ધવને પોતાની પૂર્વપ્રીતિનો પરિચય આપે છે—જોકે તેમ કરીને કવિ જ ફરીવાર કૃષ્ણની લીલાઓ ગાવાની તક ઝડપતો હોય છે. કાવ્યના અંતે પણ શરૂના જેવો જ પણ ઉપાલંભનો અને પ્રતિસંદેશનો ભાગ જોડાય છે—જે ચતુર્ભુજની રચના-શક્તિ અને કાવ્યની મોહક સુશ્લિષ્ટતાનો સૂચક બને છે. ગોપીઓ ઉદ્ધવ સાથે કૃષ્ણને ઉપાલંભો કહાવે છે, આંખમાં આંસુ માતાં નથી. વળી ગુસ્સે થતાં કહે છે, તેં અમને વિરહનું જે દુઃખ દીધું છે તેનો તને જરૂર બદલો મળશે: 'અહ્મ નઈ કીધુ ઈમ છેહ જે, તે તમે કિહાં હસિ છૂટિ?' વળી હવે અમને આ રીતે લૂંટવાનું બંધ કર, કેમ કે:

"સર્વ સૂનું કરિઉં, મન હરિઉં, હરિ હવિ ઈમ મ લૂટિ." વળી તારી પ્રીતમાં અમને શું મળવાનું હતું, અમે તો થોડા કાજે ઘણું કર્યું છે તો હે દયાળુ એક વાર આવી જા:

"અહ્મ દુષણીનિ જોવાનિ, એક વાર આવુ રે દયાલ,

થોડામાહિ ઘણું જાણીયો, કૃષ્ણ કઠિણ, અહ્મ કાલ." (૯૨) કઠિન કાળ આવ્યો છે ને દયાળુને વિનંતી એ તો ભક્તિમાર્ગની લાક્ષણિકતા છે, ભક્ત અને ભગવાન બેઉની કસોટી ને બેઉના ટેક! અને છતાં, ફળમાં તો સ્નેહની જ વૃદ્ધિ! ગોકુળવાસીઓ, ભાગવતમાં છે તેમ, અહીં કૃષ્ણને ભેટસોગાદો નથી મોકલતા.

બ્રહ્મદેવમાં, ઉદ્ધવ જે સંદેશ આપે છે, જે ઉપદેશવચનો બોલે છે તે બધું જોતાં તેના પાયામાં અદ્વૈત-મતની ભૂમિકા જણાય છે. કવિ જાણે અદ્વૈત-મતનો અનુયાયી હોય એમ લાગે છે. પરમાત્મા-આત્માની અ-દૂરતા અને અભિન્નતા સમજાવવા વપરાયેલી બાનીમાં, કાષ્ઠ-અગ્નિ, દૂધ-ઘૃત, ભાંડ-મૃત્તિકા અને કનક-કુંડળની જુક્તિઓ વાપરવામાં આવી છે, 'અંતર્યામી અળગો નથી,' એ જીવેશ્વરનો કનક-કુંડળનો અંતરો, 'રુદેકમળમાં કમળાપતિ,' 'ઘટઘટમાંહે રહ્યો વ્યાપી' વગેરે ઉલ્લેખો આ જ વસ્તુ બતાવે છે. ઉદ્ધવ કહે છે:

"પરહરો મોહ અજ્ઞાન, નિહાળો જમલો શ્રીભગવાન,
ભરપુર છે કયમ દૂર થાશે, જો દૃષ્ટ એક રાખી શકો." (કડવું-૧૭)

આ બધું વાંચતાં તરત જ આપણને અખાનું સ્મરણ થાય છે. ૨૫ થી ૩૫ કડવામાં ગોપીજનો કૃષ્ણનાં લગભગ બધાં જ ચરિતોને ગદ્ગદ ભાવે ગાઈ બતાવે છે. ઉદ્ધવને અપાયેલો ઉત્તર અનોખો છે. કવિ વ્રજભાષાની શક્તિ કામે લગાડી કહે છે, એટલે કે ગોપીઓ કહે છે:

"પ્રીત બની હૈ ઐસી નીકી
નાંહી રી ઉધો દિવસ ચારકી."

'આ કંઈ ચાર દિવસનું નાટક નથી' એ ભાવને ગોપીઓની ભાષા તાદૃશ કરી બતાવે છે. ગોપીને જ્ઞાન પાઠવવામાં આવ્યું ત્યારે તે પૂછે છે, "...જોગનાં ઉપસ્કરણ ઉદ્ધવ, કહોનો કયાંથાં કહાડશું?" કેમ કે અહીં તો "નિજ ભક્તિ ને જ્ઞાન બેહૂ, ઠામે એક જ્યાં વસે;" આમ બ્રહ્મદેવની ગોપીને મન જ્ઞાનભક્તિની ભિન્નતા છે જ નહિ. તે તો, ભગવાનને રુસણું છોડી ગોકુળ પાછા પધારવાનો સંદેશ કહાવે છે. પણ તે યૌવન જતાં પહેલાં આવી જવાનું!—"શુદ્ધિ વિના શ્યામા સહુએ (અને કવિ પણ!) ઉચરી' જાય છે. અહીં પણ ભેટસોગાદોની વીગત આવતી નથી.

ભાલણમાં, ઉદ્ધવ ગોપીઓને કહે છે કૃષ્ણ તો 'પૂરણ બ્રહ્મ' પોતે જ છે; આ જગત પર ધર્મ સત્યને દઢાવવાને અવતર્યા છે. વળી તમને કોઈને એ ભૂલ્યા નથી :

"ક્ષણું ક્ષણું સંભારે છે તમને, નયણે નીર ભરી;

નીસાસા મે'લે છે મોહે, વૃંદાવન સમરી." પણ જ્ઞાનની વાત ગોપીઓને કેમ ભાવે? "ઉદ્ધવ કોને જ્ઞાન ગમે?" એમ લાચારી પ્રગટ કરે છે. મોક્ષ માગનારા બધા મૂર્ખ છે; તેઓ તીર્થ ને વન નકામા ભમે છે; ભોગ ત્યજી ભૂમિએ સૂએ છે—આ બધાંનો કોઈ અર્થ નથી, અમારે તો સાક્ષાત્ કૃષ્ણ જોઈએ. આમ ગોપીમુખે ભાલણે અહીં વૈરાગીઓ અને કાયાક્લેશીઓની સામે ભક્તિમાર્ગ ચીંધ્યો છે. કાવ્યના અંતભાગમાં બાવીસમા પદમાં કૃષ્ણનો પોતાનો વિરહજનિત અનુતાપ અને ગોકુળ-મથુરાની તુલનામાંથી જન્મતી વેદના આકર્ષક રીતે નિરૂપાઈ છે. ઉદ્ધવ પાછા ફર્યા બાદ કૃષ્ણ બધું સાંભળી ગદ્‌ગદ્ કંઠે રુદન કરે છે તે પ્રકારનું કાવ્યનું સમાપન પણ એટલું જ કવિત્વમય છે.

જાનીમાં, ઉદ્ધવ ગોપીઓને કહે છે, "...સહૂ સાંભળો; છે સાધારણ વાત." અને 'વ્રજ્યવાસી હરિમાં વસે; વ્રજમાં હરિ વિખ્યાત' કહીને પછી તરત જ પ્રભુ અળગો નથી તે સમજાવવા, "કૃષ્ણ કાંહાં દૂર હૈ? માનૂં: રમી રહ્યો હૈ રામ." એ ધ્રુવપદથી આવર્તન પામતું વ્રજભાષામાં એક પદ આપે છે. પ્રેહેદેવમાં ગોપીઓનો જવાબ વ્રજભાષામાં છે જ્યારે અહીં ઉદ્ધવનો ઉપદેશ વ્રજભાષામાં છે. પછી, અક્ષર-નામ, હેમ-કંકણ, દીપક-પાવક, પુષ્પ-બાસ બ્રચ્છ-ફલ, ચંદ્ર-પ્રતિબિંબ, પય-ઘૃત વગેરે ખ્યાત ઉદાહરણોથી હરિ દૂર નથી એમ સમજાવાયું છે :

"તેસેં તુમ મેં હરિ બસે; કાહા પૂછતા હો બિસ્તાર?
એક તંતુ સેં પ્રોજિ મણિ, નાનાબિધ કે હાર." (૧૮)

ટૂંકમાં, પ્રભુ સર્વવ્યાપી છે અને તેનો જ આ બધો વિસ્તાર છે, ત્યારે પેલી ગોપીઓ કહે છે : 'દીપ ન જાણે પતંગ તણી વ્યથા.' તેના એના પ્રેમના દાવે ઘણી ગુસ્સે થાય છે :

"કૃષ્ણજીએ જે કરું તે મનુષ્ય થઈ કો નવ્ય કરે.
ઉદ્ધવ આગલ્ય જ્ઞાન કેહેતાં કાં લાજ્યો નહીં?
એક વાર આવે આંખ આગલ, જોઉં જો સઢે કહી," (૧૯) અને,

× × ×

"જો જ્ઞાન શીખવવું હતું તો પ્રથમ પેર તે કાં નવ્ય કરી?
લોક કેરી લાજ સઘલી એહેને અરથે સહુ તજી
સુત ભ્રાત ભરતા પતિ માતા, ઉતારચાં મન એ ભજી".

આમ બધાં સગાં સંબંધીઓને વિસારી એને ભજ્યો ત્યારે એણે તો અમને અધવચ્ચે છોડયાં ને હવે જ્ઞાન કહાવે છે! ઉદ્ધવને ગોપીઓ કહે છે, આ બધું પેલી કુબ્જાને કહો :

"એહેવું કઠિણ કૂબડીને કહો; અમો જ્ઞાનમાં શું જાણિયે?" કેમ કે અમે તો મૂર્ખ છીએ :

"ઉપાધિ અમને શીખવે છે મૂર્ખ મન માંહે લહી;

જ્ઞાનકેરી ગોષ્ટ ગુરુતર કયમ શકું અબલા ગ્રહી?" (૨૦) પણ પછી નમ્રતાનો અને અજ્ઞાનીપણાનો ડોળ ટકાવી રાખી શકાતો નથી, તે કહે છે:

"જોગ કેરાં અંગ સઘલાં ભોલાંને ભણાવીએ." અને "હરિનાં જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે" એ નરસિંહની પંક્તિનો આમાં પડઘો સંભળાય છે:—

"અવતરવું મરવું અમારે મુગત્યથી મોઘું ઘણું" (૨૦), અને તેથી અમે વિરહમાં મરીશું, પણ જોગ નહિ સ્વીકારીએ. આ પ્રેમ અને ગોકુળની આ રીતભાત જોઈ ઉદ્ધવને અતિ ઉત્સાહ થયો, તે હૈયામાં હરખાઈને પોતાના મનુષ્યદેહને કૃતાર્થ માને છે, તે કહે છે:

"ગોપી-ગોપ-ગ્વાલ-ગોકુળની લાલચ્ય મુજને લાગી,
સરગ-મૃત્યુ-પાતાલ વિષે કો એહેવો નહીં અનુરાગી."

× × ×

"પ્રેમ વિના પુરુષોત્તમ ન મલે; જોયું પેરે પેરે પરખી." (૨૨) આમ આ 'પ્રેમ-પચીશી'નો કર્તા પ્રભુપ્રાપ્તિના સાધન પ્રેમ–ભક્તિને તેના કાવ્યમાં ધ્વનિત કરી બતાવે છે. પછી યશોદા કૃષ્ણને પાછા ફરવાની વિનવણી કરે છે:

"ઘેર નહીં નાહાનું મોટું બાલ રે,
હું કાલ કેહી પેરે નીગમું? (૨૪)" અને અંતે, નંદ કંઈ નહિ તો યશોદાનો શોક ટાળવા, આતાને એક વાર ગોકુળ પાછા આવવા વિનવે છે:

"આવો જી એક વાર, આતા! આવો જી એક વાર,

× × ×

"નાહાનો સરખો નેશડો રે, કાલા ગેહેલા લોક;
ગોકુળ આવો કાહાનજી રે! તેહેનો ટાલવાને શોક; આતા૦" (૨૫)
આ નાનકડા નેશડાવાસીઓના નેહને નિરૂપી જાની એના કાવ્યનું સમાપન કરે છે.

પ્રેમાનંદમાં, "પછી ઉદ્ધવજી ઉપદેશ આપે, વિખાણે જ્ઞાનમારગ ઘણો રે" એમ ઉપદેશ શરૂ થાય છે. યશોદા અને કૃષ્ણનો સંબંધ ઋણાનુબંધે હતો, હવે તેને માટે રડવું વૃથા છે. ઉદ્ધવ યશોદાને સમજાવે છે કે ચૌદલોકમાં વ્યાપેલો વિશ્વાત્મા માયાતીત અને ગુણાતીત છે, દેવકીએ એને પ્રસવ્યો નથી કે તમે એને ઉછેર્યો નથી–આમ સમજી કૃષ્ણને બ્રહ્મભાવે જુઓ ને પુત્ર-ભાવ મૂકો. ત્યારે યશોદા કહે છે, કાળા કામળાને, તેની 'પહેલેની શ્યામતાને' દૂજો રંગ લાગવાનો નથી. મેં એ કૃષ્ણને ઉખળે બાંધેલા ને તમે કહો છો તે બ્રહ્મ છે એમાં કેમ વિશ્વાસ લાવું? મુખ ઉપર કેશ આવતા ત્યારે આંખ મીંચી દેતો; કુંડળનાં, તેના ગોરા ગાલે પ્રતિબિંબ પડતાં; તે ચંદ્રનું જળમાં પ્રતિબિંબ જોઈ જળમાં મૂઠી ભરતો; ટૂંકડે પગે અને કંદોરાની ઘુઘરીની ઠમકના ઠમકડે ચાલતો, માંજાર લડતાં જોઈ મારી કોટે વળગતો, ગુંગણું બોલતો—આને અમે બ્રહ્મ કેમ માનીએ? બ્રહ્મ હોય તો ગાયો તે ચરાવે!? આમ યશોદાનું વિસ્મય માતું નથી, શમતું જ નથી ગોપીઓનો ઉદ્ધવ કહે છે, "એહેની તજો ક્રીડાભોગ." કઠિન લોકાચારને કારણે કૃષ્ણ બહારની પ્રીત કરવાની

ના કહાવી છે, જેને સંસાર હસે નહિ તેવો ગુપ્ત સ્નેહ સારો એમ કહાવ્યું છે. લોકાચારની આ સ્થૂળ વાત પ્રેમાનંદના જમાનાની છે અને તે કૃષ્ણના ચરિત્રનું ગૌરવ ઘટાડી તેને પ્રેમાનંદી બનાવે છે. ઉદ્ધવ કહે છે :

"જોગાભ્યાસને સાધતાં તમો થાશો બ્રહ્માકાર,
અધ્યાત્મસુખ પામ્યા પુઠે, વીસરશો સંસાર." (કડવું-૧૨૯)

પછી, ઉદ્ધવ ભક્ત પ્રત્યેનો પ્રભુનો વત્સલભાવ, બ્રહ્મા સનકાદિક જેનો પાર નથી પામ્યા, ભારતી જેને નેતિ નેતિ કહીને ભટકચા કરે છે તેવા બ્રહ્મનું રૂપ વર્ણવે છે. પણ ગોપીઓને તો "લેહે લાગી છે લટકાળાની, ગયે પ્રીત અદકેરી વાધી." જોગની વાત વિશે તે કહે છે હું કંથા પહેરું— પણ કૃષ્ણકથાની; હું પંથે પડું—પણ શૃંગારના; અવધૂત થાઉં—કામમગ્ન અને ગોકુળમાં ચાલનારો! તે તો ઉદ્ધવને જ સંન્યાસી થવા કહે છે, ને વધારામાં

"ગૃહસ્થ કુબ્જાને બારણે બેસી, ઉદ્ધવજી શીંગી ફૂંકો.
ઉપદેશ દેજો કૃષ્ણકુબ્જાને, શોધે જોગારૂઢ
સદ્ય વૈરાગ તેહેને ઉપજશે, અમો શું જાણું આહીરમૂઢ."

અને અહીં તો જોગ માટે જગા પણ નથી કેમ કે,

"અમૃતનો ઘટ મુખ લગી ભરિયો, ઉપર ભરિયે તે વહી જાય;
શ્રીકૃષ્ણ ભર્યા છે કંઠ પ્રમાણે, તો કેમ જોગ સમાય." (૧૩૦)

આમ પ્રેમાનંદની ગોપી કૃષ્ણભક્તિથી આકંઠ ભરી છે, આ ભાવ દયારામમાં પણ છે. પછી, ધાબળી, માખણ, ગુંજાહાર, પાઘડી, મોજડી, વેણુ, લાકડી, મુગટમોળિયાં, ગેડીદડા, દર્પણ, ગોરસ-તક્રનાં ભરેલાં ભાજન, બાજુબંધ, કુંડળ, મુદ્રિકા વગેરે ભેટો ગોકુળવાસીઓ કૃષ્ણને મોકલાવે છે. આ બધી જ ભેટો ભાગવતમાં નથી.

ભીમમાં, ઉદ્ધવ ગોપીઓને કહે છે: તમે અજ્ઞાનપણાને વળગી રહ્યાં છો, બધી કામના છોડી દો. જો તમે જોગનું ધ્યાન ધરશો તો શ્રીહરિ તમને ચોક્કસ મળશે. ત્યારે ગોપીઓ દૃષ્ટાંતો સાથે કહે છે: જેમ કોઈ ડાહ્યું માણસ હાથી પરથી ઊતરીને ગધેડાને ખભે બેસવાનું નહિ ઇચ્છે, જેમ કોઈ સુખશય્યા છોડી સ્મશાને નહિ સૂએ તેવી જ રીતે અમે કૃષ્ણની ભક્તિ છોડી જોગી થવાનું નથી ઇચ્છતાં. અમે એનું પ્રગટ સ્વરૂપ છોડીને પુરાણમાં શોધવા શું કરવા જઈએ?

"જોગ જયાં જેવો એવો ઉધારો દોકડો; અમે ત્યાં વ્રજવાસી, રાખું હરિ રોકડો.
ભગત સુહાગ આગળ, જોગ શું બાપડો; ભીનો ત્યારે ઉબટી જાએ, કસુંબી કાપડો." (૪૨)

તમારે જોગી થવું હોય તો કાશી જાઓ, વેદ, શું ભગવાન બતાવી શકે ખરો?

"ઓધવજી વેદ શું જાણે, અમારી વાતમાં; વેદ ત્યાં દૂર દેખાડે, હરિ અમારા હાથમાં." (૪૮)

આમ ભીમની ગોપીઓ પુષ્ટિ સંપ્રદાયની ભાવનાઓના જ ઉચ્ચાર કરતી દેખાય છે. અમારી તો વિહારલીલા, અમે તો પ્રેમનાં લક્ષણવાળાં વગેરે વાતો પણ આ જ વસ્તુ પૂરવાર કરે છે. વળી, હરિના ભક્તોને જોગ કદીય ઘટે નહિ. અને અમે તો એના જ અંશ છીએ તેથી એમાં જ ભળવાનાં :

"જેમ કોઈ સમુદ્રમાંહે, નદીનાં જળ ભળે; તે કેમ ટાળ્યાં ટળે, જેહેનાં જે શું જે મળે." (૫૫)
એને એની પ્રીતનું ઘણું જ મમત્વ છે અને કૃષ્ણના આવા વર્તનનો તિરસ્કાર છેઃ

"અમારું નામ લેજો શું પ્રીત લજાવતાં, મથુરાંમાં કુબજા વલવ કોઈ નથી કાહાવતાં.
પ્રીત તરવાર બાંધી, પગ પાછો ભરે; ઓધા તે પે મરણ ભલું, જીવીને શું કરે?" (૬૫)

× × × ×

"અમે હરિ પ્રીતે પામ્યાં, પ્રીતપણું જાણીએ; વ્રેહે શો પ્રીત વિના, હૃદે કેમ આણીએ?"

અને પછી, એનો નાથ એની સમક્ષ છે, એ મથુરા ગયો નથી એવી ઘેલછા પણ વ્યક્ત કરે છે. ઉદ્ધવ આ ભક્તિભાવથી ગળગળા થાય છે અને ભક્તિ વખાણે છે:

"કોયે ગત કળી ન જાયે, ગોપીના પ્રેમની; વેદ શીર ત્રાસ વાંહો, છકી રસ પ્રેમની." (૧૦૫)

× × × ×

"તે તો ત્રિલોકમાં નહિ જે ગોકુળ ગલિ; પ્રભુ તમે પ્રકટ વસો, વૈકુંઠ છે વેગલી."

ભીમે, વલ્લભસંપ્રદાયનું સારું અધ્યયન કર્યું લાગે છે; તે, વિઠ્ઠલરૂપે કૃષ્ણ ફરીથી વ્રજમાં અવતર્યા એમ પણ માનતો લાગે છે. અહીં ભેટસોગાદોની વીગત નથી.

રઘુનાથદાસની ગરબીઓમાં ઉદ્ધવમુખે સંદેશ નથી પણ ગોપીઓ દ્વારા તેનું ખણ્ડન જરૂર છે:

"સંદેશા લાવ્યા રે ભુંડા જોગનો નથી ખમાતો દાઝ્યા ઉપર ડાગ જો.
જોગીડાં થયે તો જગમાં લાજીયે, ભોગીડાં કયમ ધરીએ ભગવો ભેખ જો.

× × ×

સંન્યાસી થઈએ તો સુખદુઃખ સાંભરે...
પૂરણ પ્રીત વિના તો પ્રભુજી નહીં મળે, દેહદમનમાં દુઃખડાં બારે માસ જો.
ખટદર્શનવાળાને તો દુઃખડાં ખરાં, બાંધ્યું મારું મોહન સાથે મંન જો.
જ્ઞાન ગૂઢારથ તો મનમાં ગમતું નથી, સુંદર વરને સોંપ્યાં તન મન ધંન જો."

આમ, અહીં પણ જ્ઞાન ગમતું નથી, એમાં દુઃખ છે; દેહદમન નિષ્ફળ છે એ જ ભાવના વ્યક્ત થઈ છે.

દયારામમાં, ઉદ્ધવ કહે છે 'સ્વ પર નથી હરિને, સર્વ સમાન જી...નગણા નથી કાંઈ ગિરિવરધારી જી.' ઘંટ અને તેનો નાદ, પુષ્પ અને તેની સુવાસ તેવી જ રીતે આત્મા અને પરમાત્માને સંબંધ છે. એ અવિનાશીનો અખિલમાં વાસ છે. પછી,

"પોતામાં પોતાનો આત્મારામ નિત્યે દેખિયે,
જોગ મારગે ઝાંખતાં પરીબ્રહ્મ પાસે પેખીયે,
એ જોગનો ઉપદેશ તમને, ઉદ્ધારે હરી કહાવીયો,"

કહીને ઉદ્ધવ ખસી જાય છે, ત્યારે ગોપીજનોથી એ જોગની વાત નથી સહેવાતી. કહે છે, "પ્રીતે પચેલાં અમો વ્રજવાસી જી, જોગ તે તમે જઈ સાધો કાશી જી." પ્રેમાનંદમાં પણ ગોપીઓ ભક્તિથી

આકંઠ ભરેલી છે એવો ભાવ છે. ઉદ્ધવને કાશી મોકલવાની વાત પ્રેમાનંદ તેમ જ ભીમમાં પણ છે; દયારામને પરંપરાનો, છેલ્લો હોઈને સારો લાભ મળ્યો છે. રચનાબંધ જોતાં અને જાનીની 'પ્રેમ-પચીશી 'નો પણ પરિચય હોય એમ લાગે છે. ગોપીઓનાં ઉર તો સ્નેહથી સભર ભર્યાં છે, ત્યાં જ્ઞાનને માટે જગ્યા નથી. ઊલટું ત્યાં બંનેની તકરાર થતાં, 'પ્રેમપાટુથી જોગ નહીં ઠરે.' અમે તો પતિવ્રતા ધરમ પાળીશું, સિંહ જેમ ઘાસ નથી ખાતો; ચાતક જેમ સ્વાતિબુંદની આશમાં રહે છે, બીજું જળ નથી લેતો તેમ અમે પણ અમારા સ્નેહને જ વળગ્યાં રહીશું. દાદુર અને મીનમાં ચોક્કસ પ્રકારનો ફેર છે તેવી જ રીતે જ્ઞાની અને પ્રેમીમાં ફેર છે. વળી, તારી વાતોથી અમારું કાંઈ પેટ ભરાવાનું નથી; કેમ કે ભોજનધ્યાનથી ભૂખ નથી શમતી, શર્કસ્મરણથી મુખ મીઠું નથી થતું. પછી વળી કૃષ્ણ ઉપર ક્રોધ આવતાં અકળામણમાં બરાબર સંભળાવે છે:

"અજીઠા સરખા જોગને શું, પાથરીએ કે પોઢીએ;

× × ×

ઓધવ ડહાપણ બહૂ હરીનું, હમને પત્રીકા જોગની;
કુબ્જાદીક શું કંથજી રે, માણે મોજ સંભોગની (!)
એમ કરવૂં હૂતૂં ત્યારે, પ્રથમથી શીદ પાળીયા;
કયહૂં કહેવાનૂં નવ રહ્યું ભૂંડા, બિજ્ઞાં શીઞાં બાળીયાં." (૧૭)

આમ, દયારામની ગોપીમાં વાસ્તવિક લાગણીની તીવ્રતા અનુભવાય છે. જો આવું જ કરવું હતું તો ગોવર્ધન ધારીને શું કરવા જિવાડચાં? વળી આ તો ઘા પર નમક જેવું થયું; "બળી તો રહ્યાં હુંતાં વ્રેહેની આગે જી, ખીજ્યાં ઘણાં જોગ લવણને લાગે જી" (૧૮). આવી સ્નેહસમુદ્રની ઊલટ જોઈ ઉદ્ધવ ટાઢા પડી જાય છે અને "ગુરુ થવા આવ્યા હતા પણ,......શિષ્ય થવા શ્યામતણા" (૧૯). અહીં પણ ભેટસોગાદોની વીગત નથી.

૫

ચતુર્ભુજની 'ભ્રમરગીતા,* સંવત ૧૫૭૬ જેટલા જૂના સમયમાં રચાયેલું ૯૯ કડીનું એક ફાગુકાવ્ય છે. હા, ફાગુકાવ્ય જ છે. તેમાં 'ફાગ ફાગુણિ ગાઉ ક્રિષ્ણ કેરા' એવો ઉલ્લેખ છે તે તો ઠીક પરંતુ કાવ્યની રચના, ધરેડ અને પ્રાણ પણ ફાગુને જ મળતાં છે. આ વિષય આપણે ફાગુપ્રકારમાં પણ મેળવી શકયા છીએ એ ઘટના નોંધપાત્ર છે. વળી, ગરબીઓમાં પણ લખાયેલો છે, તેનું નિદર્શન રઘુનાથદાસની પાંચ ગરબીઓ[૧] છે. બાકીની રચનાઓ પદબંધમાં છે, કડવાંબંધમાં પણ છે. બ્રેહેદેવની 'ભ્રમરગીતા'[૨] ચાળીસ કડવામાં જુદા જુદા રાગોમાં લખાઈ છે. ભાલણના 'ઉદ્ધવઆવાગમન'[૩]નાં જુદા જુદા રાગનાં નાનાંમોટાં ત્રેવીસ પદ છે. પદોને અંતે 'ભાલણ પ્રભુ રઘુનાથ' 'ભાલણપ્રભુ શ્રીરામ' એવા ભાલણથી રામભક્તિ સુચવતા ઉલ્લેખ, તે કૃષ્ણની કવિતા કરવા બેઠો હોવા છતાં આવે છે. વળી, આ રચના વિશૃંખલ છે. તેમ જ પદમાં,

---

* વાચના માટે જુઓ: પ્રાચીન ફાગુસંગ્રહ'. પૃ. ૮૬.

૧. જુઓ: 'બૃહદ્ કાવ્યદોહન' ભા. ૧, પૃ. ૭૭૪

૨. જુઓ 'બૃહદ્ કાવ્યદોહન' ભા. ૧, પૃ. ૬૬૩

૩. જુઓ 'પ્રાચીન કાવ્યમાળા' ગ્રંથ ૧૧, પૃ. ૧૨

"દૂધ દહીં કયમ સંભારે, જે મદ્ય માંસ અતિ મીઠું જી !
ગોકુળમાંહી તે કયમ મિલે, જે કોણે નવિ દીઠું." ૧:૧૦.

આમ અહીં મદ્ય–માંસ તથા બારમી કડીમાં,

"હજી શું પરણ્યા નથી, ઘણી વધારી લાજ જી;
બંધનમાં શાના પડે, જો દાશીએ સરે કાજ." ૧:૧૨

એમ મધુપુર ગયેલા કૃષ્ણ ઉપર મદ્ય, માંસ અને દાસીગમનનો કશાય આધાર વિનાનો આક્ષેપ મુકાયો છે. કુબ્જાના અનુસંધાનમાં પણ ભાલણ આવું કેમ લખી શકે એવી શંકા જન્મે છે. ચોથા પદમાં યશોદાની ઉક્તિ છે. સાતમામાં રાધાનો ઉલ્લેખ છે. ભાગવતના પ્રસ્તુત્ત અધ્યાયોમાં રાધા-વિષયક સ્પષ્ટતા નથી તેથી આ ભાલણનો ઉમેરો ગણાય. એકવીસમા પદમાં કૃષ્ણ દ્વારિકા ગયા એવો ઉલ્લેખ છે, હવે તો સોળસહસ્ર રાણીઓ પામ્યા, શાના સંભારે વગેરે પણ ભાલણનું સારું એવું ઉમેરણ છે. ઓગણીસમા પદમાં યશોદાની, કૃષ્ણ ગોકુળ એક વાર આવો એવી કાકલૂદીભરી વિનંતી છે—આખું પદ આકસ્મિક, કયાંથી આવી પડયું એમ લાગે છે. છેક બાવીસમા પદમાં એકાએક જ આપણે કૃષ્ણને ગોકુળ–મથુરાની તુલના કરતા સાંભળીએ છીએ ત્યારે પણ એની આકસ્મિકતા જ પુરવાર થતી હોય છે. આમ, પદોનો અનુક્રમ જળવાયો નથી એ પણ ભાલણ જોવાના વિશે નોંધવા જેવું છે. જાનીનું કાવ્ય 'પ્રેમપચીશી'[૧] જુદા જુદા રાગનાં પચીસ પદોમાં છે. દરેક પદમાં દુહાની ચાર લીટીનો મુખબંધ છે જેમાં પદના વિષયનું સૂચન હોય છે ને દરેકમાં એક એક ગીત છે. ૧૮મા પદમાંનું ગીત વ્રજમાં છે. પ્રેમાનંદના આ અધ્યાય[૨] કડવાંમાં છે. ભીમની 'રસિકગીતા[૩]' ૧૩૫ પંક્તિમાં મળે છે. દયારામની રચના ખૂબ જ સુરેખ છે. બાવીસ પદોમાં તે 'પ્રેમરસગીતા'[૪] પૂરી કરે છે. દરેક પદમાં, જાનીની જેમ બે કડીનો મુખબંધ અને પાંચપાંચ કડીનો ઢાળ જોવા મળે છે. બધાં પદોનો રાગ રામગ્રી છે.

લગભગ બધા જ કવિઓની લાક્ષણિકતા અને મર્યાદાઓ તેમનાં કાવ્યોમાં આવી છે. ચતુર્ભુજ ફાગુ રચવા બેઠો છે એટલે એનું ધ્યાન ભાવનિરૂપણ પાછળ વધારે છે, પ્રસંગ કરતાં ભાવનું એને મહત્ત્વ છે. ભાલણને વાત્સલ્ય અને તેમાં ય યશોદાનું વાત્સલ્ય નિરૂપવાનું વધારે ફાવે છે, તો તે તેણે વિસ્તારથી કર્યું છે. બ્રેહેદેવ અને ભીમની રચનાઓ તેઓને અભિમત સંપ્રદાયની સૂચક બને છે. બ્રેહેદેવ અદ્વૈત મતમાં માનતો લાગે છે જ્યારે ભીમનું વલણ પુષ્ટિમાર્ગ તરફનું છે. જાનીને ભક્તભગવાનનો પ્રેમ ગાવો છે તેથી તે દેવકી-વસુદેવનો કૃષ્ણપ્રેમ પણ ઉમેરે છે. સ્નેહ અને વાત્સલ્યના ભાવોનું એક પ્રકારની ઋજુતાવાળું નિરૂપણ એ એની સિદ્ધિ છે. પ્રેમાનંદમાં મર્યાદાઓ ઘૂસી છે—ઉદ્ધવ અને યશોદાનાં પાત્રોનું ગૌરવ, જેમ એનામાં બનતું જ આવ્યું છે તેમ, હણાયું છે. દયારામમાં પ્રેમની બળતરા (આ કાવ્ય સિવાય પણ એની ઘણી રચનાઓમાં છે તેવી),

---

૧. જુઓ 'સત્તરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય', પૃ. ૮૩

૨. જુઓ 'દશમસ્કંધ' નર્મદ–સંપાદિત, અ. ૪૬-૪૭

૩. જુઓ 'બૃહદ્ કાવ્યદોહન'; ભા. ૭, પૃ. ૬૯૬

૪. જુઓ: 'દયારામકૃત કાવ્યસંગ્રહ', 'ગુજરાતી' પ્રેસ પ્રકાશન. પૃ. ૯૧.

તલસાટ ને ક્રોધ છે, ઉદ્ધવના ઉપદેશનું ખણ્ડન પણ પ્રેમના તોરથી છતાં કવિત્વમય રીતે થાય છે. પુષ્ટિ સંપ્રદાયની ભાવનાને ખૂબ અનુકૂળ એવા આ વિષયમાં દયારામ, સંપ્રદાયની ફિલસૂફીનો અર્ક સીંચી શકયો છે.

આ બધાં જ કાવ્યો મધ્યકાલીન ગુજરાતી કવિતાનાં વ્યાવર્તક લક્ષણોનાં દ્યોતક છે. બધા કવિઓએ ભક્તિમાર્ગનો તે કવિતામાં શંખધ્વનિ કર્યો છે. ભક્તિમાહાત્મ્યને તારસ્વરે ગાનારા એ બધા આટલા બધા અનુરૂપ વિષયને તો ભૂલે જ કેમ ? જ્ઞાન અને વૈરાગ્યનું ખણ્ડન કરતાં તેમની કવિતાને ચમકાર મળે છે. પ્રજાને ભક્તિ પાઈ શકાય તેવી કોઈ પણ તક, મધ્યકાલીન કવિઓ જતી કરતા નથી તેનું આ નાનકડો વિષય સુંદર ઉદાહરણ છે. ઋણાનુબંધ, પુનર્જન્મ ને પૂર્વજન્મની ભાવનાઓ પ્રભુની ભક્તવત્સલતા અને કૃપાદૃષ્ટિ, એની કૃપા તે પુણ્યોનાં ફળ એવી દાન-પુણ્યની સંસ્કારભાવના, પાપમુક્તિનું સાધન ભક્તિ, વગેરે બધાં જ લક્ષણો અહીં જોવા મળે છે.

આ બધાં કાવ્યોમાં અલંકાર, રસ, કવિની શક્તિઓ વગેરે પાસાં તપાસીએ તો તો ઘણું જ લંબાણ થાય. અહીં તો આ વિષયનાં કાવ્યોને સમગ્ર તથા એકસાથે જોવા-બતાવવાનો જ પ્રયાસ હતો. એકંદરે કહી શકાય કે બધા જ કવિઓએ આ વિષયને પોતાની શક્તિ મુજબ પૂરતો ન્યાય આપ્યો છે. આ બધામાં કોના કાવ્યને પ્રથમ ગણવું તે એક પ્રશ્ન છે. છતાં તેનો ક્રમ કંઈક આમ ગોઠવી શકાય: ચતુર્ભુજ, દયારામ, જાની, પ્રેમાનંદ, ભાલણ, બ્રેહેદેવ, ભીમ અને રઘુનાથદાસ. ચતુર્ભુજ અને દયારામનાં કાવ્યોને એક સુશ્લિષ્ટ આકાર છે. જાની, પ્રેમાનંદ તેમના ભાવ-નિરૂપણમાં જેટલા સજાગ છે તેટલા તેની ઘનતામાં નથી, વળી પ્રેમાનંદ તો ભાગવતને જ બહુશઃ અનુસરે છે. બ્રેહેદેવ અને ભીમનાં કાવ્યો ફિક્કાં છે, તેઓ તેને રુચિર બનાવી શકયા નથી. આ સૌ કવિઓનો પ્રયત્ન મૌલિક છે એ ઘટના મધ્યકાલીન કવિતામાં નોંધપાત્ર ગણાવી જોઈએ. આખી પરંપરાની વ્રજ-પરંપરા સાથેની તુલનાથી પણ આપણાપણાનો ઘણો પ્રયાસ કાઢી શકાય.

કપડવંજનો લોખંડનો પ્રાચીન ઉદ્યોગ

રમણલાલ ના. મહેતા

ખેડા જિલ્લાનું કપડવંજ એક મહત્ત્વનું તાલુકાકેન્દ્ર છે. કપડવંજ મહોર અને વરાંસી નદીના સંગમ પર, ગુજરાતને રાજસ્થાન, ડુંગરપુર, વાંસવાડા વગેરે પ્રદેશો સાથે જોડતા ધોરી માર્ગ પર દેખરેખ રાખે છે, તેથી તે એક આદ્યોગિક તેમ જ લશ્કરી મહત્ત્વ ધારણ કરતું સ્થળ બને છે.

કપડવંજની આજુબાજુના પ્રદેશમાં માણસોનો વસવાટ ઘણા લાંબા સમયથી છે. ધાતુઓનો ઉપયોગ ભારતમાં શરૂ થયો તે પહેલાં અશ્મઓજારો વાપરતા લોકો ભારતમાં વસતા હતા. આ અશ્મયુગના લોકો મહોર અને વરાંસીને કાંઠે મહમદપુરા તથા કપડવંજની આજુબાજુમાં વસતા હોવાના પુરાવાઓ મળે છે. મહમદપુરા પાસે નદીની ભેખડોમાં નીચે પ્રમાણે સ્તરરચના દેખાય છે:

(૧) નદીના હાલના પ્રવાહની નજીક રાખોડી રંગની માટી.

(૨) લાલ રંગના જેસ્પર, લેટેરાઈટ વગેરેના કાંકરા.

(૩) કાંપ.

(૪) પવનથી ઊડેલી ધૂળ.

(૫) હાલની જમીન.

આ થરોની રચનાની સાથે સાથે ખડકોના પડોદયો પણ દેખાય છે. તેના ઉપરથી અશ્મ-યુગનાં એંધાણરૂપ ઘડેલાં નાનાં પથ્થરનાં ઓજારો મળે છે. સૌથી પ્રથમ શ્રી સુંદરરાજનને આવાં ઓજારો મળ્યાં હતાં. આ ઓજારો ઘણાં જૂનાં હોવાનું અનુમાન થાય છે. આ ક્ષેત્રમાં કાર્યનો પ્રારંભ થતો હોવાથી આ તબક્કે માનવવસવાટ કેટલી સદી કે સહસ્રાબ્દી પહેલાં હતો એ કહેવું કઠણ છે, તેને માટે વધુ ભૂસ્તરીય અભ્યાસની જરૂર છે.

આ અશ્મયુગનાં એંધાણ રૂપસામ્યની દૃષ્ટિએ પ્રાચીનાશ્મ યુગ પછીના અને ગુજરાતના લઘુઅશ્મયુગ પહેલાંનાં દેખાય છે. તેથી તે મધ્યાશ્મયુગના હોવાથી કલ્પના થઈ શકે, કિન્તુ તેની તવારીખ નક્કી કરવા માટે વધુ અભ્યાસ ઉપર જણાવ્યું તેમ જરૂરી છે.

આ અશ્મયુગના અવશેષો પછી હાલની જમીનની રચના થયા બાદ કપડવંજ વસ્યું હોવાનો પૂરતો સંભવ છે. કપડવંજ કયી સદીમાં વસ્યું હશે એ અત્યારના પુરાવાઓ જોતાં કહી શકાય એમ નથી. ઉપલબ્ધ માહિતીને આધારે એટલું કહી શકાય કે કપડવંજ રાષ્ટ્રકૂટ વંશના રાજ્ય દરમિયાન શક ૮૩૨માં = ઈ. સ. ૯૧૦માં વિદ્યમાન હતું અને તે કાર્પટવાણિજ્યને નામે ઓળખાતું

હતું.[૧] આ પ્રાચીન નામ પરથી જણાય છે કે કપડવંજ એ કાપડના વેપાર માટે વસેલું ગામ હતું. આ નામ પરથી કપડવંજ એ ઔદ્યોગિક વસાહત હોવાનું સમજાય છે.

આ ઔદ્યોગિક વસાહત ઈ. સ. ૯૧૦ કરતાં પ્રાચીન હોવાની બાબતમાં શંકા જેવું નથી, પરંતુ આ વંશ કરતાં તે વધુ જૂની હોવાની શકયતા વધુ પુરાવાઓ ન મળે ત્યાં સુધી વિચારી શકાય એમ નથી. ગુજરાતનાં વડનગર, વડોદરા, વરીઆવ, વગેરે ગામો ઈ. સ.ની પ્રથમ સહસ્રાબ્દીની શરૂઆતમાં વસ્યાં હતાં તે જોતાં કપડવંજ ઓછામાં ઓછું દસમી સદી કરતાં વહેલું વસ્યું હોવાની બાબત શંકા રાખવા જેવું નથી.

કપડવંજનું નામ દર્શાવે છે તે મુજબ એ ગામ શરૂઆતમાં કાપડનો વેપાર કરનાર લોકોએ સમૃદ્ધ બનાવ્યું હોઈ તેમાં લોખંડ ગાળવાનો, કાચ બનાવવાનો તેમ જ સાબુ બનાવવાનો ઉદ્યોગ વિકસ્યો હતો. કપડવંજના કાપડને સ્વચ્છ બનાવવા માટે વપરાતા ઉસમાંથી સાબુ બનાવવાનો વિકાસ સ્વાભાવિક છે. આ ઉદ્યોગો પૈકી લોખંડ ગાળવાનો ઉદ્યોગ આજે નાશ પામ્યો છે જ્યારે બાકીના ઉદ્યોગો મૃતઃપ્રાય દશામાં જીવી રહ્યા છે.

કપડવંજની આજુબાજુમાંથી બૉક્ષાઈટ, ઉસ, લેટેરાઈટ, હેમેરાઈટ આદિ ખનિજો મળી આવે છે. તે પૈકી બૉક્ષાઇટ કાઢવાનું કામ વીસમી સદીમાં શરૂ થયું હોઈ હાલ ચાલુ છે. ટાંકલાંની દેરીની આજુબાજુ એથી આ ખનિજ નીકળે છે. ત્યાં હાલ સીમેન્ટ કંપનીની ઑફીસ પાસે ચૌલુકય શૈલીનાં, કૂવા પાસેથી મળેલાં શિલ્પો પડેલાં છે તે ત્યાં વાવ જેવી ઇમારત હોવાનું સૂચવે છે. તેના કરતાં વધુ પ્રાચીન અવશેષો લેખકના જોવામાં આવ્યા નથી. પરંતુ આ સ્થળની આજુબાજુ બીજા અવશેષો મળવાનો પૂરતો સંભવ છે.

કપડવંજનો નાશ પામી ગયેલો લોખંડ ગાળવાનો ઉદ્યોગ કયી સદીઓમાં વિકસ્યો અને અસ્તિત્વ ધરાવતો હતો તે બાબત તપાસ કરવાની જરૂર 'ચરોતર સર્વસંગ્રહ' જોતાં લાગી. એ ગ્રંથમાં લોહકાટના આરાનો અને અહીં પડેલા કીટાનો ઉલ્લેખ છે, પરંતુ તે કેટલો પ્રાચીન છે તે સ્પષ્ટ થતું ન હોવાથી સ્થળતપાસ દ્વારા આ કામ કરવાનું નક્કી કર્યું.

કપડવંજની સ્થળતપાસ તા. ૭મી નવેમ્બર, ૧૯૬૩ના રોજ લેખકે તેમ જ શ્રી. સૂર્યકાન્ત ચૌધરીએ કરી. કપડવંજની પશ્ચિમે જ્યાં શામળાજી અને આંતરસુબા જવાના રસ્તા જુદા પડે છે ત્યાંથી એકાદ ફર્લાંગ ઉત્તરે નદીએ જવાનો રસ્તો છે. આ સ્થળ કટોરીઆ આરો અથવા લોહકાટનો આરો કહેવાય છે.

કટોરીઆ આરો નામ ત્યાં પડેલા કીટા પરથી પડયું છે. અહીં નાનામોટા અસંખ્ય કીટાઓ વિખરાયેલા પડ્યા છે. આશરે બે ચોરસ ફર્લાંગમાં વિખરાયેલા કીટાઓના થરની જાડાઈ ત્રણેક ફૂટ કરતાં વધારે નથી, પરંતુ એ સ્થળની દક્ષિણે એક આશરે વીસેક ફૂટ ઊંચો કીટાનો ટેકરો છે. તેની પર ઘાસ તથા વનસ્પતિ ઊગેલી છે તેથી તેની ખોદાયેલી બાજુઓ ન હોય તો તે કીટાનો ઢગલો છે એમ જાણવું અઘરું છે.

1 Sankalia, H. D., 'Archaeology of Gujarat.' Appendix D, p. 39.

આ સ્થળે વિખરાયેલા અસંખ્ય કીટાઓમાં કાચના ઉદ્યોગમાં બનતા કીટા થોડા પ્રમાણમાં છે પરંતુ લોખંડના કીટા ઘણા છે. આ લોખંડના કીટાઓ સાથે અલ્પ પ્રમાણમાં ઠીકરાં મળે છે. આ ઠીકરામાં લાલ ઘડાઓ અને છાપરાંની નાળો મળે છે.

આ પ્રકારનાં વાસણો મધ્યકાળમાં વપરાતાં હતાં, અને કવચિત્ આજે પણ વપરાય છે. કીટાના મોટા ઢગલાની ખોદાયેલી બાજુની દિવાલોની કાળજીપૂર્વક તપાસ કરતાં આ ઠીકરાં મળ્યાં હોઈ કીટાની સાથે તે આ સ્થળે આવ્યાં હોવાનું નિશ્ચિતરૂપે કહી શકાય. આ એક જ થરમાંથી નીકળતી વસ્તુઓની સમકાલીનતા સિદ્ધ હોઈ, અહીંનો લોખંડ ગાળવાનો પ્રાચીન ઉદ્યોગ છેલ્લાં હજારેક વર્ષનો હોવાનું સાધાર માની શકાય.

સ્થળતપાસમાં માત્ર ઉપરના બેત્રણ ફૂટ જેટલી ટેકરાની જગ્યા મધ્યકાળમાં વિકસી એ હકીકત ધ્યાનમાં લેતાં આ આખો ટેકરો પણ એક વ્યવસ્થિત ઉદ્યોગના પુરાવારૂપ ગણીએ તો આ સ્થળે લોખંડ ગાળવાનો ઉદ્યોગ મધ્યયુગ જેટલો ગણવામાં કોઈ બાધ આવતો નથી.

આ કીટાના ટેકરાને ખોદીને તેની નીચે કયા પ્રકારની વસ્તુઓ મળે છે તેની તપાસ ન થાય ત્યાં સુધી તેની શરૂઆત માટે નિશ્ચિત અભિપ્રાય આપવો કઠણ છે.

Bombay Gazeeteer Vol IIIના પૃષ્ઠ ૧૭૨ પર કપડવંજ વિષે આપેલી માહિતી “Iron ore used to be smelted in Kapadvanj and heaps of iron slag may still be seen in the outskirts of the town.” ને આધારે કહી શકાય કે આ ગ્રંથ ૧૮૭૯માં રચાયો તે પહેલાં આ ઉદ્યોગ નાશ પામી ચૂક્યો હતો.

‘ચરોતર સર્વસંગ્રહ’ વિભાગ બીજો, પૃષ્ઠ ૬૫–૬૬, આ ઉદ્યોગ માટે વધુ માહિતી આપે છે. “નડિયાદ તરફ જવાને રસ્તે લોખંડની ખાણ હતી, અને કારીગર વર્ગ તેમાંથી લોઢું ખોદી, ગાળી અને તેની લોઢી, છરી તથા બીજી નાની ચીજો બનાવીને તેનો વેપાર કરતો. અસલના વખતમાં જ્યારે વાહનવ્યવહાર સરળ નહોતો, અને જ્યારે યાંત્રિક યુગના શ્રીગણેશ મંડાયા નહોતા, અને જ્યારે સારો, સસ્તો અને આકર્ષક માલ, પરદેશથી જથ્થાબંધ આયાત થતો ન હતો ત્યારે કપડવંજનો લોઢાનો સામાન ઘણો ખપતો. ખાસ કરીને વહોરા કોમના ધનાઢ્ય વેપારીઓનો આ માલ બનાવવામાં અને પરદેશ વેચાણ કરી આપવામાં ઘણો મોટો ફાળો હતો. એમ કહેવાય છે કે આ નગરમાં નદીને દરવાજે કુંભારવાડા આગળ ૪૦૦ લુહારનાં ઘર હતાં. પરંતુ દૈવવશાત્ એકાદ વખત લોઢું ગાળતી વખતે તેમાં કોઈ વનસ્પતિનું મિશ્રણ થઈ જતાં તેનું રૂપુ બની ગયું. તે શી રીતે બન્યું તેનું કારણ સમજી શકાયું નહીં, પણ આથી કારીગર લોકો રાજ્યથી બીન્યા અને નગર છોડી ચાલ્યા ગયા. તે પછી લોઢું ગાળવાનો ધંધો બંધ પડ્યો. આ દંતકથામાં કેટલું વજુદ છે તે કહી શકાય એમ નથી. પરંતુ પહેલાંના વખતમાં ગાળેલા લોઢાનો કચરો માટી સાથે મિશ્રિત થઈને ઢગલાબંધ ટેકરાઓરૂપે આજે પણ દેખાય છે અને તે લોહકાટના પથ્થર તરીકે ઓળખાય છે એ એક હકીકત છે.

‘ચરોતર સર્વસંગ્રહ’ના સંપાદકોને લોખંડના ઉદ્યોગનાં અસ્તિત્વની તથા વહોરાઓ દ્વારા ચાલતા વેપારની ખબર છે. આ હકીકતો લક્ષમાં લેતાં પંદરમી સદી કરતાં વધુ પ્રાચીન યુગનાં દર્શન થતાં નથી.

રોબર્ટ બ્રુસફૂટે Geology of Baroda Stateમાં જણાવ્યું છે કે આંતરસુબાના લુહારો છરી, કઢાઈ વગેરે બનાવવામાં કપડવંજનું લોખંડ વાપરતા. અહીં લેટેરાઈટિક હેમેરાઈટ-માંથી એ ધાતુ ગાળવામાં આવતી, પરંતુ આ ઉદ્યોગ તેના અભિપ્રાય મુજબ નષ્ટપ્રાય થઈ ગયો હતો.

આ તમામ પુરાવાઓ ભેગા કરવાથી એટલું સ્પષ્ટ થાય છે કે ૧૯મી સદીના ઉત્તરાર્ધ વખતે આ ઉદ્યોગ લગભગ નાશ પામી ગયો હતો અને તેથી તેનો વિકાસ ૧૮મી સદી પહેલાંનો છે. કાટના ટેકરામાંથી મળતી વસ્તુઓ ઈ. સ. ૧૦૦૦ કરતાં વધુ જૂનો સમય હાલને તબક્કે દર્શાવતી નથી. વહોરા કોમ પણ ઈ. સ.ની પંદરમી સદી બાદ ગુજરાતમાં વધુ પ્રમાણમાં વિકસી. આ લોકો આજે પણ લોખંડના ઉદ્યોગોમાં સંકળાયેલા છે, પરંતુ તેઓ લોખંડના વેપારીઓ છે અને કેટલાક લોકો લોખંડનો માલસામાન બનાવે છે પરંતુ લોખંડ ગાળવાનો તેમનો ધંધો નથી.

લોખંડ ગાળનાર લોકો ગુજરાતમાં હતા તેની એંધાણીરૂપે ઠેર ઠેર લોખંડના કીટાઓ મળે છે. પરંતુ કપડવંજ ગામ વસ્યા બાદ અહીંના લેટેરાઈટના પડોદયોએ લોખંડ ગાળનાર લુહારોને આકર્ષ્યા હશે અને તેમણે આ ઉદ્યોગ શરૂ કર્યો હશે. આજના પુરાવાઓ જોતાં આ ઉદ્યોગ ઈ. સ. ૧૦૦૦ કરતાં વધુ જૂનો હોવાનો સંભવ લાગતો નથી.

મોગલકાલીન ગુજરાતના બે વીર મુત્સદ્દીઓ

મહેતા ઈશ્વરદાસ અને રાજા છબિલારામ

ભોગીલાલ જ. સાંડેસરા

ભારતમાં મોગલયુગનો આરંભ ઈ. સ. ૧૫૨૬માં બાબરે ઇબ્રાહિમ લોદીને હરાવીને મોગલાઈની સ્થાપના કરી ત્યારથી થાય છે. પરન્તુ ગુજરાતમાં એનો આરંભ થોડોક મોડો ઈ. સ. ૧૫૭૨માં અકબરે છેલ્લા ગુજરાતી સુલતાન મુઝફ્ફરશાહને પદચ્યુત કરી અમદાવાદમાં પ્રવેશ કર્યો ત્યારથી છે. તે કાળે રાજ્યવહીવટમાં મોટા ઓદ્ધાઓ મુખ્યત્વે મુસ્લિમ શાસકોના હાથમાં હતા, તો-પણ હિન્દુ પ્રજામાંથી અનેક વિચક્ષણ મુત્સદ્દીઓ એ સમયમાં થઈ ગયા છે અને તેમાંના કેટલાકે દિલ્હીના તખ્તા ઉપર પણ નામના મેળવી છે. જિજ્ઞાસુ અને સર્વધર્મસમભાવી સમ્રાટ અકબર ઉપર પ્રભાવ પાડી તેની પાસે અહિંસાને લગતાં અનેક ફરમાનો અને રાજ્યશાસનો કઢાવનાર જૈન આચાર્ય હીરવિજયસૂરિ અને તેમના વિદ્વાન શિષ્યો ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્ર ગુજરાતમાં થઈ ગયા. શાહજહાં અને ઔરંગઝેબના સમયમાં વિષમ સંજોગોની વચ્ચે પણ સામાજિક, રાજકીય અને ધાર્મિક મહત્ત્વનાં અનેક કાર્યો કરનાર અને બાદશાહ પાસે કરાવનાર અમદાવાદના શાહુકાર શાન્તિદાસ ઝવેરી અમદાવાદના નગરશેઠના પૂર્વજ હતા. ઉત્તરકાલીન મોગલોના સમયમાં દિલ્હીની રાજસત્તાનો દોર હુસેન અલીખાં અને હસન અલીખાં એ સૈયદ ભાઈઓના હાથમાં હતો ત્યારે એ પૈકી હુસેન અલીખાંનો વિશ્વાસપાત્ર બની સાત હજારની મનસબદારી, 'રાજા બીરબલ'નું બિરુદ અને વજીરનો ઓદ્ધો મેળવનાર, પણ વ્યવસાયે વૈદ્ય મિત્રસેન ત્રિવેદી ગુજરાતનો નાગર બ્રાહ્મણ હતો. ફારસી તવારીખોમાં એનું નામ જાણીતું છે.

પરન્તુ રાજનીતિ ઉપરાંત યુદ્ધવિદ્યામાં પણ ખ્યાતિ મેળવનાર મોગલકાલના બે પ્રસિદ્ધ ગુજરાતીઓનો પરિચય આ વાર્તાલાપમાં હું આપીશ. એ બે મુત્સદ્દીઓ તે મહેતા ઈશ્વરદાસ અને રાજા છબિલારામ બહાદુર.

મહેતા ઈશ્વરદાસ એક કુશળ વહીવટકર્તા અને મુત્સદ્દી હોવા ઉપરાંત વિદ્વાન પણ હતા. તેઓ ઔરંગઝેબના સમકાલીન હતા. ઔરંગઝેબના રાજ્યકાળની, હિન્દુઓના હાથે ફારસીમાં લખાયેલી, અત્યંત મૂલ્યવાન એવી સમકાલીન તવારીખો બે છે—એક, બુરાનપુરના ભીમસેન કાયસ્થે રચેલ 'નુસ્ખ-ઈ-દિલકશ' અને બીજી, પાટણના નાગર ઈશ્વરદાસે રચેલ 'ફુતુહાત-ઈ-આલમગીરી' અથવા 'આલમગીરની ફત્તેહો.' યોગ્ય કેળવણી લીધા પછી ઈશ્વરદાસે મોગલ સામ્રાજ્યના મુખ્ય કાઝી અર્થાત્ સર્વોચ્ચ ન્યાયાધીશ શેખ-ઉલ-ઇસ્લામના હાથ નીચે નોકરી લીધી હતી. મુખ્ય કાઝી તરીકે આ શેખ દરબારમાં અને સવારીમાં ઔરંગઝેબની સાથે રહેતો હતો, અને તેથી ઈશ્વરદાસને તત્કાલીન ઇતિહાસના અનેક પ્રસંગો નિકટથી નિહાળવાની કે જાણવાની તક મળી હશે, અને એ અનુભવ તેમને જીવનમાં તેમ જ ઔરંગઝેબ વિષેની પોતાની ફારસી તવારીખના આલેખનમાં

ઉપયોગી થયો હશે. બીજાપુર અને ગોવલકાંડાના સુલતાનો સાથે યુદ્ધ નહિ કરવાની સલાહ મુખ્ય કાઝી તરીકે શેખ-ઉલ-ઇસ્લામે ઔરંગજેબને આપી હતી, પરન્તુ ઔરંગજેબે તેનો અસ્વીકાર કરવાથી પોતાના ઓદ્ધાનું રાજીનામું આપીને ઈ. સ. ૧૬૮૪માં શેખ-ઉલ-ઇસ્લામ મક્કાની હજ કરવા નીકળ્યો હતો. એ સમયે ઈશ્વરદાસની વય ત્રીસ વર્ષની હતી. ત્યાર પછી ઈશ્વરદાસે ગુજરાતના સુબા શુજાતખાન પાસે નોકરી લીધી, અને શુજાતખાને તેમની નિમણૂક તુરત જ જોધપુરના વસુલાતી અધિકારી તરીકે કરી. જોધપુરના વીર દુર્ગાદાસ રાઠોડ અને ઔરંગજેબ વચ્ચે સંધિ કરાવવાનું ઈશ્વરદાસના જીવનનું સૌથી મહત્ત્વનું રાજકીય કાર્ય ત્યારથી શરૂ થયું.

આ પ્રસંગની થોડીક પૂર્વભૂમિકા જોઈએ. ઔરંગજેબના તૂટતા સામ્રાજ્યને મજબૂત ટેકો આપી ટકાવી રાખનાર જોધપુરના રાજા જશવંતસિંહે અફઘાનિસ્તાનમાં એ સામ્રાજ્યનું સરંક્ષણ કરતાં પ્રાણ ગુમાવ્યા પછી ઔરંગજેબે જોધપુરનું રાજ્ય ખાલસા કર્યું અને જશવંતસિંહના બાળકપુત્ર અજિતસિંહનો હક્ક સ્વીકારવાની ના પાડી. એ વખતે જશવંતસિંહના પ્રધાનપુત્ર રાઠોડ વીર દુર્ગાદાસે અજીતસિંહ અને મારવાડને બચાવવાનું બીડું ઝડપ્યું, અને અનેક સંકટોની વચ્ચે મહાન મોગલ સમ્રાટ સામે લગભગ ત્રીસ વર્ષોનો કપરો વિગ્રહ ખેડ્યો. ઔરંગજેબના ચોથા પુત્ર મુહમ્મદ અકબરે પોતાના પિતા સામે બળવો કર્યો હતો, પણ હારી જવાથી તેણે રાયગઢમાં રાજા સંભાજીના દરબારમાં દુર્ગાદાસ મારફત આશ્રય લીધો હતો. શાહજાદો અકબર પાછળથી ઈરાન ચાલ્યો ગયો હતો, પણ પોતાના બાલપુત્ર બુલંદ અખ્તર અને પુત્રી સફિયત-ઉન્-નિસાની સોંપણી દુર્ગાદાસને કરી ગયો હતો; અને મુસ્લિમ રાજકુટુંબનાં બાળકોને છાજતી તમામ કેળવણી તેમને આપવાનો પ્રબંધ દુર્ગાદાસે કર્યો હતો, અને શાહજાદીને તો કુરાનનું શિક્ષણ આપવા માટે એક મુસ્લિમ શિક્ષિકા રોકી હતી. ઔરંગજેબ પોતાનાં પૌત્રપૌત્રીને પાછાં મેળવવા અને એ રીતે પોતાના કુળની આબરૂ સાચવવા આતુર હતો, તે સાથે દુર્ગાદાસ પણ જબ્બર સામ્રાજ્ય સાથેના લાંબા વિગ્રહથી તથા સતત યુદ્ધને કારણે મારવાડના પ્રદેશની થતી ખાનાખરાબીથી કંટાળી ગયો હતો. એક તરફ ગર્વિષ્ઠ સમ્રાટ અને બીજી તરફ અટંકી વીર—એ બે વચ્ચેની સંધિ ઈશ્વરદાસે કુનેહથી કરાવી. બાદશાહ એ સમયે દક્ષિણમાં હતો અને દુર્ગાદાસ મારવાડના કોઈ એક અભેદ્ય દુર્ગમાં હતો; તેથી એ બંને વચ્ચેની મુલાકાત અમદાવાદમાં યોજાઈ, એનું ઝીણવટભર્યું વર્ણન ઈશ્વરદાસે 'ફુતુહાત-ઈ-આલમગીરી'માં કર્યું છે. ઔરંગજેબે ઈશ્વરદાસને ઊંચો લશ્કરી ઓદ્ધો તથા મેડતા ગામની જાગીર આપ્યાં હતાં એવો ઉલ્લેખ તો ગ્રન્થમાં જ મળે છે.

'ફુતુહાત-ઈ-આલમગીરી' ગ્રન્થ ઈશ્વરદાસે પોતાની ૭૬ વર્ષની વૃદ્ધ વયે ઈ. સ. ૧૭૩૧માં પૂરો કર્યો હતો; અર્થાત્ એ ગ્રન્થ તેમના નિવૃત્તિકાળમાં રચાયેલો છે. અનુમાન કરી શકાય કે તેમના વતન પાટણમાં અથવા એમના જાગીરના ગામ મેડતામાં તે લખાયો હોય. 'લાલા ખુશહાલની જાણ માટે' તે રચાયો હોવાની નોંધ પુષ્પિકામાં છે. 'દસ્તુર-ઈ-અમલ-ઈ-શાહાનશાહી' નામે બીજી એક ફારસી તવારીખમાં ઈશ્વરદાસના પુત્ર વ્રજરાયના પુત્ર કોઈ લાલાસાહેબ વિષે નિર્દેશ છે. હવે, જો 'લાલા ખુશહાલ' અને 'લાલાસાહેબ' એક જ હોય તો એમ કહી શકાય કે ઈશ્વરદાસે પોતાના અનુભવસમૃદ્ધ જીવનનાં સંસ્મરણોની પોતાના પૌત્રને જાણ કરવા માટે 'ફુતુહાત-ઈ-આલમગીરી'નું લેખન કર્યું હોય. ઈશ્વરદાસના વંશજો વિષે પાટણની નાગર જ્ઞાતિમાં કોઈ કંઈ જાણતું નથી. એમના કુટુંબનો કાં તો ઉચ્છેદ થયો હોય અથવા કુટુંબે કદાચ વતન બદલ્યું હોય. શ્રી. ચુનીલાલ

વર્ધમાન શાહની તાજેતરમાં પ્રગટ થયેલી પ્રલંબ નવલકથા ‘ કંટકછાયો પંથ ’માં ઇશ્વરદાસના વંશજોની કુટુંબકથા આલેખાયેલી છે, પરન્તુ એ તો એક સર્જકની કલ્પનાસૃષ્ટિ જ છે.

ઇશ્વરદાસે રચેલી ફારસી તવારીખ ‘ ફુતુહાત-ઈ-આલમગીરી ’ હજુ અપ્રગટ છે. એની એક માત્ર હસ્તપ્રત લંડનના બ્રિટિશ મ્યૂઝિયમમાં સચવાયેલી છે, અને તેનો ઉપયોગ સુપ્રસિદ્ધ ઇતિહાસકાર શ્રી. જદુનાથ સરકારે ઔરંગઝેબ વિષેનો પોતાનો મહાગ્રન્થ લખવામાં કર્યો હતો. પરંતુ મૂળ ફારસી તવારીખનું પ્રકાશન ગુજરાતની કોઈ સંસ્થાએ કરવા જેવું ગણાય.

રાજા છબિલદાસ બહાદુર તથા એમના કુટુંબીઓ અને વંશજો ગિરધર બહાદુર, દયા બહાદુર, ચમન બહાદુર ઉર્ફે ભવાનીરામ, રાજા ગુલાબરાય, રાજા આનંદરાય વગેરેએ ઔરંગઝેબ પછીના ઉત્તર મોગલયુગમાં રાજ્ય પ્રકરણ અને યુદ્ધકલાના વિષયમાં મોટી નામના મેળવી હતી. કવિ નર્મદાશંકરે ‘ હિન્દુઓની પડતી ’ એ કાવ્યમાં તેમને બિરદાવતાં કહ્યું છે :

રાજા છબિલારામ, જજિયો માફ કરાવ્યો;
જનહિતેચ્છુ તેહ, પ્રજાને મન બહુ ભાવ્યો.
સુબા માળવા માંહ્ય, અમલ રાજા ગિરધરનો;
થયો નાગર આજ, કહાં છે ઊંચા ઘરનો ?
યુદ્ધ મરાઠા સાથ, દયાએ ખૂબ મચાવ્યું;
નામ તવારીખ માંહ્ય, શૂરવીરોમાં રાખ્યું.

છબિલારામ ગુજરાતના નાગર હતા, પણ તેઓ ક્યાંના વતની હતા એ નક્કી થઈ શકે એમ નથી. પરન્તુ તેમની કર્મભૂમિ દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં હતી. ઉત્તર પ્રદેશમાં વસેલા ગુજરાતી નાગરો આજે પણ ત્યાં ‘ સિપાહી નાગર ’ તરીકે ઓળખાય છે એ વસ્તુ તેમના જેવા પરાક્રમી પુરુષોએ સ્થાપેલી પરંપરાનું સ્મરણ કરાવે છે. છબિલારામના પુત્ર દયા બહાદુરની પુત્રી વેણીકુંવરનું લગ્ન જૂનાગઢના નાગર ગૃહસ્થ કુંવરજી મહેતા સાથે થયું હતું. કુંવરજી અને વેણીકુંવરના પુત્ર તે જૂનાગઢના સુપ્રસિદ્ધ દીવાન અને વીર મુત્સદ્દી અમરજી. અમરજીના પુત્ર રણછોડજીએ ‘ તવારીખે સોરઠ ’ એ નામના પોતાના ફારસી ઇતિહાસગ્રન્થમાં કહ્યું છે કે, દિલ્હીના પુરાણા કિલ્લામાંના એક કૂવામાંથી અકબર બાદશાહને બે શિવલિંગ મળ્યાં હતાં અને તે શાહી દેવઘરમાં પુજાતાં હતાં. ફરૂખશિયર બાદશાહે એમાંનું એક શિવલિંગ છબિલારામને ભેટ આપ્યું હતું અને દયા બહાદુરે પોતાની પુત્રી વેણીકુંવરને એ કન્યાદાનમાં આપ્યું હતું. બુદ્ધ બાવા નામથી ઓળખાતું એ બાણ જૂનાગઢમાં લક્ષ્મીશંકર દીવાનના કુટુંબમાં આજ સુધી છે અને બુદ્ધેશ્વર નામથી ઓળખાય છે. છબિલારામના ભાઈ હૃદયરામે કાશીના નાગર બ્રાહ્મણોને આપેલી બ્રહ્મપુરી અને તેનું દાનપત્ર આજે મોજૂદ છે અને લખનૌમાં ‘ રાનીકા કત્રા ’ નામની બજાર છબિલારામની પત્નીએ બંધાવી હતી એવી કિંવદંતી છે. ફરૂખશિયર અને જહાંદરશાહ વચ્ચે આગ્રા પાસે યુદ્ધ થયું અને મુખ્યત્વે સિપાહી નાગરોની સહાયથી ફરૂખશિયરનો વિજય થયો; તેમાં છબિલારામ વગેરેના પરાક્રમનું વર્ણન કરતું ‘ જંગનામા ’ એ નામનું હિન્દી કાવ્ય અલ્હાબાદનિવાસી કવિ શ્રીધર અથવા મુરલીધરે તે સમયે રચેલું છે. આ યુદ્ધ થયું ત્યાર પહેલાં જ, છબિલારામ અને દયા બહાદુર મોગલ સામ્રાજ્યમાં ઊંચા લશ્કરી ઓદ્ધાઓ ઉપર હતા. પરન્તુ એ

પછી ફરૂખશિયર બાદશાહે છબિલારામને 'દીવાને ખાલસા' એટલે નાણાપ્રધાન તરીકે નીમ્યા તથા પાંચ હજારી મનસબદારનો અને રાજા બહાદુરનો એમ બે ખિતાબો આપ્યા. પરન્તુ છબિલારામે કોઈ વિશેષ અંગત લાભ મેળવવાને બદલે, ઔરંગઝેબના સમયથી—ચોત્રીસ વર્ષથી ચાલ્યો આવતો જજિયાવેરો રદ્દ કરવાનું ફરમાન ફરૂખશિયર પાસેથી મેળવીને સમસ્ત હિન્દુ પ્રજાના આશીર્વાદ મેળવ્યા. બાદશાહી ફરમાનના મૂળ ફારસી લેખ સાથે તત્કાલીન મોગલ સામ્રાજ્યના ચાર સર્વોચ્ચ અધિકારીઓનાં ચિત્ર છે, જેમાં મોગલાઈ પોશાકમાં છબિલારામની સુન્દર છબિ પણ છે.

આ વીર મુત્સદ્દીનું, શત્રુઓના કપટી વિષપ્રયોગથી ઈ. સ. ૧૭૧૯માં અવસાન થયું હતું. એમનું પરાક્રમી, સાહસિક પણ નિષ્કલંક જીવન સ્મરણીય છે.

[આકાશવાણીના સૌજન્યથી]

ગૌર્જર અપભ્રંશ વિષે વધુ

ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ

શ્રી. કેશવરામ કા. શાસ્ત્રીએ "ગૌર્જર અપભ્રંશ" એ નામકરણને વધુ મહત્ત્વ આપી પ્રચલિત કર્યું છે. આ નામકરણ એઓએ આચાર્ય હેમચંદ્રે રજૂ કરેલા અપભ્રંશને આપ્યું છે. એમના કહેવા મુજબ "આ૦ હેમચંદ્રનો અપભ્રંશ એમાં સાહિત્યકીય (standard) અપભ્રંશ કરતાં જે કાંઈ વિશેષ છે તે આ દેશનું છે; પણ તે સાથે જે કેટલુંક એવું છે કે જે વિકલ્પથી રહેલું છે, તે અપભ્રંશની વિશાળ વ્યાપકતાનું સૂચક છે, એ વાતને આપણે કદી જતી ન કરી શકીએ.

भल्ला हुआ जु मारिआ बहिणि महारा कन्तु।
लज्जेज्जं तु वअंसिसअहुं जइ जग्गा घरु एन्तु॥

આ એક જ ઉદાહરણ લઈએ. અપભ્રંશની પ્રકૃતિ પ્રમાણે भल्लउ, हूउ, मारिउ, महारउ, भग्गउ એવાં રૂપો થાય, છતાં અહીં भल्ला, मारिआ, महारा, भग्गा એવાં જે રૂપો પ્રયોજાયેલાં છે, તેણે આ ભાષાની વિશાળતા આપણી પાસે અવશ્ય રજૂ કરી છે. હિંદની ભાષાઓમાં आ–યૂથ અને ओ–યૂથની ભાષાઓ છે.—ગૂજરાતી, મારવાડી, પંજાબી, વ્રજ વગેરે ओ–યૂથની ભાષાઓ છે, જ્યારે પૂર્વ હિંદી–બંગાળી–મરાઠી વગેરે आ–યૂથની ભાષાઓ છે. આમ મૂળ વ્યાપક ભાષામાંથી વધઘટ અને સંકોચ થતાં એક રૂપ એક દેશમાં સંકુચિત બન્યું તો બીજું રૂપ બીજા દેશમાં સંકુચિત બન્યું, ને તાર્તીયિક પ્રાકૃતોનો ઉદ્ભવ થયો. વર્તમાન દેશભાષાઓ એ આનું પરિણામ છે.

એટલે આ૦ હેમચંદ્રના અપભ્રંશને તેની પ્રાન્તીય લાક્ષણિકતાએ "ગૌજર અપભ્રંશ" કહેવામાં મને બાધ જણાતો નથી." (શ્રી. કે. કા. શાસ્ત્રી, આપણા કવિઓ, ખંડ ૧લો, ઉપોદ્ઘાત, પૃ. ૩૭).

એ જ ગ્રન્થમાં, ગૌર્જર અપભ્રંશ વિષે, વધુ ચર્ચા (એજન, પૃ. ૯–૨૧ ઉપર) કરીને શ્રી. કે. કા. શાસ્ત્રીએ ગૌર્જર અપભ્રંશ અને તેમાંથી કાલક્રમે થયેલ ગૂજરાતીની નીચે મુજબ કાલમર્યાદા આંકી છે:

૧. ગૌર્જર અપભ્રંશ કે પ્રાચીન ગૂજરાતી

(ઈ.સ.ની ૬ટ્ઠીથી ૧૪મી સદીના પૂર્વાર્ધ સુધી)

अ. પ્રથમ ભૂમિકા (૧૧મી સદી સુધી)

ब. દ્વિતીય ભૂમિકા (૧૪મી સદીના પૂર્વાર્ધ સુધી)

૨. ગુર્જરભાષા કે મધ્યકાલીન ગૂજરાતી

(ઈ. સ.ની ૧૪મી સદીના ઉત્તરાર્ધથી ૧૭મીનો પૂર્વાર્ધ)

अ. પ્રથમ ભૂમિકા (શુદ્ધ) (૭૫ વર્ષ)

ब. દ્વિતીય ભૂમિકા (મિશ્ર) (૭૫ વર્ષ)

क. તૃતીય ભૂમિકા (શુદ્ધ) (૭૫ વર્ષ)

ड. ચતુર્થ ભૂમિકા (મિશ્ર) (૭૪ વર્ષ)

૩. અર્વાચીન ગૂજરાતી

(ઈ. સ.ની ૧૭મી સદીના ઉત્તરાર્ધથી)

अ. પ્રથમ ભૂમિકા (૧૯મીની પહેલી પચીશી સુધી)

ब. દ્વિતીય (ભૂમિકા અત્યારે ચાલુ)[૧]

આ ગૌર્જર અપભ્રંશનાં વિશિષ્ટ લક્ષણોની ચર્ચા શ્રી. કે. કા. શાસ્ત્રીએ એ જ ગ્રન્થમાં પૃ. ૨૩ થી આગળ કરી છે. પણ આ અપભ્રંશને ગૌર્જર અપભ્રંશ એવું નામકરણ આપવામાં શ્રી શાસ્ત્રીએ ખાસ તો ભોજે સરસ્વતીકંઠાભરણમાં જે ટકોર કરી છે કે **अपभ्रंशेन तुष्यन्ति स्वेन, नान्येन गौर्जराः** એનો જ આધાર લીધો છે.

પણ આ માટે વધુ સચોટ પ્રાચીન પુરાવો જરૂરી ગણાય. એ પુરાવો જે હજુ એટલો જાણીતો નથી થયો તે, ગુજરાતીના વિદ્વાનોના ધ્યાન પર લાવવા માટે આ નોંધ લખી છે. આ પુરાવો પણ આપણને ભોજરાજ જ આપે છે. ભોજરાજના 'શૃંગારપ્રકાશ'માં ગૌર્જર અપભ્રંશ એવું સ્પષ્ટ નામકરણ મળે છે એથી જ શ્રી. કે. કા. શાસ્ત્રીએ કરેલા નામકરણને હવે 'શૃંગાર-પ્રકાશ' જેટલા પ્રાચીન ગ્રન્થનો સ્પષ્ટ આધાર મળી રહે છે.

'શૃંગારપ્રકાશ'ના તૃતીયપ્રકાશ(પ્રકરણ)માં ત્રણ પ્રકારના પ્રાકૃતના અને ત્રણ પ્રકારના અપભ્રંશના ભેદો બતાવ્યા છે,[૨] તે નોંધપાત્ર છે:—

प्राकृतं त्रिधा, सहजं, लक्षितं श्लिष्टं च। तेषु सहजं द्विधा —संस्कृतसमं देश्यं च। तयोस्संस्कृतसमं यथा—

सरले साहसरागं परिहर रम्भोरु मुञ्च संरम्भम्।
विरसं विरहायासं वोढुं तव चित्तमसहं मे॥[3]

देश्यं यथा—

विप्प अपि आपु आणुणाहं षडरसमं परिहसंतेई।
वासअर विणडिओ विसं ललंस्व णावेसि॥

लक्षितं द्विधा, महाराष्ट्रं शौरसेनं च तयोर्महाराष्ट्रं यथा—

---

૧ શ્રી. કે. કા. શાસ્ત્રી, આપણા કવિઓ, ખંડ ૧લો, પૃ. ૧૨-૧૩.

૨ શ્રી. જી. આર. જોસીએર-સંપાદિત, શૃંગારપ્રકાશ (પહેલા આઠ પ્રકાશ)ની આવૃત્તિ, શ્રી. જી. એસ. જોસીએર કોરોનેશન પ્રેસ, ૧૦૦, ફીટરોડ, માયસોર (ઈ. સ. ૧૯૫૫) તરફથી પ્રસિદ્ધ થઈ છે.

૩ સરસ્વતીકંઠાભરણ (કાવ્યમાલા સિરિઝ), પરિચ્છેદ ૨, શ્લો. ૭, પૃ. ૧૨૫ ઉપર આ જ શ્લોક આપ્યો છે ત્યાં વોઢુંનો પાઠાન્તર સોઢું છે.

णमह अवक्किअतुंगं अविसारिअवित्थअं अणोणअगहिरं ।
अप्पळहुअपरिसह्णं अणाअपरमन्थपाअडं महुमहणं ॥

शौरसेनं यथा—××××× [મુદ્રિત ગ્રન્થમાં જણાવ્યા પ્રમાણે ઉપલબ્ધ પ્રતિમાં આ પાઠ પડી ગયો છે. પણ, સરસ્વતીકંઠાભરણ, પરિચ્છેદ ૨, ગાથા ૫ તરીકે, પૃ. ૧૨૫ ઉપર શૌરસેનીનું ઉદાહરણ નીચે પ્રમાણે ભોજે આપેલું છે તે જ કદાચ આ ગ્રંથમાં પણ હશે—

तुं सि मए चूअङ्कुर दिण्णो कामस्स गहिदधणुहस्स ।
जुवइमणमोहणसहो पञ्चब्भहिओ सरो होहि ॥

श्लिष्टं द्विधा, पैशाचं मागधं च । तयोः **पैशाचं यथा**—

फनमथ चन अप्पकुवि अकाधी चरणकिपटि अपटि ।
पिप्पंतसु नखतप्पनेसुं एतासतनुततरं रुतं ॥[1]

मागधं यथा—

हदमाणुशमंशभोयणं कुंभशहाशवशाहिशच्छिदं ।
अणिशंअ पिवामि शोणिदं वलिशशदं शमलेण भोयदु ।[2]

---

૧ સરસ્વતીકંઠાભરણ, ૨, ૪, પૃ. ૧૨૪ ઉપર પૈશાચીનું આ જ ઉદાહરણ નીચે પ્રમાણે છાપ્યું છે:—

पनमत पनअपकुप्पितगोली चलनग्गलग्गपडिबिम्बम् ।
तससु नहतप्पनेसु एआतसतनुधलं लुद्दम् ॥ ४ ॥

શ્રી હેમચન્દ્રાચાર્યે પોતાના પ્રાકૃત વ્યાકરણના અધ્યાય ૮ (સિદ્ધહેમ, ૮, ૪, ૩૨૬)માં ચૂલિકા પૈશાચીમાં "ર"નો "લ" થાય છે તેના ઉદાહરણમાં પૈશાચીની બે ગાથાઓ આપી છે તેમાંની એક આ ગાથા છે. તે ગાથાઓ નીચે પ્રમાણે છે:—

पनमथ पनय–पकुप्पित–गोली–चलनग्ग–लग्ग–पति–बिम्बं
तससु नख–तप्पनेसुं एकातस–तनु–थलं लुद्दं ॥ १ ॥
नच्चंतस्स य लीला–पातुक्खेवेन कम्पिता वसुधा ।
उच्छल्लन्ति समुद्दा सइला निपतन्ति तं हलं नमथ ॥ २ ॥

આજડે સરસ્વતીકંઠાભરણની ટીકામાં લખ્યું છે તે મુજબ **ગુણાઢયની (અનુપલબ્ધ) બૃહત્કથાની આ આદિ નમસ્કાર-ગાથા છે.** જુઓ ભારતીય વિદ્યા, સિંઘી સ્મૃતિગ્રન્થ નિબંધ-સંગ્રહમાં પૃ. ૨૩૧–૨૩૩ ઉપર મુ. જિનવિજયજીની નોંધ.

પૈશાચીના એક વિસ્તૃત ગદ્ય ઉદાહરણ માટે જુઓ મુદ્રિત કુવલયમાલા, પૃ. ૭૧, પિશાચોની ઉક્તિઓ.

૨ આ પણ સરસ્વતીકંઠાભરણ, ૨, ૩ (કાવ્યમાલા આવૃત્તિ)માં નીચે પ્રમાણે છાપી છે—

शद माणुशमंशभालके कुम्भशहश्श वशाहि शञ्चिदे ।
अणिशं च पिआमि शोणिदे वलिशशदे शमले हुवीअदि ॥

આ ગાથા ભટ્ટનારાયણકૃત **વેણીસંહાર**, અંક ૩ના આરંભમાં છે:—

हदमाणुशमंश भोअणे कुम्भशहश्शं वशाहि शंचिए ।
अणिशं अ पिवामि शोणिअं वलिशशदं शमले हुवीअदु ॥

વેણીસંહાર, પ્રો. ગજેન્દ્ર ગડકર-સંપાદિત (મુંબાઈ, ૧૯૪૧), પૃ. ૫૪.

શ્રી. જીવાનન્દ વિદ્યાસાગરની કલકત્તાથી ઈ. સ. ૧૮૭૫માં પ્રસિદ્ધ થયેલી વેણીસંહારની આવૃત્તિમાં, પૃ. ૭૦ ઉપર જુદો પાઠ છે જેમાં મોટે ભાગે 'श'ને બદલે 'स' છાપેલ છે.

अपभ्रंशस्त्रिधा । उत्तमो मध्यमः कनिष्ठश्च । तेष्वावन्त्यलाटीयादिरुत्तमः । तत्रावन्त्यो यथा—

एकदू अ सळोणी अळ आहरणसुसंठवी अच्छि
उवलंपटं वीवउकहिम्मळं भट्टएबटपिं अमइए ।
उणजाणिउं विरहातुरणु जूरिअए मज्झ
हरोदावणुदिण्णुवहिणे विण्णूरि अ ए ॥[1]

लाटीयो यथा—

[2]हिर(य)उ हरन्तहो चोरहो ए भुजिदन्दुहले
जप्पिउपणव्व सच्छिले विलोइ अउगणे ।
एहूपुणपिण गणत्थणि (एहु पुण पीणधणत्थणि) संथहउक्कपणु (कवणु)
जव्चंदाणमेदिज्जइ (जं चंदाणणे दिज्जइ) अहरहोदन्तपणा
(अहरहोदंत-वणु) ॥

आभीरगौर्जरादिर्मध्यमः । तयोराभीरो यथा—

लवियव्फउ बीउदुद्दडाकउ हहाण एच्छसि पुतहोमत्थजिभु ।
जळदहिडां उजं मे वि जवि आआसि ॥

[ઉપરનો પાઠ 'શૃંગારપ્રકાશ'ની છાપેલી પ્રતિનો છે, પણ 'સરસ્વતીકંઠાભરણ,' ૨, ૬, પૃ. ૧૨૫ ઉપર આ જ ગાથા નીચે મુજબ છે:—

नातिहीनपात्रप्रयोज्योऽपभ्रंशः शुद्धो यथा—

लइ वप्पुल पिअ दुद्धं कत्तो अम्हाणहुं छासि ।
पुत्तहुमत्थे हत्थो जइ दहि जम्मेवि जअ आसि ॥ ६ ॥

આ ઉદાહરણ માટે 'સરસ્વતીકંઠાભરણ'માં **अपभ्रंशः शुद्धो** એટલો જ પ્રયોગ કર્યો છે, કદાચ **आभीरापभ्रंशः** એવો મૂળ પાઠ હોય તે છપાયેલી આવૃત્તિ માટે વપરાયેલ આદર્શ-હસ્તપ્રતમાં પડી ગયો હોય એમ પણ બને.]

गौर्जरो यथा—

अव अल्खो च्वी समुद्दु तरिसि लदु(हु ?) हि गरुकाणि ।
मन्दो हि ए(हिअएण ?)पि लहिअउ उजंपरुच्चइतें व अणि (वाणि ?) ॥

---

૧ રાસાવલય કે રાસક છંદ લાગે છે એવું ડૉ. ભાયાણીનું અનુમાન છે. 'સંદેશરાસક'માં છે તે ૨૧ માત્રાના ચાર ચરણવાળો છે. ઉપરનો પાઠ શુદ્ધ કરી શકાયો નથી, મુદ્રિત પ્રતિના પાઠમાં ખાસ સુધારા કરી શકાય એવી પ્રતિ કે અન્યત્ર આ જ અવતરણ મળે નહિ ત્યાં સુધી આ ગાથાનો પાઠ કે બરાબર અર્થ સમજવા કઠિન છે.

૨ આ પણ મૂળ અશુદ્ધ છપાયેલ ગાથા છે. કૌંસમાં આપેલા સુધારા ડૉ. ભાયાણીએ સૂચવ્યા છે તે માટે તેમનો આભારી છું.

काश्मीरपौरस्त्यादि कनिष्ठः । तयोः काश्मीरो यथा—

कंवळि आळ ए (किंव णिहालए ?) कंते कुदुच्छलदन्तहि
विठि सुद्धि एमं इवि आलसीलंति ।
सव अंगापिदुसरासहि खवाचिदुं
फलिनन्तेकी आआसण अईदसि ॥

पौरस्त्यो यथा—

महणाहि अंकुटुंबि सामइन्दीहिरेरेभाउ जपिहुरि ।
विण्णउजान्तां वब्हरिवामेक्के रे धूजे वासां हावाथि ।
आंखी जणु कणांसहुं काजाथितेहाथेञ्चित उदूकराए ।
वळ आच्छइणी जीव उपाथरूस अणइ भवणहिं वाच्छरं ॥

'શૃંગારપ્રકાશ' (તૃતીયપ્રકાશ), પૃ. ૧૦૨-૧૦૩.

'શૃંગારપ્રકાશ'ની વધુ હસ્તપ્રતો મળેથી ઉપરના પાઠો હજુ વધુ શુદ્ધ થવાનો અવકાશ છે. ગુજરાત-રાજસ્થાનના ભંડારોમાં આ આખો ગ્રન્થ અથવા તેના થોડા ભાગ પણ મળવા સંભવ ખરો. છપાયેલી પ્રતિ, કેરલમાંથી મળેલી પ્રતિ, જે હાલ મદ્રાસમાં છે તે તથા મૈસુર રાજ્યમાં મેલકોટેના શ્રીયતિરાજ સ્વામીને મળેલી બીજી કેટલીક પ્રતિઓ ઉપરથી સંપાદિત થયેલ છે.

ઉપરના ઉલ્લેખ પરથી સમજાશે કે ઈ. સ. ૧૦૪૦ આસપાસ ભોજદેવે આવન્ત્ય, લાટીય, આભીર અને ગૌર્જર અપભ્રંશને જુદા જુદા નામ આપી ગણાવ્યા છે.

કલ્યાણના ચાલુક્ય રાજા સોમેશ્વરે (ઈ. સ. ૧૧૩૧ આસપાસ) રચેલા 'માનસોલ્લાસ' અપરનામ 'અભિલષિતાર્થચિન્તામણિ'નો બાકીનો ભાગ તાજેતરમાં પ્રાચ્ય વિદ્યામન્દિર, વડોદરા તરફથી ગાયકવાડ ઓરિએન્ટલ સિરિઝ (જી. ઓ. એસ.)માં પ્રસિદ્ધ થયો છે. એમાં ગીતવિનોદ-વિભાગમાં લેખકે કર્ણાટ અને લાટની ભાષાઓનો ઉલ્લેખ કર્યોછે. દાખલા તરીકેઃ—

गद्ये वा पद्यबन्धे वा तालद्वयनियोजिता ।
प्रश्नोत्तरपदैः पादैर्गेयं(या) स्यात् शुकसारिका ॥ ३२८ ॥

कर्णाटलाटभाषाभ्यां प्रश्नोत्तरपदैर्युता ।
गीयते सा(या) नु(तु) गीतज्ञैः सा भवेत् शुकसारिका ॥ ३२९ ॥

[1]पले लालीनीते [2]टुतहोल्लि वृत्तं हि दहे

---

૧ શુકસારિકાનું જે ઉદાહરણ ગ્રન્થકારે આપ્યું છે તેના શુદ્ધ પાઠ તથા અર્થની ખબર નથી, પણ 'માનસોલ્લાસ'ની બીજી પ્રતિઓમાંના પાઠભેદ છાપેલા ગ્રન્થમાં પાદનોંધમાં જેમ આપ્યા છે તેમ આપું છું. સંપાદક સદ્ગત શ્રીયુત શ્રીગોંદેકરે જે પ્રતિઓનો ઉપયોગ કર્યો હતો તે જોઈ એમણે છાપેલા પાઠો સાથે સરખાવી લીધી છે. એમણે નોંધેલી D સંજ્ઞક પ્રતિ બીકાનેરની છે તે એમણે ઉપયોગમાં લીધેલી પ્રતોમાં વધુ જૂની અને શક ૧૫૯૨માં લખાયેલી છે. એના પાઠ એમણે પાદનોંધમાં લીધા છે. એમાંના કેટલાક પાઠ સારા છે પણ આ આખા દૃષ્ટાન્તનો પાઠ શુદ્ધ કરનારની સરળતા માટે, મેં છાપેલો પાઠ તથા પાઠાન્તર મુદ્રિત પ્રતિની માફક જ અહીં આપ્યા છે, અને D પ્રતિનો પાઠ પાદનોંધમાં જ આપું છું.

૨ D. प्रति—टुतहोल्लिवुत होदेहे

[1]निंदेनागेहे लानिल्लु हठ्ठ पोतुं न जाणइ
माएतोदीनासा। छांडु छांडु [2]मयिजा इत्वं
वा गोपिदसुकुखेलण एने देहम् ॥
[3]निनेदात्तरिए गोविन्दने देहे एतगातनंतोशोतोह्मणि
कहामणि काहाम्हसि वाउलिपि नारायणु जगहकारा गोसांवी ॥ ३३० ॥

ईदृक्प्रश्नोत्तरैर्युक्ता वाञ्छितार्थेऽभियोजिता।
रसेन येन केनाऽपि गातव्या शुकसारिका ॥ ३३१ ॥

માનસોલ્લાસ, વૉલ્યુમ ૩, પૃ. ૩૭

એટલે શુકસારિકાનો ઉપર આપેલો નમૂનો પ્રશ્નોત્તરરૂપે છે. એ કયી ભાષામાં છે? સંભવતઃ એ કર્ણાટકની પ્રાચીન કન્નડમાં હોઈ શકે, પણ ઉપર આપેલા શ્લોક ૩૨૯નો વિચાર કરતાં કર્ણાટ અને લાટ ભાષાઓમાં ક્રમશઃ પ્રશ્ન અને ઉત્તર રૂપે સંમિશ્રણવાળો નમૂનો છે? 'સરસ્વતીકંઠાભરણ'માં આવા પ્રયોગોના નમૂના માટે જૂઓ, 'સરસ્વતીકંઠાભરણ', પરિચ્છેદ ૨, શ્લો. ૮, ૯, ૧૧ તથા સંકીર્ણભાષા પ્રયોગ માટે શ્લો. ૧૦, પૃ. ૧૨૬–૧૨૭.

'માનસોલ્લાસ'ની ગીતવિંશતિમાં (ગીતવિનોદ-વિભાગમાં), શ્લો. ૩૫૯થી એક મોટો પાઠભેદ પાદનોંધમાં છાપ્યો છે. એ આખો લાંબો પાઠાન્તર, D. સંજ્ઞક પ્રતિનો, એટલે બીકાનેરના (ભૂતપૂર્વ) રાજાના સંગ્રહમાંની, શક ૧૫૯૨માં લખાએલી પ્રતિનો હોઈ મુદ્રિત માનસોલ્લાસ વૉલ્યુમ ૩, પૃ. ૪૧ની પાદનોંધથી શરૂ થઈ પૃ. ૬૧ સુધી છાપેલો કુલ ૨૧૦ શ્લો. જેટલો લાંબો પાઠ નોંધપાત્ર છે. એ D. પ્રતિવાળા પાઠમાંથી છાપેલા શ્લો. ૭૫–૮૦ (માનસોલ્લાસ, વૉ. ૩, પૃ. ૪૯) નોંધપાત્ર હોવાથી નીચે આપ્યા છે:

प्रथमे च तृतीये च कला भुवनसङ्ख्यया।
द्वितीये च तुरीये च मात्राः स्युः सूर्यसङ्ख्यया ॥ ७५ ॥

[4]द्वितीये च चतुर्थे च यमकप्रा(कं प्रा)न्ततो भवेत्।
स दोहद इति ख्यातः कर्तव्यो लाटभाषया ॥ ७६ ॥

---

१ D. प्रतिः—निंदेन गेलानिलु हंठं न न जाणउ माएतोरीना स छांडु छाडु।

२ D. प्रति—मइं जाई वो गोविंद सहखेलण एनेदेहो

૩ A. પ્રતિ. (ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટ, પૂનામાંની, સં. ૧૯૩૦માં લખાયેલી)—
नीनीतेंदातरिए गोविंदे हें एत गात त तोरांतोहम्हिणिकाहां म्हणसि
वाउलिपनायणु जगहकेरु गोसावि।

૪ શ્લોક ૭૬–૮૦નો પાઠાન્તર, અન્ય પ્રતોમાંથી ઉપલબ્ધ તે, છપાયેલા ગ્રન્થમાં, પૃ. ૬૮ ઉપર શ્લો. ૪૨૦–૪૨૪ તરીકે આપેલો છે, જ્યારે ઉપરનો શ્લો. ૭૫ એ પૃ. ૬૮ ઉપર ઉપલબ્ધ નથી. આ પાઠાન્તર કયી પ્રતિનો છે તેની સંપાદકે નોંધ નથી કરી, પણ આદર્શ પ્રતિઓમાંની A. પ્રતિ (પૂના, ભાં. રી. ઈ. વાળી, સં. ૧૯૩૦માં લખાયેલી)ને મળતો આવે છે તે A. પ્રતિ પ્રમાણે સુધારી નીચે પ્રમાણે છે:—

प्रथमे च तृतीये च यमकं प्रान्ततो भवेत्।
स दोह[द] इति विख्यातः कथितो लाटभाषया ॥ ४२० ॥

[1]गोविनयनहजोरस्वैजो कंसखयकालु ।
सो अम्ह दुरिअई वहरउ कन्ह भराडावालु ॥ ७७ ॥

पूर्वार्द्धे तालहीनस्तु गातव्यो **बयकारकैः**[२] ।
तालेन वाथ सम्पूर्णो दोहदं(दो) गीतवेदिभिः ॥ ७८ ॥

दोहदस्य तथा चार्थं(चार्द्धं) पादद्वयविवर्जितम् ।
द्वितीयं किञ्चिदावक्ष्ये(वर्त्यं) गातव्यं झम्बडाभिधम् ॥ ७९ ॥

दोहदस्य यदा चान्ते क्रियते डोल्लरीपदम् ।
डोल्लरी नाम सा प्रोक्ता गीयते **लाटभाषया** ॥ ८० ॥

ઉપરના બે ગ્રન્થકારોનાં અવતરણો ઉપરથી સ્પષ્ટ છે કે ઈ. સ.ના અગિયારમા સૈકામાં પ્રાચીન ગુર્જર પ્રદેશની બોલી–અપભ્રંશ–નું ગૌર્જર–અપભ્રંશ એ નામ પ્રચલિત થઈ ગયું હતું, અને "લાટ–ભાષા" પણ અસ્તિત્વમાં હતી. તો હાલની ગુજરાતી અને સોમેશ્વરે જેનો ઉલ્લેખ કર્યો છે તે લાટ–ભાષાનો સંબંધ કેવો અને કેટલો ? ભોજે "લાટીય" અને "ગૌર્જર" બેઉને જુદા ગણાવ્યા છે એટલે સોમેશ્વરની "લાટ–ભાષા"ને જ ગૌર્જર–અપભ્રંશ કહી શકાય નહિ, અને લાટ–ભાષા એ એક બોલી જ હતી કે એમાં સાહિત્ય—થોડું કે વધારે—રચાયું હતું ? ભોજ કે સોમેશ્વર ગૌર્જર અપભ્રંશ કે લાટ–ભાષાના ઉદાહરણરૂપ છૂટક ગાથાઓ આપે તે ઉપરથી એમાં સાહિત્યિક રચનાઓ થઈ હતી એમ કહી શકાય ? એવી છૂટક ગાથાઓ ગોષ્ઠીઓમાં કે સામાન્ય

गोरीनयणहंजोरस्वैजो कंसहखयकालु।
सो अम्हण दुरिअइ यवहरउ कन्हु भराडावालु ॥ ४२१ ॥

पूर्वार्द्ध ता(स्ता)लहीनस्तु गातव्यो **गेयकारकैः** ।
तालेन वाथ सम्पूर्णो दोहदो गीतवेदिभिः ॥ ४२२ ॥

दोहदस्य तथा चार्द्ध पापद्वयविवर्जितम् ।
द्वितीयं किञ्चिदावर्त्यं गातव्यं सब(झोम्ब)डाभिधम् ॥ ४२३ ॥

दोहदस्य पदस्यान्ते(यदा चान्ते) क्रीडते डोल्लरीपदम् ।
डोल्लरी नाम सा प्रोक्ता गीयते **लाटभाषया** ॥ ४२४ ॥

૧ ડૉ. ભાયાણીએ નીચે મુજબ સુધારો સૂચવ્યો છે જે માટે તેમનો આભારી છું :

गोवी-नयनह जो × × × (?)
जो कंसह खयकालु ।
सो अम्ह दुरियइं अवहरउ
कम्हु भडारा बालु ॥

ભડારા = ભટ્ટારક भडारउ અને भडारय એ શબ્દો 'ભટ્ટારક' એ અર્થમાં કુવલયમાલામાં વપરાયેલા છે પણ ઉપલબ્ધ પ્રતિઓમાં પાઠ છે 'ભરાડા', નહિ કે 'ભડારા'. ગુજરાતીમાં ભરવાડ=ગોપ શબ્દ છે જે મૂળે મરાઠીમાંથી આવ્યો મનાય છે. મરાઠીમાં 'ભરાડ' શબ્દ એ જ અર્થમાં, ગોધળી લોકો માટે વપરાય છે. જુઓ, મરાઠી જ્ઞાનકોષ, ભાગ ૫, પૃ. ૨૩૪૧. ગુજરાત વિદ્યાપીઠના જોડણીકોષમાં પણ આ શબ્દ મરાઠીમાંથી આવ્યો માન્યો છે. (ભડારા–) ભરાડા = ભટ્ટારક એમ લેવું કે ભરાડા = ભરવાડ લેવું ? વળી ઉપર जोरस्वैजो એમ છે તે जो रं(= यः किल) चोरो એમ હશે ?

વ્યવહારમાં પ્રચલિત થઈ હોય તેથી સાહિત્યિક ભાષા તરીકે પ્રચલિત હતી એમ કહી શકાય નહિ એમ કોઈ કહે. પણ, બીજી તરફ આપણે ઉપર જોયું તેમ ભોજે આપેલાં જુદાં જુદાં ઉદાહરણો, ગુણાઢ્યની બૃહત્કથા, વેણીસંહાર જેવા ગ્રન્થોમાં મળે છે એ ઉપરથી કહી શકાય કે આવાં અવતરણો આપતી વખતે ભોજે જાણીતી સાહિત્યિક રચનાઓનો આશ્રય લીધો હશે, અને વિશિષ્ટ નામકરણથી ગણાવવી પડે એટલા પ્રમાણમાં એ ભાષાઓમાં સાહિત્ય રચાયું હશે. એનો અર્થ એવો નથી કે હેમચંદ્રાચાર્યે રજૂ કરેલ અપભ્રંશ તે ગૌર્જર–અપભ્રંશ જ છે, અને શ્રી. કે. કા. શાસ્ત્રી ધારે છે તેમ ગૌર્જર–અપભ્રંશ અથવા પ્રાચીન ગુજરાતીની પ્રથમ–ભૂમિકાની શરૂઆત ઈ. સ.ની ૬ઠ્ઠી સદીથી ગણી શકાય એમ શ્રદ્ધાપૂર્વક કહેવા માટે આપણી પાસે હજુ પૂરતા પુરાવા નથી, છતાં એટલું તો ચોક્કસ કે લાટી અને ગૌર્જર બોલીઓની વિશિષ્ટતાઓ ઉદ્યોતનસૂરિને જાણીતી હતી. વિક્રમ સં. ૮૩૫ (ઈ. સ. ૭૭૮)માં પોતે રચેલી ‘કુવલયમાલાકથા’માં ઉદ્યોતન-સૂરિની રચેલી નીચેની ગાથાઓ ગુજરાતી ભાષાના વિદ્વાનોને જાણીતી છે.[૧]—

> घयलालियपुट्ठंगे, धम्मपरे संधिविग्गहं णिउणे ।
> ‘णउ रे भल्लउ’ भणिरे अह पेच्छइ गुज्जरे अवरे ॥
>
> ण्हाउलित्त-विलित्ते कयसीमंते सुसोहियसुगत्ते ।
> ‘आ हम्ह काइं तुम्ह मित्तु’ भणिरे पेच्छए लाडे ॥

એટલે ઉદ્યોતનસૂરિના સમયથી જુદી ગણાતી ગુર્જર અને લાટ-બોલી અથવા દેશભાષાઓ અગિયારમા બારમા સૈકા સુધીમાં સમૃદ્ધ થઈ એમાં થોડું સાહિત્ય રચાયું હોય તો નવાઈ નથી.

સોમેશ્વરે કર્ણાટ અને લાટ ભાષાનો સાથે સાથે ઉલ્લેખ કર્યો છે. હવે જો આપણે એ યાદ રાખીએ કે મહી અને નર્મદા કે તાપી વચ્ચેનો પ્રદેશ લાટદેશ તરીકે સોલંકી યુગમાં જાણીતો હતો અને કર્ણાટ અને લાટનો રાજકીય સંબંધ પશ્ચિમી (બદામીના) ચાલુકયોના સમયમાં થોડો તેમ જ રાષ્ટ્રકૂટોના સમયમાં તો લગભગ દોઢ સૈકા સુધી ચાલુ હતો એટલું જ નહિ પણ એ રાજાઓનો આ પ્રદેશ ઉપર અધિકાર હતો, તો આપણે કહી શકીએ કે ભાષામાં તેમ જ ઇતર સાંસ્કૃતિક બાબતોમાં કર્ણાટક, મહારાષ્ટ્ર (કોંકણપટ્ટી સમેત) અને લાટ વચ્ચે પરસ્પર ઠીકઠીક સાંસ્કૃતિક વિનિમય થયો હશે. આપણી મોઈદંડાની રમતમાં વખત, રેંટ, મૂઠ, નાર વગેરે શબ્દો તે કન્નડ અને દ્રાવિડિ ભાષાઓના એક, બે, ત્રણ, ચાર આદિ માટે વપરાતા શબ્દો પરથી થયેલા છે, દક્ષિણ ગુજરાતની બ્રાહ્મણ અને ઇતર ઉચ્ચ જ્ઞાતિઓમાં, કુટુંબોમાં, આજે પણ ગામડામાં સ્ત્રીઓ દક્ષિણી બહેનોની માફક કચ્છ સાથે સાડી પહેરે છે, તો આવી બધી અસરો થઈ હતી તે સહેલાઈથી સમજી શકાય છે. તે વખતની લાટ-ભાષા અથવા લાટ–બોલી એ ગૌર્જર–અપભ્રંશ અને કર્ણાટક–મહારાષ્ટ્રની તત્કાલીન ભાષાની અસરવાળી હોવી જોઈએ. સોમેશ્વરે આપેલા શુકસારિકાના દૃષ્ટાન્તમાં કર્ણાટ અને લાટભાષાનું જે મિશ્રણ છે તે તો સાહિત્યમાં કૌતુકાર્થે બે કે વધુ ભાષાનું જે મિશ્રણ છે તે તો સાહિત્યમાં કૌતુકાર્થે બે કે વધુ ભાષાઓનાં મિશ્રણ થતાં તેવું અને વૈદગ્ધ્યનું, વિદ્વત્-સંપર્કનું

---

૧ આ કથા હવે સિંઘી જૈનગ્રન્થમાલા (ગ્રંથાંક ૪૫)માં ડૉ. આદિનાથ ઉપાધ્યેએ સંપાદન કરેલી, છપાઈ બહાર પડી છે. અનેક દેશભાષા લક્ષણો બતાવતો આ ભાગ, મુદ્રિત કુવલયમાલાકથાના પૃ. ૧૫૨–૧૫૩ ઉપર છે. એમાં એમણે મારુ-પ્રદેશની દેશ-ભાષા પણ અલગ પાડી બતાવી છે.

દ્યોતક છે પણ જનભાષામાં પણ આ દેશભાષાઓની પરસ્પર અસર ચાલુ હતી એમ લાગે છે. આજે પણ આપણી ભાષામાં ફારસી, અંગ્રેજી શબ્દો ઘણા પ્રચલિત થયા છે તેમ જ શિષ્ટ લખાણો-માં અંગ્રેજી ભાષાની જે અસરો દેખાય છે તે ઉપરથી આપણે અનુમાન કરીએ કે પ્રાચીન સમયમાં લાટપ્રદેશની દેશભાષા ઉપર કર્ણાટક-મહારાષ્ટ્રની અસરો પડી હતી તો કાંઈ ખોટું નથી.

એક બીજો દાખલો લઈએ. જૂની ગુજરાતીમાં ગવૈયા માટે **બઈકાર** શબ્દ છે. ડૉ. ભોગીલાલ સાંડેસરાએ એ શબ્દના વપરાશના કેટલાક જૂના સંદર્ભો આપી બઈકાર=સંગીતકાર એ બતાવ્યું છે. (જુઓ, બુદ્ધિપ્રકાશ, વૉ. ૧૦૯, અંક ૧૦, ઑકટોબર, ૧૯૬૨, પૃ. ૨૯૨-૨૯૪). આ શબ્દનો એથી જૂનો ઉલ્લેખ ઉપર આપેલા માનસોલ્લાસમાંના દોહદ અંગેના અવતરણમાંથી મળે છે, ત્યાં શ્લો. ૭૮માં बयकारक એવો પાઠ D. પ્રતિનો છે. પ્રાચ્ય વિદ્યામન્દિરના મારા સહકાર્યકર પંડિત શાનભોગ (જેઓ મૈસૂર તરફના છે, જેમની માતૃભાષા કન્નડ છે) એમને પૂછતાં જાણવા મળ્યું કે કર્ણાટકમાં "બયલુગાન" એટલે કે મેદાનમાં ગવૈયાઓના ગાન, જલસા, એ અર્થમાં પ્રસિદ્ધ હતું. આ બયલુગાયક ઉપરથી બયલુકારક, બયકારક થયું લાગે છે.[૧] જૂની લાટબોલીમાં આ શબ્દ કર્ણાટકની અસરને લીધે આવ્યો હોય અને જૂની ગુજરાતીમાં પણ એ રીતે આવ્યો હોય. સુધાકલશ-ગણિએ એમના 'સંગીતોપનિષત્સારોદ્ધાર' (વિ. સં. ૧૪૦૬)માં પણ बयकारक શબ્દનો પ્રયોગ સંસ્કૃતમાં કર્યો છે.

ઉદ્યોતનસૂરિએ કુવલયમાલામાં આપેલા એક અપભ્રંશ ગદ્યખંડને ગૌર્જર-અપભ્રંશના ગદ્ય-વાક્યનો દાખલો ગણી શકાય તેમ છે, તે બહુ જાણીતો નહિ હોવાથી અહીં નોંધપાત્ર છે. મુદ્રિત કુવલયમાલાના પૃ. ૬૩ ઉપર લીટી ૧૬થી ૨૬માં જુદા જુદા ગ્રામ-જનો પોતાની બોલીમાં બોલતા હોય એવું બતાવવાનો પ્રયાસ લાગે છે:

तओ भणियं एक्केण गाम-महत्तरेणं ।

'एहु एहउं दुम्मणस्सहुं। सव्वु एउ आयरिउ, तुज्झ ण उ वंकु चलितउं। प्रारद्धउं एवु प्रइ सुगति। प्रोतु वर भ्राति संप्रतु ॥'

तओ अण्णेण भणियं ।

'जं जि विरइदु धण-लवासाए। सुह-लंपडेण तुब्भइं। दुत्थट्ठ-मण-मोह लुद्धउं। तुं संप्रति ब्रोल्लितउं। एतु एतु प्रारध्दु भल्लउं ॥'

तओ अण्णेण भणियं चिर-जरा-जुण्ण-देहेण ।

'एत्थ सुज्झति किर सुवण्णं पि। वइसाणर-मुह-गतउं। कउं प्रावु मित्तस्स वंचण। कावालिय-व्रत-धरणे। एउ एउ सुज्झेज्जणहि।'

---

૧ રેવરન્ડ ઍફ. કિટ્ટેલની કન્નડ-ઇંગ્લિશ ડિકશનેરીમાં, પૃ. ૧૦૭૮ ઉપર बय्=बयिનો અર્થ એ ખુલ્લી જગા, મેદાન એવો આપ્યો છે. બીજો અર્થ to abuse, to revile, ભાંડવું, નિંદા કરવી એવો પણ છે. (મેદાનમાં થતા ગાનમાં ભાંડવાનું ભવાઈ જેવું પણ તે સમયમાં થતું કે નહિ તે ખબર નથી). बयलु અથવા बय्लु = ખુલ્લી જગા, ખેતર અથવા મેદાન એવો અર્થ આપ્યો છે. આ શબ્દ મૂળે દ્રાવિડ છે. મલયાલમ્ ભાષામાં बयल અથવા बयलु શબ્દ છે એમ મારા મિત્ર પંડિત રાઘવન્ નામ્બિયર જણાવે છે.

तओ सयल-द्रंग-सामिणा भणियइ जेट्ठ-महामयहरेण ।

'धवल-वाहण-धवल-देहस्स सिरे भ्रमिति जा विमल-जल । धवलुज्जल सा भडारी । यति गंग प्रावेसि तुहुं । मित्र-द्रोज्झु तो णाम-सुज्झति ।'

ઉપરના ગદ્યમાં मल्लउं એ પ્રયોગ છે. ઉદ્યોતનસૂરિએ દેશીભાષાઓના નમૂના રજૂ કરતાં, ગુજ્જર–ભાષાની વિશિષ્ટતા તરીકે 'णउ रे मल्लउं' એ દૃષ્ટાન્ત આપ્યું છે તે જોતાં ઉપરનો ગદ્યભાગ ગૌર્જર-અપભ્રંશનો, ગુજરાતના ગ્રામ્યજનોની બોલીમાં લખાયેલો છે? વળી ઉપરના અવતરણમાં સકલદ્રંગનો સ્વામી જ્યેષ્ઠ મહામહત્તર છેવટે પોતાનો મત આપે છે. ત્યાં પણ "દ્રંગ" શબ્દ નોંધપાત્ર છે, આ સંદર્ભમાં મૈત્રકોના દાનપત્રોમાં મળતો विनियुक्तक–द्रांगिक–महत्तर આદિ પ્રયોગ ખાસ નોંધપાત્ર છે.

આ આખા યે ગદ્યભાગની ભાષાકીય દૃષ્ટિએ છણાવટ કરી શ્રી. આલ્ફ્રેડ માસ્ટર, લખે છે: આ અવતરણને આપણે અપભ્રંશ ગદ્યનો નમૂનો ગણીએ કે લખાતી ગુર્જર દેશભાષાનો ગણીએ, પણ તે અદ્વિતીય તો છે જ"[૧]

ગૂર્જર-પથિકની બોલેલી બીજી એક ગાથા 'કુવલયમાલા'માં છે, પણ, અપભ્રંશ-કાવ્યત્રયીની પ્રસ્તાવનામાં, ઉપર આપેલા ગદ્ય-ભાગ સાથે, પંડિત લાલચંદ ગાંધીએ નોંધી હતી—

राईए पच्छिमजामे कोण वि गुज्जर-पहियएण इमं

धवलदुवयं गीयं । अवि य—

जो णवि विहुरे विभज्जणउ धवलउ कड्ढइ भारु ।

गोट्ठंगणमण्डणउ सेसउव्व जं सारु ॥[२]

આ અપભ્રંશ ગાથા ગૂર્જર-પથિકની બોલેલી છે છતાં એમાં દેશભાષાની વિશિષ્ટતા નજરે નથી પડતી એવું શ્રી. આલફ્રેડ માસ્ટર કહે છે.[૩]

આખ્યાનકમણિકોશવૃત્તિકાર આમ્રદેવે, વિ. સં. ૧૧૯૧(૧૧૩૫)માં, 'સાસુરયં'

---

1 Whether we take this extract as an example of Apabhramśa prose or of written Gujjara deśabhāṣā, it is unique."—બુલેટિન ઑફ ધ સ્કૂલ ઑફ ઓરિએન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડિઝ, વૉલ્યુમ ૧૩, ભાગ ૨, પૃ. ૪૧૦–૪૧૫.

૨ મુદ્રિત કુવલયમાલા-કથા, પૃ. ૫૯

धवलगीत(ધોળ)ની વ્યાખ્યા તથા દૃષ્ટાન્ત માટે જૂઓ, માંનસોલ્લાસ, વૉ. ૩, પૃ. ૪૩; શ્લોક. ૧૪–૧૬.

૩ પંડિત લા. ભ. ગાંધીએ જુદાં જુદાં અવતરણો, અપભ્રંશના દાખલાઓ તરીકે ઈ. સ. ૧૯૨૭માં છપાયેલી અપભ્રંશ-કાવ્યત્રયીમાં આપ્યાં હતાં તે સાથે આ અવતરણ પણ આપ્યું હતું. શ્રી. ગાંધીએ કુવલયામાલાની આપેલી બીજી એક ગાથા (जो जसु माणुसु० ઇત્યાદિ, જુઓ ગાંધીની પ્રસ્તાવના પૃ. ૧૧૦) સાથે આની પણ ચર્ચા શ્રી. આલ્ફ્રેડ માસ્ટરે એજન. પૃ. ૪૧૩ ઉપર કરતાં લખ્યું કે—The language is once more conventional Apabhramśa associated with a Gujjara speaker. Again there is no evidence that it was a specific Derśabhāṣā.

'નણંદા', 'ટિલ્લાણિ' જેવા શબ્દ પ્રયોગો કર્યા છે. પ્રતિરૂપ (back-formation)ના આ દાખલાઓ તે સમયમાં ગૌર્જર-અપભ્રંશ અથવા જૂની ગૂજરાતીની એક પ્રાચીન ભૂમિકા (stage) બતાવે છે.[૧]

ભારતીય રાજકીય અને સાંસ્કૃતિક પ્રવાહોનો ઇતિહાસ જોતાં, જે સમયમાં આપણને જૂની મરાઠી કે બંગાળીના દૃષ્ટાન્તો મળતાં હોય તે સમયમાં જ જૂની ગુજરાતીમાં પણ સાહિત્યક રચનાઓ થઈ હોવાનો પૂરેપૂરો સંભવ છે, એટલે ભરત-બાહુબલિરાસ (વિ. સં. ૧૨૪૧) પહેલાં પણ ગુજરાતી સાહિત્યની ભાષા તરીકે ઉપયોગમાં આવી હોવાનો ઘણો સંભવ છે. જેને અપભ્રંશ પછીની ભૂમિકા (Post-Apabhramśa stage) કહેવામાં આવે છે તે અને જૂની ગુજરાતીની પ્રથમ ભૂમિકાની શરૂઆત નિદાન ઈ. સ.ના અગિઆરમા સૈકા જેટલી જૂની હોઈ શકે છે. વિક્રમના અગિયારમા-બારમા શતકમાંનું એ ભાષાનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

ગૌર્જર-અપભ્રંશ એ નામ આપણને પહેલું ભોજદેવના 'શૃંગાર-પ્રકાશ'માં મળે છે ત્યારે તો આ ગૌર્જર-અપભ્રંશમાં સાહિત્યિક રચનાઓ થતી હશે એમ અનુમાન કરી શકાય. પણ એ ગૌજર-અપભ્રંશનું સ્વરૂપ નક્કી કરવા માટે હજુ વધુ ખેડાણની જરૂર છે. વળી ભોજદેવે પોતાના ઉદાહરણો, બૃહત્કથા, વેણીસંહાર જેવી પ્રસિદ્ધ કૃતિઓમાંથી લીધાં છે તે જોતાં, ગૌર્જરાભીર, લાટીય વગેરેનાં ઉદાહરણો પણ જાણીતી કૃતિઓમાંથી લીધેલાં હોઈ શકે. ભોજદેવના સમયમાં ગૌર્જર-અપભ્રંશ એ વિશિષ્ટ નામકરણ સ્વીકાર્ય થયું હતું એ બાબતને યોગ્ય વજન આપવું ઉચિત છે.

પણ શ્રી. કે. કા. શાસ્ત્રી ધારે તેમ હેમચંદ્રનો અપભ્રંશ એ ગૌર્જર-અપભ્રંશ જ છે એમ ચોક્કસ કહેવું એ શક્ય નથી. એમાં અનેક તત્ત્વો, ડૉ. ભાયાણી જણાવે છે તેમ, "મધ્યદેશીય અને સામા પક્ષે પાશ્ચાત્ય ગણાવી શકાય તેવાં મળે છે—મળવાં જ જોઈએ, કેમ કે હેમચંદ્રની ઉદાહરણ-સામગ્રી વિદર્ભથી માંડીને રાજસ્થાન સુધીના પ્રદેશના કવિઓમાંથી આવી હોવાની પૂરી સંભાવના છે—થોડાંક સ્થાનિક તત્ત્વોની અજાણે ઉપસ્થિતિને આધારે તે અપભ્રંશને સ્થાનિક ન જ ઠરાવાય. સ્થાનિક અપભ્રંશોનાં વ્યાકરણો રચવાની કોઈ પ્રથા જ ન હતી—કશું પ્રયોજન ન હતું, અને હોય તો શૌરસેની-માગીધીની જેમ પાંચસાત સૂત્રોમાં તેનો સમાવેશ થઈ જાય." હેમચંદ્રે અખિલ ભારતીય દૃષ્ટિ સામે રાખી વ્યાકરણની રચના કરી હોવાથી ગૌર્જર-અપભ્રંશની જ ચર્ચા કરી ના હોય તે સમજી શકાય છે, પણ તેથી તેમના સમયમાં ગૌર્જર-અપભ્રંશનો—અપભ્રંશના સ્થાનિક વિશિષ્ટ રૂપનો ઇન્કાર નહિ કરી શકાય, પણ એ રૂપ કેવું હતું એ સંશોધનનો વિષય છે. એ માટે વિ. સં. ૧૧૨૩માં સિદ્ધસેનસૂરિની રચેલી વિલાસવતીકથા, વિ. સં. ૧૦૭૬માં વીર કવિરચિત જંબુસ્વામી રાસ, શ્રી. દેવચંદ્રસૂરિકૃત સોળહજાર ગ્રન્થપ્રમાણ અપભ્રંશ શાંતિનાથ-

૧ આ અંગે વધુ ચર્ચા માટે જુઓ, મુ. શ્રી. પુણ્યવિજયજી સંપાદિત, આખ્યાનકમણિકોશ-વૃત્તિ સહિત (પ્રાકૃત ટેક્સ્ટ સિરિઝ, નં. ૫)નો ઉમાકાન્ત શાહ-લિખિત ઉપોદ્‌ઘાત, પૃ. ૨૯.

આ ઉપરાંત જુઓ ઉમાકાન્ત પ્રે. શાહ, "શબ્દ-ચર્ચા: રસવતી-રસોઈ," બુદ્ધિપ્રકાશ, ઑક્ટોબર, ૧૯૬૨, પૃ. ૨૯૫-૨૯૭. મલધારી હેમચંદ્રે સ્વરચિત "ભવભવના" (વિ. સં. ૧૧૭૦)માં, રસોઈ" શબ્દ વાપર્યો છે.

ચરિત તેમ જ તેમનું સુલસાખ્યાન, કુમારપાલના સમકાલીન હરિભદ્રસૂરિરચિત નેમિનાહચરિઉ, તેમ જ એવી અન્ય કૃતિઓ પ્રકાશિત થવી જરૂરી છે, કેમ કે આવી કૃતિઓમાંથી આપણને જરૂરી એવી સામગ્રી મળી આવવાની સંભાવના રાખી શકાય.

અપભ્રંશકાવ્યત્રયી (ગા. ઓ. સિરિઝ, વૉ. ૩૭)માં મુદ્રિત ચર્ચરી આદિના કર્તા જિનદત્તસૂરિની સ્તુતિરૂપે કોઈ પલ્હે અપભ્રંશમાં એક પટ્ટાવલી લખી છે, જેની નકલ સૂરિના શિષ્ય જિનરક્ષિતે ધારાનગરીમાં સં. ૧૧૭૦માં કરી છે, બીજી નકલ બીજા શિષ્ય બ્રહ્મચંદ્રે સિદ્ધરાજના રાજ્યકાલમાં પાટણમાં સં. ૧૧૭૧માં કરી છે.[૧]

આનો ઉલ્લેખ કરી શ્રી. કે. કા. શાસ્ત્રી લખે છે: "હૈમયુગના આરંભ અને આગલાં વર્ષોમાં ભાષામાં ક્રમશઃ સ્થિરપણું અને નિયમબદ્ધતા પ્રવેશ કરે છે. શ્રી. જિનદત્તસૂરિ, પલ્હ વગેરેની કૃતિઓમાં એ દેખાય છે. સંપૂર્ણ રીતે સાહિત્યની ભાષા તરીકે આ પ્રદેશમાં "ગૌર્જર-અપભ્રંશ" સ્વીકારાયા પછી હવે તેમાં વધુ અર્વાચીનતા તરફ ઢળવાનું વલણ આવવા લાગે છે.[૨]

આ બાબતમાં વધુ ખેડાણ કરી નિર્ણય પર આવી શકાય. ઉપર નોંધેલા અપભ્રંશમાં લખાયેલા જુદા જુદા ગ્રન્થો—ખાસ કરીને ગુજરાત-રાજસ્થાનમાં લખાયેલા ગ્રન્થો—માંના અપભ્રંશનું પૃથક્કરણ કરી તેનું સામ્ય વૈષમ્ય એક તરફ હેમચંદ્રીય અપભ્રંશ સાથે, બીજી તરફ સ્વયંભૂ, પુષ્પદંતની કૃતિઓ સાથે બતાવી પછી તેને વિપુલ પ્રમાણમાં ભિન્ન અથવા વિશિષ્ટ તત્ત્વોવાળું તારવી શકીએ ત્યારે જ ગૌર્જર-અપભ્રંશનું સ્વરૂપ બરાબર પકડી શકીએ અને ત્યારે જ પલ્હની પટ્ટાવલી જેવી કૃતિઓ માટે વધુ શ્રદ્ધાપૂર્વક વિધાન કરી શકીએ.

માનસોલ્લાસમાં લાટભાષા એ નામવાળી અને તેથી પણ પહેલાં શૃંગારપ્રકાશમાં લાટીય અપભ્રંશ નામથી રજૂ થયેલ અને તેથી પણ પહેલાં કુવલયમાલામાં નિર્દિષ્ટ લાટભાષા કે લાટીબોલીનું શું થયું? એનું સ્વરૂપ કેવું હતું? જૂની ગુજરાતીના વિકાસમાં લાટભાષાએ કેવો અને કેટલો ભાગ ભજવ્યો? આ લાટવાસીઓ માટે ભોજે લખ્યું છે:—**शृण्वन्ति लटभं लाटाः प्राकृतं संस्कृतद्विषः ।**[૩] જ્યારે ગૌર્જરી માટે માર્કંડેય લખે છે કે **संस्कृताढ्या च गौर्जरी ।** આ બધા ઉપરથી એ સ્પષ્ટ છે કે લાટભાષા અને ગૌર્જર ભાષામાં પ્રાચીન કાળથી સ્પષ્ટ સ્વરૂપભેદ હતો, જે ભોજ અને સોમેશ્વરના સમયમાં અને તેમનાથી પણ પહેલાં ઉદ્યોતનસૂરિના સમયમાં જાણીતો હતો.

આ લાટની કેટલીક વિશિષ્ટતાઓ સાહિત્યમાં જુદા જુદા સમયે લેખકોએ નોંધી છે, જેમ કે લાટીનારી, લાટીરીતિ વગેરે. એક લાટાચાર્યનો[૪] ઉલ્લેખ પણ જૈન સાહિત્યમાં મળે છે, પણ લાટના લોકો વિષે રસિક ઉલ્લેખ તો આશરે ઈ. સ.ના છઠ્ઠા સૈકામાં મહાકવિ શ્યામિલક વિરચિત 'પાદતાડિતકમ્' નામક સંસ્કૃત ભાણમાં મળે છે જેનો ઉલ્લેખ અગાઉ બુદ્ધિપ્રકાશ, વૉ. ૧૦૨, અંક ૬, જૂન ૧૯૫૫ પૃ. ૧૮૪–૧૯૦માં "લાટદેશના લોકો વિષે એક પ્રાચીન રસિક ઉલ્લેખ"

---

૧ 'અપભ્રંશ-કાવ્યત્રયી,' પૃ. ૧૧૨ તથા પાદનોંધ.

૨ કે. કા. શાસ્ત્રી, આપણા કવિઓ, ખંડ ૧લો, પૃ. ૬૬.

૩ ભોજદેવરચિત 'સરસ્વતીકંઠાભરણ' (કાવ્યમાલા સિરિઝ, નં. ૯૪), પરિચ્છેદ ૨, શ્લોક ૧૩.

૪ જુઓ, ભોગીલાલ જ. સાંડેસરાકૃત, 'જૈન આગમસાહિત્યમાં ગુજરાત,' પૃ. ૧૬૨–૧૬૩.

એ શીર્ષકના લેખમાં મેં કર્યો છે. એમાં બતાવ્યું છે તે પ્રમાણે 'પાદતાડિતકમ્' નામક આ ભાણમાં (સંસ્કૃતમાં લખાયેલ એક જાતની આ ભવાઈમાં) જેમની મશ્કરી કરવામાં આવી છે તે લગભગ બધાં જ પાત્રો મૂળે ઐતિહાસિક અને ગુપ્તરાજા ચંદ્રગુપ્ત બીજા અને કુમારગુપ્તની સમકાલીન મહાન્ વ્યક્તિઓ હતી. આ ભાણમાં લાટદેશના લોકોની મશ્કરી કરતાં લખ્યું છે:

[1]सर्वो हि लाटः—

संवेष्ट्य द्वौ उत्तरीयेण बाहू
रज्वा मध्यं वाससा सन्निबध्य ।
प्रत्युद्गच्छन् संमुखीनः शकारैः
पादापातैरंसकुब्जः प्रयाति ॥ ५८ ॥

अपि च—

उरसि कृतकपोतकः कराभ्यां
वदति जजेति यकारहीनमुच्चैः ।
समयुगल निबद्धमध्यदेशो
व्रजति च पङ्कमिव स्पृशन् कराग्रैः ॥ ५९ ॥

ડૉ. એજરટને એમની 'બુદ્ધિસ્ટ હાઈબ્રિડ સંસ્કૃત ડિકશનેરી'માં પૃ. ૪૬૨ ઉપર, 'આર્યમંજૂશ્રી મૂલકલ્પમાં'નો "लाडीवाचा" એવો ઉલ્લેખ નોંધ્યો છે, એ પણ આ સંદર્ભમાં યાદ રાખવું ઘટે. એ "લાડીવાચા" કયી ?[2]

---

૧ ડૉ. મોતીચંદ્ર અને ડૉ. અગ્રવાલ-સંપાદિત, શૃઙ્ગારહાટ (ચતુર્ભાણી), પૃ. ૧૯૪.

૨ ચરોતરની બોલીનો ડૉ. ચોકસીએ અભ્યાસ કર્યો છે તેમ દક્ષિણ ગુજરાતનાં ગામડાંમાં, જુદી જુદી કોમોની બોલીનો અભ્યાસ વહેલી તકે કરવો જરૂરી છે. એ પ્રદેશની પછાત કોમોના રીતરિવાજ, લોકગીતો, લોકકલા વગેરેનો પણ અભ્યાસ કરવો જોઈએ. જૂની લાટીબોલી વિષે કાંઈ કદાચ જાણવા મળે.

પશ્ચિમ હિંદમાં ઉપલબ્ધ સ્મારકોના પ્રકારો

મંજુલાલ મજમુદાર

કોઈ પણ વસ્તુ કે પ્રસંગ વીત્યા પછી તેનું સ્મરણ માત્ર રહી જાય છે. તેને 'સ્મરણાવશેષ' કહીએ છીએ. સંસ્કૃત ધાતુ स्मृ ઉપરથી સ્મરણ, સ્મારક વગેરે શબ્દો થયા છે. રાજર્ષિ ભર્તૃહરિએ તેથી જ, જેમના શાસનબળને લીધે જગતનું બધું સ્મૃતિપદને પ્રાપ્ત થાય છે એવા કાલ ભગવાનને નમસ્કાર કર્યા છેઃ

सर्वं यस्य वशादगात् स्मृतिपदं कालाय तस्मै नमः ।

કોઈ પણ ચિરસ્મરણીય લાગતા પ્રસંગનું, પદાર્થનું, મનુષ્યનું કે પ્રાણીનું સ્મારક રચવાની ભાવના પૃથ્વી પરની બધી પ્રજાઓમાં સ્વાભાવિક રીતે ઉદ્ભવે છે, પિરામિડો તેનું દૃષ્ટાંત છે. આ સ્મારકો, સ્મરણ-સ્તમ્ભ (ખંભ-ખાંભી)રૂપે, લષ્ટિ કે લાટરૂપે, સ્તૂપરૂપે, પાળિયા ('વીરગલ')-રૂપે, તુલસીક્યારા, સમાધિ કે છત્રીરૂપે અને મકબરા કે કબરરૂપે પણ આવિર્ભાવ પામે છે; અને કોઈના અવસાન નિમિત્તે કે તેની સ્મૃતિ અર્થે તે નિર્માણ થતાં હતાં. 'દેવાનાં પ્રિય' અશોકના લેખો અને સ્તમ્ભો તેમના શાસનકાળમાં ધર્મચક્રપ્રવર્તન માટે નિર્માણ થયા હતા.

આ વિભાગમાં इष्टापूर्त—જેવાં કે વાપિ, કૂપ, તડાગ વગેરે—નિર્માણ કરાવનાર મહાનુભાવ દાતાઓની અથવા તેમનાં સ્વજનોની યાદમાં કોતરાવેલા લેખોનો 'સ્મારક'માં અંતર્ભાવ કરીએ તો કદાચ અતિવ્યાપ્તિ થવાનો ભય રહે છે. બાકી, 'इति ह आस' કહેનારાં આ સ્મરણો સ્મારકો જ છે, તેની કોણ ના પાડી શકશે?

માત્ર હિંદ અને તેમાં યે પશ્ચિમ હિંદની જ વાત કરીએ તો ભાતભાતનાં અને જાતજાતનાં સ્મારકો નિર્માણ થયાની નોંધ પ્રાપ્ત થાય છે.

શ્રીમદ્ ભાગવતપુરાણમાં ઉલ્લેખાયેલા મુચુકુંદની કથામાં આવે છે કે શ્રીકૃષ્ણે કાલયવનના ભયથી બચવા માટે, સૌરાષ્ટ્રમાં સાગરકાંઠે દ્વારકા વસાવી, નિવાસ કર્યો. દરમ્યાન ગિરનારની તળેટીમાં જૂનાગઢમાં લાંબી નિદ્રામાં સૂતેલા મુચુકુંદને, શ્રીકૃષ્ણે નાસતાં નાસતાં પોતાનું પીતાંબર ઓઢાડયું. એટલામાં કાલયવન પીછો પકડીને પાછળ ધસ્યો આવતો હતો. તેણે પીતાંબર ઉપરથી અનુમાન કર્યું કે શ્રીકૃષ્ણ અહીં જ થાકીને લાંબી સોડ તાણીને સૂતા છે! એટલે કાલયવને લાત મારી. મુચુકુંદ નિદ્રાભંગ થવાથી ક્રોધે ભરાયો. એના નેત્રમાંથી અગ્નિ ઝરતાં, તેને મળેલા વરદાન પ્રમાણે, તેની નિદ્રામાં ખલેલ કરનાર બળીને ભસ્મ થઈ ગયો!

આ કથાનક ઉપરથી કેટલાક અનુમાન કરે છે કે ખૂબ થાક લાગવાથી લાંબી નિદ્રામાં સૂતેલા મુચુકુંદની કોઈ સમાધિ અથવા છેલ્લો વિસામો અહીં વિવક્ષિત હશે, અસુર (ઍસિરિયા) દેશની પ્રણાલી પ્રમાણે, ભૂમિદાહનો આ પ્રાચીન અવશેષ સૌરાષ્ટ્રમાં હતો એમ માનવું પડે.

રાજસ્થાનના ચિતોડગઢ જિલ્લામાંના ઘોસુંડી ગામમાંથી ઈસવીસન પહેલાંના લગભગ સો વર્ષ ઉપર નિર્માણ થયેલ એક ‘ પૂજા-શિલા-પ્રાકાર ’—ભગવાન સંકર્ષણ તથા વાસુદેવની પ્રસન્નતા નિમિત્તે, અશ્વમેધ કરનાર ભાગવત ભક્ત કોઈ પારાશરીપુત્ર ગાજાયને એક ‘ચોતરો’ નારાયણ વડની નીચે—તૈયાર કરાવ્યાનો બ્રાહ્મી લિપિનો શિલાલેખ મળેલો છે. (જુઓ ‘ ક્રોનોલૉજી ઑફ ગુજરાત, ભા. ૧,’ પૃ. ૪૪).

તે પછી, ક્ષત્રપ રાજ્યકાળમાં મહાક્ષત્રપ યષ્ટન તથા તેના પૌત્ર રુદ્રદામનના સંયુક્ત રાજ્ય-શાસનના શકસંવત ૫૨ ઈ. સ. ૧૩૧માં, કચ્છમાં આવેલા પચ્છમ તાલુકામાંના અંધાઉ ગામમાંથી ચાર ‘ લષ્ટિઓ ’ (સ્મરણસ્તમ્ભો)ની લાંબી શિલાઓ, પ્રાકૃત ભાષામાં અને બ્રાહ્મી લિપિમાં કોતરેલી પ્રાપ્ત થયેલી છે, જે આજે ભૂજ મ્યૂઝિયમમાં સુરક્ષિત છે.†

આમાંની ત્રણ, સિહિલના પુત્ર મદને પોતાનાં ત્રણ સ્વજન: ભગિની જ્યેષ્ઠવીરા, ભાઈ ઋષભદેવ અને પત્ની શ્રામણેરી* યશદત્તાની યાદમાં છે; ચોથી યષ્ટિ શ્રામણેર ત્રષ્ટદત્તે પોતાના પુત્ર ઋષભદેવની યાદમાં ઊભી કરી હતી.

આ ‘લષ્ટિ’ શબ્દને બદલે ‘યષ્ટિ’ (‘યઠિ’) શબ્દ, ભાવલપુરમાં આવેલા સૂઈ-વિહારના ભગ્નસ્તૂપમાંથી પ્રાપ્ત થયેલ, કનિષ્ક પહેલાના ઈ. સ. ૮૦ની આસપાસના તામ્રપત્રમાં વપરાયેલો મળી આવે છે. તે ઉપરથી જાણવા મળે છે કે આ પ્રકારના સ્મરણસ્તમ્ભો ઊભા કરાતા હતા. પ્રાકૃત ‘ લઠિ ’ ઉપરથી ‘ લાઠ ’ નામે તેનો આજે પણ ઉલ્લેખ થાય છે. ઘાંચીની ઘાણીમાં ઊભો કરવામાં આવતા લાકડાના લાંબા અને ભારે સ્તમ્ભને ‘ લાટ ’ કહે છે; આવા સ્તમ્ભો નીચે કદાચ સ્મરણીય વ્યક્તિઓના અસ્થિધાતુના ભસ્માવશેષ પણ રાખવામાં આવતા હતા.

દ્વારકાથી દસ માઈલ ઉપર આવેલા ‘ મૂલવા સર ’ની શિલાયષ્ટિ—સ્વામી રુદ્રસેનના રાજ્યકાળમાં શક સંવત ૧૨૨—ઈ. સ. ૨૦૦માં નિર્માણ થયેલી છે. તે આજે દ્વારકાના પુસ્તકાલય કમ્પાઉન્ડમાં સુરક્ષિત છે. ચાર લીટીની, સંસ્કૃત ભાષા અને બ્રાહ્મી લિપિમાં લખાયેલી, છ ફૂટ ઊંચી આ પાષાણ ‘લષ્ટિ’, એક વાણિજકના પુત્રની યાદમાં—જેણે પોતાના મિત્રની ખાતર પોતાના પ્રાણ આપ્યા હતા—તેના સ્મરણમાં ઊભી કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્રમાં જસદણ પાસેના ગઢા ગામમાંથી પ્રાપ્ત થયેલ ઈ. સ. ૨૦૫ના શિલાલેખમાં જણાવવામાં આવ્યું છે કે ખરપાર્થે પોતાના ભાઈઓની યાદમાં એક ‘ લાઠ ’ (યષ્ટિ) ઊભો કર્યો હતો. તે ઉપરાંત સત્રપ્રવર્તનાર્થ સ્વર્ગસુખાર્થ કોઈ સ્વજનની યાદમાં ‘ સત્ર ’—દાનશાળા ઊભી કર્યાનો પણ તેમાં ઉલ્લેખ છે.

† શ્રી. રામસિંહ રાઠોડ ‘ કચ્છનું સંસ્કૃતિદર્શન ’માં (પૃ. ૯૪ પાદનોંધ—૮) નોંધે છે કે: “અહીં લાટના યોદ્ધાઓનું પરિબળ પ્રવર્તતું હશે તેના સૂચન તરીકે પ્રતિભાશાળી પૂરા પુરુષને ‘લાટ માણસ છે’ (લાટ માફ્રુ લગેતો) કહે છે”. અહીં ‘લાટ’ શબ્દનો લાટ દેશ સાથે સંબંધ જોડવો ઠીક નથી. ‘લષ્ટિ’, યષ્ટિ સાથે તેને સમજાવતાં હરકત આવતી નથી.

* ‘શ્રામણેર’ અને ‘શ્રામણેરી’—એ શબ્દ, શ્રમણ તરીકેની દીક્ષા મેળવવા માટે બૌદ્ધધર્મ પુરુષ કે સ્ત્રીને તેમની ઉપસંપદા મેળવ્યા પહેલાંની સ્થિતિને ઓળખાવવા માટે વપરાય છે.

ઈ. સ.ના ત્રીજા સૈકાના પ્રથમ ચરણમાં બંધાયેલા દેવની મોરી, શામળાજી—સાબરકાંઠા, પાસેના સ્તૂપમાંથી આ વર્ષે જ મળી આવેલી સ્મરણાવશેષની પથ્થરની પેટી ઉપરના બ્રાહ્મી લિપિમાં લખાયેલા સંસ્કૃત લેખ ઉપરથી, ચોક્કસ જાણવા મળે છે કે આ સ્તૂપ પ્રાચીન અવશેષો ઉપર રચવામાં આવ્યો હતો.

મહારાજ વૈશ્રવણના રાજ્યકાળના ઈ. સ. ૪૦૦ની આસપાસના કૌશામ્બી-કોશામના શિલાલેખમાં સુરાષ્ટ્રના એક વ્યાપારીના પૌત્રે કોશામમાં ભગવાન બુદ્ધની સ્મૃતિમાં એક શિલાનું છત્ર નિર્માણ કરાવ્યાનો ઉલ્લેખ છે. (ડૉ. આર. સી. મજુમદાર, એપિ. ઈન્ડી. ૨૪, પૃ. ૧૪૬)

સૌરાષ્ટ્રના ગુપ્ત શાસનાધિકારી પર્ણદત્ત—તેના પુત્ર ચક્રપાલિતે સુદર્શન સરોવર ઉપરના નવા સેતુબંધ ઉપર ચક્રભૃત વિષ્ણુનું મંદિર, સેતુના રક્ષણનિમિત્તે નિર્માણ કરાવ્યું હતું—એમ, ગિરનાર ઉપરના પરમભાગવત એવા સ્કંદગુપ્તના ઈ. સ. ૪૫૭–૫૮ના લેખ ઉપરથી જણાય છે.

ઉત્તર કોંકણમાં આવેલા, ઈ. સ. ૪૯૪–૯૫ (કલચુરી વર્ષ ૨૪૫)ના ત્રિપુરી રાજા વ્યાઘ્રસેનના રાજ્યકાળમાં કૃષ્ણગિરિ (કન્હેરી)ના તામ્રપત્રમાં જણાવ્યું છે કે એક ચૈત્ય (સ્તૂપ)-માંથી આ તામ્રપત્ર મળ્યું હતું, જ્યાંથી બુદ્ધના પ્રસિદ્ધ શિષ્ય શારદ્વતીના પુત્રના અવશેષો પ્રાપ્ત થયા હતા.

લગભગ સાતમા સૈકાની મધ્યમાં (ઈ. સ. ૬૪૧ની આસપાસ) ભૂજમાંથી મળેલી બુદ્ધની ધાતુપ્રતિમાની પાદપીઠ ઉપરના બ્રાહ્મી લિપિના સંસ્કૃત લેખથી સમજાય છે કે એક નાગસિંહ ભિક્ષુએ પોતાની માતાતુલ્ય દેવકીર્તિ—જે ભિક્ષુણીસંઘમાં દાખલ થઈ હતી—તેની સ્મૃતિમાં બુદ્ધની એક અભયમુદ્રાવાળી અને સમભંગ સ્વરૂપની તથા પ્રભામંડળવાળી મૂર્તિ નિર્માણ કરાવી હતી; એટલે સ્વજનોની યાદમાં, ઇષ્ટ દેવતાની મૂર્તિઓ—બિમ્બો—ઢળાવવામાં આવતાં હતાં તે આ ઉપરથી જાણવા મળે છે.

મુસ્લિમ કાળ પર નજર કરતાં જાણવા મળે છે કે ગુજરાતના પ્રાચીનતમ અરબી લેખમાં, ઈ. સ. ૧૧૫૯માં, ભદ્રેશ્વર (કચ્છ પ્રાંત)ની એક લાલ શાહબાઝની દરગાહની ભીંત ઉપર અબુ અહમદના પુત્ર અબ્દુલ્લાના થયેલા મૃત્યુને લીધે બાંધેલી તેની કબર સંબંધી સ્મરણલેખ છે.

એવો જ બીજો એક સ્તમ્ભ ભદ્રેશ્વરમાં આ લાલ શાહબાઝની દરગાહના વાડામાં છે—જેની ચારે બાજુ તે અબ્દુલ અઝીઝઅલીની કબર હોવા સંબંધી અરબી ભાષામાં ઈ. સ. ૧૧૭૪માં લેખ કોતરેલો છે.

ખંભાતના સાળવી મહોલ્લામાં આવેલી મસ્જિદમાં ઈ. સ. ૧૨૧૮નો એક અરબી લેખ છે, જેમાં સિદ્ધરાજના રાજ્યકાળમાં થયેલા કોમી હુલ્લડમાં નાશ પામેલી આ મસ્જિદ રાજ્યને ખર્ચે ફરીથી બંધાયાનો ઉલ્લેખ છે.

પેટલાદ પાસેના અર્જુનશાહ પીરની દરગાહમાં ઈ. સ. ૧૨૩૬નો લેખ—બે ભાષામાં છે: જેમાં પીરની કબર પાસે એક વાવ બંધાવ્યાનો તથા દરગાહના નિભાવ માટે ૨૦ કુંભાં જમીન આપ્યાનો ઉલ્લેખ છે.

ઈ. સ. ૧૨૪૯ના ખંભાતના અરબી લેખમાં જણાવ્યું છે કે એક શરફુદીન અબુ શરાફ ડૂબી જવાથી વીરમૃત્યુને પામ્યો.

ઈ. સ. ૧૨૮૪માં ખંભાતમાં એક અરબી શિલાલેખ, સરફુદીન મુર્તુઝા શહીદ થયાનો ઉલ્લેખ કરે છે.

સોલંકી અને વાઘેલા યુગનાં હિંદુ-જૈન સ્મારકો સ્થળસંકોચથી બીજે કોઈ પ્રસંગે વિગતવાર નોંધીશું.

સતીઓના પાળિયા અને શૂરપૂરાની ખાંભીઓ ઈસવી સનની એક હજારની સાલ પછી અનેકાનેક જોવા મળે છે: ચાંદોસૂરજ, પાદુકા, સતીના હાથ, ઘોડેસ્વાર શૂરવીર, હથિયારધારી લડવૈયો—વગેરેના સ્મરણસ્તમ્ભો—તેમની ખાંભીઓ ગામગામને પાદરે ખોડેલી જોવામાં આવે છે.

હજી આ પાળિયા—જેને દક્ષિણમાં 'વીરગલ' કહે છે—તેનો સૈકાવાર તથા જિલ્લાવાર અભ્યાસ થયો નથી. લોકકથા તથા લોકવાર્તામાં અનેક પ્રસંગોએ પાળિયા ઊભા કર્યાના ઉલ્લેખો મળે છે: 'હઠીલાનો પાળિયો' એવો એક ઐતિહાસિક પાળિયો છે. આ તો મનુષ્યોની ખાંભીઓની વાત થઈ.

કેટલેક ઠેકાણે, માનવજાતના મિત્રો તરીકે જીવનભર જીવેલા અને સ્વામીભક્તિ કરતાં મરેલાં એવાં ઘોડા, ઊંટ, કૂતરા, બળદ, ગાય વગેરેના પાળિયા જોવા મળ્યા છે. વળી વાઘ સાથે ઝઝૂમતા વીરોની યાદના પાળિયા પણ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત ગુજરાતના સાગરખેડૂઓના પાળિયા મળ્યા છે જે ઉપર,—તેમની જીવન-સાથી એવી—નૌકાનાં જ આલેખન પથ્થરોમાં કંડારેલાં છે. આ પાળિયાઓ ગુજરાતના જીવન ઉપર પ્રકાશ પાડે છે. ભૂજ મ્યૂઝિયમમાં એક વહાણમાં રહીને યુદ્ધ કરનારાનો પાળિયો છે.

વણઝારાઓ ખુશકીમાર્ગે બળદો અને ઊંટની વણઝાર લઈને દેશપરદેશ ફરતા રહેતા. તેમના અખંડ સહવાસી એવાં આ પ્રાણીઓ, અને તેમનું જંગલી પશુઓથી સંરક્ષણ કરનારા શિકારી કૂતરાઓને પણ તેમના માલિકો વીસરી શક્યા નથી.

આદિવાસી પ્રદેશોમાં સ્થાનિક રાજકર્તાઓનાં સ્મારક તરીકે ચતુષ્કોણ સ્તમ્ભો ઊભા કરેલા મળી આવ્યા છે. ડુમખલ (રાજપીપળા પ્રદેશ) અને ઉમરપાડા—ચોખવાડાના જંગલી પ્રદેશોમાં આવા સ્તમ્ભો લગભગ પંદરમા સૈકા પછીના જોવામાં આવ્યા છે. આની વિશિષ્ટતા એ છે કે આ સ્તમ્ભોની ચારે બાજુએ થઈને, નાયકનું ગૃહજીવન, શિકારજીવન તથા દરબારજીવનનાં પ્રસંગોને તેમાં કંડારેલા છે. ઘરનું વલોણું, બાલકનું ઘોડિયું, રસ કાઢવાનું યંત્ર વગેરે આલેખનો ઉલ્લેખનીય છે.

ઇડરના રાજ્યમાં ભીલોડામાં, રાજાના સ્મારક તરીકે બંધાવેલી લગભગ સોળમા સૈકાની છત્રી—અથવા 'કીર્તિમંદિર' ખૂબ સુંદર છે.

આજ સમયમાં પુષ્ટિસંપ્રદાયના સ્થાપક આચાર્ય વલ્લભાચાર્ય તથા વિઠ્ઠલનાથજી ગોસ્વામી

ગુજરાતભરમાં વિહર્યા; તે પ્રસંગોની યાદમાં તે તે સ્થળોએ ' બેઠક ' નામનાં ધાર્મિક સ્મારકો આજ દિન સુધી સદ્ભાવપૂર્વક પૂજાય છે એમ કહીએ તો ચાલે.

રામાનંદી સાધુઓના ' રામદ્વારા ' બીજા વિશિષ્ટ સાધુઓના ' અખાડા ', તથા સ્વામી-નારાયણ સંપ્રદાયનાં વિશિષ્ટ ધાર્મિક સ્મારકોથી ગુજરાત-સૌરાષ્ટ્ર ખુશનસીબ બન્યું છે.

આર્યસમાજના સ્થાપક દયાનંદ સરસ્વતીનું તેમના જન્મસ્થાન ટંકારામાં થયેલું સ્મારક બહુ પ્રાચીન ન ગણાય. ગુજરાતી લેખકો અને કવિઓનાં સ્મારક રચાયાં છે તે તો ગયાં સો વર્ષની વાત છે.

છેલ્લાં છેલ્લાં ' ગાંધી-સ્મૃતિ-ભવનો ', ' સરદાર-સ્મૃતિ-ભવનો 'ને સંભારીને ગુજરાતનાં સ્મારકોની ઊડતી નોંધ અહીં પૂરી કરી છે. આ પ્રકારે જણાશે કે સ્મારકોનાં વિવિધ સ્વરૂપ અને પ્રકારનો વિષય રસપ્રદ છે.

મેર પ્રજાનાં લગ્નગીત

હર્ષદ આર. ત્રિવેદી

સૌરાષ્ટ્ર અનેક શૂરવીર અને સશક્ત પ્રજાઓનું રહેઠાણ છે. મેર, કાઠી, આહીર, મિયાણા, વાઘેર, મૈયા, ખારવા, ખાટ, હાટી, રબારી, ભરવાડ, કોળી વગેરે અને જુદી જુદી શાખાના રજપૂતોએ અહીં વસવાટ કર્યો છે. આ દરેક પ્રજા પોતપોતાની સાંસ્કૃતિક અને સામાજિક વિશિષ્ટતાઓ ધરાવે છે અને સમગ્ર ગુજરાતના લોકોને તેમના વિષે કંઈક જાણવાને આકર્ષી રહેલ છે. મેર પ્રજાના સંસર્ગમાં આવનાર કોઈ પણ માણસ તેમના વિષે જાણવાની જિજ્ઞાસા ધરાવે તે નવાઈ જેવું નથી.

સૌરાષ્ટ્રના નૈઋત્ય સાગરકાંઠે વસતી આ પ્રજા પોરબંદર રાજ્યની વસતિનો સહુથી મોટો જથ્થો છે; ખરું કહીએ તો પોરબંદર રાજ્ય મેર પ્રજાનું જ બનેલું છે. હાલમાં મેર પ્રજાની સંખ્યા આશરે પચાસ હજારની છે. સૌરાષ્ટ્રમાં આવેલું પોરબંદર રાજ્ય સોરઠ વિભાગમાં આવેલું છે અને સમુદ્રકાંઠે માધવપુરથી મિયાણી સુધી પ્રસરેલું છે. આ પ્રદેશમાં આવેલી બરડા ડુંગરની હારમાળા ઉત્તરદક્ષિણ લંબાયેલી છે, અને તેથી તે આ પ્રદેશને બે વિભાગમાં વહેંચી નાંખે છે. બરડા ડુંગરની અને પોરબંદર શહેરની પશ્ચિમે આવેલો ઊંચાણવાળો પ્રદેશ બરડો પંથક કહેવાય અને તેની પૂર્વે આવેલી સાગરકાંઠાની સપાટપટ્ટી ઘેડ પંથક તરીકે જાણીતી છે. વસાહતના આ જાતના ભૌગોલિક વિભાગીકરણને લઈને મેર લોકો પણ અનુક્રમે બરડાઈ મેર અને ઘેડીઆ મેર તરીકે જાણીતા થયા છે.

મેર પ્રજા મુખ્યત્વે ખેતીપ્રધાન છે. પોરબંદર રાજ્યની લગભગ સાઠ ટકા જમીન આ પ્રજાના હાથમાં છે. બરડા પંથક અને ઘેડ પંથકની ભૌગોલિક અસમાનતાને લીધે આ બન્ને પ્રદેશના મેર લોકોના જીવનમાં ઘણો તફાવત માલમ પડે છે. સૌરાષ્ટ્રની સૌથી મોટામાં મોટી નદી ભાદર (ભવદર) અને બીજી એક નાની નદી ઓઝત ઘેડ પ્રદેશમાં થઈને નવી બંદર પાસે અરબીસમુદ્રને મળે છે. ઘણાં વર્ષો પૂર્વે ઘેડ પ્રદેશ એક નાનો અખાત હોય તેમ લાગે છે. પરંતુ અત્યારે આ બે નદીઓના વર્ષોજૂના કાંપથી પુરાઈને એ ખૂબ ફળદ્રુપ પ્રદેશ બની ગયો છે. આ પ્રદેશમાં કૂવો ખોદવાથી તદ્દન ખારું પાણી હાથ આવે છે અને આ પોચી કળણવાળી જમીનમાં કઠણ તળ શોધવું મુશ્કેલ બને છે. વર્ષનો મોટો ભાગ તળાવમાં જમા થયેલાં ચોમાસાનાં પાણીથી ચલાવવું પડે છે; અને ઉનાળામાં પાણીની અછત સહન કરવી પડે છે. અહીં પથ્થર મળવો મુશ્કેલ છે; મોટાં ઝાડ ઉછેરી શકાતાં નથી. ટેકરાઓ ઉપર વસેલાં ગામોનો વિસ્તાર પાદરમાં કરવામાં આવતા ઉકરડાઓના ઢગલા ઉપર વધારવામાં આવે છે. ચોમાસામાં ઘણા સમય સુધી આ પ્રદેશ પાણીથી છવાયેલો રહે છે, અને તેથી એક ગામથી બીજે ગામ જવા માટે હોડીનો આશરો લેવો પડે છે. આ સમયે બધાં ગામડાંઓ નાના નાના બેટ જેવાં માલમ પડે છે. ચોમાસા પહેલાં વાવણી કરવામાં આવતી નથી. નદીઓનાં પૂર ઊતરી ગયા પછી જ ખેતરો ખેડીને બી વાવવામાં આવે છે,

અને આગતર મોલ ઉગાડવામાં આવે છે. આ સમયનો અને પ્રદેશનો મુખ્ય પાક ચારટિયો જવાર, કપાસ, બાજરો, તલ અને કઠોળ છે. નીચાણવાળાં અને પાછળથી સૂકાયેલાં ખેતરોમાં ભાદરવાથી કારતક સુધીમાં પાછતર પાક લેવામાં આવે છે. આમાં મુખ્યત્વે ગુંદરી જવાર અને ઘઉં વાવવામાં છે. અહીંના ઘણા મેર લોકો મુલી અને સાથી પાસે ખેડનું કામ કરાવે છે. તેથી સ્ત્રીવર્ગને ખેતરના કામકાજનો બોજો પ્રમાણમાં ઓછો રહે છે. મહા માસમાં લોકો લગભગ નવરા થઈ જાય છે અને ચોમાસાની રાહ જોતા સમય વિતાવે છે. કુદરતી મહેરબાનીને લીધે અહીંના મેર ઓછી મહેનતે ખેતીમાંથી અઢળક લાભ ઉઠાવે છે. આ કારણે તેઓ જીવનનો મોટો ભાગ એશઆરામમાં ગાળે છે. ઘેડીઆ મેર સ્વભાવે ઉડાઉ, શરીરે સામાન્ય બાંધાના અને સુંવાળું જીવન જીવનારા માલમ પડે છે.

આગળ જણાવ્યું છે તે પ્રમાણે બરડા પ્રદેશ ઊંચો અને ડુંગરાળ છે. આ પ્રદેશની ઉત્તરે થઈ દક્ષિણ તરફ ઢળી મિયાણી પાસે અરબી સમુદ્રને ભેટતી વર્તુ નદી આ પંથકનાં છેવાડાં ગામડાંઓને સારો લાભ આપી જાય છે. આ સિવાય બીજા ભાગમાં બરડા પર્વતમાંથી વહેતા અને આગળ થઈ અલ્પજીવી નાની નદીઓના પલટાતા વેંકળાઓ જલસિંચન કરે છે. આગતર પાકમાં મુખ્યત્વે બાજરો, કપાસ માંડવી તલ, જુવાર, મરચી વાવવામાં આવે છે. આ ઋતુના પાકની સફળતાનો આધાર મેઘરાજાની મહેરબાની ઉપર જ અવલંબે છે. ઘેડ પંથકમાં વરસાદ ઓછો થાય તોપણ ચાલે, કારણ કે ઉપરથી આવતી ભાદર નદી ગમે તેવા સમયમાં પણ તેને પૂરનાં પાણી આપે છે. બરડામાં પાકમાં ઘઉં, ગાજર અને જુવાર વાવવામાં આવે છે, અને વાડીનાં કૂવાનાં પાણીથી ઊછરે છે. ખરાબ વર્ષોમાં કૂવાનાં પાણી પણ ઓસરી જાય છે અને તેથી ખેતીને નુકસાન કરે છે. આ પ્રદેશમાં ઝાડપાન એકંદરે સારાં છે પણ ખરાબો જમીનનું પ્રમાણ વધુ છે. બરડાની જમીનની ફળદ્રુપતા અસમાન છે. દર વર્ષે જમીનમાં વધુ ખાતર પૂરવું પડે છે; જમીન સુધારવાની સતત કાળજી રાખવી પડે છે. સારો પાક લેવા માટે ખેતર અને વાડીમાં આખા વર્ષ દરમિયાન પુરુષો તથા સ્ત્રીઓ એકસરખી મહેનત કરે છે. ઘણાંના ખેતર અને વાડીઓ દૂર હોવાથી ગામ છોડીને નેસમાં જીવન પસાર કરવું પડે છે. અહીંની આબોહવા અને ખડકને ફોડીને મેળવેલાં કૂવાનાં પાણી લોકોનું આરોગ્ય ઘણું સારું રાખે છે. બરડાઈ મેર સ્વભાવે ઉદાર પણ કરકસરિયા, શરીરે ઊંચા બાંધાના, ખડતલ અને હાડમારીવાળું જીવન જીવવાને ટેવાયેલા છે. ઓછી જમીનને લીધે અને વાર્ષિક પાકમાં થતી સામાન્ય આવકને લીધે અહીંના બધા ખેડૂતોને સાથી કે મુલી પાસે પૈસા આપીને કામ કરાવવુ પોસાતું નથી. સ્ત્રીઓ ઘરકામ કરે છે અને ખેતર તથા વાડીનાં કામમાં પણ મદદ કરે છે. પોતાના ખેતરમાં પેદા કરેલા કપાસના રૂને ચોખ્ખું કરીને ઉનાળાના દિવસો દરમિયાન સ્ત્રીઓ પોતાના કુટુંબની જરૂરિયાત પૂરતું કાંતે છે. ગામડાંના હરિજન વણકરો તેમાંથી સરસ કાપડ બનાવી આપે છે. આજથી લગભગ પચીસેક વર્ષ પહેલાં બરડા પંથકના મેર કાપડની બાબતમાં તદ્દન સ્વાવલંબી હતા. પોરબંદર શહેરમાં જન્મેલા અને ત્યાં જ ઊછરેલા પૂજ્ય ગાંધીજીનું કુટુંબ મેર પ્રજાના ગાઢ સંસર્ગમાં હતું અને તેથી ગાંધીજી ઉપર મેર પ્રજાના આ જાતના સ્વાવલંબી જીવનની ઊંડી અસર થઈ હોય એમ ચોક્કસ લાગે છે.

હિન્દુસ્તાનનાં ગામડાંઓના ખેડૂતોમાં નિરક્ષરતાનું પ્રમાણ જેમ અત્યાર સુધી સારા પ્રમાણમાં જળવાઈ રહ્યું છે તેમ ગામડામાં રહેતા મેર લોકોમાં પણ નિરક્ષરતા છે. આમ છતાં મેર પ્રજાના આગેવાન (હાલ) વાનપ્રસ્થી શ્રી માલદેવભાઈ રાણાભાઈ કેશવદરાના પ્રયત્નોથી પોર-

બંદરમાં ઈ. સ. ૧૯૩૦–૩૧ની સાલથી ‘મેર વિદ્યાર્થીભવન’ ચાલે છે. આ સંસ્થાના આશ્રયે થોડા મેર વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને આગળ આવ્યા છે. અત્યારે એકાદ બૅરિસ્ટર, ડૉકટર અને થોડા અનુભવી વકીલો મેર પ્રજામાંથી તૈયાર થયેલા જોવામાં આવે છે. પોરબંદરના જાણીતા વકીલ શ્રી. માળદેજી ઓડેદરા અત્યારે ગુજરાત રાજ્યના પ્રધાન છે. બરડા પંથકના ઘણા મેર આફ્રિકામાં વેપાર તથા નોકરી અર્થે ગયેલા છે અને તેથી આધુનિક દુનિયાના સંસર્ગમાં આવવાથી ઓછેવત્તે અંશે સુધરી ગયા છે.

મેર લોકો જૂજ ફેરફાર સાથે ગુજરાતી ભાષા બોલે છે, પરંતુ તેમની બોલવાની કડકાઈ સૌરાષ્ટ્રની બીજી ગુજરાતી બોલતી પ્રજાથી તેમને તરત જ નોખા પાડે છે. મેર પુરુષોનો પહેરવેશ આંગડી, ચોરણો, પાઘડી, ભેટ વગેરે સૌરાષ્ટ્રની મોટા ભાગની ખેડૂત પ્રજાના જેવો જ લગભગ છે, પરંતુ તેમની પહેરવાની થોડી વિશિષ્ટતાઓ અને પોશાકની સ્વચ્છતા એમના વિષે ઊંચો અભિપ્રાય બાંધવાને પ્રેરે છે. હાથમાં મોટા ફણાની કુહાડી (પરશુ) કે હમેલ સાથે બાર બોરની બંદુક લઈને ફરતો મેર જુવાન જોનારને પ્રભાવિત કરે છે. સ્ત્રીઓનો પોષાક ઢાળવો, ઘાંસિયું, ચડાવો, કાળું મલમલનું ઓઢણું વગેરે સૌરાષ્ટ્રની બીજી કોમની સ્ત્રીઓના પોષાકથી ઘણી નવીનતા રજૂ કરે છે. પરણેલી સ્ત્રી પોતાનાં માબાપના ગામમાં આવે કે તરત જ સફેદ ઘાંસિયું પહેરી લે છે; જ્યારે એ પોતાના પતિના ગામમાં હોય છે ત્યારે લાલ ઢાળવો પહેરે છે. કુટુંબની દીકરી કે વહુની વચ્ચે તફાવત રજૂ કરતી પોષાકની આ રીત ખાસ ધ્યાન ખેંચે છે. ઘરેણાંમાં હાથમાં પહેરવાની ચાંદીની મોટી ચૂડ-સરલીયાં, ડોકમાં પહેરવાનું સોનાનું જુમણું-પાટી કાંઠલો, પગમાં પહેરવાનાં ચાંદીનાં કાંબીકડલાં અને કાનમાં પહેરવાનાં સોનાનાં પાંદડી-વેઢલા મેર સ્ત્રીઓના નૈસર્ગિક સૌંદર્યમાં વધારો કરે છે. મેરાણીનાં ‘ત્રાજવાં’ અથવા છુંદણાનાં વખાણ તો સૌરાષ્ટ્રની કોઈ પણ જાતની સ્ત્રી પાસેથી સાંભળવા મળશે.

મેર પ્રજામાં અનેક શૂરવીર, દાતાર અને ભક્ત પુરુષો તથા સ્ત્રીઓની પ્રણાલિકા આજ પર્યંત ચાલુ છે. “માટી આઈ” મેર જુવાનોએ પોતાના વટને ખાતર યુદ્ધ કરીને કે બારવટાં ખેલીને સૌરાષ્ટ્રની પ્રજામાં સારી નામના પ્રાપ્ત કરી છે. જામનગર રાજ્યનાં હલ્લાઓમાંથી પોરબંદર રાજ્યને અનેક વાર બચાવી અને ટકાવી રાખનાર આ પ્રજા જ છે. અનેક ભાટચારણો અને સાધુ-સંતો પર ખુશ થઈ મેર વડવાઓએ પોતાની જમીન-જાગીરો દાનમાં આપેલ છે. બારોટ, બ્રાહ્મણ તથા અતિથિનું સ્વાગત કરવામાં મેર લોકો પોતાનું સર્વસ્વ હોમવાને તૈયાર હોય છે.

‘રામસાગર’ લઈને પ્રભુભજનમાં લીન થઈ જતા મેર વૃદ્ધોને જોઈને ભક્તિરસનો ખરો જાદુ શો છે તેનો સાચો ખ્યાલ આવે છે. ઈશ્વરની કૃપા મેળવનાર અને સાક્ષાત્કાર પ્રાપ્ત કરનાર અનેક મેર વડવાઓની વાતો લોકજીભે ચર્ચાતી જાણવા મળે છે. વાનપ્રસ્થી શ્રી માલદેવ બાપુ તથા તેમના મોટા ભાઈ સ્વ. શ્રી નાગાર્જુન સ્વામીએ તથા કબીર સંપ્રદાયની જૂનાગઢની સંસ્થાની ગાદી પ્રાપ્ત કરનાર જુવાન કબીર સાહેબ શ્રી વિજયદાસજીએ આ ભક્તિપ્રણાલિકાને સારા પ્રમાણમાં જ્વલંત રાખી છે.

ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવનાર આ પ્રજા ઘણા સંપ્રદાયોમાં માનનારી છે. શ્રીનાથજીનાં સ્થાન અને શિવમંદિરો તથા રામ, સીતા, લક્ષ્મણ અને હનુમાનનાં સ્થાનો મોટાભાગના મેરના ગામોમાં જોવા મળે છે. મેર પ્રજાના જીવનમાં એથીયે વધારે ગુંથાયેલાં દેવદેવીઓમાં વાછરો દાદો, સુરાપુરા,

સતીઆઈ, ચારણઆઈ, તથા રાંદલ (સૂર્ય ભગવાનની પટરાણી રન્નાદેવી)નો સમાવેશ થાય છે. સાથે સાથે કબીર સંપ્રદાય, પ્રણામી-સંપ્રદાય અને શ્રી રામદેવ પીરના સંપ્રદાયમાં મેર પ્રજાનો મોટો ભાગ સારો એવો રસ ધરાવે છે. ગાયને તેઓ માતા ગણીને પૂજે છે તથા મોર અને ગાયની હત્યાને વિરોધ ગણે છે. લગ્ન તથા મરણની ધાર્મિક વિધિમાં બ્રાહ્મણોને બોલાવે છે અને તેઓમાં શ્રદ્ધા રાખે છે. દેવદેવીઓના ભુવાઓના પ્રભાવમાં ઘણા માણસો દઢ વિશ્વાસ ધરાવે છે. રોગ અને દુઃખનું નિવારણ કરવામાં અત્યારના ડૉકટરો કરતાં પણ ભુવાઓની સલાહ માનવાને તેઓ પ્રથમ તૈયારી બતાવે છે.

મેર પ્રજાની અનેક વિશિષ્ટતાઓથી પ્રેરાઈને તેમનો ભૂતકાળ જાણવાને ઘણા વિદ્વાનોએ પ્રયત્ન કર્યો છે. મોટાભાગના અભ્યાસીઓના મત પ્રમાણે મેર પ્રજાના મૂળ પુરુષો મધ્ય એશિયાના વતનીઓ છે. ઈ. સ. પૂર્વે લગભગ ૨૦૦૦ વર્ષો પૂર્વે પરશિયા નામના દેશમાં મીડિયા અને જ્યોર્જિયા નામનાં બે સામ્રાજ્યો હતાં. તેમાંના મીડિયાના લોકો તે મીડસ, મેડ અને હાલના મેર-મીડિયન સામ્રાજ્યની પ્રજાના થોડા માણસો દક્ષિણ રશિયામાંથી તે વખતે ઊતરી આવ્યા હતા એવું પરશિયાનો ઇતિહાસ લખનાર એક લેખકના મંતવ્ય પરથી જાણવા મળે છે. ઈ. સ.ની પાંચમી સદીમાં એપ્પેલાઈટ અથવા સફેદ હુણના હુમલાઓને લઈને મીડિયાના-મેડ-મેર તથા જ્યૉર્જિયામાંના ગુર્જર લોકોએ સ્થળાંતર કર્યું. પંજાબમાં થઈને હિન્દુસ્તાનમાં આવ્યા પછી મેર પ્રજાના બે ફાંટા પડ્યા છે. એમાંનો એક સમૂહ રજપૂતાનામાં અજમેર, મેરવાડામાં ગયો અને બીજો સમૂહ સિંધમાં થોડો સમય રોકાયો. સૌરાષ્ટ્રના સુમરા શાખાના ઓડેદરા મેર સિંધમાંથી આવ્યા છે, એ બારોટના ચોપડા પરથી ચોક્કસ સાબિત થાય છે. પરંતુ એ સિવાયના બીજા મેર રજપૂતાનાના સમૂહમાંથી છૂટા પડી બરડાના ડુંગરાળ પ્રદેશમાં વસેલા છે એમ માનવામાં આવે છે. અહીં આવ્યા પછી પણ મેર લોકોના ઇતિહાસ ઉપર સ્પષ્ટ પ્રકાશ પાડી શકાય તેવા પુરાવાનો ઘણો અભાવ છે. પરંતુ એમ માનવામાં આવે છે કે ગુપ્તવંશના રાજા બુધગુપ્ત. (ઈ. સ. ૪૮૪ થી ૪૯૯) પછી મેર પ્રજાએ પોતાના બહુબળથી સૌરાષ્ટ્રમાં થોડો સમય રાજ્ય કર્યું હોવું જોઈએ. રજપૂતાનામાં મેર લોકો ત્યાંના રજપૂતો સાથે ખૂબ સંઘર્ષમાં આવ્યા છે તેમ જણાય છે અને છેવટે એમની સાથે ભળીને પણ પોતાની વિશિષ્ટતાઓ જાળવી રાખે છે. અત્યારે સૌરાષ્ટ્રના અને રજપૂતાનાના મેર લોકોમાં ઘણી રજપૂત શાખા હયાતી ધરાવે છે તે આની સાબિતી આપે છે. અત્યારના પોરબંદરના જેઠવા રાણાનો રાજવંશ મેરની ખુંટી અથવા રાજશાખા નામની શાખામાંથી ઊતરી આવેલ છે તેમ પણ માનવામાં આવે છે.

આ મેર લોકોમાં લોકગીતો માટે શી માન્યતા છે અને ખાસ કરીને લગ્નગીતો મેર સમાજમાં પ્રચલિત કૌટુંબિક સંબંધોને કેવી સરસ રીતે રજૂ કરે છે તે બતાવવાનો અહીં આશય છે. લોકગીતોની નોંધ લેવી એ ખરેખર વિકટ કામ છે, કારણ કે નોંધ લેનાર વ્યક્તિ લખાવનાર વ્યક્તિ પાસેથી જે જાતની ચોકસાઈની અપેક્ષા રાખે છે તે ઘણી વાર મળતી નથી. એક જ "વસ્તુ" રજૂ કરતાં લોકગીતો જુદી જુદી વ્યક્તિઓને મોઢે થોડાઘણા ફેરફારો સાથે જાણવા મળે છે. ઘણી વાર તો એક જ વ્યક્તિ એક લોકગીત બેત્રણ સ્વરૂપે જુદા જુદા શબ્દો તથા સંબંધોની ઝલક સાથે આપે છે, અને જ્યારે આવી વ્યક્તિ ગીત નોંધાવે છે ત્યારે તેની રજૂઆતમાં આવતી નૈસર્ગિક કોમળતા ગીત નોંધનારને મીઠી મૂંઝવણમાં મૂકી દે છે. આ જાતનું લોકગીતોનું બહુપક્ષીય

જીવંત તત્ત્વ નિરક્ષર લોકોની કવિત્વશક્તિની ઝાંખી કરાવે છે. એક દિવસ એક મેર મિત્રે મને સ્વાભાવિક બેપરવાઈથી કહ્યું કે "ભાઈ, ગીત એટલે કુહાંની પરાણ, એમાં કાંઈ ઢંગધડો ન હોય !" આ ટીકા બરાબર ન સમજાયાથી મેં એ મિત્રને વિગત વાર ખુલાસો કરવા વિનંતી કરી ત્યારે તેમણે જણાવ્યું કે "પરાણ" એટલે "રાંઢવું" (દોરડું) બનાવવા માટે ગુંદીના થડની આંતર છાલ અથવા તાળીના પાનની રેષાઓને વળ ચડાવીને બનાવેલી દોરી. આવી વસ્તુઓની બનાવેલી દોરીઓને ભેગી કરીને તેમાંથી દોરડું બનાવી શકાય ખરું. પરંતુ 'કુહાં'માંથી 'પરાણ' બનાવવી એ જ અઘરું છે તો દોરડું ક્યાંથી બને ? અનાજનાં ખાલી થયેલા અને પીંખાઈ ગયેલા કુંડાને ભેગાં કરીને વળ આપો તોય દોરી ક્યાંથી બને ? એ તો છૂટી જ પડેને ? આ મિત્રના કહેવા પ્રમાણે લોકગીત 'કુહાં'ની પરાણ જેવા ઢંગધડા વગરના અને તેના 'વસ્તુ'ને જોડવાને પ્રયત્ન કરીએ તો ય સળંગ સૂત્રતા ન આપી શકે તેવાં છે. લોકોમાં જાણીતી થયેલી આ કહેવત સાચા સ્વરૂપમાં અને સહાનુભૂતિથી સમજવામાં આવે તો લોકગીતોની નબળી બાજુના બદલામાં તેની સર્જનાત્મક (Creative) બાજુ પર સારો પ્રકાશ પાડી શકાય. આ લેખમાં ગીતોની પ્રવાહી વિવિધતા અને તેની કલામય વસ્તુની ચર્ચા કરવાનો અવકાશ નથી. લોકગીતો સમાજની આરસી છે. એ સમાજની એકાદ મુખ્ય બાજુને પ્રતિબિંબિત કરે છે. ખાસ કરીને જ્યારે લગ્નગીતની વાત કરીએ ત્યારે આ ગીતો લગ્નથી સંકળાતાં સગાંસંબંધીઓના ખભા ઉપર ચડીને જ ચાલતાં હોય એમ લાગે છે.

મેર પ્રજા પિતૃમુલક (Patrilineal) છે; અને તેથી સ્વાભાવિક રીતે દરેક વ્યક્તિ વાતચીતમાં પોતાનાં પિતૃપક્ષનાં સગાંઓને પ્રથમ ગણાવે છે. મેર લોકોમાં મામા-ફોઈનાં છોકરાંનાં સામસામી લગ્ન (Bilateral Cross-Cousin Marriage) કરવાનો રિવાજ હોવાથી માતાના ભાઈને (મામાને-જે સસરો થઈ શકે) પણ તેઓ અગત્યના સગા તરીકે ગણે છે. મામાનું સ્થાન લગ્નમાં અગત્યનું હોય છે; કન્યા તથા વરને મામેરું આપવામાં આવે છે—તે મામાના પક્ષ તરફથી જ અપાય છે. વર અને કન્યા પક્ષનાં સગાંઓ પોતપોતાનાં લગ્નગીતો રજૂ કરે છે. આ ગીતોમાં દરેક પક્ષ પોતાના કુટુંબનાં પાસેનાં સગાંઓનાં અને તેમનાં ગામ તથા શહેરનાં વખાણ કરવામાં જ મહાલે છે. મેરનાં લગ્નગીતોમાં વર અથવા કન્યાના પિતાને 'દાદો' કહેવામાં આવે છે. આપણે જે અર્થમાં વાપરીએ છીએ તે દાદા-દાદી (Grandfather Grandmother)ને લગ્નગીતોમાં બિલકુલ સ્થાન નથી. ખાસ ઉલ્લેખ ભાઈ-બેન, વીર-ભાભી, કાકો-કાકી, મામો-મામી, સાસુ-સસરો વગેરેનો કરવામાં આવે છે. આ બધાં પરણનારનાં પ્રથમ અને બીજી કક્ષાનાં સગાંઓ જ છે—એ સૂચક છે. નીચે બે વરપક્ષનાં, બે કન્યાપક્ષનાં અને 'ફટાણા ગીત' રજૂ કરવામાં આવ્યાં છે. આ ગીત આપનાર સૌ. શ્રી વાલીબેન તથા સૌ. શ્રી ભીનીબેન બરડા પંથકના ઓડેદરા શાખાનાં બેનો છે.

વરપક્ષનાં ગીત

[૧]

જાનમાં મારે રાવલીયા રજપુત,	લીજો તમારાં દેહડીયાનાં નામ,
જાનમાં મારે છોગારા છડીદાર,	લીજો તમારાં ગામડીયાનાં નામ,
જાનું તી આવે રાજનીયું.	ઝુલું તી મેલો ઝુલતીયું.

'બરડો' અમારા દેહડીયાનાં નામ,
ખંભાળું અમારા ગામડીયાનાં નામ,
જાનું તી આવે રાજનીયું.
લીજો તમારા દાદાજીનાં નામ,
લીજો તમારા કાકાજીનાં નામ,
ઝુલું તી મેલો ઝુલતીયું.
ગીગોભાઈ અમારા દાદાજીનાં નામ,
આતોભાઈ અમારા કાકાજીનાં નામ,
જાનું તી આવે રાજનીયું.
લીજો તમારા મામાજીનાં નામ,
લીજો તમારા વીરાજીનાં નામ,
ઝુલુ તી મેલો ઝુલતીયું.
વીરમભાઈ અમારા મામાજીનાં નામ,
બચુભાઈ અમારા વીરાજીનાં નામ,
જાનમાં મારે રાવલીયા રજપુત,
જાનમાં મારે છોગારા છડીદાર.

નોંધ :—વર-પક્ષની સ્ત્રીઓ કન્યાના ગામે જાન પહોંચે ત્યારે આ ગીત ગાય છે. જાનમાં રાવલિયા રજપૂતો છડીદાર તરીકે આવ્યા હોય છે. આ કન્યાનું જ ગામ છે અને તેના પ્રદેશમાં જ એ લોકો આવ્યા છે તેની ખાત્રી કરવાને કન્યાના ગામના માણુસોને અને સગાંઓને તેમનાં નામઠામ પૂછીને નક્કી કરે છે કે તેઓ ભૂલાં તો નથી પડ્યાં ને ? કન્યા પક્ષના માણુસો તેમની શંકાઓને દૂર કરે છે, અને કન્યાના બાપ, કાકો ભાઈ વગેરેનાં નામ આપે છે અને ગાડાના બળદને ઓઢાડેલી 'ઝૂલ' બાજુએ મૂકી બળદને વિસામો આપી બધાને સ્વસ્થ થવાનું જણાવે છે.

[૨]

મી તમને રણુમલભાઈ બારીયા,
તમારા હહરાની હેરીયે રમવા
મ જાહો રે!
છતરીહા વાજા વાગહે,
વેજા હહરાની બેટી રૂપે આગરાં
તમને રોકહે ને કરહે અહુર,
છતરીહાં વાજાં વાગહે,
તમારા કાકાજીની હેરીયે રમવા
મ જાહો રે!
છતરીહાં વાજાં વાગહે,
જોધા કાકાની ભતરીજી રૂપે આગરાં
તમને રોકહે ને કરહે અહુર,
છતરીહાં વાજાં વાગહે,
તમારા મામાજીની હેરીયે રમવા
મ જાહો રે!
છતરીહાં વાજાં વાગહે,
વીરમ મામાની ભાણેજ રૂપે આગરાં
તમને રોકહે ને કરહે અહુર,
છતરીહાં વાજાં વાગહે,
તમારા હારાની હેરીયે રમવા
મ જાહો રે!
છતરીહાં વાજાં વાગહે,
એભા હારાની બેન રૂપે આગરાં
તમને રોકહે ને કરહે અહુર,
છતરીહાં વાજાં વાગહે!

નોંધ :—કન્યાના ગામે પહોંચેલા વરને આ ગીતમાં જાનડીઓ શિખામણ આપે છે. તેના સસરા તથા કન્યાના કાકા, મામા કે ભાઈને ત્યાં શેરીમાં ભૂલમાં પણ જવાની ના પાડે છે. એ ત્યાં જાય અને રૂપાળી કન્યા તેને રોકી રાખે તો ? વરઘોડે કોણ ચડે ? "છતરીહાં" વાજાં વાગવાની અને વરઘોડો કાઢવાની તૈયારી જ છે. માટે વરને ધીરજ રાખીને બેસી રહેવાનું જણાવે છે અને કન્યાને મળવાની એની ઉત્સુકતાને વારે છે. અહીં છત્રીસ જાતનાં વાજાંનો ઉલ્લેખ છે તે મેર પ્રજાના શોખીન સ્વભાવનું સાચું દર્શન કરાવે છે.

કન્યા-પક્ષનાં ગીત

[૩]

દાદે વડાં વડાં ઘર જોઈ દેવીબાઇ ઓરીયાં,
દાદે વર રે જોયો ગોકુળીયાનો કાન,
દેવીબાઇ ગોકુળ ગોયણી,
કાકે વડાં વડાં ઘર જોઈ દેવીબાઇ ઓરીયાં.

કાકે વર રે જોયો વનરાઇ માલ્યો મોર,
દેવીબાઇ ઢળકતી ઢેલડી,

મામે વડાં વડાં ઘર જોઈ દેવીબાઇ ઓરીયાં.
મામે વર રે જોયો દેરાં માયણો દેવ,
દેવીબાઇ દેવળ પુતરી,
વીરે વડાં વડાં ઘર જોઈ દેવીબાઇ ઓરીયાં.

વીરે વર રે જોયો અષાઢીનો મેઘ,
દેવીબાઇ વાદળ વીજળી.

નોંધ :—કયાં કયાં સગાંઓ કન્યાનાં લગ્ન કરવામાં સંમત હોય છે તેનો નિર્દેશ આ ગીતમાં કરવામાં આવ્યો છે. પિતા (દાદો), કાકો, મામો તથા ભાઇ દરેક વ્યક્તિ કન્યાનો વર પસંદ કરવામાં આગળ પડતો ભાગ લે છે અને તેને સારો પતિ મળે તે જોવાને ચિંતાતુર હોય છે. કન્યાને ગોકુળની ગોયણી, ઢેલ, દેવપુત્રી અને વીજળીની સાથે સરખાવીને તથા વરને કાન, મોર, દેવ અને અષાઢી મેઘની સાથે સરખાવીને સર્જકે આ લગ્નગીતમાં મૃદુતા મૂકી છે.

[૪]

દેવીબાઇના દાદાને આંગણ આંબલો,
બાઇ તો ચડી ચડી જુએ નમી નમી જુએ
કોણ ઘોડે ને કોણ હાથીએ.

દેવીબાઇનો દેર ઘોડે ને જેઠ હાથીએ,
બાઇનો હહરો વડેરે વેપારને,
બાઇનો વર બેઠો રે પાલખે રે.

દેવીબાઇના કાકાને આંગણ આંબલો,
બાઇ તો ચડી ચડી જુએ ને નમી નમી જુએ
કોણ ઘોડે ને કોણ હાથીએ.

દેવીબાઇનો દેર ઘોડે ને જેઠ હાથીએ,
બાઇનો હહરો વડેરે વેપાર રે,
બાઈનો વર બેઠા પાલખે રે.

દેવીબાઇના મામાને આંગણ આંબલો,
બાઇ તો ચડી ચડી જુએ ને નમી નમી જુએ
કોણ ઘોડે ને કોણ હાથીએ.

દેવીબાઇનો દેર ઘોડે ને જેઠ હાથીએ,
બાઇનો હહરો વડેરે વેપારને,
બાઈનો વર બેઠા પાલખે રે.

દેવીબાઇના વીરાને આંગણ આંબલો,
બાઇ તો ચડી ચડી જુએ ને નમી નમી જુએ
કોણ ઘોડે ને કોણ હાથીએ.

દેવીબાઈનો દેર ઘોડે ને જેઠ હાથીએ,
બાઇનો હહરો વડેરે વેપારને,
બાઈનો વર બેઠા પાલખે રે.

નોંધ :—કન્યાને ત્યાં જ્યારે વાજતે ગાજતે જાન આવે છે ત્યારે આ ગીત ગાવામાં આવે છે. કન્યાના મનના હાવભાવનું અહીં તાદશ વર્ણન કરવામાં આવ્યું છે. બાપ, કાકો, મામો તથા ભાઈને ત્યાં રહીને કન્યા પરણી શકે છે, એનો અહીં આછો નિર્દેશ છે. ખરું કહીએ તો આ બધા સગાંઓનો કન્યા ઉપરનો હક્ક અને તેના તરફની ફરજ એકસરખાં છે. વરનો બાપ જાણે કન્યા-રત્ન કમાવા મોટા વેપારે નીકળ્યો ન હોય એમ બતાવી કન્યાની કિંમતમાં અનેક ગણો વધારો કરવામાં

આવ્યો છે. આ ગીતમાં બાદશાહી ઠાઠમાઠનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઘોડા, હાથી અને પાલખીનો નિર્દેશ કરીને વરપક્ષની સદ્ધરતાનો ખ્યાલ આપવામાં આવ્યો છે. સાથે સાથે કન્યા પણ પિયેરિયામાં ઘર પાસે આવેલા આંબાના છાયા નીચે ઊછરીને સુખમાં મોટી ન થઈ હોય એમ માની લેવાયું છે.

મેરનાં ફટાણાં :

લગ્નગીતનો આ પ્રકાર મેર લોકોમાંથી હાલમાં લુપ્ત થતો જાય છે. પોતાનાં સગાંઓ તરફ ઊંડો પ્રેમભાવ બતાવવા અને તેમની સાથેના પરિચયની માત્રા વધારવામાં 'ફટાણાં' ગીત અનિવાર્ય લેખવામાં આવે છે. બીભત્સ શબ્દોમાં ગાળો આપવાથી માંડીને શિષ્ટ ભાષામાં અપમાનજનક મશ્કરી કરવાની કળા આ જાતનાં ગીતમાં જોવા મળે છે. અહીં આપેલાં ગીતો "ભર્યાં ભર્યાં" એટલે શિષ્ટ પ્રકારનાં છે.

કોરી રે ગાગરડીમાં સોપારીનો કટકો રે,
માગ્યે લુગડે આઇવો જમાઈ આવડો
શું મચકો !

હશે એનાં લઈ લેશે પછી ચડશે ચટકો રે,
માગ્યે બેસે આવ્યો જમાઈ આવડો
શું મચકો !

હશે એનાં લઈ લેશે પછી ચડશે ચટકો રે,
માગી આંગળીએ આવ્યો જમાઈ આવડો
શું મચકો !

હશે એના લઈ લેશે પછી ચડશે ચટકો રે,
માગી પાઘડીએ આવ્યો જમાઈ આવડો
શું મચકો !

હશે એની લઈ લેશે પછી ચડશે ચટકો રે.

નોંધ :—પોતાના સાળાની જાનમાં ગયેલા જમાઈની આ ગીતમાં આબરૂ લેવાનો સારો એવો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પોતે ગમે તેવો સામાન્ય સ્થિતિનો હોય તોપણ સસરાના ગામમાં આવે ત્યારે, અને તેમાંય ખાસ સાળાની જાનમાં આવે ત્યારે માગ્યે લુગડે પણ વટ પાડ્યા વિના જમાઈરાજથી કેમ રહેવાય ! જમાઈરાજની આ મીઠી મશ્કરી તેના તરફના પ્રેમનું સૂચક લક્ષણ છે.

[૬]

૧ રાણીબાઈ પાટ બેઠાં બોલે
હુમર હારડી રે.

૨ રાણીબાઈ ત્રોડા કડલી માગે
હુમર હારડી રે.

૩ આવતો વેવાઈ કયાંથી કાઢે
હુમર હારડી રે.

૪ ફાડયાં સોનીડાનાં હાટ
હુમર હારડી રે.

૫ બીચારો દાંતે ખાતર પાડે
હુમર હારડી રે.

૬ બીચારો જીભે ધૂળ ઉહરળ
હુમર હારડી રે.

૭ તાંતાં (ત્યાં તો) આતાભાઇએ દીઠો
હુમર હારડી રે.

૮ હારાને બાંધો બેવડ રાહે
હુમર હારડી રે.

*　　*　　*

વેવાઈનો જવાબ

તારા ગોલાનો પણ ગોલો હુમર હારડી રે,
તારા ચાકરનો પણ ચાકર હુમર હારડી રે.

આ ગીત આટલેથી અટકતું નથી. એની અમુક કડીઓનું પુનરાવર્તન થયા કરે છે અને વચ્ચે વચ્ચેની કડીઓમાં ફેરફાર થાય છે તે નીચે પ્રમાણે ક્રમવાર બતાવેલ છે:

૨ રાણીબાઈ ચીર ચુંદડી માગે હુમર હારડી રે.
૪ ફાડયાં કુસુંબીનાં હાટ હુમર હારડી રે.
૭ તાંતાં ભુરા કાકાએ દીઠો હુમર હારડી રે.

* * *

૨ રાણીબાઈ પાંદડી વેઢલા માગે હુમર હારડી રે.
૪ ફાડયાં સોનીડાનાં હાટ હુમર હારડી રે.
૭ તાંતાં વેજા મામીએ દીઠો હુમર હારડી રે.

* * *

૨ રાણીબાઈ કાંઠલી-વેઢલો માગે હુમર હારડી રે.
૪ ફાડયાં સોનીડાનાં હાટ હુમર હારડી રે.
૭ તાંતાં ગીગા વીરાએ દીઠો હુમર હારડી રે.

* * *

નોંધ:—આ ગીતમાં કન્યાના સસરાની ખૂબ મશ્કરી કરવામાં આવી છે. કન્યાને રીઝવવા માટે સસરો આકાશપાતાળ એક કરે છે. કન્યા માગે તે ચીજ યેન કેન પ્રકારે મેળવવાને પ્રયત્ન કરે છે. પરંતુ તેની આબરૂ હર વખતે ખુલ્લી પડી જાય છે. કન્યાનો બાપ, કાકો, મામો, ભાઈ, બધા જ તેમના વેવાઈનાં પરાક્રમ જાણી જાય છે અને તેથી વેવાઈ ભોંઠો (છોભીલો) પડીને માફી માગે છે. આ ગીતમાં મેર સ્ત્રીઓનાં પ્રિય ઘરેણાંનો અને વસ્ત્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

જાલ્યોધર—ગુજરાતનું એક ભુલાયેલ પ્રાચીન નગર

કનૈયાલાલ ભાઈશંકર દવે

ગુજરાતના ઇતિહાસમાં કેટલીયે ક્રાંતિઓ સમયે સમયે આવી છે, અને તેમાં કેટલીક જ્ઞાતિઓ, નગરો, મહાસ્થાનો, અને મહાજનો આજે નામશેષ બનેલાં જોવામાં આવે છે. કેટલીક જ્ઞાતિઓ અને મહાજનોને પોતાના આદિવતનનો ખ્યાલ નથી, કારણ હજુ સુધી તેમનો ઇતિહાસ અંધારામાં જ છુપાયેલો છે. આવી ગુજરાતની એક જ્ઞાતિ, "ઝાલોરા" નામ ધારણ કરતી, ઉત્તર ગુજરાત અને કાઠિયાવાડનાં કેટલાંક ગામોમાં વસે છે. આ નામ ધારણ કરતા બ્રાહ્મણો અને વૈશ્યોનો સારો એવો સમાજ હોઈ, વૈશ્યોમાં દશા તથા વીશાના ભેદો પડેલા જોવામાં આવે છે. દશા તથા વીશાની જુદી જુદી જ્ઞાતિઓ હોવા છતાં, આજના સંક્રાંતિકાળમાં હવે તેવા ભેદોનું ઝાઝું મહત્ત્વ રહ્યું નથી. ગુજરાતની વિવિધ જ્ઞાતિઓને, પોતાનાં આદ્યસ્થાન, ઇષ્ટદેવ, દેવી, કુલદેવ કે કુલાંબા, અને અટપટા રીતરિવાજો પરંપરાથી તેઓએ સ્વીકાર્યા હોવાનું જણાય છે. બ્રાહ્મણોની તેમ જ વૈશ્યોની આટલી બધી જ્ઞાતિઓ ગુજરાતમાંથી જ ખાસ મળે છે, અને તેઓનાં આદ્યસ્થાનો ઉપરથી, તે જ્ઞાતિઓએ પોતાનું અભિધાન કેવી રીતે અપનાવ્યું, તેનો પૂર્વ ઇતિહાસ તેમનાં જ્ઞાતિપુરાણો રજૂ કરે છે. દરેક જ્ઞાતિપુરાણમાં બતાવવામાં આવે છે કે પ્રથમ તે નામના બ્રાહ્મણો ઉત્પન્ન થયા, અને પછી તે જ અભિધાન ધરાવતા વૈશ્યો આવ્યા, જેઓ બ્રાહ્મણોના પરિપોષક બન્યા. આ વસ્તુ દરેક જ્ઞાતિપુરાણમાં ખાસ કરીને હોય છે જ. ગુજરાતમાંથી આવી ઘણી જ્ઞાતિઓ પ્રાદુર્ભાવ પામી છે. તેમાં મોઢ, વાયડા, દીશાવાલ, નાગર, ખડાયતા, ખેડાવાળ, કંડોલિયા, લાડ, કપોળ, શ્રીમાળી, વાલભ-વાલમ, ભાર્ગવ, વગેરેને મુખ્યતઃ ગણાવી શકાય. આવી જ એક જ્ઞાતિ ઝાલોરા બ્રાહ્મણો તથા વૈશ્યોની છે.

ઝાલોરા કે ઝારોળા-આ બન્ને નામો આ જ્ઞાતિનાં છે. આમાં સાચું કયું તેની ચોક્કસ માહિતી નથી. તે લોકોનો મોટો ભાગ પોતાને ઝારોળા વાણિયા-વૈશ્યો તરીકે ઓળખાવે છે. જો તેમનું આ સાચું નામ હોય તો તેમનો સંબંધ ઝારોળ નામના કોઈ સ્થાન કે નગર સાથે હોય એવું અનુમાન કરીએ તો તે અવાસ્તવિક તો નહિ ગણાય. આ નામનું એક ગામ વડોદરા તાલુકામાં, ઝારોળથી ઓળખાય છે. પરંતુ આ ગામ સાથે આ જ્ઞાતિનો કોઈ સંબંધ નથી. આ જ્ઞાતિનું એક જ્ઞાતિપુરાણ છે, જેને વાલખિલ્ય પુરાણ કહે છે. તેમાંથી પણ કોઈ ઝારોળ ગામની હકીકત મળતી નથી. આથી તેઓના ઝારોળા નામને કોઈ ઐતિહાસિક ટેકો મળતો નથી. હવે ઝાલોરા નામ સંબંધી વિચારીએ.

વાલખિલ્ય પુરાણ એ કોઈ સ્વતંત્ર પુરાણ નથી, છતાં તેમાંથી ઝાલોરા વૈશ્યો સંબંધી, ઐતિહાસિક હકીકતો મળી આવે છે. પૌરાણિક પદ્ધતિએ આ પુરાણની રચના કરી હોવા છતાં તેનો રચનાકાળ તેરમા સૈકાથી અર્વાચીન તો નથી જ. અર્થાત્ આ પુરાણ મોડામાં મોડું તેરમા કે

ચૌદમા સૈકામાં રચાયું હોય તેમ તેના આંતરિક વિષયો ઉપરથી જાણવા મળે છે. તેમાં પુરાણોની પદ્ધતિએ, ઝાલોરા જ્ઞાતિની ઉત્પત્તિ વાલખિલ્યોમાંથી થઈ હોવાનું સૂચવ્યું છે. ભગવાન શિવના લગ્ન વખતે બ્રહ્મા પુરોહિત બનેલા, તે સમયે પાર્વતીનું મુખ જોતાં તેમનું વીર્ય સ્ખલિત થયું, તેમાંથી વાલખિલ્યો પ્રાદુર્ભાવ પામ્યા. આ વાલખિલ્યો ૧૮૦૦૦ અઢાર હજાર હતા. તેઓએ અર્ણુનાશા કે વાર્ણાસ નદીના કિનારા પાસે, વાલખિલ્યાશ્રમમાં નિવાસ કર્યો, અને ત્યાં જ રહ્યા. વધુમાં પુરાણકાર જણાવે છે કે વાલખિલ્ય ઋષિઓ મૂળ કુરુક્ષેત્રમાંથી અહીં આવી રહ્યા હતા.[૧] આ બધા ઉપરથી એટલો જ નિષ્કર્ષ તારવી શકાય કે કુરુક્ષેત્રમાંથી કેટલાક બ્રાહ્મણો અર્ણુનાશા કે વાર્ણાસ જે બનાસથી આજે ઓળખાય છે, તેના કિનારા ઉપર અહીં આવી રહેલા, અને તે સ્થળનું નામ વાલખિલ્યાશ્રમ રાખેલું.

બ્રાહ્મણોની કેટલીક જ્ઞાતિઓ, રાજસ્થાનમાં આવેલ કેટલીક નગરીઓ, કે સ્થાનો ઉપરથી જાણીતી બની છે. જેમ કે શ્રીમાળના શ્રીમાળી, પુષ્કરના પુષ્કરણા, પાલીના પલ્લીવાલ, મેડતાના મેડનવાલ, આબુ ઉપર ગોમતી કિનારાના ગોમતીતાલ, વગેરે સ્થાનો ઉપરથી જ્ઞાતિઓનાં નામો પડ્યાં છે. તેવી જ રીતે ઝાલોરનગર ઉપરથી, ઝાલોરા નામ જ્ઞાતિએ સ્વીકાર્યું હોય તેવો તર્ક થઈ શકે. પરંતુ વાલખિલ્ય પુરાણમાં આ સંબંધી એક પણ ઉલ્લેખ મળતો નહિ હોવાથી રાજસ્થાનના ઝાલોર નગર સાથે આ જ્ઞાતિનો કોઈ સંબંધ હોવાનું જણાતું નથી. પુરાણકારે બનાસ નદીના કિનારા પાસે વાલખિલ્યાશ્રમ હોવાનું સૂચવ્યું છે. ઝાલોરા જ્ઞાતિનો સમાજ, પોતાનું પ્રાચીન સ્થાન પરંપરા પ્રમાણે બનાસ નદીના કિનારા પાસે દેવગામથી ઓળખાતા, એક પ્રાચીન ગામડા પાસે હોવાનું માને છે. આથી આ ગામની આજુબાજુના પ્રદેશમાં વાલખિલ્યાશ્રમ આવેલો હતો એમ કહી શકાય. આ પ્રદેશમાં એક ગામનું નામ વલ્લાળા છે, જે વાલખિલ્ય ઉપરથી જ પડ્યું હોય તેવો તર્ક જાય છે.

વાલખિલ્યાશ્રમમાં એક પુરાતન નગર હતું જે સત્યયુગમાં શામ્યપુર, ત્રેતામાં દૂર્વાપુર, દ્વાપરમાં કુશપુર અને કલિયુગમાં **જાલ્યોધરથી** જાણીતું બનેલું. આ નગરની ચતુઃસીમા પણ પુરાણકારે રજૂ કરતાં જણાવ્યું છે કે, તેની પૂર્વમાં કામ્યશિવ, અને સિદ્ધનાથ, દક્ષિણમાં પુરંધિક, પશ્ચિમમાં પુષ્કરાક્ષવિષ્ણુ, અને ઉત્તરમાં ઇંદ્રનું સ્થાન છે. આ નગરથી પાંચ કોશ દૂર ઇંદ્રદ્યુમ્નપુરી આવેલી છે, જ્યાં કેદારકુંડ વગેરે અનેક તીર્થો આવ્યાં હતાં.[૨] પુરાણની ઉક્ત હકીકત ઉપરથી પુરાતનકાળે આ પ્રદેશમાં જાલ્યોધર નામનું નગર હતું, જેની ઉત્તરે પાંચ ગાઉ દૂર ઇંદ્રદ્યુમ્નપુરીનું સ્થાન જણાવેલ છે. આગળ જણાવેલ વાલખિલ્યાશ્રમ જો વલ્વાળા ગામની આજુબાજુના પ્રદેશમાં માનીએ તો જ પુરાણકારે જણાવેલ ચતુઃસીમાના આધારે જાલ્યોધર નગર આ ભૂમિભાગમાં આવ્યું હતું એમ ચોક્કસ કહી શકાય. રાધનપુર તાલુકાના આ પ્રદેશમાં ઇંદ્રનગર નામનું ગામડું છે, જે પ્રાચીન ઇંદ્રદ્યુમ્નપુરી કે ઇંદ્રનગર હોવું જોઈએ. જાલ્યોધરની ચતુઃસીમામાં આવેલ ઇંદ્રનું સ્થાન, તે જ આ ઇંદ્રનગર, એટલે વાલખિલ્યાશ્રમ, અને જાલ્યોધર અહીં જ આવ્યાં હતાં, એમ ચોક્કસ લાગે છે. આ જાલ્યોધર નગર, એક કાળે સારું એવું મોટું પુરાતન નગર હતું, જેનો

૧ વાલખિલ્ય પુરાણઃ ગુજરાતી ભાષાંતર, અ. ૧૦

૨ એજન, અ. ૧૪.

ઐતિહાસિક ઉલ્લેખ એક ગ્રંથની પુષ્પિકામાંથી મળી આવ્યો છે. પાટણમાં સંઘના ભંડારની અંદર શાંતિનાથચરિત્રની હસ્તલિખિત પ્રત છે, તેની પ્રશસ્તિમાં નીચે પ્રમાણે નોંધ જાલ્યોધર માટે આપી છે.[૧]—

चतुर्वेदैर्बलैर्भूमिदेवैर्भुवि विनिर्मिते ।
त्रिधाहुताग्निप्राकारे वेदाचारचतुर्मुखे ॥ १ ॥

चक्रस्वाम्यादिकैर्देवैर्देवीभिर्विजयादिभिः ।
नानायुधकरैः शांतैश्चतुर्द्वारोपशोभिते ॥ २ ॥

अशोकेऽर्कप्रभायुक्ते सप्तेतिद्वेषवर्जिते ।
जाल्योधरे विश्वमान्ये सर्वज्ञस्थानसन्निभे ॥ ३ ॥

श्रीमत्संघसदासीनभावार्हन्मुख्यवर्तिनाम् ।
जिनानां वर्धतां साधुगणे पूजा महोदये ॥ ४ ॥

शांतिस्तद् ब्रह्मलोकस्य क्षेमं स्थानं निवासिनाम् ।
आरोग्यं विप्रभक्तानाम् शिवं संघस्य शाश्वतम् ॥ ५ ॥

આ પ્રશસ્તિ ઉપરથી જાણી શકાય છે કે “ આ નગરની સ્થાપના દેવોએ કરી હતી. ચારે વેદના અભ્યાસી બ્રાહ્મણો અહીં નિવાસ કરતા. વેદ જ જેનો આચારધર્મ છે, તેવા કર્મનિષ્ઠ બ્રાહ્મણો અહીં ત્રણ પ્રકારના અગ્નિ—દક્ષિણાગ્નિ, આહ્વનીય, અને ગાર્હપત્ય-માં હોમ કરતા. આ નગરને પ્રાકાર-કોટ હતો. ત્યાં ચક્રસ્વામી અને વિજયા, વગેરે દેવદેવીઓનાં વિવિધ આયુધો ધારણ કરતાં મૂર્તિશિલ્પોવાળાં મંદિરો હતાં. આવું આ નગર ચાર મહાદ્વાર—દરવાજાઓવાળું શોભા આપતું. આ નગરમાં સદા આનંદ રહેતો, જ્યાં સાત પ્રકારની ઇતિઓ (અનાવૃષ્ટિ વગેરે), સાત ઉપદ્રવો કદી થતા નહિ, દ્વેષ, લોભ વગેરે સાત મહાદોષો પણ આ નગરમાં જોવા મળતા ન હતા. એવું આ જાલ્યોધર નગર વિશ્વમાન્ય સઘળાં શહેરોમાં શ્રેષ્ઠ મનાતું. અહીં જૈનોની પણ સારી એવી વસ્તી હોવાથી અહીંનો જૈન સંઘ ભાવુક અને શ્રદ્ધાવાન ગણાતો. તે લોકો સદાસર્વદા જિન પ્રભુની પૂજા, અર્ચના, શાંતિસ્તોત્ર વગેરે કરી ભક્તિભાવ સેવતા. આવું આ નગર ત્યાંના નિવાસીઓને કલ્યાણમય, બ્રાહ્મણો, ભક્તો, અને સંઘના મહાજનોને સુખાકારી, શાંતિદાયક, તેમ જ આરોગ્ય-વર્ધક ગણાતું.”

આ નાની પ્રશસ્તિ જાલ્યોધર નગર સંબંધી ઘણી હકીકતો આપી જાય છે. તે કાળે આ નગર દેવોએ રચ્યું હોય તેમ સમાજમાં કહેવાતું. ત્યાં ત્રણ અગ્નિમાં હોમ કરનારા અગ્નિહોત્રી બ્રાહ્મણો રહેતા હતા. નગરની અંદર ચક્રસ્વામી તથા વિજયા વગેરે દેવદેવીઓનાં મંદિરો મુખ્ય ગણાતાં. બીજાં બધાં નગરોમાં જાલ્યોધરની પ્રતિષ્ઠા ખૂબ વખણાતી. જૈનોની પણ આ નગરમાં મોટી વસાહત હોવાથી, જિન ભગવાનની તેમ જ તેમના ગણોની પૂજા થતી. સાથે સાથે સાધુ-વર્ગનો પણ સારો એવો સત્કાર તે લોકો કરતા. આમ આ નગર ત્યાંના નિવાસીઓને આરોગ્યદાયક,

૧ જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પા. ૯૨; સંપાદક: આચાર્ય જિનવિજયજી; સિંઘી સિરીઝ પ્રકાશન, ભારતીય વિદ્યાભવન, મુંબઈ.

કલ્યાણમય, અને આનંદમય લાગતું. ત્યાંના બ્રાહ્મણો, ભક્તો અને સકલ જૈનસંઘ આ નગરમાં શાંતિપૂર્વક રહેતા હતા. આ હકીકત એટલું તો ચોક્કસ પુરવાર કરે છે કે આ ગ્રંથ લખાયો ત્યારે જાલ્યોધર નગર સારી સ્થિતિમાં હતું, અને ત્યાંની પ્રજા તે કાળે સુખી હતી. બીજા કોઈ ઉપદ્રવો ત્યાંના સમાજમાં નહિ હોવાથી ત્યાંના પ્રજાજનો આનંદ માણતા હતા.

આ પ્રશસ્તિમાં ગ્રંથનો લેખનકાળ સૂચવ્યો નથી, પણ તેની સાથે બીજી પુષ્પિકા છે. તેના ઉપરથી આ ગ્રંથ ચૌદમી સદીમાં લખાયો હોવાનું સૂચન મળે છે. આ સિવાય જાલ્યોધરની પ્રાચીનતા માટે બીજો પણ એક પુરાવો મળ્યો છે. "નંદીદુર્ગપદવ્યાખ્યા" નામક ગ્રંથની હસ્તપ્રતમાં અંત્ય ભાગે જે પુષ્પિકા છે તેમાં જણાવ્યું છે કે "संवत १२२६ वर्षे द्वितीय श्रावण सुद ३ सोमे अद्येह मंडलीवास्तव्य श्रीजाल्योधरगच्छे मोढवंशे श्रावकआसधरसुतेन श्रीपाल्हणेन लिखिता लिखापिता ज श्रीगुणभद्रसूरिभिः[1] ॥ આ પુષ્પિકા ઉપરથી સંવત ૧૨૨૬ના બીજા શ્રાવણ સુદ ત્રીજ ને સોમવારે મંડળી-માંડળના શ્રી જાલ્યોધરગચ્છમાં થયેલ મોઢવંશમાં મોઢવૈશ્ય આશધરના પુત્ર પાલ્હણે શ્રી ગુણભદ્રસૂરિ દ્વારા આ ગ્રંથ લખાવ્યો. આમાં જાલ્યોધરગચ્છનો ઉલ્લેખ, જાલ્યોધર નગરને કેટલેક અંશે ઉપયુક્ત બને છે. સંવત ૧૨૨૬ એટલે કુમારપાળના રાજ્યકાળે આ ગ્રંથ લખાયો ત્યારે જાલ્યોધરગચ્છનું અસ્તિત્વ હતું. આ ગચ્છનું નામ જાલ્યોધર નગર ઉપરથી પ્રાદુર્ભાવ પામ્યું હતું, એટલે જો જાલ્યોધરગચ્છ આ ગ્રંથ લખાયા અગાઉ પચાસ કે સો વર્ષો અગાઉ સ્થપાયો હોય, તો આ બધા આનુષંગિક પુરાવાઓ ઉપરથી, જાલ્યોધર નામનું એક પ્રાચીન નગર, સંવતના દસમા કે અગિયારમાં સૈકામાં વિદ્યમાન હતું એમ માનવું યોગ્ય ગણાય. અત્યાર સુધી વાલખિલ્ય પુરાણમાં નિર્દિષ્ટ કરેલ જાલ્યોધરનગર, પૌરાણિક અનુશ્રુતિ અનુસાર નામશેષ ગામ, કે શહેર હશે એમ મનાતું, પરંતુ આ બન્ને ગ્રંથપ્રશસ્તિઓના પરિપુષ્ટ પ્રમાણો દ્વારા, તે નામનું એક નગર દસમા, કે અગિયારમાં શતકમાં વિદ્યમાન હતું, જેણે સારી એવી પ્રતિષ્ઠા પણ મેળવી હતી, એમ જાણી શકાય છે. ટૂંકમાં વાલખિલ્ય પુરાણમાં જણાવેલી કેટલીક હકીકતો ઐતિહાસિક દૃષ્ટિએ ગુજરાતના સામાજિક ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

આજે આ નગરનો પત્તો મળતો નથી, અને તેનું સ્થાન ક્યાં આવ્યું હશે તે માટે આગળ કેટલાંક અનુમાનો કર્યાં છે. તદ્અનુસાર આ નગર રાધનપુર તાલુકામાં, દેવગામની આજુબાજુના પ્રદેશમાં કોઈ સ્થળે આવ્યું હતું એમ ચોક્કસ લાગે છે. આ અનુમાનને બીજા પણ પુરાવાઓથી પુષ્ટિ મળે છે. વાલખિલ્ય પુરાણમાં, આ નગરની નજીકમાં આવેલ કેટલાંક દેવમંદિરોની નોંધ આપી છે, તેમાં સાંબાદિત્ય, ઇંદ્રેશ્વર, પુષ્કર હ્રદ, દુર્વાસાદિત્ય, કાપાલિકેશ્વર, ઉત્તરેશ્વર, જયશ્રીકેશ્વર, કપિલેશ્વર, ખાતહ્રદ, ભૈરવેશ્વર, પાંડવેશ્વર, ધનદેશ્વર, ગંગોદ્ભેદ, ગયાતીર્થ, બ્રહ્મતીર્થ, ધર્મશીલા, માંડવ્યેશ્વર, ગૌતમેશ્વર, પક્ષીશ્વર, સૌભાગ્યહ્રદ, મુક્તેશ્વર, પંચેશ્વર, વૈદ્યનાથ હનુમાન, રવેલગણેશ, ચિંતામણિ, ગણપતિ, સાંબાદિત્ય પાસે યજ્ઞવારાહ ભગવાન, દિલીપેશ્વર, ક્રોણેશ્વર, બલીશ્વર, નારાયણનું મંદિર, સપ્તમાતૃકા, વૃષભેશ્વર, ત્રિસ્રોત, બ્રહ્મસર, રતિસ્વામિ, પૃથ્વીશ્વર, ભરતેશ્વર, યયાતીશ્વર, અને વાલખિલ્યોના ૧૫ ગોત્રની ગોત્રદેવીઓ—શિવાદિત્યા, મારુતી, ભદ્રા, ચામુંડા, આધારા, વિંધ્યવાસિની, દ્વારવાસિની, વાયુદા, ચામુંડા, શિવા, પાસના, આલ્હા, સિંહરી,

---

૧ એજન, પા. ૧૧૦

ભોલવતી, તથા સારિકા વગેરેનાં મંદિરો ત્યાં હોવાનું સૂચવ્યું છે. આજે તો આ નગરનો જ પત્તો નથી, એટલે ત્યાંનાં દેવમંદિરો ક્યાંથી બચ્યાં હોય? પરંતુ આજુબાજુનાં કેટલાંક ગામો આ દેવમંદિરોનાં નામ ઉપરથી અસ્તિત્વમાં આવ્યાં હોવાનું અનુમાય છે.

આગળ જણાવ્યા પ્રમાણે ઇંદ્રનું સ્થાન હાલના રાધનપુર તાલુકામાં આવેલ ઇંદ્રનગર પાસે હોવું જોઈએ. તે પ્રમાણે માંડવેશ્વર પૈકી અર્જુનેશ્વર, ઉપરથી હાલનું અરજણસર ગામ, ત્યાં વિદ્યમાન બન્યું હોય તેવો તર્ક છે. તેવી જ રીતે જયશ્રીકેશ્વરના નામ ઉપરથી જાખેલ, જાલ્યોધર પ્રશસ્તિમાં જણાવેલ વિજયાદેવી ઉપરથી વિજયનગર, દેવીઓનાં સ્થાનોના કારણે કોલ્હાપુર, દુધાકદેવી, માધવ વગેરે ગામો અસ્તિત્વમાં આવ્યાં હોવાનું સમજાય છે. જાખેલ ગામમાં એક સ્થળે ખોદકામ કરાવતાં ઘરના પાયામાંથી વિષ્ણુની પ્રાચીન પ્રતિમાઓ મળી આવી હતી, જે આજે પણ ત્યાંનાં સ્થાનિક મંદિરમાં મૂકેલી છે. તે આ ગામની પ્રાચીનતા પુરવાર કરે છે. આ સિવાય દેવગામથી થોડે દૂર એક સ્થળે મોટો ગોઢ-ટેકરો હતો, જેનું ખોદકામ કરાવતાં તેમાંથી પ્રાચીન મંદિરના અવશેષો, તથા એક શિખરનો કલશ મળી આવ્યાં હતાં, જે દેવગામ પાસે નવીન બંધાવેલ હિમજામાતાના મંદિરમાં સુરક્ષિત રાખવામાં આવેલ છે. આથી આ સ્થાન ઉપર જ પ્રાચીન જાલ્યોધર હોવું જોઈએ એવો તર્ક કર્યો છે જે યોગ્ય લાગે છે. બીજો તર્ક જાખેલ ગામ માટે પણ થાય છે, જેના ઉપરથી જાલ્યોધરનું જાખેલ નામ ઊતરી આવ્યું હોય? ટૂંકમાં આ પ્રદેશની અંદર બનાસ અને સરસ્વતીના પ્રવાહોના મધ્ય ભાગે જાલ્યોધર નગર આવ્યું હતું એમ ચોક્કસ લાગે છે.

વાલખિલ્યપુરાણમાં "દ્વિજમંગલસ્તોત્ર" નામનો સ્વતંત્ર અધ્યાય છે. તેમાં આ નગરમાં વિવિધ સ્થાનો, તેનાં તીર્થમાહાત્મ્યો, વગેરેની વિગતપૂર્ણ હકીકતો આપેલી છે. આમાં જાલ્યોધરને જાલંધરનગર તરીકે ખીરદાવતાં ત્યાં આજુબાજુ દારુ, જાંબુક, માત્રિકા, માલ્ય, શાર્બુક, અને સાંખ્ય વગેરે વનો આવેલાં હોવાનું સૂચવેલ છે. આ પૈકી શાર્બુક વનમાં વાલખિલ્યાશ્રમ આવેલો, જ્યાં વેદના શબ્દો અને યજ્ઞધૂમ્રોથી ત્યાંનું વાતાવરણ સદાકાળ જાગતું રહેતું. અહીંનું જાલ્યોધર નગર ભવ્ય, ચારે બાજુ ઊંચો કોટ ધરાવતું, જેમાં ચોપટા, શેરીઓ, અને વીથિઓ આવેલાં. ત્યાં બ્રાહ્મણો તથા વૈશ્યોનાં મોટાં મહાલયો હતાં. તેની ઈશાનમાં સાંખ્યવન, તેમાં કપિલનું સ્થાન, તથા જ્ઞાનવાપી આવેલાં. નગરની પાસે બ્રહ્મકુંડ તથા ધર્મશિલા. નગરની પશ્ચિમે દારૂક વનની અંદર સાંબાર્કથી ઓળખાતું સૂર્યમંદિર, માંધાતૃશ્વર, ભીમેશ્વર, રામેશ્વર, તેની પૂર્વે યયાતીશ્વર, ગલ્લટાંકીકૂપ વગેરે તીર્થો આવ્યાં હતાં. દારૂકવનમાં અશ્વત્થ મૂળમાંથી નીકળતા કપિલા નદીનું મહાતીર્થ છે. આ સિવાય આ નગરની આજુબાજુ સાંબાદિત્ય, ગણપતિ, સરસ્વતી, લક્ષ્મ્યેશ્વરનાં મંદિરો હતાં. ત્યાં બદરીવનમાં બ્રહ્મસર, ગોમતીતીર્થ, અને ઝાલોરાનાં ઇષ્ટદેવી "હીંબડી" હીમજાનું ભવ્ય મંદિર આવેલું હોવાની આમાં નોંધ છે.

જૈન ભંડારોમાંથી પ્રાપ્ત "ચતુરાશીતીપ્રબંધ" નામના ગ્રંથની અંદર "કુમારપાળદેવ પ્રબંધ"માં જાલ્યોધરની થોડીક હકીકત આપેલી છે. તેમાં જણાવ્યું છે કે "એક વખત જાલ્યોધરમાં જૈનોએ રથયાત્રાનો વરઘોડો ચડાવેલો. તે વખતે ત્યાંના દ્વિજો-બ્રાહ્મણોએ દ્વેષથી રથમાંની પ્રતિમાનો ભંગ કર્યો. આથી ત્યાં મોટો કજિયો થયો, જેમાં શ્રાવકોએ બ્રાહ્મણોને માર્યા. આ બ્રાહ્મણો કુમારપાળને ફરિયાદ કરવા જાય તે પહેલાં શ્રાવકોએ બધી હકીકત રાજાને જણાવી. ત્યાર બાદ બ્રાહ્મણો રાજા પાસે પોતાની ફરિયાદ કરવા ગયા. રાજા પ્રતિક્રમણ કરતો હતો. તે પૂર્ણ કરી રહ્યા પછી ગુરુ (હેમચંદ્રા-

ચાર્ય)એ રાજાને ફરીથી સંભારી આપ્યું કે બ્રાહ્મણો આવ્યા છે. રાજાએ બ્રાહ્મણોની હકીકત સાંભળી ઠપકો આપ્યો કે, "તમો ધર્મસ્થાનનો ભંગ કર્યો તેથી મ્લેચ્છ જેવા છો. આ નગરનો ત્યાગ કરી ચાલ્યા જાઓ." બ્રાહ્મણોએ કહ્યું. "ભગવન્" અમો કયાં જઈએ? તે વખતે ગુરુ (હેમચંદ્રાચાર્ય) એ કહ્યું કે, "આ નગરનો ત્યાગ કરી બીજા કોઈ સ્થળે જઈને તમો વાસ કરો." આથી તે બધા બ્રાહ્મણો ચાલ્યા ગયા અને નગર ઉજ્જડ થયું.[1] આ ગ્રંથનો લેખનકાળ પંદરમા સૈકા અગાઉનો હોવાનું આચાર્ય શ્રી. જિનવિજયજીએ જણાવ્યું છે. એટલે તેની રચના ચૌદમા સૈકા પૂર્વની કે તે સમયની હશે. આથી કુમારપાળના રાજ્ય બાદ આ નગર ઉજ્જડ બન્યું હતું એમ ચોક્કસ લાગે છે. એટલે ચૌદમા સૈકામાં મુસલમાનોના આક્રમણથી આ નગરનો સંપૂર્ણ નાશ થયો હોવાનું અનુમાન છે. ત્યાંનાં મંદિરો, દેવપ્રતિમાઓ વગેરેનો નાશ થતાં આ નગર પંદરમા સૈકાની શરૂઆતમાં અર્થાત્ આ ગ્રંથના સર્જનકાળે તે નામશેષ બની ગયું હતું. ત્યાંના પ્રજાજનો ત્યાંથી નીકળી પાટણની આસપાસ તેમજ ગુજરાતભરમાં નિર્ભય સ્થાને ચાલ્યા ગયા.

આ સિવાય વાલખિલ્યપુરાણ કેટલીક સામાજિક હકીકતો પણ રજૂ કરે છે, જે તે કાળે પ્રચલિત રીતરિવાજો સંબંધી સારી એવી માહિતી આપે છે. તેમાં જણાવ્યા મુજબ ઝાલોરા વૈશ્યોની કુલ સંખ્યા, ૩૬,૦૦૦ છત્રીસ હજાર હતી. તેમનામાં બે વિભાગો પડેલા; એક સાંબાદિત્ય–સામોરા અને બીજા રતીશ્વરા. જાલ્યોધરમાંથી સ્થળાંતર કરી, અરુણા તથા વરુણા–વાર્ણાસાની મધ્યમાં, જેઓ દીશાવાલ વૈશ્યો સાથે ડીસામાં જઈ રહ્યા, તે બધા સાંબાદિત્યા–સામોરા કહેવાયા. આ બધા વૈશ્યો જાલ્યોધરમાં, સાંબાદિત્ય સૂર્યના મંદિર પાસે રહેતા હોવાથી તે નામથી ઓળખાતા. ડીસામાં ગયા ત્યાં પણ આજ અભિધાન તેમણે કાયમ રાખ્યું. તે લોકોએ દીશાવાળ વૈશ્યો સાથે, કન્યાઓની લેવડદેવડ શરૂ કરવાથી, તેમનાં રીતરિવાજો અપનાવ્યાં, જેમાં લગ્નની અંદર આઠ મંગળફેરા ફરવાનો કુલાચાર મુખ્ય હતો. આ ઉપરાંત તે લોકો દીશાવાળોની માફક દીવો, જલધારા વગેરે પણ રાખતા.

જેઓ જાલ્યોધરમાં જ રહ્યા, તે બધા રતીશ્વરા કહેવાયા. જાલ્યોધરમાં રતિસ્વામિ–કામદેવના મંદિર પાસે. આ બધા વૈશ્યવર્ગનો નિવાસ હોવાથી તેઓ આ નામથી ઓળખાતા. તેમણે દીશાવાળ વૈશ્યોના કુલાચાર નહિ સ્વીકારતાં શાસ્ત્રીય વિધિ પ્રમાણે ફક્ત ચાર મંગળો જ–ફેરા લગ્નમાં ફરતા. આ ઉલ્લેખ ઉપરથી જાલ્યોંધર નગરમાં કામદેવનું પણ મંદિર, તે કાળે વિદ્યમાન હતું. બીજું અહીં રતિએ સૂર્યની ઉપાસના કરી સૂર્ય પાસેથી વરદાન મેળવ્યું હતું.

આ નગરમાં વસતા જાલોરા બ્રાહ્મણોમાંથી ૫૦૫ બ્રાહ્મણો દ્વારકા ગયા. પુરાણકાર તો ભગવાન્ કૃષ્ણ, તે લોકોને અહીંથી દ્વારિકામાં, એક રાક્ષસનો નાશ કરવા, કામ્ય પુરશ્ચરણદ્વારા તેની શાંતિ કરવા લઈ ગયા હોવાનું સૂચવે છે. આ વિદ્વાન બ્રાહ્મણોએ દ્વારિકામાં જઈ, તેના નાશ માટે અનુષ્ઠાન કરતાં ગૂગળનો હોમ કર્યો તેથી તે રાક્ષસ નાશ પામ્યો. ત્યારથી દ્વારિકામાં ગયેલા બ્રાહ્મણો ગૂગળીથી વિખ્યાત બન્યા.[2] આ હકીકત એક નવીન પ્રકાશ દ્વારિકાના ગૂગળી બ્રાહ્મણો ઉપર નાખે છે. આથી તો દ્વારિકામાં વસતા ગૂગળી બ્રાહ્મણો, મૂળ ઉત્તર ગુજરાતના

---

૧ કુમારપાળચરિત્રસંગ્રહ, સિંધી સિરીઝ પ્રકાશન, પા. ૧૧૨-૨૦.

૨ વાલખિલ્ય પુરાણ; અ. ૫૪.

પ્રાચીન વસાહતીઓ ઝાલોરા બ્રાહ્મણો હતા, જેઓએ ધંધાના કારણે, અગર તો બીજા કોઈ સામાજિક કારણથી, દ્વારિકામાં ઉપનિવેશ સ્થાપ્યો. દ્વારિકામાં વસતા ગૂગળીઓ કયાંથી આવ્યા, અને કયારે આવ્યા, તે સંબંધી કેટલાંક અનુમાનો વિદ્વાનોએ કર્યાં છે. સ્વ. શ્રી. દુર્ગાશંકરભાઈ શાસ્ત્રીજીએ તો, તે લોકો રાજસ્થાનમાંથી આવ્યા હોવાનો તર્ક, તેમના એક લેખમાં કર્યો હતો. આજે દ્વારિકામાં મુખ્ય વસ્તી ગૂગળી બ્રાહ્મણોની છે, અને તીર્થગોર તરીકે, તેમ જ ભગવાન્ દ્વારિકાધીશના પૂજારી તરીકે તેમનું સારું એવું વર્ચસ્વ મનાય છે.

દ્વારિકાપુરી માટે જુદાં જુદાં અનુમાનો, અને તર્કો દ્વારા તે નગરી કયારે સ્થપાઈ, તેના માટે હજુ ચોક્કસ નિર્ણય થયો નથી. પુરાતત્ત્વવિદ્ શ્રી. ડૉ. હસમુખલાલ સાંકળિયાએ, પુરાતત્ત્વખાતા મારફત કરાવેલ ખોદકામ ઉપરથી તે સ્થાને ત્રીજાચોથા સૈકામાં એક નગર હશે એવું અનુમાન કર્યું છે.[1] પરંતુ પ્રાચીન દ્વારિકા ત્યાં જ હતી કે કેમ ? એ એક વિવાદાસ્પદ પ્રશ્ન છે. પ્રાચીન દ્વારિકા રૈવતક પાસે હતી, અને હાલની દ્વારિકા નવીન સ્થપાતાં, મોડામાં મોડી તે અગિયારમા કે બારમા સૈકામાં જાણીતી બની હોવાનું, સ્વ. શ્રી. દુર્ગાશંકરભાઈ શાસ્રાએ સૂચવ્યું છે.[2] તેટલું જ નહિ પણ સોલંકીઓના સમયમાં, હાલનું મંદિર બંધાયું હોય તેવો તર્ક કર્યો છે. આમ હાલના દ્વારિકાની લોકપ્રસિદ્ધિ બારમા સૈકામાં થવા લાગી, અને યાત્રિકોનો પ્રવાહ ત્યારબાદ તે પ્રસિદ્ધ તીર્થ તરફ આકર્ષાયો. વસ્તુપાળની વિદ્યાસભાના મહાપંડિત, કવિ સોમેશ્વરદેવે ઉલ્લાઘરાઘવ નામના નાટકની રચના કરી હતી. તે નાટક દ્વારિકામાં ભગવાન શ્રીકૃષ્ણ પાસે ભજવાયું હોવાનો ઉલ્લેખ મળ્યો છે.[3] આ નાટકની રચના સંવત ૧૨૮૮માં, એટલે તેરમા સૈકાના અંતભાગે થઈ હતી. આથી સંવતના તેરમા સૈકામાં દ્વારિકા એક વૈષ્ણવ મહાતીર્થ તરીકે જાણીતું બનેલું. ગુજરાતના કવિએ રચેલ નાટક ઠેક દ્વારિકામાં, ભગવાનની આગળ ભજવાય, તે હકીકત વિચારતાં, પાટણના સોલંકી રાજાઓ, તે વૈષ્ણવતીર્થ પ્રત્યે સારી એવી શ્રદ્ધાભક્તિ રાખતા હશે, એમ ચોક્કસ લાગે છે. સ્વ. દુર્ગાશંકરભાઈ શાસ્ત્રીજીએ પણ આવી જ માન્યતા રજૂ કરી છે. જાલ્યોધર નગરનું અસ્તિત્વ, અગિયારમા કે બારમા સૈકામાં વિદ્યમાન હોવાનું, આગળ તેને મળતા પુરાવાઓ દ્વારા જણાવ્યું છે. એટલે તે કાળે આ નગરમાંથી બ્રાહ્મણોનો એક સમુદાય આજીવિકાર્થે, અગર બીજા કોઈ કારણને લઈ, આ નવીન તીર્થમાં જઈ વસ્યો હોય, એમ માનવામાં વાંધો આવતો નથી. આથી પુરાણકારના કથન મુજબ ઝાલોરા બ્રાહ્મણો દ્વારિકામાં, તેરમા કે ચૌદમા સૈકાથી આવી વસ્યા હોય એમ લાગે છે. ત્યારબાદ ત્યાં બીજા પણ બ્રાહ્મણો ગુજરાતમાંથી જઈ તેમની સાથે રહ્યા હોવાનો તર્ક છે. હું ઈ. સ. ૧૯૫૦માં દ્વારિકા ગયો ત્યારે ત્યાંના એક ગૂગળી મહારાજ વાયડા હોવાનું જણાવતા હતા. આથી એમ લાગે છે કે દ્વારિકાની પ્રસિદ્ધિ ગુજરાતમાં વિખ્યાત બનતાં, ગુજરાતમાંથી ઝાલોરા, વાયડા, મોઢ વગેરે કેટલીક જ્ઞાતિઓના બ્રાહ્મણો ત્યાં ગયા હશે, જેઓએ ત્યાં પોતાનો સ્વતંત્ર સમાજ રચતાં, ગૂગળી તરીકે સ્વતંત્ર અભિધાન રાખ્યું અને ત્યાં સ્થિર થયા.

---

૧ જુઓ 'સમર્પણ'માં શ્રી. ડૉ. હસમુખ સાંકળિયાનો લેખ, જૂન ૧૯૬૩.

૨ ઐતિહાસિક સંશોધન, પા. ૬૦૨. 'દ્વારાપુરી' ઉપર લેખ.

૩ श्री द्वारकालंकारः नीलमणे श्रीकृष्णदेवस्य पुरतः ઉલ્લાઘરાઘવની પ્રસ્તાવના (સ્વ. તનસુખરામ મ. ત્રિપાઠીનો લેખ. બુદ્ધિપ્રકાશ, ૧૯૧૫.)

અંતમાં તેમના લગ્નપ્રસંગે થતા એક વિશિષ્ટ કાર્યક્રમને રજૂ કરી આ લેખ પૂરો કરીશું. ઝાલોરા બ્રાહ્મણોમાં, લગ્નપ્રસંગે એક વિશિષ્ટ કાર્યક્રમ રાત્રે કરવામાં આવે છે. વાલખિલ્ય પુરાણમાં તેના માટે જણાવ્યું છે કે, "ચંચલા નામની રાક્ષસી, વાલખિલ્યાશ્રમમાં રહેતા પ્રજાજનોનાં વરકન્યાને લગ્નપ્રસંગે ઉપાડી જતી." આથી બ્રાહ્મણોએ શિવનું આરાધન કર્યું. તેમનું નામ આકુલેશ્વર. પછી બ્રહ્માની સ્તુતિ કરી. બ્રહ્માએ પ્રકટ થઈ હોમ કર્યો, એટલે યજ્ઞમાંથી ૧૪ માતૃકાઓ પ્રકટ થઈ. પછી બ્રહ્માએ કહ્યું કે "લગ્નપ્રસંગે તમો આ માતૃકાઓનું પૂજન, તથા બલિદાન અર્ધરાત્રીએ કરજો, જેથી તે રાક્ષસી તમારા સ્થાનમાં આવી શકશે નહિ." આજે પણ લગ્નપ્રસંગે, વરવાળા તરફથી એક માણસ અર્ધનારીશ્વર જેવી વેશભૂષા કરી, અર્થાત્ અર્ધા પુરુષનાં અને થોડાંક સ્ત્રીનાં વસ્ત્રાલંકારો ધારણ કરી હાથમાં તલવાર લઈ, રાત્રે બીજાં સગાંસબંધીઓને સાથે લઈ નીકળે છે. દરેકના હાથમાં મશાલની માફક એક સળગતો કાકડો હોય છે. તે બધા 'દઢ' શબ્દ બોલતા, કન્યાવાળાને ત્યાં જઈ, માતૃકાઓનું પૂજન કરી, પાછા પોતાને ઘેર જાય છે. સ્ત્રીઓ આ પ્રસંગે મંગલ ગીતો ગાય છે. આ પ્રસંગને તે લોકો ઢઈડાથી ઓળખાવે છે.

આમ ગુજરાતનાં પ્રાચીન નગરો પૈકી, જાલ્યોધર નામનું એક પુરાતન નગર ઉત્તર ગુજરાતમાં હતું, જે આજે ભુલાઈ જતાં તેના અવશેષો પણ મળતા નથી. ત્યાંના નિવાસી પ્રજાજનો ગુજરાતમાં અનેક સ્થળોએ અનુકૂળતા પ્રમાણે જઈ રહ્યા છે. તેમના ખ્યાલમાં પણ આ નગર સંબંધી કંઈ માહિતી રહી નથી. તેમનું જ્ઞાતિપુરાણ, પ્રાચીન ગ્રંથ-પ્રશસ્તિઓ, અને પુષ્પિકાઓના આધારે, આ નગરનો યત્કિંચિત્ ઇતિહાસ નામશેષ આજે મળી આવે છે.

'શલાકાપુરુષ'નું શક્ય અર્થઘટન

સોમાભાઈ ધૂ. પારેખ

કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રાચાર્ય-વિરચિત 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' મહાકાવ્યમાં 'શલાકાપુરુષ' શબ્દ પ્રયોજાયો છે. અમેરિકન વિદુષી ડૉ. (મિસ) હેલન જ્હૉન્સને આ મહાકાવ્યનો ૭ ભાગમાં અંગ્રેજી ગદ્યમાં અનુવાદ કરેલો છે;[૧] અને તેનો ગુજરાતી ગદ્યાનુવાદ 'શ્રી જૈનધર્મપ્રસારક સભા, ભાવનગર' તરફથી ઈ. સ. ૧૯૦૪માં પ્રસિદ્ધ થયો છે. ખરેખર તો આ સમગ્ર મહાકાવ્યની સમીક્ષિત આવૃત્તિ પરથી અનુવાદ થાય તે ઇષ્ટ છે; પણ એવી સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવા માટે કોઈ સન્નિષ્ટ વિદ્વાન તૈયાર થાય ત્યારે ખરા.[૨] આજે તો તેના ગુજરાતી અને અંગ્રેજી ગદ્યાનુવાદો દ્વારા દેશપરદેશના વિદ્વાનોને અને જિજ્ઞાસુ જનસમુદાયને આ મહાકાવ્યમાંની 'જૈન પુરાણવિદ્યા'નો પરિચય સુલભ બન્યો, તે ઘણું છે.

ઉપર્યુક્ત બન્ને ભાષાના અનુવાદોમાં, 'શલાકાપુરુષ' શબ્દની કંઈ સમજુતિ આપી નથી. તેથી, ડૉ. (મિસ) હેલન જ્હૉન્સન, ૧૯૬૧-૬૨માં મહાકાવ્યના બાકી રહેલા ભાગના અંગ્રેજી અનુવાદ માટે વડોદરામાં રહેલાં ત્યારે મેં એના અર્થઘટન વિષે ચર્ચા કરેલી; પણ તેઓ આ વિષયમાં વધુ પ્રકાશ નાખી શકેલાં નહિ.

'શલાકાપુરુષ'ની પરંપરા મહાવીરસ્વામીના નિર્વાણ જેટલી પ્રાચીન છે. 'સમવાયાંગ' સૂત્ર'ના ચોપનમા સૂત્રમાં ૫૪ મહાપુરુષોનો ઉલ્લેખ આ પ્રમાણે મળે છે :

'भरहेरवएसु णं वासेसु एगमेगाए उस्सप्पिणीए ओसप्पिणीए चउवन्नं उत्तमपुरिसा उप्पज्जिंसु वा उप्पज्जंति वा उप्पज्जिस्संति वा। तं जहा—चउवीसं तित्थयरा, बारस चक्कवट्टी, नव बलदेवा, नव वासुदेवा।'

એટલે તેમાં, ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ બલદેવ અને ૯ વાસુદેવ મળી કુલ ચોપન મહાપુરુષોનાં ચરિત્ર વર્ણવવામાં આવ્યાં છે.

આચાર્ય જિનસેનકૃત 'મહાપુરાણ'ના આદિ ભાગમાં ત્રેસઠ મહાપુરુષોનાં ચરિત્રનિરૂપણનો આશય સ્પષ્ટ જણાઈ આવે છે; પણ કર્તા તે કૃતિ પૂરી કરી શકેલા નહિ. તેઓની અધૂરી રહેલી કૃતિ તેઓના શિષ્ય ગુણભદ્રે (ઈ. સ. ૬૭૮) પૂરી કરી તે 'ઉત્તરપુરાણ'ના નામથી જાણીતી છે. આ દિગમ્બર પરંપરામાં, પુષ્પદન્તે (ઈ. સ. ૯૬૫) અપભ્રંશમાં 'મહાપુરાણ'ની રચના કરી છે

---

૧ આ અંગ્રેજી અનુવાદ, વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિર-સંચાલિત 'ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝ'માં પ્રસિદ્ધ થયો છે.

૨ શ્રી આત્માનંદ જૈન સભા, ભાવનગર તરફથી 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'નાં પ્રથમ બે પર્વની સમીક્ષિત આવૃત્તિ પ્રસિદ્ધ થયેલી છે.

અને તેમાં 'તેવટ્ઠિ ગુણાલંકાર ચરિયુ' (ત્રેસઠ ગુણોથી અલંકૃત મહાપુરુષોનાં ચરિત્ર)નું નિરૂપણ કરવામાં આવ્યું છે. વિક્રમના નવમા સૈકામાં, આચાર્યશ્રી શીલાંકે 'चउपन्नमहापुरिसचरियम्[1]'ની રચના કરી છે, તેમાં ચોપન 'મહાપુરિસ'નાં ચરિત્ર આપેલાં છે. શીલાંક ઈસવી સનના ત્રીજા સૈકામાં થઈ ગયેલા વિમલસૂરિ-વિરચિત પ્રાકૃત કૃતિ 'પઉમ ચરિયમ્'ની પરંપરાને અનુસર્યા છે, જ્યારે ભદ્રેશ્વરાચાર્યે (ઈ. સ. અગિયારમો સૈકો) 'કહાવલી'માં, વિમલસૂરિ અને શીલાંકને અનુસરી, બોતેર 'શલાકાપુરુષો'નાં જીવનચરિત્રો આપ્યાં છે. હેમચન્દ્રાચાર્ય પહેલાં, ભદ્રેશ્વરાચાર્યે સૌથી પ્રથમ 'શલાકાપુરુષ' શબ્દ પ્રયોજ્યો છે, જોકે તેના પ્રાચીનતમ સ્વરૂપમાં, તે બુદ્ધના જીવનકાળ દરમિયાન વધુ પ્રચલિત બનેલો છે. છેલ્લા તીર્થંકર મહાવીરસ્વામીના નિર્વાણ પછી આ 'મહાપુરુષો,' 'શલાકાપુરુષો' કે 'ઉત્તમપુરુષો'નાં જીવનચરિત્રોની રચના કરવાની શરૂઆત જૈનપરંપરામાં થઈ જણાય છે. આવી પ્રાચીન રચનાઓમાં, જૈનાગમ 'સમવાયાંગ સૂત્ર,' હરિભદ્રસૂરિકૃત 'આવશ્યક ટીકા,' જિનદત્તસૂરિ-વિરચિત 'આવશ્યકચૂર્ણિ,' દેવેન્દ્રકૃત 'ઉત્તરાધ્યયન-ટીકા,' વિમલસૂરિકૃત 'પઉમચરિયમ્' અને સંઘદાસગણિ-વિરચિત 'વસુદેવ-હિંડી' ગણાવી શકાય. આ કૃતિઓમાં વર્ણવેલા મહાપુરુષોની સંખ્યા મુખ્યત્વે ચોપનની (૨૪ તીર્થંકરો + ૧૨ ૧૨ ચક્રવર્તીઓ + ૯ બલદેવ + નવ વાસુદેવ) હોય છે; પણ ભદ્રેશ્વરાચાર્યે 'કહાવલી'માં નવ પ્રતિવાસુદેવ અને નવ નારદોની સંખ્યા ઉમેરી, કુલ બોતેર મહાપુરુષોનું વર્ણન કર્યું છે, જ્યારે હેમચંદ્રાચાર્યે નવ નારદો સિવાય, પ્રતિવાસુદેવો સહિત ત્રેસઠ ઉત્તમ પુરુષોનાં જીવનચરિત્રોની રચના કરી છે.

'શલાકાપુરુષ'નો અર્થ ભદ્રેશ્વરાચાર્યે આ પ્રમાણે ઘટાવ્યો છે:

'चउवीस जिणा, बारस चक्की, णव पडिहरि, णव सरामा। हरिणो, चक्कि-हरीसु य केसु य णव नारया होंति। उड्ढगइं चिय जिण-राम-णारया जंतऽहोगइं चेय। सणियाणा चिय पडिहरि-हरिणो दुहओ वि चक्कि त्ति॥ न य सम्मत्तसलायारहिया नियमेणिमे जओ तेण। होंति सलाया पुरिसा बहत्तरी......[2]॥'

આચાર્ય હેમચંદ્રાચાર્યે પોતે રચેલા સંસ્કૃત શબ્દકોશ 'અભિધાન ચિન્તામણિ' પર પોતે રચેલી ટીકામાં 'શલાકાપુરુષ' શબ્દનો અર્થ આ પ્રમાણે ઘટાવ્યો છે:

'जिनैः सह त्रिषष्टिः स्युः शलाकापुरुषा अमी।

जिनैर्ऋषभादिभिश्चतुर्विंशत्या सार्धममी द्वादश चक्रवर्तिनः, नव वासुदेवाः, नव बलदेवाः नव प्रतिवासुदेवाश्चेति त्रिषष्टिः शलाकाभूताः पुरुषेषु जातरेखा इत्यर्थः॥'

'અભિધાનચિન્તામણિ'ના ત્રીજા 'મર્ત્યકાણ્ડ'ના ૩૫૪માં સૂત્રથી હેમચન્દ્ર 'રાજા,' 'મણ્ડલાધીશ,' 'ચક્રવર્તી,' 'વાસુદેવ' આદિ શબ્દો પર ટીકા આપતા જાય છે અને ૩૬૪મા સૂત્રમાં તેઓ 'શલાકાપુરુષ'ની સમજૂતી ઉપર દર્શાવ્યા પ્રમાણે આપે છે. ભદ્રેશ્વરે જે અર્થ આપ્યો છે તેનાથી હેમચંદ્રાચાર્યનો આ અર્થ જુદો છે. ભદ્રેશ્વરનો અર્થ જૈનધર્મના સાંપ્રદાયિક દૃષ્ટિબિંદુથી રંગાયેલો છે; જ્યારે હેમચંદ્રાચાર્ય જે પુરુષોનાં નામ નીચે શલાકા વડે રેખા અંકિત

---

૧ પંડિત અમૃતલાલ મો.-સંપાદિત શીલાંક-વિરચિત 'चउपन्नमहापुरिसचरियम,' પ્રકાશક: પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી, અમદાવાદ, ૧૯૬૧.

૨ સમ્યકત્વરૂપી શલાકા વડે યુક્ત તે બોતેર શલાકાપુરુષ.

થયેલી છે તે 'શલાકાપુરુષ' એ અર્થ આપે છે તે પૂરતો નથી. 'પુરુષોનાં નામ નીચે રેખા દોરનાર કોણ?' એનો ઉત્તર આપ્યા વિના, આચાર્ય હેમચન્દ્રાચાર્યે સંદિગ્ધ, અસ્પષ્ટ અર્થઘટન કર્યું છે. જૈન અને બૌદ્ધ ધાર્મિક સંઘોની પ્રાચીનતમ પરંપરાને વ્યક્ત કરતો 'શલાકાપુરુષ' શબ્દ એનાથી વધુ વિવરણ માગી લે છે.

'શલાકા' પ્રાચીન ભારતીય રાજ્યવ્યવસ્થામાં 'મતપત્ર'ના અર્થમાં વપરાતો હતો તેની નોંધ પ્રો. કે. પી. જયસ્વાલે કરી છે.[1] ગૌતમ બુદ્ધના પણ પહેલાં, ઉત્તર ભારત અને હિમાલયની તળેટીમાં આવેલાં કપિલવસ્તુ (શાકયોનું રાજ્ય), વૈશાલી (લિચ્છવિઓનું રાજ્ય), મિથિલા (વિદેહોનું રાજ્ય) આદિ ગણરાજ્યોમાં લોકમત દ્વારા રાજ્યના નેતાઓની ચૂંટણી થતી હતી. ગૌતમ બુદ્ધ અને મહાવીરસ્વામી બન્ને ક્ષત્રિય કુલમાં જન્મ્યા અને તેમનો ઉછેર લોકમતથી ચાલતાં ગણરાજ્યોના લોકશાહી વાતાવરણમાં થયો હતો. બન્ને મહાપુરુષોમાં સર્વ કક્ષાના લોકો માટે અગાધ સમભાવ, સદ્ભાવ અને સહાનુભૂતિ ભરેલાં હતાં. તેઓએ ઊંચનીચના ભેદ છોડી સર્વ જાતિના લોકોને લોકભાષામાં ઉપદેશ આપ્યો અને નીચામાં નીચા થરના ધર્મજિજ્ઞાસુઓને પોતાના શિષ્યો તરીકે અપનાવ્યા એ કદાચ તે સમયની લોકશાહી રાજ્યવ્યવસ્થાની અસર હોય એમ એક કારણ જણાય છે. વળી, તે સમયમાં, પ્રજાસત્તાક રાજ્યો માટે 'ગણ' શબ્દ વપરાતો હતો. 'ગણ' એટલે 'સંખ્યા' અને 'ગણરાજ્ય' એટલે 'ઘણા લોક વડે ચાલતું રાજ્ય'. 'ગણ'ના અર્થમાં 'સંઘ' શબ્દ પણ પાણિનિના સમયમાં યોજાતો હતો, એવી પાણિનિએ નોંધ કરી છે. રાજકીય સંઘ અને ધાર્મિક સંઘ વચ્ચેનો ઐતિહાસિક સંબંધ, પાલિસૂત્રોમાંના બુદ્ધના પોતાના શબ્દો પરથી જાણી શકાય છે.[2] બૌદ્ધસંઘના જન્મનો ઇતિહાસ એ, જગતના સર્વ ધાર્મિક સંઘોના જન્મનો ઇતિહાસ છે: પ્રાચીન ભારતીય પ્રજાસત્તાક રાજ્યવ્યવસ્થાથી પ્રેરાઈને, બુદ્ધે ધાર્મિક સંઘની જે ઝીણવટભરી વ્યવસ્થા કરી, ભિક્ષુઓ અને સંઘો માટે જે નિયમો ઘડ્યા, તે બુદ્ધની મૌલિક શક્તિઓનું આપણને દર્શન કરાવે છે.

ગણરાજ્યોમાં, તેમાં ય ખાસ કરીને લિચ્છવિઓના વૈશાલી રાજ્યમાં 'શલાકા' (લાકડાની સળીઓ)નો મતપત્ર તરીકે ઉપયોગ થતો હતો. આ સળીઓ મોટે ભાગે વાંસની હોવાની શકયતા છે, કારણ કે પ્રો. આર. બી. પાણ્ડેએ 'The History of Palaeography'માં, વાંસના ટુકડા પરદેશી રાજ્યોમાં જવા માટેના પાસપોર્ટ તરીકે વપરાતા હતા એવી નોંધ કરી છે. વળી નજીકમાં, 'વંશપથ' નામનો (જ્યાં ઘણા જ વાંસ ઊગતા) પ્રદેશ પણ હતો. એટલે 'શલાકા' (સળી)—(મતપત્ર) વાંસની સળીઓ હોવાનો પૂરો સંભવ છે. રાજ્યના નેતાની ચૂંટણીની માફક ધાર્મિક સંઘના, બૌદ્ધ સંઘના નેતાઓ અને ભિક્ષુઓની પસંદગી પણ 'શલાકા' દ્વારા (લોકમત દ્વારા) થતી હતી. સંઘના પ્રશ્નો, સંઘની સભામાં સર્વાનુમતે ઊકલતા ત્યારે મતદાન કરવામાં આવતું ન હતું; પણ જ્યારે કોઈ પ્રશ્નના ઉકેલ માટે સંઘના સભ્યો વચ્ચે મતભેદ પડતા

1 Jayaswal, K. P., Hindu Polity,' Part 1, P. 109.

2 'Dīghanikāya' translated by Prof. Rhys Davids; Dialogues of the Buddha, Part II, pp. 79-85; published in the Series, 'Sacred Books of the East' Vol. XI.

ત્યારે શલાકા વડે મત લેવામાં આવતા. મત લેવા માટે વપરાતી સળીઓ રંગેલી હતી; અને મત લેનાર અધિકારી સળીઓના રંગનું મહત્ત્વ મતદારોને સમજાવતા હતા. પ્રો. જયસ્વાલે આનાં અંગે નીચે પ્રમાણે વિવરણ આપ્યું છે:

'The voting was carried on with the help of the voting-tickets which were coloured. The tickets were called 'Śalākās' or 'Pins' and the voting was called Pin-taking. (Śalākā-grahaṇa). There was a Teller, (Śalākā-grāhaka)—taker of the pins, appointed by the whole Saṁgha who explained the significance of the colours and took the vote either secretly or openly.' ('Hindu Polity,' p. 109).

આ રીતે, લોકમત વડે જેની મહત્તા માન્ય કરાઈ હોય તે 'શલાકાપુરુષ' એવો અર્થ સ્પષ્ટ થાય છે. બૌદ્ધ પરંપરાની જેમ આ શબ્દ જૈનસંઘોમાં પણ પ્રાચીન સમયમાં પ્રયોજાતો હોવો જોઈએ. 'શલાકાપુરુષ'નો મૂળ અર્થ વધારે વ્યાપક બનતાં, તે 'મહાપુરુષ,' 'ઉત્તમ પુરુષ' આદિ અર્થમાં, (મૂળ શબ્દનો ઉલ્લેખ થયા વિના) જૈન પરંપરામાં પ્રાચીન સમયથી વપરાતો આવ્યો છે. છેલ્લે, ભદ્રેશ્વરે અને હેમચન્દ્રાચાર્યે તેનો ઉલ્લેખ કરી તેને પ્રયોજ્યો છે. *

---

૧ પ્રાચીન ગ્રીક ગણરાજ્યોમાં કાંકરા મતપત્ર તરીકે વપરાતા હતા, તેવો ઉલ્લેખ 'Encyclopaedia of Social Sciences' (edited by Seligman & Johnson; Vol. V)માં પ્રાપ્ત થાય છે.

પ્રાચીન ઍથેન્સના ગ્રીક ગણરાજ્યમાં, સામાજિક અને રાજકીય દૃષ્ટિએ અનિચ્છનીય વ્યક્તિઓને દેશનિકાલ કરવા માટે (Ostracism) ક્લાઈસ્થેનેસે ઈ. સ. પૂર્વે ૫૦૦ની આસપાસ, માટીનાં પકવેલાં ઠીંકરાં (Potsherds) વડે ગુપ્ત મતદાન કરવાની પ્રથા દાખલ કરી હતી. મતપત્ર તરીકે વાપરવાનાં ઠીંકરાં પર નિશાની કરવામાં આવતી હતી. કોઈ વ્યક્તિના દેશનિકાલ માટે ૬૦૦૦ મતની જરૂર પડતી હતી.

પ્રાચીન ઍથેન્સમાં ગુપ્ત મતદાનની એક બીજી પ્રથા એ હતી કે, સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો, ધાતુના કે પથ્થરના નાના ગોળ કાંકરા પેટીઓમાં નાખીને, પોતાનો અભિપ્રાય દર્શાવતા હતા. નકારાત્મક અભિપ્રાય માટે, વચ્ચે છિદ્ર પાડેલા અથવા કાળા રંગે રંગેલા કાંકરા વપરાતા હતા; જ્યારે હકારાત્મક અભિપ્રાય માટે, છિદ્ર પાડ્યા વિનાના સફેદ રંગના કાંકરા વપરાતા હતા. પ્રાચીન સાયરેક્યુસમાં ઝાડનાં પાંદડાં અને રોમન લોકોમાં લાકડાની ટિકિટો (Tabellae) મતપત્ર તરીકે ઉપયોગમાં લેવામાં આવતાં હતાં. ભારતમાં, ઈ. સ. પૂર્વે પાંચમી સદીમાં રંગેલી વાંસની સળીઓ મતપત્ર તરીકે વપરાતી હતી, તેના સન્દર્ભમાં ઉપર્યુક્ત મતદાનની પ્રથાઓ રસપ્રદ થાય છે.

જુઓ—Hastfngs's, 'Encyclopaedia of Religion and Ethics,' Vol. IX, pp. 574-575; અને વળી 'The World Book Encyclopaedia,' Vol. 2, p. 45 પર, શ્રી. ફ્રાન્કલિન એસ. રોઝેટીનો લેખ.

* ગુજરાતી સાહિત્ય-પરિષદના ૨૨મા સંમેલન, વિલેપારલે (મુંબઈ)માં રજૂ કરેલો નિબંધ.

પ્રાચીન કાળમાં ગુજરાતમાં બોલાતી સંસ્કૃત ભાષા

જગન્નાથ શ્રીધર પદેશાસ્ત્રી

પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં સંસ્કૃત ભાષા એ બોલવાની ભાષા પણ હતી. પાણિનિની અષ્ટાધ્યાયીમાં પણ **भाषायाम्** એવા જ ઉલ્લેખો મળે છે. **छन्दसि** એટલે વેદમાં અને **भाषायाम्** એટલે ભાષામાં એ રીતે વેદની ભાષા અને તત્કાલીન પ્રચલિત સંસ્કૃત ભાષા અથવા લોકભાષા માટે ત્યાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રાકૃત ભાષાની ઉત્પત્તિ અને વિકાસ થયા પછી તેનાથી ભેદ દર્શાવવા માટે સંસ્કૃત એ વિશેષણ આપવામાં આવ્યું. બોલવાની સંસ્કૃત ભાષાનું સ્વરૂપ પ્રાન્તભેદથી જુદા જુદા પ્રાન્તોમાં ભિન્ન પ્રકારનું હતું. નીચે આપેલાં બે પ્રમાણો આ વિધાનનું સમર્થન કરવા પર્યાપ્ત છેઃ—

१ अथापि प्रकृतय एव एकेषु भाष्यन्ते। विकृतय एकेषु। शवतिर्गतिकर्मा कम्बोजेष्वेव।...... विकारमस्यार्येषु भाषन्ते शव इति। दातिर्लवनार्थे प्राच्येषु। दात्रमुदीच्येषु। **निरुक्तम् २. २.**

२ सर्वे देशान्तरे।

सर्वे खल्वप्येते शब्दा देशान्तरेषु प्रयुज्यन्ते। न चैवोपलभ्यन्ते। उपलब्धौ यत्नः क्रियताम्। महान् शब्दस्य प्रयोगविषयः। सप्तद्वीपा वसुमती त्रयो लोकाः चत्वारो वेदाः साङ्गाः सरहस्या बहुधा भिन्ना एकशतमध्वर्युशाखाः सहस्रवर्त्मा सामवेदः एकविंशतिधा बाह्वृच्यं नवधाऽथर्वणो वेदः वाकोवाक्यमितिहासः पुराणं वैद्यकमित्येतावाञ्छब्दस्य प्रयोगविषयः। एतावन्तं शब्दस्य प्रयोगविषयमननुनिशम्य सन्त्यप्रयुक्ता इति वचनं केवलं साहसमात्रमेव। एतस्मिंश्चातिमहति शब्दस्य प्रयोगविषये ते ते शब्दास्तत्र तत्र नियतविषया दृश्यन्ते। तद्यथा। शवतिर्गतिकर्मा कम्बोजेष्वेव भाषितो भवति। विकार एनमार्या भाषन्ते शव इति। हम्मतिः सुराष्ट्रेषु। रंहतिः प्राच्यमध्येषु। गमिमेव त्वार्याः प्रयुञ्जते। दातिर्लवनार्थे प्राच्येषु। दात्रमुदीच्येषु। **महाभाष्यम्ः १. १. १.**

ઉપર જણાવેલા નિરુક્ત અને મહાભાષ્યનાં પ્રમાણોનો સારાંશ એ છે કે સંસ્કૃત ભાષા એ ભારતવર્ષમાં બોલવાની ભાષા હતી. ભારતના વિભિન્ન પ્રાંતોમાં એનું સ્વરૂપ જુદું જુદું હતું. કેટલાક શબ્દોનો પ્રયોગ વિશિષ્ટ પ્રાન્તોમાં જ રૂઢ હતો. કંબોજ દેશમાં જવું એ અર્થમાં शव ધાતુનો પ્રયોગ થતો હતો. शव् ધાતુ ઉપરથી થએલા નામનો એટલે शव શબ્દનો પ્રયોગ આર્ય લોકો કરતાં. ધાતુનો પ્રયોગ આર્ય લોકોમાં રૂઢ ન હતો. જવું એ અર્થમાં हम्म् ધાતુનો પ્રયોગ સૌરાષ્ટ્રમાં, रंह् ધાતુનો પૂર્વ અને મધ્ય દેશમાં થતો હતો. આર્ય લોકો गम् ધાતુનો પ્રયોગ કરતા હતા. પૂર્વ દેશમાં કાપવું એ અર્થમાં दा ધાતુનો પ્રયોગ થતો હતો. दा ધાતુ ઉપરથી થએલા નામનો એટલે 'दात्र'નો પ્રયોગ ઉત્તર દેશમાં થતો હતો.

યાસ્કાચાર્ય અને પતંજલિએ તો એક દિગ્દર્શન કર્યું છે. ભારતવર્ષના પ્રાન્તોમાં પ્રાચીન કાળમાં બોલાતી સંસ્કૃત ભાષાનું સ્વરૂપ કેવું હતું એ એક મોટા સંશોધનનો વિષય છે. તે

એક માણસથી થવું અશક્ય છે. ગુજરાત પ્રાન્ત પૂરતું કોઈ સંશોધન કરે તો તેને માર્ગદર્શન મળે એટલા માટે ગુજરાતમાં પ્રચલિત એવા થોડા સંસ્કૃત શબ્દોનો નીચે વિચાર કરવામાં આવ્યો છે.

૧ પાણી—પાણીના માટે અમરકોશ જેવા સંસ્કૃત કોશોમાં ઘણા શબ્દો આપેલા છે. પરંતુ ગુજરાતમાં 'पानीयम्' પાણી એ એક જ શબ્દ રૂઢ છે. મહારાષ્ટ્રમાં પણ पानीयम् પાણી એ એક જ શબ્દ પ્રચલિત છે. બંગાળમાં जलम्, જલ, આન્ધ્રમાં 'नीरम्,' નીરૂં, દક્ષિણ કોકણીમાં 'उदकम्,' ઉદક એવા શબ્દો પ્રચલિત છે. આજે પણ પરંપરાથી ચાલતા આવેલા ઉપરના પ્રયોગો ઉપરથી જુદા જુદા પ્રાન્તોમાં જુદા જુદા શબ્દો રૂઢ હતા એ યાસ્ક અને પતંજલિનો અભિપ્રાય સિદ્ધ થાય છે.

૨ બિલાડી—બિલાડી માટે बिडालः मार्जारः ओतुः વગેરે શબ્દો સંસ્કૃતમાં છે તેમાંથી ગુજરાતમાં बिडालः બિલાડી એ શબ્દ વિશેષ પ્રચલિત છે. મહારાષ્ટ્રમાં मार्जारः માંજર એ શબ્દનો પ્રચાર છે. ओतुः શબ્દ ક્યાં પ્રચલિત છે તેની ખબર નથી.

૩ વહૂ—વહૂ માટે वधूः, स्नुषा, जनी વગેરે શબ્દો છે. તેમાં ગુજરાતમાં वधूः વહૂ એ શબ્દ પ્રચલિત છે. स्नुषा અથવા जनी શબ્દનો પ્રયોગ જણાતો નથી. મરાઠીમાં 'स्नुषा' સૂન એ શબ્દ રૂઢ છે, ત્યાં वधू શબ્દની ખબર નથી.

૪ ઘોડો—ઘોડા માટે घोटकः, तुरगः, हयः, अश्वः વગેરે શબ્દો સંસ્કૃતમાં છે. તેમાંથી ગુજરાતમાં અને મહારાષ્ટ્રમાં घोटकः ઘોડો એ એક જ શબ્દ રૂઢ છે.

૫ હળ—હળને માટે लाङ्गलं, हलं, सीरः गोदारणं વગેરે શબ્દો છે. તેમાંથી ગુજરાતમાં 'हलम्' હળ અને મહારાષ્ટ્રમાં लाङ्गल—નાંગર એવા શબ્દો રૂઢ છે. ગુજરાતને લાંગલ શબ્દની ખબર નથી અને મહારાષ્ટ્રને હળની.

૬ વૈતરું—સંસ્કૃત 'वहित्रम्' શબ્દ ઉપરથી આ શબ્દ આવ્યો છે. वहित्रम्—વૈતરું એ શબ્દનો પ્રયોગ ગુજરાતમાં જ છે. શિષ્ટ સંસ્કૃત ભાષામાં પણ એનો પ્રયોગ મળતો નથી. મરાઠીમાં 'मूल्यम्' મોલ એ શબ્દ એ જ અર્થમાં રૂઢ છે.

૭ પરસેવો—પરસેવા માટે प्रस्वेदः, घर्मः, निदाघः એવા શબ્દો છે. તેમાં प्रस्वेदः—પરસેવો એ શબ્દ ગુજરાતમાં અને घर्मः—घाम એ શબ્દ મરાઠીમાં પ્રચલિત છે.

૮ નિસરણી—निश्श्रेणिः, अधिरोहणी એવા નિસરણી માટે શબ્દો છે. તેમાં निश्श्रेणिः—નિસરણી એ શબ્દ ગુજરાતમાં રૂઢ છે. મરાઠીમાં निश्श्रेणि શબ્દનો સમાન શબ્દ નથી.

૯ વરસાદ—વરસાદ માટે प्रावृट्, वर्षाः વગેરે શબ્દો છે. ગુજરાતમાં वर्षाः—વરસાદ અને મહારાષ્ટ્રમાં प्रावृट्—પાઊસ એ શબ્દ રૂઢ છે.

૧૦ સફેદ—સફેદને માટે श्वेत, शुक्ल, शुचि, विशद, पाण्डर, धवल વગેરે ઘણા શબ્દો છે. તેમાંથી ગુજરાતમાં ફક્ત श्वेत-સફેદ, धवल-ધોળો] એવા બે શબ્દો પ્રચલિત છે. મરાઠીમાં 'पाण्डर'-પાંઢરા અને धवल-ઢવળા એવા બે શબ્દો રૂઢ છે.

૧૧ ભીંત—ભીંત માટે मित्तिः कुड्यम् એવા શબ્દો છે. તેમાં मित्तिः—ભીંત એ શબ્દ ગુજરાતમાં, અને कुड्यम्-કૂડ, એટલે ખપેડો અને मित्तिः-ભિંત એ મરાઠીમાં રૂઢ છે.

૧૨ બળદ—બળદ માટે સંસ્કૃતમાં બીજા શબ્દો હોવા છતાં बलीवर्दः—બળદ ગુજરાતી અને બૈલ—મરાઠીમાં—એ એક જ શબ્દ બન્ને ભાષામાં પ્રચારમાં છે.

૧૩ રસોડું—રસોડાને માટે रसवती, पाकस्थानं અને महानसः એવા ત્રણ શબ્દો છે. તેમાં रसवती—રસોડું એ શબ્દ ગુજરાતીમાં અને पाकस्थानम्—સ્વયંપાકઘર એ મરાઠીમાં રૂઢ છે. महानसः એ શબ્દ કયા પ્રાન્તમાં રૂઢ છે તેની ખબર નથી.

૧૪ હરિણ—હરિણને માટે हरिणः, मृगः, कुरङ्गः વગેરે શબ્દો છે. પરંતુ તેમાંથી हरिणः એ એક જ શબ્દ ગુજરાતીમાં અને મરાઠીમાં પ્રચલિત છે.

૧૫ બૂડવું—बुड् ધાતુ ઉપરથી ગુજરાતીમાં બૂડવું અને મરાઠીમાં બુડણેં એવા ધાતુઓ રૂઢ છે. પણ बुड् ધાતુનો પ્રયોગ સંસ્કૃતમાં વિશેષ મળતો નથી.

યાસ્કાચાર્ય અને પતંજલિએ કરેલા ઉલ્લેખોને અનુસરીને ગુજરાત પ્રાંતમાં બોલાતી સંસ્કૃત ભાષા વિષે ઉપર થોડું દિગ્દર્શન કર્યું છે. આ જાતનું સંશોધન કરનારને માર્ગદર્શન મળે એ એના પાછળનો હેતુ છે. આ સંશોધનના બે ઉપયોગો છે. એક તો ગુજરાતના વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષા ભણાવતી વખતે ગુજરાતમાં વપરાતો સંસ્કૃત શબ્દ ભણાવવામાં આવે તો તે ભાષા અતિ સુલભ થાય અને ભણવાને કષ્ટ ન પડે. બીજો ઉપયોગ તો ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવા માટે આવા ઊંડા સંશોધનની ખાસ જરૂર છે તે જ છે.

સર્જનાત્મક સાહિત્યમાં કાળયોજના

સુરેશ હ. જોશી

સ્થળ અને કાળનાં પરિમાણો આપણા અનુભવમાત્રને માટે અનિવાર્ય હોય છે. સ્થળનો સંદર્ભ બાહ્ય જગતમાં છે, પણ કાળ તો આપણી આન્તરિક સૃષ્ટિને પણ આવરી લે છે. આપણી સંવેદનાઓ, સંસ્કારો તથા સ્મૃતિઓને પણ એનો આગવો એવો કાળનો અન્વય હોય છે. સ્થળનાં કરતાં, આ રીતે, એ વધુ અપરોક્ષ હોય છે. ઉપલક દૃષ્ટિએ જોતાં અરાજકતા રૂપે દેખાતાં આન્તરિક સંવેદન, સંસ્કાર, સ્મૃતિ વગેરેમાં આનુપૂર્વીનો અનુભવ આપણને થતો જ હોય છે. આનુપૂર્વી, કાર્યકારણ, સાતત્ય, પરિવર્તન—આ બધું એક પ્રકારના અન્વયની આપણને પ્રતીતિ કરાવે છે. આ અન્વય તે કાળનું જ પરિણામ હોય છે.

આપણા પરિવર્તનનું માધ્યમ પણ સમય છે. આપણી અન્તિમ પરિણતિને આપણે 'કાળ' કહીને ઓળખાવીએ છીએ. આપણું દૃષ્ટિગોચર શારીરિક પરિવર્તન જ નહીં પણ આપણા ચૈત્યપુરુષનો વિકાસ પણ આપણને કાળની વિશિષ્ટ પ્રકારની પ્રતીતિ કરાવે છે. આપણે જેને આપણી આન્તર ચેતના કહીએ છીએ તેનો સાક્ષાત્કાર આ સમયની પટભૂમિની પડછે જ આપણને થતો હોય છે. આ રીતે ક્ષણે ક્ષણે પરિવર્તન પામતી આપણી વ્યક્તિગત ચેતનાને આપણે એક અને અભિન્ન ગણીને વિશિષ્ટ નામે શી રીતે ઓળખાવીએ છીએ? ક્ષણે ક્ષણે જુદું રૂપ ધારણ કરનાર એ પૈકીના કયા રૂપને પોતાનું નિત્ય રૂપ કહી શકે? આ સંદર્ભમાં ગીતામાં કાળને લોકક્ષયકૃત્પ્રવૃત્તઃ કહ્યો છે તે સૂચક બની રહે છે. પણ સદા વહ્યે જતા આન્તર ચેતનાના પ્રવાહ સાથે બધું જ વહી જાય છે ખરું? એ બધી પ્રવાહની સ્થિતિ કશું અવશેષમાં મૂકી જતી નથી? પ્રવાહની એક ક્ષણથી તે બીજી ક્ષણ સુધીનું સાતત્ય ટકાવી રાખનાર કશું એમાં અનુસ્યૂત થઈને રહ્યું નથી હોતું? આ અનુસ્યૂત થઈને જે રહ્યું હોય છે તે વ્યક્તિની ચેતનાને વિશિષ્ટતા અર્પે છે એમ કહી શકાય ખરું? અસ્તિત્વ અને સાતત્ય અવિનાભાવી સંબંધે જોડાયેલાં છે ખરાં? આ બધા પ્રશ્નો વિચારવા જેવા છે.

સમય પરત્વેની ઉગ્ર અભિજ્ઞતા એ આપણા જમાનાનું તેમ જ આપણા સાહિત્યનું એક વિશિષ્ટ લક્ષણ છે. આપણે કથા આલેખીએ છીએ સમયના પટ પર, આપણું જીવન પણ ઉકેલાતું જાય છે સમયના પટ પર. આથી તો બાળપણમાં જે વાર્તા સાંભળેલી તેની શરૂઆત થતીઃ હજાર વર્ષો પહેલાંની વાત છે. તો સાહિત્યમાં સમયની કયી વિભાવના વ્યાપકશીલ બનેલી દેખાય છે? કેટલાક કહે છે કે સ્થળનું પરિમાણ સંકોચાવાની સાથે સમયનું પરિમાણ પણ આપણા અનુભૂતિના ક્ષેત્રમાં બદલાયું છે. એરિસ્ટોટલે કહેલુંઃ Time is the number of motion. ગતિ સ્થળમાં, સ્થળને આધારે, થતી હોય છે, એ ગતિનું માપ તે સમય. પણ આ ગતિ કેવળ સ્થૂળ અવકાશમાં થતી ગતિ નથી. આપણા ચિત્તના અવકાશમાં સમાન્તર અનેક પ્રકારની ગતિના આવર્તો રચાતા હોય છે. એનું માપ કાઢી આપનાર સમયનું સ્વરૂપ

ચિત્તે ચિત્તે વિભિન્ન નહીં હોય? સર્જનાત્મક સાહિત્યમાં આ સમય જોડે જ સર્જકને નિસ્બત હોય છે ને! એ સમયનાં મુખ્ય લક્ષણો કયાં? અદ્યતન સાહિત્યમાં એને આટલું બધું મહત્ત્વ શાથી મળે છે?

આગળ કહી ગયા તેમ સર્જનાત્મક સાહિત્યમાં સમય એટલે આપણા અનુભવના એક અનિવાર્ય ઘટકરૂપે રહેતો સમય. આપણી અનેકવિધ સંવેદનાઓ, સ્મૃતિઓ ને સંસ્કારોનું જે બુટ્ટાદાર પોત વણાતું આવે છે તેના એક અનિવાર્ય તન્તુ રૂપે આ સમયની અભિજ્ઞતા કામ કરતી હોય છે. આથી આ સમયનો સંકેત આપણા આ આન્તર જગતના સંદર્ભમાં જ સિદ્ધ થઈ શકે એવો છે. આ રીતે જોઈએ તો આ સમય અંગત, વ્યક્તિગત અને આત્મલક્ષી હોય છે. આ સમય એ આપણી અપરોક્ષ અનુભૂતિનો વિષય ને સામગ્રી બન્ને હોય છે.

પણ આ સિવાયનો, વ્યક્તિનિરપેક્ષ બિનંગત એવો પણ સમય હોય છે. એ સમય તે સર્વસ્વીકૃત સમય જેને આપણે સર્વમાન્ય રીતે માપવાની વ્યવસ્થા કરેલી છે. ઘડિયાળની મદદથી આપણે એને આપણા પરસ્પરના વ્યવહારમાં એકસરખો જાળવી શકીએ છીએ. એનું સત્ય નર્યું અંગત સત્ય હોતું નથી.

જેનો આપણને આપણા ચિત્તમાં અપરોક્ષ અને અસંદિગ્ધ અનુભવ થાય છે તેવા સમયનો અહેવાલ સર્વમાન્ય બને એવી પરિભાષા કે સંકેતો દ્વારા આપવાનું શકય છે ખરું? આપણને જે સ્વયંસિદ્ધ અને અસંદિગ્ધ લાગે છે તેને માટેનું તાર્કિક માળખું ગોઠવવું તે ભારે દુષ્કર નીવડે છે. એમ કરવા જતાં જ એની વિલક્ષણતા આપણી નજરે ચઢે છે. એ સમયના સંકેતના નિર્ણયમાં સંદિગ્ધતાને ટાળી નહીં શકાય, એકવાકયતા સ્થાપી નહિ શકાય; ને છતાં અપરોક્ષપણે અનુભવેલાં એનાં સત્યને નકારી નહિ શકાય.

તર્કના માળખામાં બેસે એવો અને સર્વમાન્ય નીવડે એવો સમય આપણી આન્તર જગતની સંજ્ઞારૂપ બની શકતો નથી. એ દષ્ટિએ જોતાં એનો કશો અર્થ જ હોતો નથી. આમ, આ બે પ્રકારના સમય વચ્ચેનો ભેદ એવો છે કે બન્નેને માટે એક સંજ્ઞાનો ઉપયોગ યોગ્ય ગણાય કે કેમ એવો પ્રશ્ન પણ ઉદ્ભવી શકે.

શાસ્ત્રીય વિચારણાના અંગભૂત એક વિભાવનારૂપ સમય તો આપણું એક ગૃહીત માત્ર છે; એની સચ્ચાઈ શાસ્ત્રમાં વ્યવસ્થા લાવવા પૂરતી છે. પણ આપણી અપરોક્ષ અનુભૂતિરૂપ સમયની અભિજ્ઞતા ભલે અંગત, વ્યક્તિલક્ષી અને શાસ્ત્ર દષ્ટિએ અનુપાદેય કે સર્વમાન્ય ઠરે એવી ન હોય તેમ છતાં આન્તર પ્રતીતિનું સત્ય તો એને છે જ.

ભાષા સામાજિક વ્યવહારનું સાધન છે. એમાં સમયની આનુપૂર્વી સૂચવતી ઘણી સંજ્ઞાઓ આપણે વાપરતા હોઈએ છીએ. "હવે," "ત્યારે," "પહેલાં," "પછી"ના સંકેતોમાં શાસ્ત્રાપેક્ષિત એકવાકયતા આણી શકાય ખરી? બે પ્રકારના સમયની વિભાવનાને કારણે ઊભી થતી સંદિગ્ધતા કે વિરોધને ટાળવાનું શકય છે ખરું? જો એ શકય ન હોય તો આપણે જેને અનુભવનું વાસ્તવ કહીએ છીએ તે સિદ્ધ થાય શી રીતે? આ ઉપરાંતનું, શાસ્ત્રસ્વીકૃત વ્યક્તિ-નિરપેક્ષ વાસ્તવ આ સમયના સંદર્ભની બહાર જ રહેતું હોય છે?

આપણી વ્યાકરણગત કાળવ્યવસ્થાનો પણ આ દષ્ટિએ વિચાર કરવો ઘટે. સ્મૃતિ ભૂતકાળની હોય, અપેક્ષા ભવિષ્ય પરત્વેની હોય, પણ સ્મૃતિ વર્તમાનનું તથ્ય હતી. પછીથી

સ્મૃતિ બનીને સંચિત થઈ ત્યારે ભૂતકાળની સામગ્રી બની. આ ભૂતકાળને પણ એનો ક્રમ હોય છે. આ સ્મૃતિઓ પણ એના એક વખતના વર્તમાનના અનુલક્ષમાં અમુક ચોક્કસ પ્રકારનો ક્રમ જાળવતી હોય છે. વળી સ્મૃતિને પુનરુજ્જીવિત કરીએ છીએ ત્યારે એ વળી વર્તમાનનો વિષય બની રહે છે. આમ ભૂતકાળને પ્રત્યક્ષ અનુભૂતિરૂપે પુનરુદ્ભાવિત કરવો હોય તો સંદિગ્ધ, મિશ્ર એવી સ્મૃતિને સુરેખ, સ્પષ્ટ ને દૃઢ એવાં કલ્પનરૂપે વર્તમાનની પટભૂમિ પર પ્રગટ કરવી ઘટે.

અપેક્ષા ભવિષ્યનિર્ભર હોય એ સાચું, પણ ચિત્તમાં કાળની આ આનુપૂર્વી ટકી રહે છે ખરી? ભાવિ વિશેની અપેક્ષા ભૂતકાળની કોઈ ઘટના પર પોતાની છાયા વિસ્તારે એમ ન બને? આથી સ્મૃતિ અને અપેક્ષા બંને સમાન્તર અને યુગપત્ એવી સ્થિતિમાં પણ સંભવી શકે.

ઇતિહાસનો ભૂતકાળ આપણે વ્યવસ્થિત કરીને જોઈએ છીએ. ઘટનાઓ ને વ્યક્તિઓ વચ્ચેના પારસ્પરિક સંપર્કનાં પરિણામોમાં રહેલાં સંદિગ્ધ ને વસ્તુનિષ્ઠ નહીં એવા તત્ત્વોને ગાળી કાઢીને એના abstract રૂપને આપણે સહેલાઈથી ગોચર કરી શકતા નથી. આ જ રીતે આપણી સ્મૃતિ કે આપણું સ્વપ્ન જે રીતે ઘટનાઓને કાલાનુક્રમે ગોઠવી આપે છે તે જ સાચો અને એકમાત્ર કાલાનુક્રમ આપણી ચૈતસિક વાસ્તવિકતાનો છે એમ દૃઢતાથી શી રીતે કહી શકાશે? આન્તરિક અનુભવનાં એક ઉપાદાન તરીકે રહેલો સમય શાસ્ત્રદૃષ્ટિએ જે અસંગતિ ઊભી કરે છે તેને નિવારવાનું શી રીતે બને? ને એ શક્ય હોય તોય આવશ્યક છે ખરું? એમ કરવા જતાં અનુભવને સાર્થકતા અર્પનાર મર્મની જ બાદબાકી થઈ જતી હોય તો?

શાસ્ત્રની એક કાર્યકર વિભાવનારૂપ ને વ્યક્તિનિરપેક્ષ સમયનાં ત્રણ અનિવાર્ય ઘટકો તે માત્રા, આનુપૂર્વી અને દિશા. એ સમય અમુક ચોક્કસ એકમોથી માપી શકાતો હોય છે, એમાં આનુપૂર્વીનો સર્વમાન્ય એવો ક્રમ રહેલો હોય છે; અને એ એક ચોક્કસ દિશામાં આગળ વધતો હોય છે. આ ત્રણ ઘટકો આપણી આન્તરિક અનુભૂતિને ગોચર એવા સમયમાં સમ્ભવે ખરા? કેટલીકવાર એક ક્ષણ યુગ જેવી લાગે છે તો કેટલીક વાર યુગ ક્ષણમાં પસાર થઈ ગયો હોય એવું લાગે છે; તો કેટલીક વાર સમય અવિદિતગતયામ બની રહે છે, એના અવિરત પ્રવાહનો અનુભવ જ થતો નથી. વિજ્ઞાન તો સૂર્યચન્દ્ર કે સ્થિર તારાઓને આધારે સમયનું ચોકઠું ગોઠવે છે. એ માનવાનુભવથી નિરપેક્ષ એવો સંદર્ભ છે. અલબત્ત, સમયનું આવું ચોકઠું આપણા એકબીજા સાથેના વ્યવહારવિનિમયની એક અનિવાર્ય એવી ભૂમિકા છે. એ જો ન હોત તો વ્યવહારને અપેક્ષિત એવી વ્યવસ્થાને સ્થાને અરાજકતા જ વ્યાપી ગઈ હોત. પણ આપણું બધું કાર્ય કેવળ આ ભૂમિકા પર જ થતું નથી. સમયની આન્તરિક ને વૈયક્તિક અભિજ્ઞતા આપણી વાસ્તવિકતાને એક આગવો સંકેત અર્પે છે. આ સંકેતને ઉવેખવાનું ય આપણને પરવડે નહીં. આન્તરિક અનુભૂતિનો સમય નમનીયતાનો ગુણ ધરાવે છે. પ્રૂસ્તે કહ્યું છે તેમ "The time that is ours to use each day is elastic: the passions we feel dilate it, those that we inspire contract it, and habit fills it."

સમયને વર્ણવવાને સમયનદ, સમયપ્રવાહ, કાળસાગર જેવી સંજ્ઞાઓ ઘણુંખરું વપરાતી જોઈએ છીએ. આ બધામાં પ્રવાહ કે સાતત્ય કે આનુપૂર્વીનું સૂચન છે. આનુપૂર્વી હોય ત્યાં સાતત્ય અવિનાભાવી ખરું? જે ક્રમબદ્ધ છે તે પ્રવાહમય છે ખરું? નદી એકની એક દેખાય છે, પણ એનાં જળ બદલાયાં કરે છે. આમ છતાં નદી નદીરૂપે સદા અવશિષ્ટ રહે છે.

આપણા સમયની અભિજ્ઞતા આની સાક્ષી પૂરે છે ખરી ? શાસ્ત્રનિર્દિષ્ટ સમયના સુવ્યવસ્થિત એકમો ને ખણ્ડો પાડેલા હોય છે. પણ એ ખણ્ડ ખણ્ડ વચ્ચે સાતત્ય હોય છે ખરું ? આ સાતત્યનો ખુલાસો શાસ્ત્ર આપવાનું માથે લેતું નથી. ઘડિયાળના ચંદા પરના સમયના ખણ્ડો ચોક્કસ હોય છે, છતાં એમાં પ્રવાહ નથી. સમયની આ પ્રવાહિતાનું અનિવાર્ય તત્ત્વ એમાંથી બાદ થઈ જતું લાગે છે. ઘડિયાળમાં બારના ટકોરા પડે છે ત્યારે એ ટકોરા એકબીજાથી અમુક ચોક્કસ અંતરે અલગ અલગ સંભળાતા હોવા છતાં એ બધાનો સમુચ્ચય જ એના સંકેતને સ્પષ્ટ કરે છે. સમયના ખણ્ડોનો આવો સમુચ્ચય શાસ્ત્રને અપેક્ષિત છે ?

આપણે જેને વર્તમાન કહીએ છીએ તે તો સોયની અણી ટકે એટલો જ હોય છે. એમ છતાં એ વર્તમાનની ક્ષણમાં રહીને જ આપણે ભૂતકાળની સ્મૃતિ અને ભાવિની આકાંક્ષાને એક સાથે અનુભવતા હોઈએ છીએ. આ રીતે જોતાં એનું વર્તમાનપણું પણ ભૂત અને ભાવિના આ પ્રકારના સંનિકર્ષથી જ સિદ્ધ થતું હોય છે. આથી વિલિયમ જેઈમ્સે વર્તમાનને વર્ણવતા કર્યું હતું: (The Present has) " a certain breadth of its own on which we sit perched and from which we look in two directions into time. "

આમ 'પહેલાં' અને 'પછી'ની આનુપૂર્વી આન્તરિક સમયમાં એની આગવી રીતે જળવાઈ રહેતી હોય છે. પણ એ આનુપૂર્વી એને અનુભવનાર ચિત્ત સિવાય બીજા ચિત્તને માટે સાચી ઠરે નહિ. કેવળ સાહિત્ય જ પોતાના સામર્થ્યથી એને અનિવાર્ય અને પ્રતીતિકારક ઠરાવી શકે.

આ અનિવાર્યતા ને પ્રતીતિકારકતા નિપજાવવાની રીતિ શી હોઈ શકે ? વિજ્ઞાનમાં કાર્યકારણનો સંબંધ સ્થાપી શકીએ તો આનુપૂર્વી પ્રતીતિકારક બને છે. સાહિત્યમાં પણ ઘટના અને ઘટના વચ્ચે, સ્મૃતિ અને સંસ્કાર વચ્ચે, સંવેદન અને સંવેદન વચ્ચે આ પ્રકારની કાર્ય-કારણતા સ્થાપી આપી શકાય. એક વડે જ બીજું સંભવ્યું એવું કૃતિમાં જ સિદ્ધ કરી આપી શકાય. જ્યાં આ પ્રકારની કાર્યકારણતા કૃતિમાં નથી સિદ્ધ થઈ હોતી પણ આહાર્ય સ્વરૂપની હોય છે ત્યાં આવી પ્રતીતિ ઉદ્ભવતી નથી અને રસક્ષતિ થાય છે.

જે ભૂતકાળમાં બને છે તે આપણા ચિત્ત પર એની છાપ મૂકી જાય છે. જે ભાવિમાં બનવાનું છે તેની આકાંક્ષા વર્તમાનમાં રહીને કહીએ તો ય એની છાપ આપણા પર રહેતી નથી. 'અમુક સમયે આ આકાંક્ષા કરી હતી' એવી ભૂતકાળની એક વિગતરૂપે નોંધાઈ રહે એ વાત જુદી. આ છાપ એટલે જ સંસ્કાર ? સ્મૃતિ અને સંસ્કાર—બંનેને ભૂતકાળ સાથે સંબંધ છે? એ બંનેના વ્યાવર્તક લક્ષણો કયાં ?

આવી અટપટી વિગતોને ચોકસાઈથી નિરૂપવાને આપણી પાસે ચોક્કસ પરિભાષા નથી. Association અને Impression—આ બન્નેને માટે, કંઈક શિથિલતાથી, 'સંસ્કાર' સંજ્ઞાનો ઉપયોગ કરવામાં આવે છે. પણ આ એક જ સંજ્ઞાથી જુદી જુદી બે વસ્તુને ઓળખાવવામાં આવે છે એ તો માત્ર સંદર્ભ પરથી જ નક્કી થઈ શકે. આને કારણ ચર્ચામાં સંદિગ્ધતા પ્રવેશે.

એક બાજુથી આપણે કાર્યકારણ સંબંધ દ્વારા નિષ્પન્ન થતી અનિવાર્યતાની વાત કરીએ છીએ ને બીજી બાજુથી free associationની વાત કરીએ છીએ–તો બંને વચ્ચે વિરોધ ખરો ? આનુપૂર્વીને સીધી લીટીની એક દિશામાં થતી ગતિ અપેક્ષિત હોય છે. પણ વર્તુળના વ્યાસની આનુપૂર્વી, આવર્તની અંદરની ચક્રાકાર ગતિનાં જુદાં જુદાં ઘટકોની આનુપૂર્વી, પણ સમ્ભવે. આનુપૂર્વીનો અર્થ કદાચ એટલો જ કહી શકીએ કે એમાં ગતિ અગ્રગામી છે, એ આગળ ગયા પછી પાછી વળતી નથી. પણ વર્તમાનની એક સંવેદના ઉદ્દીપનરૂપે કામ કરે ને એની સાથે આપણા ચિત્તમાંનો સ્મૃતિ અને સંસ્કારોનો એક આખો, આમ વિશૃંખલ દેખાતો, સમૂહ ઉદ્ભાસિત થઈ ઊઠે ને કશાક રસાયણથી રસિત થઈને એક નવી જ ભાત ઉપસાવીને સુરેખ કલ્પનરૂપે વર્તમાનમાં અવતરે. સાહિત્યમાં આમ જ બનતું હોય છે. અહીં એ આખું એક પુદ્ગલ–organic structureનું રૂપ પામે છે. પણ એમાં અગ્રગામી અને અનુગામી એવી ગતિઓનાં આંદોલન-વર્તુલોનું એવું તો ગૂંફન હોય છે કે એટલા બધા સંકુલ વ્યાપારને કેવળ આનુપૂર્વી કે કાર્યકારણના નામે વર્ણવી શકાય નહીં. સ્મૃતિવડે સંસ્કાર પડે છે એમ કહીએ તો સ્મૃતિની સંસ્કાર નોંધવાની પદ્ધતિ વિલક્ષણ છે. જે ઘટનાનો સંસ્કાર પડે છે તે ઘટના, અને એનો સંસ્કાર, અને સમયના વહેવા સાથે અન્ય સંવેદનાઓથી રસિત થઈને એનું બદલાતું જતું રૂપ— આ કોઈ શાસ્ત્રને ગાંઠે એવી પ્રક્રિયા નથી. વળી સ્મૃતિમાં કલ્પનાનું તત્ત્વ કેટલા પ્રમાણમાં ભળેલું હોય છે ? એક કલ્પના અને બીજી કલ્પના વચ્ચેના સંબંધનો સેતુ કયો ? બે બિન્દુ વચ્ચેનું અન્તર– એવું માપ ભૌતિક છે, ને રેખાનિષ્ઠ છે. પણ આપણને જે સમયની અનુભૂતિ થાય છે તેને કેવળ લંબાઈ જ નથી હોતી, પહોળાઈ અને ઊંડાણ પણ હોય છે. એક દટાઈ ગયેલી નગરીમાં કેટલો કાળ દટાઈને પડયો હોય છે ! નિમેષ–આંખનો પલકારો સમયનું નાનામાં નાનું માપ ગણ્યું છે, પણ આંખનો એક પલકારો થતાં કેટલીક વાર શું નું શું બની જતું હોય છે ! એક નિમેષથી બીજી નિમેષ સુધી પહોંચતા સમયને વહેવાને શેનો આધાર પ્રાપ્ત થતો હોય છે ? આથી સમયને વર્ણવતાં કેટલી તો વિભિન્ન રીતે એનો અહેવાલ આપવામાં આવ્યો છે ! કેટલાકને મતે સમય દોરાના દડા જેવો છે. એ ધીમે ધીમે ઉકેલાતો જાય છે, ને ઉકેલાઈ રહેતાં રહે છે શૂન્ય. કેટલાકને મતે સમય એ બરફના પિંડ જેવો છે. એને તમે બરફમાં નાંખો તો બીજું બરફ એમાં ઉમેરાઈ જાય ને એનું કદ વધતું જાય. આ રીતે આપણી બધી ક્ષણો એમાં સંચિત થતી રહે છે, એમાંથી કશું નષ્ટ થતું નથી; તો કોઈ કહે છે કે સમય પાણીમાં ઓગળતી મીઠાની કણી જેમ આપણી ચેતનામાં કલવાતો જાય છે ને અણુએ અણુમાં પ્રવેશે છે. આ અને એવાં બીજાં ઘણાં વર્ણનો આપી શકાય, ને એ બધાં અમુક અંશે સાચાં છે એમ પણ કહી શકાય.

આ સમયની સંવિત્તિ સાહિત્યમાં ભાષા દ્વારા પ્રકટ કરવાની રહે છે. વ્યાકરણનિષ્ઠ ભાષા એના કાલક્રમને અનુસરે છે. એનાં અન્વયના ચોકઠામાં રહીને સમયની અનેકવિધ અભિજ્ઞતાઓને સિદ્ધ કરવી એ જેવો તેવો પડકાર નથી. આપણા સાહિત્યમાં આ પડકાર ઝીલવાનું વલણ હજી દેખાતું નથી. એ પડકાર આપણા સર્જકો ઝીલશે ત્યારે સાહિત્યમાં એક નવું પરિમાણ ખૂલશે ને એને એક નવી સચ્ચાઈ પ્રાપ્ત થશે. ત્યારે જેને કપોલકલ્પિત, કાલ્પનિક, ભ્રાન્તિરૂપ કહીને ઉડાવી દઈએ છીએ તેના સત્યનો પણ સાક્ષાત્કાર થશે.

શ્રી ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ—એક સ્મરણાંજલિ

જયન્ત પ્રે. ઠાકર

"ઋજુ જીવન અને ઉદાત્ત વિચાર"ના સૂત્રને નિજ જીવનમાં અપનાવનાર ગુજરાતના પ્રખર વિદ્યાવ્યાસંગી સંશોધક શ્રી ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ વિશેષતઃ સી. ડી. દલાલના પાશ્ચાત્ય પદ્ધતિના ટૂંકા નામથી ખ્યાતિ પામ્યા છે. બહુ ટૂંકા જીવનમાં તેઓ એટલું બધું ઉચ્ચ કોટિનું કાર્ય કરી ગયા છે કે તે જોઈને આજે આપણે મુગ્ધ થઈ જઈએ છીએ. તેમની જીવન-સાધના અંગે થોડી ઉપલબ્ધ વિગતોને આ લેખમાં સાંકળવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને આશા છે કે તે વિદ્યારસિકોને ઉપયોગી, રસપ્રદ તેમ જ ઉત્સાહપ્રેરક નીવડશે. અહીં રજૂ કરેલી હકીકત માટે મુખ્યત્વે 'લાયબ્રેરી મિસેલેની', 'વસંત', 'સાહિત્ય' તેમ જ 'બુદ્ધિપ્રકાશ'ના ઉપલબ્ધ જૂના અંકો તથા 'જર્નલ ઑફ ધ ઓરીએન્ટલ ઇંસ્ટિટ્યૂટ'ના ડિસેમ્બર ૧૯૬૨ના અંકના પૃ. ૧૮૪–૧૮૬ ઉપર પ્રકટ થયેલ ડૉ. ભોગીલાલ સાંડેસરાના લેખનો સાભાર આધાર લેવામાં આવ્યો છે.

મૂળ પાટણના નિવાસી પરંતુ બે પેઢીથી અમદાવાદમાં રૂની દલાલીનો ધંધો કરતા એક મધ્યમ વર્ગના જૈન કુટુંબ દ્વારા ખેડા મુકામે વિ. સ. ૧૯૩૭ (ઇ. સ. ૧૮૮૧)ના ચૈત્ર માસમાં એ નિષ્ઠાવાન્ આત્મા આ અવનિ ઉપર ઊતરી આવ્યો. પિતા શ્રીયુત ડાહ્યાભાઈ સાંકળચંદ શાહ એક ઉમદા સ્વભાવના સજ્જન હતા, અને તેમના આ ગુણો તેમના મધ્યમ પુત્ર ચિમનલાલે બરાબર ઝીલી લીધા હતા. અન્તપર્યન્ત યથાર્થ વિદ્યાર્થીજીવન ગાળનાર આ મહાનુભાવની અધ્યયનવૃત્તિ મૂળથી જ તીવ્ર ગણાતી. ટંકશાળની ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાંથી મૅટ્રિકની પરીક્ષામાં યશઃપૂર્વક ઉત્તીર્ણ થઈને તે અમદાવાદની ગુજરાત કૉલેજમાં જોડાયા. ત્યાં આચાર્ય આનન્દશંકર ધ્રુવના એક અત્યન્ત તેજસ્વી શિષ્ય તરીકે ઝળકી ઇ. સ. ૧૯૦૮માં સંસ્કૃત તથા અંગ્રેજી વિષયો લઈ બી.એ.ની પરીક્ષા માનપૂર્વક પસાર કરીને તેઓ તે કૉલેજમાં 'દક્ષિણા ફેલો' તરીકે નિમાયા અને બે વર્ષ બાદ ૧૯૧૦માં સંસ્કૃતવ્યાકરણશાસ્ત્ર જેવો વિરલ વિદ્યાર્થી જ સ્વીકારે એવો ક્લિષ્ટ વિષય લઈ એમ્. એ.ની ઉપાધિના ઉપભોગી બન્યા.

સં. ૧૯૫૮ (ઇ. સ. ૧૯૦૨)માં ૨૧ વર્ષની ઉમ્મરે શ્રી દલાલનાં લગ્ન થયેલાં, પરંતુ સંસારમાં ઝુકાવે તે પહેલાં જ પત્નીનું અવસાન થયું. બચપણથી જ આ સૌમ્યમૂર્તિ પોતાના શાન્ત સ્વભાવને અનુરૂપ રીતે એકાન્તપ્રિય રહ્યા હતા. તે જેટલા મેધાવી હતા એટલા જ ધર્મિષ્ઠ પણ હતા. દહેરાસરમાં જવાનું તે કદી ચૂકતા નહિ. મિષ્ટભોજન ઘણાં વર્ષો સુધી ત્યજેલું. ઊંચી શય્યા પર પણ તે સૂતા નહિ. સમસ્ત ગુજરાતમાં એવું કોઈ તીર્થસ્થળ નહિ હોય કે જ્યાં તેઓ ગયા ન હોય. સાથેના વિદ્યાર્થીઓમાં બહુ ન ભળતાં પુસ્તકોની મિત્રતામાં જ તે રાચતા. જ્યાં કંઈ વિદ્યાગોષ્ઠી કે ધર્મગોષ્ઠી જણાય ત્યાં હમેશાં તે કાન સરવા રાખતા એટલું જ નહિ, પણ વારંવાર તેમાં રસપૂર્વક ભાગ પણ લેતા. આથી નાની વયમાં જ ધર્માભિરુચિ તેમના હૃદયમાં ઊગી હતી

અને શાસ્ત્રાભ્યાસ માટે સંસ્કૃત-પ્રાકૃતનું જ્ઞાન આવશ્યક જણાતાં તેઓ ઉપાશ્રય-પાઠશાળામાં તે ભાષાઓનું અધ્યયન ખંતથી કરવા માંડેલા. કૉલેજજીવનનો પ્રારંભ થયો ત્યારે તો તેમણે આ બેઉ ભાષાઓનું બહુ સારું જ્ઞાન પ્રાપ્ત કરી લીધેલું. પોતાની સરળતા, વિનમ્રતા, જિજ્ઞાસા અને ધર્મ-નિષ્ઠાને કારણે જૈન સાધુઓનો પ્રેમ પણ એમણે સંપાદિત કરેલો. આવી માનસિક પશ્ચાદ્‌ભૂને પરિણામે પત્નીના મૃત્યુ પછી આઠ વર્ષ સુધી તો તેમણે વિધુરજીવન જ ગાળ્યું અને તે પછી સ્વજનોના આગ્રહને વશ થઈ બીજી વાર લગ્ન કરવા કબૂલેલું.

કૉલેજજીવન દરમ્યાન પણ તેમની સાહિત્ય-સંશોધન-પ્રવૃત્તિ ચાલતી હતી. પ્રથમ વર્ષમાં હતા ત્યારે પ્રા. દારુવાળાના સમ્માનમાં એક સુન્દર શ્લોકબદ્ધ પ્રશસ્તિ રચી તેમણે સર્વની શાબાશી મેળવેલી. વળી વારાણસીના "જૈનશાસન" નામના માસિકમાં "હીરવિજયસૂરિ અથવા અકબરના દરબારમાં જૈનો" એ શીર્ષકવાળો એક સુન્દર લેખ ઇ. સ. ૧૯૧૦માં છપાવેલો. આ ઉત્કૃષ્ટ કોટિના સંશોધનાત્મક લેખની પ્રશંસા કરીને પ્રસિદ્ધ ઇતિહાસકાર શ્રી વિન્સન્ટ સ્મિથે તેને આધારે "અકબરના જૈન ગુરુઓ (Jaina Teachers of Akber)"–નામક એક લેખ ભાણ્ડારકર સ્મૃતિગ્રન્થ માટે લખી કાઢચો. પાછળથી લખાયેલ તેમના અકબર ઉપરના પ્રસિદ્ધ ગ્રન્થમાં પણ એ ગુણાનુરાગી વિદ્વાને આ બાબતનો ઉલ્લેખ કર્યો છે.

'બુદ્ધિપ્રકાશ'ના તે સમયના તંત્રી અને શ્રી દલાલ સાથે ઠીક ઠીક નિકટનો પરિચય ધરાવતા સ્વ. હીરાલાલ પારેખ તેમને વિષે મુક્તકણ્ઠે કહે છે કે: "તેમના કાર્યની અને કારકિર્દીની હજી શરૂઆત થતી હતી પણ એટલા ટૂંક સમયમાં તેમણે પોતાના વિષયમાં એટલો કાબૂ અને નિપુણતા મેળવ્યાં હતાં કે, તેમની સાથે કોઈ પણ મહત્ત્વના વિષય પર—ખાસ કરીને પ્રાચીન સાહિત્ય અને ઇતિહાસ પર—વાતચીત અને ચર્ચા કરવી એ તો ખરેખર આનંદદાયક થઈ પડતું અને તેમની વિદ્વત્તા અને જ્ઞાન માટે, બેશક માન ઉત્પન્ન થતું. વળી તે માટે તેમની તૈયારી એટલા ઊંચા પ્રકારની હતી અને તેમની માહિતી અને સાધન એટલાં બહોળાં હતાં કે તેમના આરંભના પ્રયાસો વિદ્વાનોના આદરને પાત્ર થઈ ભારે પ્રશંસા પામ્યા હતા." (લાયબ્રેરી મિસેલૅની, જાન્યુઆરી-એપ્રિલ ૧૯૧૯, પૃ. ૭.)

શ્રી દલાલે એમ. એ.ની પરીક્ષા આપી તે જ અરસામાં વડોદરાના કૈ. મહારાજા શ્રીમન્ત સયાજીરાવ ગાયકવાડે પુસ્તકાલય પ્રવૃત્તિના અમેરિકન નિષ્ણાત શ્રી બોર્ડનની રાહબરી નીચે વડોદરામાં મધ્યવર્તી પુસ્તકાલય (અં. સેન્ટ્રલ લાયબ્રેરી)ને આધુનિકતાની ઉત્તમ કોટિએ મૂકવાની યોજના કરી હતી એટલું જ નહિ, પણ સમસ્ત રાજ્યમાં પુસ્તકાલયપ્રવૃત્તિના પ્રસાર માટે પણ એ વિદ્યાવિલાસી રાજવી કટિબદ્ધ થયા હતા. વડોદરા રાજ્ય ઘણી બાબતમાં ભારતના અન્ય ભાગો કરતાં આગળ વધ્યું હતું. તેની આ પુસ્તકાલયપ્રવૃત્તિ પણ એવી પ્રથમ પ્રવૃત્તિ હતી. શ્રી દલાલને એમાં રસ પડચો અને બીજાં પ્રલોભનો જતાં કરી કેવળ રૂા. ૨૫)ની માસિક શિષ્યવૃત્તિ આપનાર ગ્રન્થપાલશિક્ષણવર્ગમાં ઈ. સ. ૧૯૧૦ના માર્ચ માસમાં તે જોડાયા. એક વર્ષની ખંતપૂર્વકની પ્રયોગાત્મક કેળવણી લીધા પછી તેમને ગ્રન્થપાલની કક્ષામાં મૂકવામાં આવ્યા. થોડો સમય તેમણે અનુસન્ધાન–ગ્રન્થપાલ (અં. રેફરન્સ લાયબ્રેરિયન) તરીકે કામ કર્યું, પછી ગુજરાતી વિભાગના ગ્રન્થપાલ થયા અને છેવટે સંસ્કૃત વિભાગ તેમને સોંપાયો. જેવું અદ્વિતીય સ્થાન સમસ્ત દક્ષિણ ભારતમાં પૂનાની ડેક્કન કૉલેજનું

સંસ્કૃત પુસ્તકાલય ભોગવતું હતું તેવું જ મહત્ત્વનું સ્થાન વડોદરાના આ સંસ્કૃત ગ્રન્થાલયને સમસ્ત ગુજરાત પ્રદેશમાં મળે એવો તેનો સંપૂર્ણ વિકાસ સાધવાની તીવ્ર ઇચ્છા શ્રીમન્ત મહારાજાની હતી. શ્રી દલાલે આ ખાતામાં જોડાયા પછી પોતાની કુશાગ્રબુદ્ધિ, ખંત તથા કર્તવ્યપરાયણતાની બહુ સુન્દર છાપ પાડી હોવાથી તેમને આ સંસ્કૃત વિભાગનો સંપૂર્ણ હવાલો સોંપવામાં આવ્યો, અને તેને આદર્શ બનાવવા માટે તેમણે અંત સુધી પોતાની સર્વ શક્તિથી અવિરત પ્રયત્ન કર્યો.

આ દરમ્યાન ઇ. સ. ૧૯૧૨ના ઑગસ્ટ માસમાં પુસ્તકાલયપ્રવૃત્તિને વેગ આપવાના તથા તે માટે તેનો પ્રસાર અને પ્રચાર કરવાના સદુદ્દેશથી રાજ્યના પુસ્તકાલયખાતા તરફથી "લાયબ્રેરી મિસેલેની" નામનું એક ત્રૈમાસિક શરૂ કરવામાં આવ્યું. આ પ્રયોગ પણ ભારતમાં પ્રથમ જ હતો. તેમાં અંગ્રેજી, ગુજરાતી તથા મરાઠી ભાષાના વિભાગો રાખવામાં આવ્યા, જેથી સમાજના સર્વ સ્તરોને એનો લાભ મળી શકે. ગુજરાતી વિભાગનું સઘળું કાર્ય તથા તે વિભાગના તંત્રીપદની બધી જ જવાબદારી શ્રી દલાલે બિલકુલ વેતન લીધા વિના પ્રારંભથી જ પોતાને શિરે લઈ લીધી. કેટલાંક વર્ષો સુધી રાજ્યના જુદા જુદા જિલ્લાનાં પુસ્તકાલયોના ગ્રન્થપાલોને આધુનિક પુસ્તકાલયપદ્ધતિનું શિક્ષણ આપવાનો વર્ગ નિયમિત રીતે ચલાવવામાં આવ્યો તેના સંચાલનનું કાર્ય પણ શ્રી દલાલને જ સોંપવામાં આવેલું. આ ઉપરાન્ત વૃત્તાન્તનિવેદનશાખા (अं. પ્રેસ-રિપોર્ટ ડિપાર્ટમેન્ટ) આ મધ્યસ્થ ગ્રન્થાલયમાં રહી તે દરમ્યાન શ્રી દલાલે સહાયક વૃત્તાન્તનિવેદક તરીકેની ફરજો પણ કુશળતાપૂર્વક બજાવી હતી. મહત્ત્વના લેખો વગેરેની કાપલીઓ સાચવવાનું કાર્ય, તેવા લેખોની નોંધ અગર સાર લઈ લેવાનું કાર્ય, બાલવાચનવિભાગ, ફરતાં (अं. સર્ક્યૂલેટિંગ ઍણ્ડ ટ્રાવેલિંગ) પુસ્તકાલયોની યોજના, ચલચિત્ર તથા સચિત્ર પત્રખણ્ડો દ્વારા જ્ઞાનપ્રસારની યોજના—આવી સર્વ પ્રવૃત્તિઓમાં શ્રી દલાલ રસપૂર્વક ભાગ લેતા; પરન્તુ વિશેષતઃ તો મુદ્રિત તેમ જ અમુદ્રિત સંગ્રહની સમૃદ્ધિ તથા પ્રાચીન સાહિત્યના સંશોધનમાં જ રત રહેવાનું તેઓ વધુ પસંદ કરતા. સર્વ ઉપલબ્ધ મુદ્રિત સંસ્કૃત ગ્રન્થો ખરીદવામાં આવતા. હસ્તલિખિત ગ્રન્થોની શોધ પણ ચલાવાતી અને ભારતના સર્વ પ્રદેશોમાંથી તે મેળવવાનો પ્રયાસ કરવામાં આવતો. આ કામ માટે શ્રી. આર્. અનન્તકૃષ્ણ શાસ્ત્રી જેવા તે ક્ષેત્રના વીસ વર્ષના અનુભવી વિદ્વાનને નીમવામાં આવ્યા હતા અને તેમની સહાયથી બે વર્ષમાં તો સંસ્કૃત વિભાગ ઠીક ઠીક સમૃદ્ધ બની ગયો.

'લાયબ્રેરી મિસેલેની'ના પ્રથમ અંકમાં જ શ્રી દલાલે સંસ્કૃત ગ્રન્થોના વર્ગીકરણની સુન્દર યોજના પ્રસિદ્ધ કરી, જેની શિકાગો (અમેરિકા)ના 'ધ ડાયલ' નામના વર્તમાનપત્રે સારી પ્રશંસા કરેલી. તે પછી તેમણે ગુજરાતી ગ્રન્થોના વર્ગીકરણની વધારે વિસ્તૃત યોજના પ્રકટ કરી, જેને તુરત જ મધ્યવર્તી પુસ્તકાલયમાં અપનાવવામાં આવી એટલું જ નહિ, પણ વડોદરા રાજ્યનાં ઇતર પુસ્તકાલયોમાં પણ તે દાખલ કરવામાં આવી. દરેક નવા ગ્રામગ્રન્થાલયને રાજ્યની મધ્યસ્થ ગ્રન્થાલયશાખા તરફથી માત્ર રૂ. ૨૫)માં રૂ. ૧૦૦)ની કિંમતનાં પ્રમાણભૂત ગુજરાતી પુસ્તકો આપવામાં આવતાં. તે માટેની એક વર્ગીકરણસૂચિ પણ તેમણે તૈયાર કરી અને ત્યારબાદ નગર તથા ગ્રામગ્રન્થાલયોને આપવા માટેના રૂ. ૧૦૦૦)ની કિંમતના સંગ્રાહ્ય લોકપ્રિય ગુજરાતી ગ્રન્થોની વિસ્તૃતવિગતપૂર્ણ વર્ગીકરણયાદી, નેલ્સનની અંગ્રેજી ભાષાનાં 'પ્રમાણભૂત પુસ્તકો'

(અં. સ્ટૅન્ડર્ડ બૂક્સ)ની તથા સૉનશીનની 'ઉત્તમ ગ્રન્થો' (અં. બેસ્ટ બૂક્સ)ની યોજનાને આધારે, તેમણે તૈયાર કરી આપી. ગ્રન્થાલયશાસ્ત્રનાં ભિન્ન ભિન્ન અંગોને વિશદ શૈલીથી સમજાવતી સ્વતંત્ર લેખમાળા પણ તેમણે 'લાયબ્રેરી મિસેલૅની'માં લખી. આ ત્રૈમાસિકના ગુજરાતી વિભાગની સમ્પાદકીય નોંધોમાં તેમ જ તેમાંનાં બીજાં લખાણોમાં દેશવિદેશની પુસ્તકાલય-પ્રવૃત્તિ વિષેની રસપ્રદ માહિતી, તેને લોકપ્રિય બનાવવાના ઉપાયો અને દર ત્રણ માસમાં પ્રકાશિત થયેલાં પુસ્તકોની સમાલોચના જેવા વિષયોને તેમણે સારી છણાવટ આપી.

તદુપરાન્ત જેમ જેમ સંગ્રહની સામગ્રી વધવા લાગી તેમ તેમ સંશોધનનો તેમનો ઉત્સાહ પણ વધવા લાગ્યો. આ સંગ્રહનો લાભ બહારગામના વિદ્વાનો પણ લઈ શકે એવી વ્યવસ્થા તેમણે કરી તેથી તેની ઉપયોગિતા વધી અને દરેકને તે અંગે સંપૂર્ણ માર્ગદર્શન આપવા માટે પણ તે સદા તત્પર રહેતા. અહીં સંશોધન કરતાં કરતાં તેમને પાટણના જૈન ભણ્ડારોમાં પડેલા ભારતના પ્રચ્છન્નગુપ્ત અમૂલ્ય સાંસ્કૃતિક ધનનો ખ્યાલ આવ્યો.

પાટણના ગ્રન્થભણ્ડારોનું મહત્ત્વ પ્રથમ સમજ્યા 'રાજસ્થાન'ના ખ્યાતનામ લેખક કર્નલ ટૉડ–છેક ઇ. સ. ૧૮૩૨માં. તેમણે પોથીઓથી ભરેલા ૪૦ પટારા જોયેલા. તે પછી ત્યાં ગયા સર એલેક્ઝાંડર કિન્લોક ફોર્બ્સ–જેમનું નામ મુંબઈની ફાર્બસ ગુજરાતી સભા સાથે જોડાયું છે તે. ઇ. સ. ૧૮૪૮ થી ૧૮૫૬ દરમ્યાન તે ત્યાં ગયા હશે. ત્યારબાદ ઇ. સ. ૧૮૭૩ના નવેમ્બરમાં તથા ૧૮૭૫ના માર્ચમાં અને મે માસમાં ડૉ. જ્યૉર્જ બ્યૂલર તે ભણ્ડારોની મુલાકાતે ગયેલા. બ્યૂલરે કરેલા નિવેદનથી પ્રભાવિત બની મુંબઈ સરકારે ડૉ. આર્. જી. ભાણ્ડારકરને ઇ. સ. ૧૮૮૩ના ડિસેમ્બરમાં પાટણ મોકલ્યા. આ પછી વડોદરા રાજ્યે ઇ. સ. ૧૮૯૨ના નવેમ્બરની ૧૭મી તારીખે સાક્ષરશ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીને પાટણના આ ભણ્ડારોની તપાસ માટે નીમ્યા. ભોંયરા જેવાં મકાનોમાં રોજના ૫ કલાક બેસી તેમણે ૨,૬૧૯ કૃતિઓની યાદી ૧૯ વિભાગ પાડીને તૈયાર કરી અને ૩૭૪ પ્રતોની નકલ કરાવી લેવાની પણ ખાસ ભલામણ કરી. પોતાનું આ નિવેદન શ્રી દ્વિવેદીએ ૧૮૯૩ના જુલાઈની ૧૬મી તારીખે શ્રીમન્ત સરકાર સમક્ષ રજૂ કર્યું, તે પછી ડિસેમ્બરમાં પ્રા. પિટર્સને પણ પાટણની મુલાકાત લીધી હતી. શ્રી દ્વિવેદીની ભલામણોને મહદંશે અમલમાં મૂકવામાં આવેલી, પરંતુ તેમનું કાર્ય પણ જોઈએ તેવું સંપૂર્ણ થઈ શક્યું ન હતું એ હકીકત શ્રી દલાલને સાલી. તેમણે આ અંગે કરેલી સચોટ રજૂઆતને પરિણામે તેમને ઇ. સ. ૧૯૧૪ના સપ્ટેમ્બર માસમાં "પાટણના ભંડારમાં કેવાં પુસ્તકો ઇતિહાસ, ભાષા-શાસ્ત્ર તથા સાહિત્યની દૃષ્ટિએ અગત્યનાં છે તે અવલોકન કરવાનું કામ સોંપવામાં આવ્યું".

સદ્‌ભાગ્યે તેમના પુરોગામીઓ કરતાં શ્રી દલાલની સ્થિતિ વધારે સારી હતી. તે પોતે એક ધર્મિષ્ઠ જૈન હતા. તેમના સદ્‌ગુણોને કારણે જૈન સાધુઓ ઉપર પણ તેમનો સારો પ્રભાવ પડેલો હતો. વળી તેમના વિનયી અને સ્નેહાળ સ્વભાવથી ભણ્ડારોના રક્ષકોનો પણ તે પૂરો વિશ્વાસ સંપાદન કરી શક્યા હતા. આથી તેમનું કાર્ય ઘણું સરળ થઈ ગયું. રોજના ૧૪ કલાક સુધી તે અંધારિયાં ભોંયરા જેવાં મકાનોમાં '**भग्नपृष्ठिकटिग्रीवः अधोमुखः**' એવી સ્થિતિમાં બેસીને ૧૨ અઠવાડિયાં સુધી તેમણે સતત કાર્ય કર્યું. ૧૧ ભણ્ડારમાંથી આશરે ૧૩૦૦૦ હસ્તપ્રતો તેમણે જોઈ. તે ઉપરાન્ત ૬૫૮ તો તાડપત્ર પર લખેલી મળી. આ સર્વની વર્ણનાત્મક સૂચિ તેમણે તૈયાર કરી લીધી. કેટલીય પ્રતોની પ્રતિકૃતિ કરાવી લેવાની, કેટલીક પોતાના ગ્રન્થાલય માટે ખરીદી લેવાની

તેમ જ સમ્પાદન માટે આવશ્યક જણાતાં કેટલીક ઉછીની મેળવવાની પણ છૂટ તે મેળવી શક્યા હતા. તેમનું અહીંનું કાર્ય ચાર રીતે વધારે મહત્ત્વનું ગણાવી શકાય: (૧) તેઓ સર્વ પ્રતોની સમ્પૂર્ણ તપાસ કરવા ભાગ્યશાળી થયા હતા, (૨) પોતાની પ્રકૃતિની પણ પરવાહ કર્યા વિના જે કાર્ય કરવા માટે ઓછામાં ઓછું એક વર્ષ લાગે તે કાર્ય માત્ર ૧૨ અઠવાડિયામાં પૂરું કર્યું, (૩) અતિ મહત્ત્વની તાડપત્ર તેમ જ કાગળની હસ્તપ્રતોની સમ્પૂર્ણ માહિતી દર્શાવતી સૂચિ દ્વારા વિદ્વાનોને તેમનું મહત્ત્વ સમજવાની સરળતા કરી આપી, અને સર્વથી વિશેષ તો (૪) બ્રાહ્મણ, બૌદ્ધ તથા જૈન ધર્મના કેટલાય દુર્લભ અને મૂલ્યવાન ગ્રન્થો પ્રકાશ પામ્યા એટલું જ નહિ, પણ પ્રાકૃતના અને વિશેષતઃ અપભ્રંશના કેટલાક અજ્ઞાત ગ્રન્થો બહાર આવતાં ભાષાશાસ્ત્રને અત્યુપકારક થઈ પડયા. તેમના જ શબ્દોમાં કહીએ તો: "જૂની ગુજરાતી ભાષાના સમ્પૂર્ણ અભ્યાસ માટે પાટણના ભંડારો જે જૂનાં અને વિશ્વસનીય સાધનો પૂરાં પાડે છે તેવાં હિન્દુસ્તાનની બીજી કોઈ ભાષામાં ભાગ્યે જ મળી શકશે. અહીંયાંનાં જૂનાં પ્રતીકોથી વિક્રમના અગિયારમા શતકથી ગુજરાતી ભાષાનો ઇતિહાસ યથાર્થ રીતે લખી શકાશે...ગુજરાતી ગદ્યના નમૂના પણ ભંડારોમાંથી ઘણા મળી આવે છે. ૬૫૦ વર્ષ પહેલાં આપણી ભાષાનું ગદ્ય કેવું હતું તે તાડપત્રનાં પુસ્તકોમાંથી બરાબર જણાઈ આવે છે." (પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગુજરાતી સાહિત્ય, લાયબ્રેરી મિસેલેની, જાન્યુઆરી-એપ્રિલ ૧૯૧૫, ને અંતે, પૃ. ૨૦ તથા ૩૯.)

શ્રી દલાલે રજૂ કરેલ પાટણભણ્ડારો અંગેના નિવેદનથી પ્રભાવિત થઈ સ્વદેશની સંસ્કૃતિના પૂજક તથા પોષક, વિદ્યાવિલાસી અને દીર્ઘદર્શી શ્રીમન્ત મહારાજા સયાજીરાવે આ અમૂલ્ય ગ્રન્થોને પ્રકાશિત કરવા માટે ગાયકવાડની પ્રાચ્યવિદ્યાગ્રન્થમાળા (અં. ગાયકવાડ્ઝ ઓરીએન્ટલ સિરીઝ) નામની એક સ્વતંત્ર ગ્રન્થમાળા શરૂ કરવાની તુરત જ આજ્ઞા આપી. આ ગ્રન્થમાળાના આયોજનની સઘળી જવાબદારી શ્રી દલાલે વહન કરી અને ઘણા ગ્રન્થોના સમ્પાદનનું કાર્ય પણ પોતે માથે લીધું. તેના પ્રથમ વીસેક મણકાનો સામાન્ય વિચાર કરતાં જ ગ્રન્થમાળાના આયોજનમાં કેટલું વૈવિધ્ય સચવાયું છે તેનો સહજ રીતે જ ખ્યાલ આવશે: પહેલો ગ્રન્થ છે અલંકારશાસ્ત્રનો સુપ્રસિદ્ધ ગ્રન્થ રાજશેખરકૃત **કાવ્યમીમાંસા** જે ઇ. સ. ૧૯૧૬માં પ્રકટ થયો. તદુપરાન્ત ૩ છે ઐતિહાસિક તેમ જ પૌરાણિક કાવ્ય-મહાકાવ્યો, ૧ વ્યાકરણનો ગ્રન્થ, ૧ મહાભારતને આધારે રચાયેલ નાટક, ૧ ઐતિહાસિક નાટક, ૭ રૂપકો, ૧ ચમ્પૂ, ૩ દાર્શનિક ગ્રન્થો, ૧ પ્રાચીનગુર્જરકાવ્યસંગ્રહ, ૧ રાજકીય તેમ જ ખાનગી દસ્તાવેજોના નમૂનાઓનો રસિક સંગ્રહ **લેખપદ્ધતિ** અને ૧ પ્રખ્યાત અપભ્રંશ મહાકથા **ભવિસયત્તકહા.** આમાંના કેટલાક ગ્રન્થો તો શ્રી દલાલના અવસાન બાદ પ્રકાશિત થઈ શકયા હતા. આ માળાનો પ્રથમ જ મણકો અન્તરંગ તેમ જ બહિરંગની દૃષ્ટિએ એટલો ઉત્કૃષ્ટ નીવડયો કે આ ગ્રન્થમાળા દેશવિદેશના પ્રાચ્યવિદ્યારસિકોની પ્રશંસાને પાત્ર થઈ. ૧૯૧૭ના જૂનની ૨૨મી તારીખના 'ધ ટાઇમ્સ લિટરરી સપ્લિમેન્ટ'માં 'ઇંડિયન પેટ્રનેજ ઑફ સંસ્કૃત લિટરેચર' એવા શીર્ષક નીચે આ માળાનાં પ્રથમ બે પ્રકાશનોની સુન્દર સમીક્ષા પ્રકટ થયેલી તેનાં કેટલાંક અંતિમ વાકયો આ પ્રમાણે છે:

"The inclusion of Prakrit works in the series is an excellent idea. Owing to the practical monopoly of Sanskrit in India, the

study of the Prakrits has been far too much neglected there, though these mediaeval vernaculars, as connecting links between Sanskrit and the innumerable dialects of modern India, are of great philological and, to some extent, literary importance. We would suggest that the edition of the Gujarati works to be comprised in the series should include a Sanskrit translation of the texts as well as an *index verborum* in order that they may be of real value to Western scholars. The Maharaja is certainly to be congratulated on his plan of bringing out this series, which is so well begun with the two present volumes."

આ માળાની આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ વિષે એમ કહેવાય છે કે અમેરિકા જેવા વિકસિત દેશોમાં શ્રીમન્ત સયાજીરાવનો પરિચય ભારતમાંના વડોદરા રાજ્યના નરેશ તરીકે જ નહીં આપતાં "ગાયકવાડ્ઝ ઑરીએન્ટલ સિરીઝ"-વાળા ગાયકવાડ તરીકે આપવામાં આવતો.

સમ્પાદનકાર્ય કરતાં કરતાં કેટલાંક પુસ્તકોની બીજી પ્રતો જેસલમેરના પ્રખ્યાત જૈન ભણ્ડારમાં હશે એવું શ્રી દલાલને લાગ્યું. કેટલીક ભયંકર આફતોમાંથી પ્રાચીન ગ્રન્થોને બચાવવા માટે પાટણથી સં. ૧૪૯૭ (ઇ. સ. ૧૪૪૧)માં રણ પાર કરી તે ગ્રન્થોને આ ઊંચા કિલ્લામાં સિફતથી ખસેડી લેવામાં આવેલા. ઇ. સ. ૧૮૭૨માં ડૉ. બ્યૂલર ત્યાં ગયેલા અને પછીથી પ્રા. ઍસ્. આર્. ભાણ્ડારકર પણ પહોંચેલા, પરંતુ તે બન્નેને ખાસ સફળતા મળેલી નહિ. શ્રી દલાલ વિકટ માર્ગ વટાવીને ત્યાં પહોંચ્યા. અહીં પણ કુનેહ, ખંત, યુક્તિ અને પરિશ્રમપૂર્વક તેમણે કામ કર્યું. તેમના પર પ્રસન્ન થઈ રક્ષકોએ બધા જ ગ્રન્થો બતાવ્યા એટલું જ નહિ, પણ તે સર્વની, તેમના પુરોગામીઓએ જેની આવશ્યક્તાનો નિર્દેશ કરેલો તેવી, વિસ્તૃત સૂચિ બનાવી લેવાની તથા કેટલાકની તો નકલ પણ કરી લેવાની છૂટ તેમને આપી. અહીં તેમણે ૩૪૪ તાડપત્રના ગ્રન્થો તથા ૬,૦૦૦ કાગળ પર લખાયેલા ગ્રન્થો તપાસ્યા. તેમની ધારણા પ્રમાણે પાટણથી પ્રાપ્ત થયેલા ગ્રન્થોમાંના ઘણાની મૂળ પ્રતો અહીંથી સાંપડી અને કેટલાક નવા ગ્રન્થો પણ—સંસ્કૃત, પ્રાકૃત તેમ જ અપભ્રંશના—મળ્યા, જેની પ્રતો અન્યત્ર ઉપલબ્ધ નથી. સમસ્ત ભારતમાંથી મળી આવતી તાડપત્રની હસ્તપ્રતોમાંની કેટલીક પ્રાચીનતમ પ્રતો આ અભેદ્ય દુર્ગમાં સચવાઈ રહેલી જણાઈ. આ ઉપરાન્ત સિરોહી, બિકાનેર, જોધપુર, આમોદ, જૂનાગઢ, તારાપુર, ખંભાત, ખેડા, માતર, વળા, પાંચગામ, અમદાવાદ વગેરે સ્થળોએ પણ તેઓ ગ્રન્થોની શોધ માટે જઈ આવ્યા. આમ પાંચ માસમાં તેમણે ૧૫,૦૦૦ હસ્તલિખિત ગ્રન્થો તપાસ્યા. આ સતત સફરોને પરિણામે શ્રી દલાલ લગભગ ૩૦૦ જેટલી હસ્તપ્રતો પોતાના વિભાગના સંગ્રહ માટે એકઠી કરી લાવ્યા. એ સંગ્રહની તે સમયની સમૃદ્ધિ અને ઉપયોગિતા મહદંશે શ્રી દલાલના પ્રયાસને અને ખંતને આભારી હતી એ વાત નિર્વિવાદ છે.

આ કર્તવ્યનિષ્ઠ અને અતિ ઉત્સાહી સંશોધકની પરિશ્રમશીલતા તથા કુશળતાની કદર શ્રીમન્ત સયાજીરાવે પણ કરી. તે જેસલમેરથી ઇ. સ. ૧૯૧૬ના અન્તમાં પાછા ફર્યા અને ૧૯૧૭ના માર્ચમાં ભરાયેલ વાદદિનના દરબારમાં શ્રીમન્તે જાહેરમાં તેમના કાર્યની પ્રશંસા કરી, પોતાની

પ્રસન્નતાના પ્રતીક રૂપે રૂ. ૫૦૦)ની એક થેલી તેમને અર્પણ કરી તથા "રાજ્યરત્ન"નો રજતચન્દ્રક પણ એનાયત કર્યો. ત્યારબાદ તેમને બઢતી આપીને ઉચિત પ્રોત્સાહન પણ આપવામાં આવ્યું. પરન્તુ તેમણે લીધેલા પરિશ્રમની અસર તેમના આરોગ્ય પર થયા વિના ન રહી; પરિણામે આ ભોગવવા તેઓ વધારે જીવી શક્યા નહિ. ઇંફ્લુએન્ઝાના વ્યાપક વ્યાધિના સકંજામાં સપડાઈ ઇ. સ. ૧૯૧૮ના ઓક્ટોબરની ત્રીજી તારીખે માત્ર ૩૮ વર્ષની યુવાન વયમાં જ તેઓ તેમનો નશ્વર દેહ ત્યજી શાશ્વતતા તરફ પ્રયાણ કરી ગયા. રાજ્યે તેમની એકનિષ્ઠ સેવાની કદર કરી તેમના પુત્રના અધ્યયન અર્થે રૂ. ૧૦૦૦)ની દેણગી મંજૂર કરી. આ આજીવન સરસ્વતી-ઉપાસકના પુત્ર શ્રી શાન્તિલાલ હાલ મુંબઈમાં હિન્દુસ્તાન ટેક્સ્ટાઇલ સ્ટોર્સ કંપનીમાં કાર્ય કરી રહ્યા છે, સુખી છે અને તેમનાં માતુઃશ્રી પણ તેમની સાથે રહે છે.

આટલા ટૂંકા જીવનમાં આ પ્રાચીન સાહિત્યના પરમ ઉપાસકે કેટલું બધું કાર્ય કર્યું હતું તેનો ખ્યાલ કરતાં આપણું મન આદરપૂર્વક નમી પડે છે. ખરી રીતે તો તેમના જીવનનાં છેલ્લાં આઠ વર્ષો જ તેમની સંશોધનપ્રવૃત્તિનાં પોષક ગણાય. તે દરમ્યાન તેમણે 'લાયબ્રેરી મિસેલેની' દ્વારા પુસ્તકાલયપ્રવૃત્તિનો પુષ્કળ પ્રચાર કર્યો; મધ્યવર્તી પુસ્તકાલયના મુદ્રિત તથા અમુદ્રિત ગ્રન્થોના સંગ્રહને સમૃદ્ધ બનાવવા માટે ચિરસ્મરણીય પરિશ્રમ કર્યો; પાટણ અને જેસલમેર જેવા જ્ઞાનભણ્ડારોને વિદ્વજ્જગત્ માટે સુગમ્ય બનાવી તથા ગાયકવાડ પ્રાચ્યવિદ્યાગ્રન્થમાળાનું ઉત્તમ આયોજન કરી ભારતીય સંસ્કૃતિની અનુપમ સેવા કરી. ઇ. સ. ૧૯૧૬ના જાન્યુઆરીમાં આ ગ્રન્થમાળાનો પ્રારંભ કરવામાં આવ્યો. તે પછીના માત્ર બે વર્ષ અને નવ માસના જીવનકાળ દરમ્યાન સાત ગ્રન્થોનું શ્રી દલાલે સમ્પૂર્ણ સમ્પાદન કરેલું, સાતનું સહસમ્પાદન કરેલું તથા બેની વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના લખેલી. તેમના દેહવિલય સુધીમાં આ માલાના સાત ગ્રન્થો તો પ્રકટ થઈ ચૂક્યા હતા, બેની પ્રસ્તાવના તથા ટિપ્પણીઓનું મુદ્રણ બાકી હતું, ત્રણના થોડા ફર્મા છપાયા હતા અને પાટણ-જેસલમેરની સૂચિઓ મુદ્રણની રાહ જોઈ રહી હતી.

આ ઉપરાન્ત આ કર્મઠ સાહિત્યસેવકે વિવિધ સામયિકોમાં પણ વિદ્વત્તાપૂર્ણ લેખો લખેલા. સૂરતમાં ભરાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદ્ના પાંચમા અધિવેશન સમક્ષ પાટણના ભણ્ડારોમાંના જૂની ગુજરાતી અને અપભ્રંશના ગ્રન્થો વિષે જે પાણ્ડિત્યપૂર્ણ અને વિશદમાહિતીસભર નિબન્ધ સાદર કરેલો તે ખૂબ જ પ્રશંસા પામેલો. વળી તે સમયનાં સામયિકોમાં જે રસપ્રદ ચર્ચાપત્રો ચાલતાં તેમાં પણ તેઓ ઉત્સાહથી ભાગ લેતા.

'લાયબ્રેરી મિસેલેની'માંના પુસ્તકાલયપ્રવૃત્તિ વિષેના લેખો સિવાયનાં શ્રી દલાલનાં લગભગ બધાં જ લખાણો પ્રાચીનસાહિત્યવિષયક જ હતાં. તેમના સઘળા સાહિત્યની એક વિશિષ્ટતા એ હતી કે લખાણ તદ્દન મુદ્દાસર જ રહેતું અને પૂરતા આધાર વિના કંઈ જ લખવામાં આવતું નહિ. શ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા જેવાની સાથે જે જાહેર ચર્ચાઓ 'ખંભાત' જેવા શબ્દોની વ્યુત્પત્તિ વિષે તથા 'કાશ્મીરમુખમણ્ડન' પદના ઔચિત્ય અંગે થયેલી તેમાં પણ એક આદર્શ સંશોધકને અનુરૂપ એવી તેમની સમ્પૂર્ણ તટસ્થતા ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી; તે એટલે સુધી કે કેટલીક વખત તો પ્રાચીન સાહિત્યમાંથી આ અંગે અવારનવાર મળી આવતાં પ્રતિપાદનો તેનું અનિવાર્ય મહત્ત્વ દર્શાવીને કોઈ પ્રકારના નિરર્થક વિવેચન વિના જ ઉદ્ધૃત કર્યાં છે, અને જેને આગળ ચાલેલી ચર્ચાનો પરિચય ન હોય તેને એ ઉપરથી પ્રથમ દૃષ્ટિએ

તો એવો ખ્યાલ પણ ન આવે કે એ લખાણ આગળના અંકોમાં થયેલ ચર્ચાના અનુસન્ધાનમાં લખાયેલું હશે! એક સ્થળે તો સ્વ. દ્વિવેટિયાએ પણ કહી નાખ્યું છે કે: "એ લેખથી રા. ચિમનલાલ દલાલની સત્યપ્રિયતા અને સરલતા પ્રત્યક્ષ થાય છે તેથી બહુ જ આનન્દ થાય છે." (બુદ્ધિપ્રકાશ, મે ૧૯૧૪, પૃ. ૧૪૬.)

શ્રી દલાલના આ સર્વ અભ્યાસપૂર્ણ સાહિત્યમાંથી અને વિશેષતઃ ગ્રન્થોની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવનાઓ તથા પાણ્ડિત્યયુક્ત ટિપ્પણીઓમાંથી વિશાળ દૃષ્ટિવાળા ઉત્કૃષ્ટ કોટિના વિવિધલક્ષી વિદ્વાન્ સંશોધકનું તેજસ્વી વ્યક્તિત્વ ઊપસી આવે છે.

ગુજરાતનો આ મહાન્ તારક સંશોધન-આકાશને પૂર્ણતયા દ્યોતિત કરી શકે તે પૂર્વે જ અકાળે ખરી પડ્યો. શ્રી દલાલ જેટલા શાન્ત અને નિરભિમાન હતા તેટલા જ તેઓ આગ્રહી અને નિશ્ચયાત્મક સ્વભાવના હતા; અને તેથી જ તે અલ્પ આયુષ્યમાં આટલું બધું કાર્ય કરી શક્યા—જે તેમની અદ્‌ભુત પ્રતિભા અને પ્રજ્ઞા તેમ જ અપ્રમત્તતા અને કાર્યસ્ફૂર્તિનું પ્રતીક બની રહ્યું છે. તેઓ આપણે ત્યાં સંસ્કૃત-પ્રાકૃતના સંશોધનની ઇમારતોનો પાયો નાખનાર હતા, જ્યારે અપભ્રંશના સંશોધનકાર્યના તો તે અગ્રયાયી (अं. પાયોનિયર) હતા. ગુજરાતના ઇતિહાસના સાધનભૂત પ્રાચીન સાહિત્યગ્રન્થોને પ્રકાશમાં લાવવાનો મહદંશે સફળ એવો તેમનો મહાપ્રયત્ન પણ ચિરસ્મરણીય રહેશે. વડોદરાનું પ્રાચ્યવિદ્યામન્દિર (अं. ઓરીએન્ટલ ઇંસ્ટિટ્યૂટ), જે હવે વડોદરાના મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયની અંગભૂત સંસ્થા છે, તેનાં સંશોધનકાર્યોનો સાચા અર્થમાં પાયો નાખનાર સ્વ. ચિમનલાલ દલાલ હતા. તેમણે જ શરૂ કરેલી અને વિકસાવેલી પ્રારમ્ભથી જ આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરનાર ગાયકવાડપ્રાચ્યવિદ્યાગ્રન્થમાળા—જેમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી, ફારસી, અરબી, તિબેટન આદિ ભાષાઓના તથા કેટલાક અંગ્રેજી અનુવાદોના કુલ ૧૪૩ ગ્રન્થો અત્યાર સુધીમાં પ્રકટ થઈ ચૂક્યા છે—એ, તે મહાનુભાવનું સાચું સ્મારક છે. પ્રાચ્યવિદ્યામન્દિરમાં તા. ૨૩-૧૧-૧૯૬૨ના રોજ મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ ડૉ. જ્યોતીન્દ્ર મહેતાના વરદ હસ્તે ગુજરાતના આ મહાન્ સંશોધકના તૈલચિત્રનો અનાવરણવિધિ થયો તે આપણું ઋષિઋણમુક્તિપથ પરનું એક સોપાન-માત્ર છે.

નીચે સ્વ. દલાલની કૃતિઓની એક સૂચિ આપવામાં આવી છે. આ સૂચિ કોઈ રીતે સમ્પૂર્ણ છે એવો દાવો તે રજૂ કરનાર કરી શકે તેમ નથી; પોતાની શક્તિમર્યાદામાં રહીને તેણે તે ઉપલબ્ધ સાહિત્યસાધનોમાંથી તારવી કાઢેલી છે; જે સાધનો અદૃષ્ટ રહ્યાં છે તેમાંથી આવી બીજી સામગ્રી પ્રાપ્ત થાય તેવી પૂરી સમ્ભાવના છે.

શ્રી ચિમનલાલ દલાલના સમ્પાદિત ગ્રન્થો

ગ્રન્થનામ	પ્રકાશનવર્ષ
૧. **પ્રહ્લાદનદેવકૃત પાર્થપરાક્રમ** (નાટક)	૧૯૧૭
૨. **વામનકૃત લિઙ્ગાનુશાસન** (વ્યાકરણગ્રન્થ)	૧૯૧૭
૩. **બાલચન્દ્રસૂરિકૃત વસન્તવિલાસ** (ઐતિહાસિક મહાકાવ્ય)	૧૯૧૭

ગ્રન્થનામ		પ્રકાશનવર્ષ
૪.	**વત્સરાજરચિત રૂપકષટ્ક** (૭ રૂપકો)	૧૯૧૮
૫.	**જયસિંહસૂરિકૃત હમ્મીરમદમર્દન** (નાટક)	૧૯૨૦
૬.	**પ્રાચીનગુર્જરકાવ્યસઙ્ગ્રહ** (ઇ. સ.ના ૧૨માથી ૧૫મા શતક સુધીનાં પ્રાચીન ગુજરાતી કાવ્યોનો સંગ્રહ	૧૯૨૦
૭.	**ભાસર્વજ્ઞકૃત ગણકારિકા** (પાશુપતદર્શન)	૧૯૨૧

ગ્રન્થસૂચિઓ

૮.	**જેસલમેરભાણ્ડાગારીયા ગ્રન્થસૂચી** સં.: લા. ભ. ગાંધી	૧૯૩૨
૯.	**પત્તનભાણ્ડાગારીયા ગ્રન્થસૂચી** સં.: લા. ભ. ગાંધી, વૉલ્યૂમ ૧	૧૯૩૭

સહસમ્પાદિત ગ્રન્થો

૧૦.	**રાજશેખરરચિત કાવ્યમીમાંસા** સહસંપાદક: શ્રી આર્. અનન્ત-કૃષ્ણ શાસ્ત્રી	૧૯૧૬
	બીજી આવૃત્તિ ૧૯૨૪, ત્રીજી આવૃત્તિ ૧૯૩૪	
૧૧.	**મંત્રી વસ્તુપાલકૃત નરનારાયણાનન્દ** (પૌરાણિક કાવ્ય) સહ-સંપાદક : શ્રી આર્. અનન્તકૃષ્ણ શાસ્ત્રી	૧૯૧૬
૧૨.	**સોઙ્ઢલકૃત ઉદયસુન્દરીકથા** (ચમ્પૂ) સહસં.: શ્રી એમ્બર કૃષ્ણમાચાર્ય	૧૯૨૦
૧૩.	**લેખપદ્ધતિ** (પ્રાચીન રાજકીય અને ખાનગી લેખના નમૂના) સહસં.: શ્રી. જી. કે. શ્રીગોન્દેકર	૧૯૨૫
૧૪.	**ધનપાલકૃત ભવિસયત્તકહા અથવા પંચમીકહા** (અપભ્રંશકથા) સહસં.: ડૉ. પી. ડી. ગુણે	૧૯૨૩

ઇતર

૧૫.	**રુદ્રકવિકૃત રાષ્ટ્રૌઢવંશ** (ઐતિહાસિક મહાકાવ્ય) સંપાદક: એમ્બર કૃષ્ણમાચાર્ય; પ્રસ્તાવના: દલાલ	૧૯૧૭
૧૬.	**યશઃપાલકૃત મોહરાજપરાજય** (રૂપક) સં.: મુનિ ચતુરવિજયજી; પ્રસ્તાવના તથા પરિશિષ્ટ: દલાલ	૧૯૧૮

લેખો

૧. **હીરવિજયસૂરિ અથવા અકબરના દરબારમાં જૈનો** (જૈનશાસન, ૧૯૧૦) હીરવિજયસૂરિના અકબર પર પડેલા પ્રભાવનું સુન્દર આલેખન. પ્રસિદ્ધ ઇતિહાસકાર વિન્સન્ટ સ્મિથની પ્રશંસા પામ્યો અને તેમના 'અકબરના જૈન ગુરુઓ' વિષેના લેખનો આધાર.

૨. **સંસ્કૃતભાષાપ્રદીપ** (બુદ્ધિપ્રકાશ, ફેબ્રુઆરી ૧૯૧૧, પૃ. ૬૦–૬૧) મિ. પંજીએ લખેલ આ નામના ગ્રંથની સમીક્ષા: ગુજરાતીમાં પ્રથમ સમ્પૂર્ણ સંસ્કૃત વ્યાકરણ.

૩. **બુદ્ધચરિત** (બુદ્ધિપ્રકાશ, મે ૧૯૧૧, પૃ. ૧૩૦–૧૩૮) બુદ્ધની ૨૫૦૦મી જયન્તી નિમિત્તે પ્રકાશિત બુદ્ધના જીવન તથા ઉપદેશને સ્પર્શતો સુન્દર લેખ.

૪. **સંસ્કૃત ભાષાનું શબ્દાનુશાસન** (બુદ્ધિપ્રકાશ, જુલાઈ ૧૯૧૧, પૃ. ૨૦૫–૨૧૧) પાણિનિ તથા કાત્યાયન વિષે વિશદ વિવરણ, પાણિનિનો સમય બુદ્ધ (ઇ. સ. પૂ. ૫૪૩) પૂર્વે નિશ્ચિત. લેખ-અપૂર્ણ.

૫. **ચન્દ્રહાસની કથાને મળતી અન્ય કથાઓ** (બુદ્ધિપ્રકાશ, ઑક્ટોબર ૧૯૧૧, પૃ. ૩૧૦–૩૧૫) ભક્ત ચંદ્રહાસની કથા અને તુલનાત્મક દૃષ્ટિએ દામનકની કથા (જૈન) તથા યુરોપિયન લોકકથાઓ આપી છે.

૬. **અકબરની કોર્ટમાં જૈનાચાર્ય** (બુદ્ધિપ્રકાશ, નવેંબર ૧૯૧૧, પૃ. ૩૪૭–૩૫૦) 'જૈનશાસન'માં છપાયેલ હીરવિજયસૂરિ વિષેના લેખનું જ વસ્તુ. અપૂર્ણ.

૭. **હિંદુસ્થાનમાં એક અપૂર્વ ઉપયોગી સંસ્થા** (બુદ્ધિપ્રકાશ, ડિસેંબર ૧૯૧૧, પૃ. ૩૬૧-૩૬૯; જાન્યુ. ૧૯૧૨, પૃ. ૨૬–૨૮; ફેબ્રુ. ૧૯૧૨, પૃ. ૪૧–૪૮) સાર્વજનિક પુસ્તકાલયોની આવશ્યકતાનું નિદર્શન. ફ્રાંસ, ઇંગ્લેંડ અને વિશેષતઃ અમેરિકાનાં પુસ્તકાલયો વિષે માહિતી. વડોદરાના મધ્યવર્તી પુસ્તકાલય વિષે રસપૂર્ણ નિવેદન, શ્રીમન્ત સયાજીરાવ ગાયકવાડના ફોટા સાથે.

૮. **બુદ્ધધર્મમાં નારીપ્રતિષ્ઠા** (બુદ્ધિપ્રકાશ, મે ૧૯૧૨, પૃ. ૧૫૨-૧૫૪) વિવિધ વિધાનોનું નિરસન કરી બૌદ્ધધર્મમાં નારીનું સ્થાન હલકું નથી તેવું પ્રતિપાદન. પાદટીપમાં 'બુદ્ધિસ્ટ રીવ્યૂ' લખ્યું છે તેથી મૂળ અંગ્રેજીમાં તે સામયિકમાં છપાયો હશે.

૯. **Scheme of Classification for Sanskrit Libraries** (લાયબ્રેરી મિસેલેની, ઑગસ્ટ ૧૯૧૨, પૃ. ૩-૮) આ સુન્દર લેખની શિકાગોના વર્તમાનપત્ર 'ધ ડાયલ' એ પ્રશંસા કરેલી.

૧૦. **હાલતાં ચાલતાં ચિત્રો, સ્ટીરિયોગ્રાફો અને લોકશિક્ષણ** (બુદ્ધિપ્રકાશ, મે ૧૯૧૩, પૃ. ૧૫૦-૧૫૪) લાય. મિસે.ના ફેબ્રુ. ૧૯૧૩ના અંકમાંથી પુનર્મુદ્રિત.

૧૧. **ખંભાત શબ્દની વ્યુત્પત્તિ તથા તે જ શહેરના શ્રેષ્ઠિ ઋષભદાસે કરેલું અકબરનું તથા ચિતોડના ઘેરાનું વર્ણન** (બુદ્ધિપ્રકાશ, ફેબ્રુ. ૧૯૧૪, પૃ. ૪૮-૫૩) ઋષભદાસના રાસ (ઇ. સ. ૧૬૨૮)ની સં. ૧૭૫૨ની પ્રતમાંથી લાંબું ઉદ્ધરણ. આ લેખે 'ખંભાત' શબ્દની વ્યુત્પત્તિ વિષે ન. ભો. દિ. સાથેની બહુ ઉપયોગી રસપ્રદ લાંબી ચર્ચા જગાડી.

૧૨. **ખંભાત શબ્દની વ્યુત્પત્તિ** (બુદ્ધિપ્રકાશ, માર્ચ ૧૯૧૪, પૃ. ૮૮) આ પછીની ચર્ચા માટે જુઓ બુ. પ્ર. માર્ચ ૧૯૧૪ પૃ. ૮૯-૯૨, એપ્રિલ '૧૪ પૃ. ૧૨૪-૧૨૫, મે '૧૪ પૃ. ૧૪૬, જુલાઈ '૧૪ પૃ. ૨૨૦-૨૨૨; 'વસન્ત' જ્યેષ્ઠ સંવત્ ૧૯૭૦ પૃ. ૩૨૩-૨૬, અષાઢ ૧૯૭૦ પૃ. ૩૭૪; બુ. પ્ર. માર્ચ ૧૯૧૭ પૃ. ૯૪.

૧૩. **Who was Gopi ?** (લાયબ્રેરી મિસેલૅની, ફેબ્રુ.–મે ૧૯૧૪, પૃ. ૧૦૧–૧૧૦A) ગોપીનાથના આશ્રિત હીરેશ્વરકવિના ઇ. સ. ૧૪૮૨ના દુષ્કાળનું વર્ણન કરતા **વંશવર્ણન**ના હસ્તગ્રન્થને આધારે રોચક ચર્ચા.

૧૪. **પ્રાચીન ગૂજરાતી સુભાષિતો** (સાહિત્ય, મે ૧૯૧૪, પૃ. ૧૯૩-૧૯૮) આવાં સુભાષિતો જેમાં થોકબંધ મળે છે તેવા ૧૨ ગ્રન્થોની નોંધ, સુન્દર ઉદાહરણો. તન્ત્રી પ્રશંસા કરતાં કહે છે : “ આ અજવાળામાં આણીને ગુજરાતી સાહિત્યની સારી સેવા બજાવી છે એમ અમે માનીએ છીએ. ”

૧૫. **સંવત્ ૧૪૬૬માં રચાએલા દેવસુંદરસૂરિના શિષ્ય ગુણરત્નસૂરિના ક્રિયારત્ન-સમુચ્ચયમાંથી પ્રાચીન ગુજરાતીનો વિભક્તિવિભાગ (tenses) તથા સંવત્ ૧૫૦૭માં રચાએલું વાકયપ્રકાશ ઔક્તિક** (વસંત, જ્યેષ્ઠ ૧૯૭૦, પૃ. ૨૯૭-૩૦૩) જૂની ગુજરાતીનાં પુષ્કળ ઉદાહરણો દ્વારા તફાવત દર્શાવ્યો છે. અપૂર્ણ.

૧૬. **ગૂજરાતનું સંસ્કૃત નાટકસાહિત્ય** (વસંત, આષાઢ ૧૯૭૦, પૃ. ૩૭૭-૩૮૨) રામચન્દ્ર, યશઃપાલ, પ્રહ્લાદનદેવ, જયસિંહાચાર્ય, સુભટ અને યશશ્ચન્દ્રનાં નાટકો વિષે સંક્ષિપ્ત વિવેચન, પુષ્કળ ઉદ્ધરણો સાથે.

૧૭. **પ્રાચીનકાવ્ય** (બુદ્ધિપ્રકાશ, જુલાઈ ૧૯૧૪, પૃ. ૨૨૩-૨૨૪) અઢીસો (હવે ત્રણસો) વર્ષ પૂર્વેનો એક પ્રેમપત્ર.

૧૮. **માધવાનલ કામકંદલાની લોકકથા** (સાહિત્ય, ઑગસ્ટ ૧૯૧૪, પૃ. ૩૫૩-૩૬૨) સંસ્કૃત તથા જૂની ગુજરાતીના ગ્રન્થોનું વિવેચન, સુભાષિતોના મહત્ત્વના નિદર્શન સાથે. પાશ્ચાત્ય મતનું નિરસન.

૧૯. **કાશ્મીરમુખમંડની (સરસ્વતી)** (સાહિત્ય, સપ્ટેમ્બર ૧૯૧૪, પૃ. ૪૧૯) આ આખી ચર્ચા બહુ રસપ્રદ છે. બધાં જ ચર્ચાપત્રો જોઈ લેવા જેવાં છે. આગળ જુઓ ડિસેમ્બર ૧૯૧૪, પૃ. ૫૬૨-૫૬૩.

૨૦. **અપભ્રંશ** (સાહિત્ય, ઑકટોબર ૧૯૧૪, પૃ. ૪૬૧-૪૬૪) સુન્દર છણાવટ.

૨૧. **કાશીવિલાસ** (સાહિત્ય, જાન્યુ. ૧૯૧૫, પૃ. ૭૨-૭૩) પૌરાણિક માહાત્મ્યોથી સ્વતંત્ર કાશીનિવાસના માહાત્મ્યના રાસ વિષે.

૨૨. **પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગૂજરાતી સાહિત્ય** (લાય. મિસે., જાન્યુ.-એપ્રિલ ૧૯૧૫ના અન્તે, પૃ. ૧-૪૪) ગુજરાતી સાહિત્ય પરિષદના પાંચમા સંમેલન માટે તૈયાર કરેલો માહિતીસભર નિબન્ધ.

૨૩. **ઉન્હાળાગીત** (સાહિત્ય, સપ્ટેમ્બર ૧૯૧૫, પૃ. ૪૪૬) ઉન્હાળો સુખથી ગાળવાના સાડા ચારસો (હવે પાંચસો) વર્ષ પૂર્વેના લોકોના ખ્યાલ દર્શાવતું ગીત.

કર્તાના નામ વિનાના લેખો

'લાયબ્રેરી મિસેલેની'ના ગુજરાતી વિભાગમાંના ઘણા લેખો સાથે લેખકનું નામ આપેલું નથી. પરંતુ લેખનશૈલી, ભાષા અને અન્ય લખાણો સાથેની તુલનાને આધારે એ લખાણો સ્વ. દલાલનાં જ લાગે છે. એ વિભાગનું સઘળું કાર્ય તે સંભાળતા હતા એ હકીકત પણ આ અનુમાનને પુષ્ટિ આપે છે. આવા લેખોની સૂચિ અહીં અલગ આપવામાં આવે છે. આ યાદીમાંના ઘણા લેખો ગુજરાતીમાં પુસ્તકાલયવિજ્ઞાન વિષેનાં સર્વપ્રથમ છતાં બહુ અગત્યનાં લખાણો ગણાશે.

૧. **ઉદ્દેશ** (લાય. મિસે. ઑગસ્ટ ૧૯૧૨, પૃ. ૨-૩).

૨. **સંપાદકીય નોંધ** (લગભગ દરેક અંકમાં).

૩. **સ્ફુટ નોંધ** અગર **સ્ફુટ વિચાર** (ઘણા અંકોમાં).

૪. **લાઇબ્રેરીઅનની પસંદગી વિષે** (ઑગસ્ટ ૧૯૧૨, પૃ. ૭-૮).

૫. **ગુજરાતી પુસ્તકાલયો વાસ્તે વર્ગીકરણપદ્ધતિ** (ઑગસ્ટ ૧૯૧૨, પૃ. ૯-૧૮; નવેમ્બર ૧૯૧૨, પૃ. ૨૫-૩૨).

૬. **પુસ્તકાલયશાસ્ત્રનું શિક્ષણ** (નવે. '૧૨, પૃ. ૩૩-૩૮; ફેબ્રુ. '૧૩, પૃ. ૬૪-૭૩).

૭. **ન્યુયોર્ક સ્ટેટ પોતાના સ્ટેટનાં પુસ્તકાલયો વાસ્તે શું કરે છે?** (નવે. '૧૨, પૃ. ૩૯-૪૦).

૮. **ન્યુયોર્ક સ્ટેટમાં પુસ્તકાલયોની સ્થિતિ** (સદર, પૃ. ૪૧-૪૫).

૯. **વડોદરા રાજ્યમાં છપાયલાં પુસ્તકોનું ત્રૈમાસિક સમાલોચન** (લગભગ દરેક અંકમાં).

૧૦. **બ્રિટિશ મ્યુઝિયમ** (નવે. '૧૯૧૨, પૃ. ૫૦-૫૫).

૧૧. **પ્રાયોગિક વર્ગણા** (ફેબ્રુ '૧૩, પૃ. ૭૪-૭૮; મે '૧૩, પૃ. ૧૧૫-૧૧૮).

૧૨. **હાલતાં ચાલતાં ચિત્રો, સ્ટીરીઓગ્રાફી અને લોકશિક્ષણ** (ફેબ્રુ. '૧૩, પૃ. ૭૯-૮૪). પછીથી બુધ્ધિપ્રકાશ (મે ૧૯૧૩)માં પણ છપાયેલો.

૧૩. **સેંટ્રલ લાઇબ્રેરી ડિપાર્ટમેન્ટ તરફથી ગ્રામ્ય પુસ્તકાલયોને અપાતાં રૂા. ૧૦૦)-ની કિંમતનાં પુસ્તકોની વર્ગીકૃત યાદી** (ફેબ્રુ. '૧૩, પૃ. ૯૯-૧૦૫).

૧૪. **છોકરાંઓ અને પુસ્તકાલય** (મે '૧૩, પૃ. ૧૧૮-૧૨૩).

૧૫. **પુસ્તકાલય અક્ષર** (ઑગસ્ટ '૧૩, પૃ. ૨-૫).

૧૬. **એકસેસનીંગ** (સદર, પૃ. ૬-૮).

૧૭. **કસ્બા પુસ્તકાધ્યક્ષવર્ગ** (સદર, પૃ. ૯-૧૩).

૧૮. **કર્તાઓનું ટેબલ** (સદર, પૃ. ૧૪-૨૬).

૧૯. **પુસ્તકાલયને શી રીતે લોકપ્રિય કરવું?** (નવે. ૧૯૧૩, પૃ. ૪૧-૪૩).

૨૦. **કોક સીનેમેટોગ્રાફ** (સદર, પૃ. ૪૫).

૨૧. **ગુજરાતી ભાષામાં પ્રગટ થતા માસિક અને ત્રૈમાસિક પત્રોની યાદી** (સદર, પૃ. ૪૯–૫૬).

૨૨. **સેંટ્રલ લાઇબ્રેરીમાંની ગુજરાતી હસ્તલિખિત પ્રતોની વર્ણનાત્મક યાદી** (સદર, પૃ. ૫૭–૬૧).

૨૩. **વર્ગીકરણ** (ફેબ્રુ.-મે '૧૪, પૃ. ૮૦-૯૬).

૨૪. **હૉલૅંડના પુસ્તકાલયો** (સદર, પૃ. ૯૭-૯૯).

૨૫. **જીવનકથાના સિદ્ધાન્તો** (સદર, પૃ. ૯૯-૧૦૦).

૨૬. **ડૉ. મૉન્ટેસૉરીની શિક્ષણપદ્ધતિ** (સદર, પૃ. ૧૦૦-૧૦૩).

૨૭. **વડોદરા રાજ્યની પુસ્તકાલયપ્રવૃત્તિ** (સદર, પૃ. ૧૦૩-૧૦૮).

૨૮. **પડાવક વિપ્ર જનાર્દનરચિત ઉષાહરણ** (સદર, પૃ. ૧૦૯-૧૨૮). એક જૂની ગુજરાતી ભાષાના ગ્રન્થનું સમ્પાદન, ભાષાકીય પૃથક્કરણ આદિ સાથે.

૨૯. **ગુજરાતી પુસ્તકોની વર્ગીકૃત યાદી** (સદર, પૃ. ૧૨૯-૧૩૩). પૂર્વે છપાયેલ "૧૦૦૦ પુસ્તકોની વર્ગીકૃત યાદી"ના અનુસન્ધાનમાં.

૩૦. **સ્ત્રિયોપયોગી પુસ્તકોની વર્ગીકૃત યાદી** (ઑગસ્ટ-નવેં. ૧૯૧૪, પૃ. ૧-૧૧).

૩૧. **પુસ્તકોની બક્ષિસ** (સદર, પૃ. ૧૭).

૩૨. **પુસ્તકાલયમાં સાર્વજનિક લેખનવિભાગ** (સદર, પૃ. ૨૦-૨૧).

૩૩. **ફરતાં પુસ્તકાલયો** (ફેબ્રુ.-મે ૧૯૧૫, પૃ. ૭-૨૦).

૩૪. **પાટણના ભંડારો** (સદર, પૃ. ૨૫-૩૧).

૩૫. **પુસ્તકાલયમાં અભિગમન** (સદર, પૃ. ૩૨-૩૩).

૩૬. **ઘરોમાં લાઇબ્રેરીઓ રાખવાની મોટી જરૂર—જાણીતા વિદ્વાનો તે સંબંધમાં કેવા અભિપ્રાયો દર્શાવે છે** (સદર, પૃ. ૩૪-૩૫).

૩૭. **મફત સાર્વજનિક પુસ્તકાલયો** (સદર, પૃ. ૩૬–૪૧; જાન્યુ.–એપ્રિલ ૧૯૧૮, પૃ. ૧-૮).

૩૮. **અમેરિકન પુસ્તકાલયના નોકરો** (એપ્રિલ–જુલાઈ ૧૯૧૭, પૃ. ૫૯-૬૭; ઑકટોબર ૧૯૧૭, પૃ. ૮૧-૯૦).

૩૯. **કલાસંગ્રહસ્થાનની આવશ્યકતા** (એપ્રિલ–જુલાઈ ૧૯૧૭, પૃ. ૬૮-૭૬). શ્રી. ઓ. સી. ગાંગૂલીના અંગ્રેજી લેખ ઉપરથી.

૪૦. **પુસ્તકાલયોને શા માટે આપવું જોઈએ ?** (એપ્રિલ–જુલાઈ ૧૯૧૭, પૃ. ૭૭-૭૯). ન્યૂયૉર્ક લાયબ્રેરીઝ, ફેબ્રુઆરી ૧૯૫૭, માંથી.

૪૧. **છાપખાનાનાં બીબાં અને આંખનું આરોગ્ય** (ઑકટોબર ૧૯૧૭, પૃ. ૯૧-૯૩). લિટરરી ડાઇજેસ્ટ, એપ્રિલ ૧૯૧૭, ઉપરથી.

૪૨. **પ્રાચીન સમયનાં પુસ્તકાલયો** (**જાન્યુઆરી–એપ્રિલ** ૧૯૧૮, પૃ. ૧૪-૨૪).

૪૩. **ઑસ્ટ્રેલિયાનાં સાર્વજનિક પુસ્તકાલયો** (સદર, પૃ. ૨૬-૩૧). આ લેખનો છેલ્લો ફકરો :—" હિંદુસ્થાનને માથે એક આક્ષેપ છે કે તેમાં સાર્વજનિક પુસ્તકાલયો જેવી કોઈ વ્યવસ્થા નથી. આ આક્ષેપ ટળેલો જોવા કયો દેશ-હિતેચ્છુ નહિ ઇચ્છે ? "

૪૪. **ગ્રન્થદહન** (સદર, પૃ. ૩૨-૩૩).

૪૫. **આંધળા માટે સંગ્રહસ્થાનની યોજના** (સદર, પૃ. ૩૪).

૪૬. **વાચનનો શોખીન લાયબ્રેરીઅન** (સદર, પૃ. ૩૫).

૪૭. **યુદ્ધની સામગ્રીનો રાષ્ટ્રીય સંગ્રહ** (જુલાઈ-ઑકટો. ૧૯૧૮, પૃ. ૪૯-૫૦).

૪૮. **પુસ્તક સહવાસ** (સદર, પૃ. ૫૦).

૪૯. **અમેરિકાના ઉત્તર કેરોલીના સંસ્થાનમાં ચલિત ચિત્રોનાં સરકીટો** (સદર, પૃ. ૫૧-૫૩).

૫૦. **આધુનિક પુસ્તકાલયોમાં વપરાતી કાર્ડ કૅટલોગ પદ્ધતિ અને તેનો ઉપયોગ** (સદર, પૃ. ૫૪-૬૦).

૫૧. **નાનાં પુસ્તકાલયોની વ્યવસ્થાનો વિધિક્રમ** (સદર, પૃ. ૬૧-૬૪). આ બે લેખો વિષે તંત્રીનોંધ : "એ બે લેખો, હિંદનાં નાનાં પુસ્તકાલયો તરફથી એ વિષય પર અમોને વારંવાર પૂછવામાં આવતું હોવાથી તેમને માટે આ અંકમાં ખાસ આપવામાં આવ્યા છે. "

૫૨. **સિનેમેટોગ્રાફ અને શિક્ષણ** (સદર, પૃ. ૬૪-૭૦). મેસર્સ બુલચંદ કરમચંદ, બી.એ. અને મોરલેદેવી, બી.એસ્સી., તરફથી બહાર પડેલ યોજના પર રચાયેલો લેખ.

૫૩. **અમેરિકામાં વસતી પ્રજાને અમેરિકન બનાવવામાં પુસ્તકાલયોનો ભાગ** (સદર, પૃ. ૭૧-૭૫).

ગ્રન્થાવલોકન

શામળ ભટકૃત સિંહાસન બત્રીસી :—સંપાદક: ડૉ. હરિવલ્લભ ચૂનીલાલ ભાયાણી; પ્રકાશક: ભારતીય વિદ્યાભવન, મુંબઈ; કદ: રોયલ આઠ પેજી; પૃ. ૪૬૦. મૂલ્ય: રૂા. ૮=૦૦ ન. પૈ.

જૂની ગુજરાતી અને રાજસ્થાનીમાં વિક્રમ સાથે સંબંધ ધરાવતી કથાઓનું સાહિત્ય સંસ્કૃત પ્રાકૃતાદિ પ્રાચીન રચનાઓ તથા લોકપ્રવાહને આધારે ઓછામાં ઓછું પંદરમા સૈકાથી વિકસ્યું છે અને ઠેઠ ઓગણીસમા સૈકા સુધી આ પ્રવાહ અવિચ્છિન્નપણે ચાલતો આવ્યો છે. વિક્રમ વિષેનું આ ભારતવ્યાપી વાર્તાચક્ર અને તેમાં પણ 'સિંહાસન બત્રીસી'ની વાર્તાઓનો સમુદાય ગુજરાતીમાં પુષ્કળ પ્રમાણમાં નિરૂપાયો છે અને કદાચ સૌથી વધુ લોકપ્રિય પણ છે. 'સિંહાસન બત્રીસી' વિષેની રચનાઓમાં ક્ષેમંકરના સંસ્કૃત ઉપરથી મલયચંદ્રે સં. ૧૫૧૯ની આસપાસ જૂની ગુજરાતીમાં 'સિં૦ બ૦' લખી, ત્યાર પછી જ્ઞાનચંદ્ર, સિદ્ધિસૂરિ, દેઈદાસ, હીરકલશ, સંઘવિજય, વિનયલાભ, સુંદરજી વગેરે જૈન અને જૈનેતર કવિઓએ ઠીક ઠીક પ્રમાણમાં આ વિષયમાં રચના કરી છે.

શામળ ભટ આ વાર્તાપરંપરાનો અને વિક્રમવિષયક કથાઓ લખનાર છેલ્લો પણ સૌથી લોકપ્રિય અને લોકવિખ્યાત કવિ છે. એણે પોતાની વિક્રમવિષયક વાર્તાઓથી એની આગળના કવિઓના કાર્યને ઘણે અંશે ઢાંકી દીધું છે. આ કવિએ પોતાની 'સિં૦ બ૦'ની રચના સં. ૧૭૭૭માં શરૂ કરી, સં. ૧૭૮૫માં પંદર વાર્તાઓ પૂરી કરી અને બાકીની વાર્તાઓ ત્યાર પછી રખીદાસના આશ્રયે સિંહુજમાં રચી. ક્ષેમંકર મુનિના નાનકડા સર્જનથી શરૂ થયેલી આ વાર્તાસરિતા મધ્યકાલીન યુગમાં લાખો શ્રોતાઓને વાર્તારસ પાતાં પાતાં અનેક સર્જકોને હાથે વધારે ને વધારે સમૃદ્ધ બનતી ગઈ છે, અને શામળમાં તો અનેક સ્થળેથી પોષણ પામીને એ મહાનદ જેવી દેખાય છે. કહેવાય આમ બત્રીસ વાર્તાઓ પણ 'ભૂમિકા'માં વિદ્વાન સંપાદકે દર્શાવ્યું છે તેમ 'સિં૦ બ૦'માં ખાસાં ૧૨૦ કથા-મુક્તકો ગૂંથાયાં છે.

'પ્રાસ્તાવિક'માં સંપાદક કહે છે તે પ્રમાણે 'શામળની રચનાઓનો અત્યારે પણ લોક-કથા, સાહિત્ય-ઇતિહાસ અને ભાષાની દૃષ્ટિએ રસ છે જ,' છતાં ગણ્યાગાંઠ્યા અપવાદ સિવાય તેની કૃતિઓ પ્રમાણભૂત સ્વરૂપમાં હજી સુધી તૈયાર નથી થઈ. ઈ. સ. ૧૯૨૬માં સદ્ગત અંબાલાલ જાની દ્વારા પ્રામાણિક રૂપમાં સંપાદિત 'સિં૦ બ૦'ની પહેલી સત્તર વાર્તાઓ પ્રકાશિત થયેલી. બાકીની વાર્તાઓનો વિશ્વસ્ત મૂળપાઠ મળતો નહોતો. સદ્ગત રામનારાયણ વિ. પાઠકના પ્રધાન સંપાદકત્વ નીચે, ભારતીય વિદ્યાભવને 'શામળ ગ્રંથાવલી'નું કાર્ય ૧૯૪૮થી હાથ ધરેલું. એ યોજના નીચે પ્રો. ભાયાણીએ ૧૮ થી ૨૨ એમ કુલે પાંચ વાર્તાઓનું શાસ્ત્રીય સંપાદન કરીને એ દિશામાં યોગ્ય પ્રયાણ કર્યું છે. આ ઉપરાંત શ્રી અંબાલાલ એસ. પટેલ-સંપાદિત

શામળની ‘ સિં૦ બ૦ ’ની છેલ્લી બત્રીસમી વાર્તા—‘ વેતાલપચીશી ’નું ઇ. સ. ૧૯૬૨માં આ જ સંસ્થાએ પ્રકાશન કર્યું છે.

પ્રસ્તુત સંપાદન માટે ડૉ. ભાયાણીએ અનેક સંસ્થાઓ તરફથી મળેલી અનેક હસ્તપ્રતો અને તદ્દવિષયક લેખકોના અભ્યાસલેખોનો ઉચિત વિનિયોગ કર્યો છે. લગભગ ૪૦ પાનાંની સદ્ધર અને માહિતીપૂર્ણ ‘ ભૂમિકા ’માં તેમણે ગ્રંથપાઠની આધારભૂત સાધનસામગ્રી, ‘ સિં૦ બ૦ ’ની સંપાદનપદ્ધતિ, ‘ સિં૦ બ૦ ’ની સમૃદ્ધ પરંપરા, શામળની પુરોગામી રચનાઓ, ‘ સિંહાસન દ્વાત્રિંશિકા ’ની દક્ષિણી વાચનાની યોજના ને કથાસૂત્રનો સંક્ષેપ, ક્ષેમંકરીય વાચના, ઉત્તરકાલીન પરંપરા, શામળની ‘ સિં૦ બ૦ ’માંની નવતર સામગ્રીના મૂળ સ્રોતોનો અભ્યાસ કરવામાં ઉપયોગી થાય તેવાં ‘ સિં૦ બ૦ ’નાં ૧૨૦ કથામુક્તકોની યાદી અને છેલ્લે સંપાદિત વાર્તાઓ અંગે જાણવા યોગ્ય કેટલીક માહિતી વ્યવસ્થિત રૂપે આપી છે. એ પછી અનેક હસ્તપ્રતોને આધારે સંપાદિત મૂળ પાઠ અને વિવિધ પાઠાંતરો—કડી, પંક્તિ અને પ્રતના ક્રમે—અત્યંત ચીવટ ને શ્રમ લઈને આપ્યાં છે અને અંતે આપેલી શબ્દસૂચી ભાષાદૃષ્ટિએ શામળમાંથી પ્રાપ્ત થતી સામગ્રીનો કાંઈક ખ્યાલ આપે છે.

‘ સિં૦ બ૦ ’ની આ પાંચેય વાર્તાઓની ઉપલબ્ધ પ્રતોમાંથી સમયની કે જોડણી ને ભાષાની પ્રાચીનતાના ધોરણે પ્રાચીનતમ ઠરાવી શકાય તેવી પ્રતને મુખ્ય પ્રત ગણી છે, અને સંપાદિત ગ્રન્થપાઠ તેને આધારે તૈયાર કરવામાં આવ્યો છે. એક નિયમ તરીકે પ્રમાણ, ક્રમ, ભાષા ને જોડણી, એમ દરેક વિષયમાં મુખ્ય પ્રતને આધારભૂત ગણવામાં આવી છે.

‘ પ્રાસ્તાવિક ’માં સંપાદકે બે વિધાન કર્યાં છે તે યોગ્ય લાગે છે. એક તો, અત્યારની સાહિત્યિક રુચિ ધરાવતો વર્ગ સાચા અર્થમાં શામળની વાર્તાઓને કલાકૃતિ કેટલે અંશે કહે તે વિચારવું રહ્યું; અને બીજું, આપણા પ્રાચીન કથાસાહિત્યના કથાઘટકોની અને કથાપ્રકારોની એક વ્યવસ્થિત યાદી તૈયાર કરવી એ આપણા કથાસાહિત્યસંશોધનની એક તાત્કાલિક જરૂરિયાત છે. કથાસાહિત્યના તુલનાત્મક અભ્યાસ માટે આ આવશ્યક છે. શામળની બાકીની વાર્તાઓના શાસ્ત્રીય સંપાદન સાથે ડૉ. ભાયાણી આ પ્રકારની એક વ્યવસ્થિત યાદી તૈયાર કરશે તો ગુજરાતી સાહિત્યની એક અમૂલ્ય સેવા કરી ગણાશે.

રણજિત મો. પટેલ

* * *

ગોવર્ધનરામ-એક અધ્યયન :—લેખક: રમણલાલ જોશી, એમ.એ.; પીએચ.ડી., લેક્ચરર, ભાષા-સાહિત્યભવન, ગુજરાત યુનિવર્સિટી, પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.; મુંબઈ–૨, કિંમત રૂા. ૮–૮૦ન.પૈ., પૃ. ૬૨૨.

મૂળે તો પીએચ.ડી.ની ઉપાધિ માટે લખેલો આ મહાનિબંધ, આવશ્યક ફેરફાર, યોગ્ય કાંટછાંટ અને ઘટિત ઉમેરણો સાથે ‘ ગોવર્ધનરામ–એક અધ્યયન ’ રૂપે પ્રગટ થાય છે.

આ સદ્ધર અધ્યયનને યુવાન ને નિષ્ઠાવાન અભ્યાસીએ દૃષ્ટિપૂર્વક પાંચ ખંડ અને દશ પ્રકરણોમાં, સમગ્ર વિષયનો અનુબંધ જાળવી, સમુચિત રીતે ગોઠવ્યું છે—જેને પરિણામે

'ગોવર્ધનરામનું સ્નેહજીવન, ગોવર્ધનરામનું સાક્ષરજીવન અને ગોવર્ધનરામનું અધ્યાત્મજીવન —તે તેમની વ્યક્તિપ્રતિભાના જ્યોતિના ત્રિશિખ પણ એકમેવ જ્વલનરૂપ છે'—એનો તાદૃશ ખ્યાલ વાંચકોને સહજ રીતે આવ્યા વિના રહેતો નથી.

•

'પ્રાક્કથન' નામે પ્રથમ પ્રકરણ ને પ્રથમ ખંડમાં લેખક ઈ. સ. ૧૮૧૩ થી ૧૮૮૫ સુધીમાં, હિંદુસ્તાનમાં રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં થયેલાં મહત્ત્વનાં પરિવર્તનોનો આછો પણ આવશ્યક ને સૂચક ખ્યાલ આપે છે અને એવા સમયમાં 'પ્રચંડ મનોઘટનાશાળી' સાહિત્યકાર ગોવર્ધનરામ જન્મી (જન્મ તા. ૨૦–૧૦–૧૮૫૫, મૃત્યુ તા. ૪–૧–૧૯૦૭) તેમના જીવનકાળ દરમિયાન કેવી સઘન ને તેજસ્વી વિદ્યોપાસના કરે છે તેનો સચોટ ખ્યાલ તેમની નાનીમોટી ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત લગભગ ૧૧૨ કૃતિઓની નોંધ રજૂ કરી આપે છે. ખંડ-૧—'પ્રાક્કથન'ના પૃ. ૯ની છેલ્લી લીટીમાં '૧૮૫૭માં સ્વામી દયાનંદનો આર્યસમાજ **સ્થિર થાય છે.**' ત્યાં ૧૮૫૭ને બદલે ૧૮૭૫ જોઈએ. 'ખંડ-૨ સ્નેહજીવન'ના પૃ. ૫૪ ઉપર આવું જ વિધાન છે. 'દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની **સ્થાપના કરી**' ત્યાં ૧૮૭૫ની સાલ સાચી આપી છે, પણ '**સ્થિર થાય છે**' અને '**સ્થાપના કરી**'નો સૂક્ષ્મ વિવેક જળવાતો નથી.

ખંડ-૨ નું નામ 'સ્નેહજીવન' આપ્યું છે જેમાં 'જીવનકથા' નામના બીજા પ્રકરણમાં ઈ. સ. ૧૮૫૫ થી ૧૮૮૩ સુધીની ગોવર્ધનરામના જીવનની મુખ્ય રૂપરેખા, મુખ્યત્વે 'માધવરામ-સ્મારિકા,' 'શ્રીયુત ગોવર્ધનરામ,' 'સમાલોચક,' 'સ્ક્રેપબુક,' 'વસંત,' 'ગોવર્ધન શતાબ્દી ગ્રંથ,' 'સ્મરણમુકુર' અને 'વિવિધ વ્યાખ્યાનો-ગુચ્છ ૧' ના આધારે રસળતી શૈલીમાં ભાવવાહી રીતે આપી છે. પૃ. ૬૭ ઉપર '૧૮૮૨માં ગોવર્ધનરામે 'ફરી વાર' એલએલ. બી. ની પરીક્ષા આપી' ત્યાં 'ફરી વાર' ને બદલે ત્રીજી વાર લખ્યું હોત તો વધુ સ્પષ્ટતા થાત.

'સ્નેહજીવન'ના બીજા ખંડના ત્રીજા પ્રકરણમાં ડૉ. જોષીએ '**विधिकुण्ठितम्**', '**हृदयरुदितशतकम्**' અને 'સ્નેહમુદ્રા'ની સમતોલ સમીક્ષા કરી છે ને લાગ્યા ત્યાં ઘણા દોષ વિવેકપૂર્વક દર્શાવ્યા છે. '**हृदयरुदितशतकम्**' માટે તે કહે છે 'કવિ પોતાની અંગત લાગણીઓમાં એવા ડૂબી ગયા છે કે એ લાગણીઓ લાગણીઓરૂપે જ રહે છે. રસ સુધી તે પહોંચતી નથી.' એકંદરે 'સ્નેહમુદ્રા' ના અભ્યાસમાં વધુ ઊંડાણ ને સ્વસ્થતા વરતાય છે.

ખંડ-ત્રીજો અને ચોથો ગોવર્ધનરામના 'સાક્ષરજીવન'નું નિરૂપણ કરે છે જેમાં પાંચ પ્રકરણોનો (પ્ર. ૪ થી ૮) સમાસ થાય છે. પ્રકરણ ચોથામાં પ્રધાનપણે ઈ. સ. ૧૮૮૪ થી ૧૮૯૮ સુધીની ગોવર્ધનરામની વકીલ તરીકેની મુંબઈની સફળ–ભવ્ય કારકિર્દિનો તાદૃશ ખ્યાલ આપવામાં આવ્યો છે. એ કાળ દરમિયાન ગંભીર સાહિત્યસેવા અને સૂક્ષ્મ અધ્યાત્મસાધના પણ સતત જાગૃતિપૂર્વક ચાલે છે તેનો ને ઈ. સ. ૧૮૯૮માં 'વ્યવહારુ સંન્યાસ'ને મૂર્ત કરવા નિવૃત્તિના સંકલ્પને કેમ અમલમાં મૂકે છે તેનો હૃદયસ્પર્શી ચિતાર આપ્યો છે. પ્રકરણ પાંચમામાં ગુજરાતી સાહિત્યના ગૌરવગ્રંથ 'સરસ્વતીચંદ્ર'નું કથાવસ્તુ, કથાવસ્તુની ગૂંથણી, પાત્રાલેખન, જીવનદર્શન, સમાજ-મીમાંસા (ગૃહકુટુંબ, રાજ્ય, ધર્મ આદિની મીમાંસા), તેનો આકાર, ભાષાશૈલી ને ગુજરાતી

નવલકથાસાહિત્યમાં તેનું સ્થાન—આમ વિવિધ રીતે તેનું પરીક્ષણ ને મૂલ્યાંકન કર્યું છે ને ગોવર્ધનરામના સૌથી વિશાળ ને ગંભીર આ મીઠા મહેરામણમાં ઊંડું અવગાહન પણ કર્યું છે.

'સાક્ષરજીવન'ના ચોથા ખંડના છઠ્ઠા પ્રકરણમાં ઈ. સ. ૧૮૯૯ થી ૧૯૦૭ સુધીના નડિયાદના નિવૃત્તિ-નિવાસમાં યે જીવનના અંતકાળ સુધી દિવસના દશ-બાર કલાક ચાલેલી ગંભીર અને સાત્ત્વિક સર્જનાત્મક પ્રવૃત્તિઓનું અચ્છું બયાન આપ્યું છે. સાતમા પ્રકરણમાં 'સાક્ષરજીવન,' 'લીલાવતી જીવનકલા,' 'કવિ દયારામનો અક્ષરદેહ અથવા ગૂર્જર ભાષાના પ્રાચીન મહાકવિઓમાંના છેલ્લા મહાકવિના હૃદયના ઉદ્ગારોના મર્મભાગનું શોધન,' 'માધવરામ-સ્મારિકા,' 'સ્ક્રૅપ બુક્સ' (૧૮૮૮-૧૯૦૬)–જેવી પ્રમાણમાં લલિતેતર સુદીર્ઘ રચનાઓના મર્મનો ઉત્સાહી અભ્યાસીની અદાથી રોચક ખ્યાલ આપ્યો છે. 'સાક્ષરજીવન' અધૂરું રહ્યું તે સંબંધે પ્રો. બ. ક. ઠાકોરે કરેલા તર્કને, 'સ્ક્રૅપબુક' (વૉ. ૭, પૃ. ૫૯)ના આધારે ડૉ. જોશી, 'દૂરાકૃષ્ટ' કહે છે અને બળવંતરાય, નવલરામને ઉદાસી અને કાર્યસ્ફૂર્તિમાં મંદ પ્રકૃતિના કહે છે તે વિધાનનો પણ ગોવર્ધનરામના એથી ઊલટા અભિપ્રાયની મદદથી વિરોધ કરે છે. 'વીરમતી નાટક'ની છસો નકલો ખપતાં વાર લાગી એટલે ગોવર્ધનરામ એને ચડતી પંક્તિમાં ગણતા નથી. તે અંગે ડૉ. જોશી લખે છે: "કોઈ પણ પુસ્તકની નકલો ખપે તો જ તે સારું પુસ્તક એવી ગણતરીથી કોઈ અવલોકનકાર ભલે ચાલે, પણ ગોવર્ધનરામ જેવા એમ માનવા લલચાય તે બરોબર નથી. આવા સ્થૂલ માનદંડ ઉપર ભાર મૂકવાનું વલણ અન્યત્ર પણ દેખાય છે. ઈ. સ. ૧૮૯૬માં 'આ કાળનાં આપણાં આદિ નાટક'—એ લેખમાં પણ ગોવર્ધનરામ આવું જ વલણ દાખવે છે." 'સ્ક્રૅપ બુકો' માટે ડૉ. જોશી લખે છે: 'જીવ, જગત્ અને ઈશ્વર એ તત્ત્વ-જ્ઞાનના ત્રણ પાયાના પદાર્થ અંગે ગોવર્ધનરામની સ્ક્રૅપ બુકોમાં માતબર કહી શકાય એવી વિચારણા પડેલી છે.' લેખકનો નિવૃત્તિપ્રશ્ન, દેશોદ્ધારની ભાવના, સાહિત્ય દ્વારા જનસમાજની સેવા, નોકરી કે નિવૃત્તિનું મનોમંથન—આમ 'લેખકના અંતરંગનો પરિચય કરાવતાં સ્ક્રૅપબુકોનાં આવાં કેટલાંક પૃષ્ઠો લેખનના પણ સારા નમૂના છે.'

આઠમા પ્રકરણમાં, ડૉ. જોશીએ સર્જક કૃતિઓમાં છૂટક કાવ્યો; ક્ષેમરાજ અને સાધ્વી, સરસ્વતી તથા માયા જેવાં નાટકો, ચૂની સતીઃ હિંદુ જીવનની કથા જેવી વાર્તા અને સાહિત્ય, વિવેચન ને જોડણી-વિષયક, ધર્મતત્ત્વજ્ઞાન-વિષયક, સમાજશાસ્ત્ર ને રાજકારણ-વિષયક તથા કાયદાશાસ્ત્ર-વિષયક લગભગ ૩૮ પ્રકીર્ણ લેખો–વ્યાખ્યાન–નિબંધો આદિનું વિગતે વિવેચન કર્યું છે. તેમાં 'કુસુમમાળા'ની પ્રતમાં ગોવર્ધનરામની હાંસિયા-નોંધોનાં અવતરણો અભ્યાસીઓને અત્યંત ઉપકારક છે. ઉપર્યુક્ત નિબંધો પૈકી "A Rude Outline of the General Features of 'Practical Asceticism' in My Sense of the Word" [૧૮૭૭]—"'સંન્યાસ' શબ્દના મારા અર્થ મુજબ 'વ્યવહારુ સંન્યાસ'નાં લક્ષણોની સ્થૂલ રૂપરેખા"—એ અંગ્રેજી નિબંધ અને એનો અનુવાદ, 'નવીન ભારતના સાર્વભૌમ વિચારનું ભારતના આ ભાગમાં મુખ બનવાનું ઋષિકર્મ ગોવર્ધનરામે અવશ્ય કર્યું છે"—એ સત્ય સમજવા માટે આજે પણ પ્રકાશનને યોગ્ય છે.

પાંચમા ખંડના નવમા પ્રકરણમાં 'અધ્યાત્મજીવન અથવા અમર જીવનનો શ્રુતિબોધ'—એ ચાર પ્રકરણે અપૂર્ણ રહેલા, તેમની ઉત્તર વયે (૧૯૦૨–૩) લખાયેલા, પ્રમાણમાં ભારે પણ

ગોવર્ધનરામના ‘જીવન્મુક્ત’ના આદર્શને સમજવામાં ચાવીરૂપ ગ્રંથના મર્મભાગનું ડૉ. જોષી રહસ્યદર્શન કરાવે છે અને ‘શ્રી અરવિંદના પૂર્ણયોગ પહેલાં ગોવર્ધનરામે ત્રિયોગયોગ પ્રબોધ્યો છે’ એવા આ ગ્રંથ અંગેના પ્રો. વિ. ર. ત્રિવેદીના સૂચક અભિપ્રાયને ચર્ચી પ્રકરણ પૂરું કરે છે.

‘ઉપસંહાર’ નામે દશમા પ્રકરણમાં લેખક ગોવર્ધનરામના સ્નેહ-સાક્ષર ને અધ્યાત્મ-જીવનને આ રીતે અંજલિ આપે છે. “ગુજરાતમાં પાકેલા અર્વાચીન હિંદના એક મનીષી ગોવર્ધનરામને અધ્યાત્મજીવન તે હંમેશાં સક્રિય સાધનરૂપ રહ્યું. અધ્યાત્મજીવન એ એમના સ્નેહજીવનનું જ એક સમુત્ક્રાંત સ્વરૂપ હતું અને ગ્રંથમણિ ‘સરસ્વતીચંદ્ર’ આદિ દ્વારા સ્ફુરતું તેમનું સાક્ષરજીવન એ એમના આયુષ્યકાળ પછી પણ ટકી રહેવા નિર્માયેલી એમના અધ્યાત્મ-જીવનની ગુજરાતી ભાષાને મળેલી અમર પ્રસાદી છે.”

ગ્રંથને અંતે ‘પરિશિષ્ટ’માં ગોવર્ધનરામ અને તેમની કૃતિઓ ઉપરનાં મહત્ત્વનાં ૧૩૪ લખાણોની યાદી અને ૩૦ પાનાંની સૂચિ આપી છે જે ગોવર્ધનરામના અભ્યાસીઓ માટે અત્યંત ઉપયોગી નીવડશે.

પરિશિષ્ટની આગળ લેખકે ‘મહત્ત્વની શુદ્ધિ’ આપી છે છતાં યે અનેક મુદ્રાદોષો રહી ગયા છે,

અપૂર્વ ધીરજ, ઋજુ ભક્તિભાવ, ઉત્કટ સાહિત્યપ્રીતિ, પ્રૌઢ વિવેક, સાંગોપાંગ અભ્યાસ, ઉચિત પદ્ધતિ, પ્રાસાદિક શૈલી અને મર્મગામી દૃષ્ટિના પ્રકાશથી આ અધ્યયન, પીએચ.ડી. માટેના કેટલાક ગણ્યાગાંઠ્યા સારા મહાનિબંધોમાંનો એક અને ગોવર્ધનરામના સર્વતોમુખી અભ્યાસ માટેનો અત્યંત મહત્ત્વનો આકરગ્રંથ બની રહેશે એ વસ્તુ નિઃશંક છે. એમના તેજસ્વી અધ્યયનનું આવું પક્વ ને પોષક સુફળ આપવા માટે ડૉ. જોશીને અનેક સાધુવાદ.

રણજિત મો. પટેલ

* * *

ઐતિહાસિક લેખ-સંગ્રહ :—કર્તા: પંડિત લાલચંદ્ર ગાંધી; પ્રકાશક: પ્રાચ્ય વિદ્યા-મન્દિર, વડોદરા, ૧૯૬૩; કદ: ક્રાઉન સોળપેજી; પૃ. ૨૭+૬૭૬; મૂલ્ય રૂા. ૧૪=૦૦ ન.પૈ.

ભૂતપૂર્વ વડોદરા રાજ્યના પ્રાચ્યવિદ્યા મંદિરમાં ઘણાં વર્ષો સુધી જૈન પંડિત તરીકે પ્રશસ્ત કાર્યવાહી કરી અત્યારે નિવૃત્તિ સમયમાં પણ સંશોધન કરતા પંડિત લાલચંદ્રભાઈના લેખોનો આ સંગ્રહ છે. લાલચંદ્રભાઈએ રાજસ્થાનના તથા પાટણના જૈન ભંડારોના અમૂલ્ય સાહિત્યની વિસ્તૃત સૂચીઓ તૈયાર કરી છે. તેમના હાથ તળે અનેક ભારતીય, વિદેશી વિદ્વાન લોકોએ જૈન સાહિત્યનો તથા જૂની ગૂજરાતીનો અને માગધી-સંસ્કૃતનો અભ્યાસ કરેલો છે, અને પીએચ.ડી., એમ.એ. વગેરે ડિગ્રીઓ મેળવેલી છે. ગ્રન્થમાં મુખ્યત્વે સોળ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એમાં કેટલાએક તો વિસ્તૃત લેખમાળાના સ્વરૂપના છે. આ લેખો વર્તમાન-પત્રોમાં, સામયિકોમાં, સ્મારકગ્રન્થોમાં જુદે જુદે સમયે પ્રસિદ્ધ થયા હતા. લેખોનાં વસ્તુનું પરિશીલન ઈ. સ. ૧૪૨૭થી શરૂ થાય છે. એના વિષયો બહુધા જૈન છે, અને જે સામયિકોમાં તેમનું પ્રકટીકરણ થયેલું તે બહુધા જૈન છે. દરેક લેખ ગુજરાતના ઇતિહાસ ઉપર અને તેની સાલવારી ઉપર નવો પ્રકાશ પાડે છે. બધી સામગ્રીનું એકીકરણ એકદમ પ્રામાણિક છે. અંતે ચાર

પરિશિષ્ટો આપવામાં આવેલાં છે, જેની સંકલના કરતાં લાલચંદ્રભાઈને અથાગ પરિશ્રમ કરવો પડ્યો હશે. પરિશિષ્ટમાં સંવત્‌ની સૂચિ દર્શાવવામાં આવી છે, જેથી વિક્રમની બીજી સદીથી વીસમી સદી સુધીના ક્રમશઃ ચારસો પચાસ જેટલા સ્પષ્ટ નિર્દેશો ગણી શકાય છે. એક પરિશિષ્ટમાં સ્થલ-નામ સૂચી આપવામાં આવી છે, જેમાં ત્રણુસો પચીસ જેટલાં દેશ-ગામ-નગરો વગેરેનો નિર્દેશ કરેલો માલમ પડે છે. ત્રીજા પરિશિષ્ટમાં ગ્રન્થોનાં નામોની યાદી આપવામાં આવી છે, જે ઉપરથી જણાય છે કે વિદ્વાન બહુશ્રુત લેખકે પ્રકાશિત-અપ્રકાશિત, સંસ્કૃત, ગૂજરાતી, મરાઠી, અંગ્રેજી, છસો જેટલા ગ્રન્થોનો ઉપયોગ આ લખાણોમાં કર્યો છે.

છેલ્લા પરિશિષ્ટમાં એક હજાર છસો જેટલાં નામાંકિત પ્રાચીન નરરત્નોનો અને નારીરત્નોનો નિર્દેશ જોઈ શકાય છે. એમાં રાજવંશોની યાદી આપવામાં આવેલી છે; સચિવો, અને દંડનાયકોની વંશાવલિઓ આપેલી છે; ઉપરાંત આચાર્યો, ઉપાધ્યાયો, મુનિરાજો, શ્રાવક-શ્રાવિકાઓ, કવિઓ, વગેરેને તેમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. અહીં ગચ્છો, પ્રતિમાઓ, કુલો, જ્ઞાતિગોત્રો, નાણા-પદ્ધતિ વગેરેના ઉલ્લેખો મળી શકે છે. સાહિત્ય, ઇતિહાસ, કાવ્યશાસ્ત્ર, ન્યાય, વગેરેનો પંડિતજીનો અભ્યાસ કાશીમાં 'યશોવિજય જૈન પાઠશાળા'માં થયેલો. એમણે અનેક સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી હસ્તલિખિત પ્રતો, પ્રકાશનો વગેરે જોયેલાં છે. ગુણજ્ઞ મહારાજા સયાજીરાવ ગાયકવાડના સંસ્કારી વહીવટી તંત્રમાં—પ્રાચ્ય વિદ્યાલયમાં તેમની સેવાનો લાભ ઉઠાવવામાં આવેલો. લેખક જો અંગ્રેજી જાણતા હોત તો ભારતના કોઈ પણ પ્રાચ્ય વિદ્યાલયના અધ્યક્ષ તરીકે તેઓ નિમાયા હોત. એમનાં પ્રકાશનો પ્રાચ્ય વિદ્યામાળાના ગુચ્છોમાં પ્રસિદ્ધ થયેલાં છે. જેસલમીર, પાટણ, ગ્રન્થભંડારો, નલ-વિલાસ નાટક, નાટ્યદર્પણ, અપભ્રંશ કાવ્યત્રયી, અલંકાર મહોદધિ, ધર્મોપદેશમાલા, પંચમીમાહાત્મ્ય, ત્રિભુવનદીપક પ્રબંધ, તેજપાળનો વિજય, પાવાગઢના પાર્શ્વનાથ, જિનપ્રભસૂરિ અને સુલતાન મોહમ્મદ તઘલખ વગેરે નાનામોટા અનેક ગ્રન્થોમાં તથા લેખોમાં તેમની વિદ્વત્તા સાકાર થયેલી છે. પંડિતજીનાં લખાણોનાં પ્રમાણો ભારતના પ્રાચીન ઇતિહાસલેખનમાં ટાંકવામાં આવે છે. પંડિતજીએ અનેક ભારતીય, વિદેશી પંડિતોને તથા પંડિતાઓને સૂચના, ભૂમિકા, વગેરેની મદદ કરેલી છે, જેમાં બુદ્ધિ સાગરજી, વિજયધર્મસૂરિ, કાંતિવિજય, દૌલતસિંહજી લોઢા, પ્રો. કામદાર, વગેરેનાં નામો મળી આવે છે. એમનાં લખાણોનો ઘણો ભાગ હજુ અપ્રસિદ્ધ સામયિકોમાં રહી ગયો છે, જેમનું એકીકરણ કરી—કરાવી વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરે બીજા ભાગરૂપે પ્રસિદ્ધ કરવા જોઈએ. ગુજરાતના ઇતિહાસની વિચારણા માટે આ પ્રથમ વિભાગની મદદ અનિવાર્ય કરી શકાય. તેમાં પણ, સિદ્ધરાજ, ગુજરાતના પ્રાચીન પ્રભાવક જૈન આચાર્યો, આચાર્ય શ્રી. હેમચંદ્રસૂરિ, દંડનાયક સજ્જન, કૃષ્ણમુનિ, અનેક સુશીલ જૈન મહિલાઓ, આપણા જ્ઞાનભંડારો, ઉદ્યોતનસૂરિ, વટપદ્ર-વડોદરા, વીરરાસ, શત્રુંજય તીર્થનો ઉદ્ધારક સમરસિંહ અને તેનો ખીલજી તથા તઘલખ સુલતાનો સાથેનો સંપર્ક આદિ વિષયોનાં પ્રકરણો ગુજરાતી ઇતિહાસ અને સંસ્કૃતિ ઉપર નવીન પ્રકાશ પાડે છે. પંડિત લાલચંદ્ર ગાંધી વયોવૃદ્ધ થતા જાય છે, કેટલીક મુશ્કેલીઓમાંથી તેમને પસાર થવું પડ્યું છે, છતાં તેમનો વિદ્યાવ્યાસંગ ચાલુ છે અને તે ચાલુ રહે તેવી આપણે પ્રાર્થના કરીએ.

પંડિતજીની બુદ્ધિ તીવ્ર છે. એમનો ગંભીર અને ઊંડો અભ્યાસ કોઈ પણ નાનામાં નાની વિષમતાને પકડી પાડે છે, એવી વિષમતાઓને પ્રકટ કરવામાં પંડિતજી એકદમ સ્પષ્ટવક્તૃત્વ

ધારી શકે છે.—તેઓ કોઈનાથી દબાતા નથી, કે શરમાતા નથી. ભલભલા વિદ્વાનોની નાનામાં નાની અને મોટામાં મોટા કસૂરોને તેમણે અનેક વાર ખુલ્લી પાડેલી છે. આશા રાખીએ કે આવી સહનશક્તિ હંમેશાં તેમને માટે ચાલુ રહે, અને ગૂજરાતને તથા ભારતને તેઓ પોતાની અનન્ય સેવા આપતા રહે. નિરીક્ષકને એકબે સૂચનાઓ કરવાનું મન સહજ થઈ આવે, જે એ છે કે આમાંના વિષયોનું અંગ્રેજીકરણ ટૂંકામાં આવવું જોઈએ, જેથી ગુજરાતી નહિ જાણનાર વાચક લેખના અર્થને જાણી શકે. બીજું સૂચન આ પ્રમાણે છેઃ કેટલાક લેખોનું સંપાદન કોઈ અભ્યાસીને હાથે યથાર્થરૂપે થવું જોઈએ; જેમ કે સુલતાન મોહમ્મદ તઘલખ વિષેના લેખને તેના જીવનકથાકારનાં લખાણો સાથે સરખાવવો જોઈએ.

અંતમાં, આવાં પ્રકાશનો હાથમાં લઈ અધ્યક્ષ શ્રી ભોગીલાલ સાંડેસરા ગૂજરાતના સંસ્કાર-પ્રેમીઓની ભારે સેવા ઉઠાવી રહ્યા છે.

કેશવલાલ હિં. કામદાર

સ્વાધ્યાયને આવકાર

"" સ્વાધ્યાય " નામનું એક ત્રૈમાસિક તમે શરૂ કર્યું એને માટે અભિનંદન આપું છું. એ ત્રૈમાસિકનો પહેલો અંક જોયો. અનેક રીતે ગમ્યો. તમારી આ પ્રવૃત્તિ જોઈ દેશી ભાષાઓને પ્રોત્સાહન આપનાર શ્રી સયાજીરાવનો આત્મા જરૂર પ્રસન્ન થશે.

સંશોધનનું કાર્ય આંતરરાષ્ટ્રીય પણ છે, અને રાષ્ટ્રીય તેમ જ સ્થાનિક પણ હોય છે. તેથી સંશોધનની વિગતો જેમ અંગ્રેજીમાં છપાય છે, તેમ જ લોકવાણીમાં પણ એ પ્રગટ થવી જોઈએ. અંગ્રેજી એ જ આજના દ્વિજોની એકમાત્ર ભાષા છે, એ મેણું અથવા અભિશાપ રદ્દ કરવાનું કામ સ્વરાજમાં પણ ન થાય તો તે મોટું દુર્દૈવ જ ગણાય.

યુરોપના સંશોધકો ત્યાંની અનેક ભાષાઓ જાણે છે. આપણા સંશોધકો ગુજરાતી, મરાઠી, બંગાળી, તેલુગુ, તમિળ, કન્નડ, મળયાલમ વગેરે ભાષાઓ કેમ ન જાણે ?

અમે ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી ત્યારે 'પુરાતત્ત્વ' ત્રૈમાસિક ચાલાવતા હતા. 'સ્વાધ્યાય' એ પુરાતત્ત્વનો નવો અવતાર ગણું છું.

બંગાળી, મરાઠી આદિ ભાષાઓમાં જે સંશોધનકાર્ય પ્રગટ થાય છે તેનો સાર અથવા ઉલ્લેખ 'સ્વાધ્યાય'માં આવે તો ઠીક.

ઉપેન્દ્રરાયના લેખો 'સ્વાધ્યાય'માં આવવા જ જોઈએ.

મારી એક ખાસ સૂચના છે, જે મેં એક વાર તમારી આગળ રૂબરૂમાં કરી છે.

આપણાં પુરાણોમાં અસંખ્ય ઋષિઓની ખિચડી છે. એમાંથી ભૌગોલિક માહિતી, રાજવંશાવળીઓ, વગેરેની વિગતો ભેગી કરવાનું કામ સંશોધકો કરે જ છે. તે કામ મહત્ત્વનું છે, આગળ ચાલવું જોઈએ.

પણ રાજવંશોનો ઇતિહાસ, તત્ત્વજ્ઞાન ઇત્યાદિ વિષયો ઉપરાંત ભારતના સનાતન વતનીઓ વિષે પણ પુરાણોમાં જે માહિતી મળે તે અલગ તારવી રજૂ કરવી જોઈએ.

સનાતન ધર્મની ખૂબી જ એ છે કે એણે વૈદિક આર્યોના ધાર્મિક રિવાજોના વિસ્તારમાં આજના સ્થાનિક ભૂમિપુત્રોના ધાર્મિક વિચારો, માન્યતાઓ, રિવાજો, વગેરે બધાનો યાવત્શક્ય સ્વીકાર પણ કર્યો છે.

હિન્દુઓમાં સનાતન ધર્મે અને બૌદ્ધોમાં મહાયાને સ્થળ અને કાળનું મહત્ત્વ સ્વીકારી તત્સ્થાનિક અને તાત્કાલિક સંસ્કૃતિને અપનાવી ધર્મને સાર્વજનીન બનાવ્યો.

આ વસ્તુ ધ્યાનમાં લઈ પુરાણોમાંથી આદિમ જાતિ ભૂમિપુત્રોની કથાઓ, માન્યતાઓ અને ઉપાસનાઓની વિગતો પણ અલગ કાઢવી જોઈએ,

એકલવ્ય પ્રત્યે જે અન્યાય થયો હતો તે ધોઈ કાઢવાનો પ્રયત્ન આપણા જમાનાએ કરવો જોઈએ.

આ દેશમાં આર્યો, દ્રાવિડો, શકો, પલ્લવો, પઠાણો, મુગલો, ફ્રેન્ચો અને અંગ્રેજો જેટલા રાજ્યકર્તા થયા બધાએ—લગભગ બધાએ આદિવાસીઓની ઉપેક્ષા જ કરી છે. કેટલાકોએ એમને સમજવાનો અને અપનાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેની કદર કરી, એ આખી આદિમ સંસ્કૃતિનું અધ્યયન કરવું જોઈએ.

મણિપુરમાં ચૈતન્ય મહાપ્રભુના શિષ્યોએ મેત્તાઈ લોકોને એવી સુંદર રીતે અપનાવ્યા હતા કે દુનિયા માટે એ એક સુંદર નમૂનો ગણાય.

તમારે ત્યાં પુરાણોના અધ્યયનની એક શાખા ખોલી હોય તો તે કાશીરાજ ટ્રસ્ટ જેવું જ કામ થશે. કાશીરાજ ટ્રસ્ટની દિશા નોખી છે. તમારી નોખી હશે.

ફરી વાર તમારું અભિનંદન કરું છું."

કાકા કાલેલકરના સપ્રેમ વંદેમાતરમ્

× × ×

"...'સ્વાધ્યાય" ત્રૈમાસિકનો પહેલો અંક મળ્યો. તે માટે બહુ આભારી છું. આ અભિક્રમની જરૂર હતી અને તમે સાહસ કર્યું તે બહુ સારું કર્યું. બીજાં એવાં સામયિકોમાં અંગ્રેજી-ગુજરાતી ભેગું આવે છે અને વિષયોનો વ્યાપ મોટો હોય છે. તમે આ પત્ર દ્વારા વિદ્યાવિકાસમાં મહત્ત્વનું અને ઉપયોગી કામ કરી શકશો તેની મને ખાતરી છે."

પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

× × ×

"........"સ્વાધ્યાય"નો પહેલો અંક તેના પોતાના વિશે (તેમ જ ભાવિ અંકો વિશે અપેક્ષામૂલક) સારી છાપ પાડે છે. તમારા ઉદ્યોગ ને ઉત્સાહ માટે ઘણાં ઘણાં અભિનંદન!"

પ્રો. અનન્તરાય રાવળ

× × ×

"........પહેલો અંક ઘણો સારો છે. આવા પ્રકારના એક ત્રૈમાસિકની અપેક્ષા હતી. તે તમે પૂર્ણ કરી. તેને માટે તમને અભિનંદન આપવા ઘટે છે. પરમાત્મા તમને આ દિશામાં પણ સફળતા આપશે."

પ્રો. ગોવિન્દલાલ હ. ભટ્ટ

× × ×

"આપના તરફથી "સ્વાધ્યાય"ના પુ. ૧નો અંક ૧ આજે હસ્તગત થયો અને તે જોઈને અત્યંત પ્રસન્ન થયો છું. આપશ્રીની આટલી બધી અનેકવિધ પ્રવૃત્તિ હોવા છતાં આપશ્રી એક નવીન અને આટલી બધી ઉચ્ચ કક્ષાનું ત્રૈમાસિક ચાલુ કરો છો એ આપશ્રીની સંશોધન અને સ્વાધ્યાય માટેની તીવ્ર મનોવૃત્તિની પ્રતીતિ કરાવે છે."

"મહામના શ્રી. જ્યોતીન્દ્રભાઈ મહેતા સાહેબે જે અપ્રતિમ પૂરોવચનથી "સ્વાધ્યાય"ને જગતમાં વહેતું મૂક્યું છે તે ખરેખર પ્રશસ્ય છે. આ ત્રૈમાસિક ઉત્તરોત્તર વધારે અને વધારે ફેલાવો પામશે તથા સંશોધન અને સ્વાધ્યાયનાં ઊંચાં શિખરો સ્વાધીન કરશે એમાં મને સંશય નથી."

ડૉ. ટી. એન. દવે

× × ×

"........."સ્વાધ્યાય" પત્ર બહુત અચ્છા નિકલા હૈ. ઉસકે પહલે અંકમે હી પર્યાપ્ત શોધ-સામગ્રી હૈ."

ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ

× × ×

"........."સ્વાધ્યાય"ના સુંદર અને સમૃદ્ધ સ્વરૂપ માટે અભિનંદન. ગુજરાતીમાં સારા સંશોધન ત્રૈમાસિકોની મને તો ખૂબ જ ખૂંચ્યા કરતી ખોટ આથી અંશે પુરાશે. બધી અનુકૂળતા થઈ રહે અને ભવિષ્યમાં દ્વૈમાસિક કરી શકો એવી મારી હાર્દિક શુભેચ્છા."

ડૉ. હરિવલ્લભ ભાયાણી

× × ×

"........."સ્વાધ્યાય" મળ્યું. બહુ જ સુંદર અને આકર્ષક છે. સામગ્રીનું વૈવિધ્ય પણ આકર્ષક છે."

પ્રિન્સિપાલ યશવંત શુકલ

× × ×

"........."સ્વાધ્યાય" ત્રૈમાસિક શરૂ થયું એથી વિશેષ આનંદ એ માટે થાય છે કે આપણે ત્યાં આવા સામયિકની ખાસ જરૂર હતી. એ ખોટ તમે પૂરી પાડી છે એ માટે તમને મારા અભિનંદન આપું છું. આપણે ત્યાં લાંબા અભ્યાસુ લેખો પ્રસિદ્ધ કરવાનું કોઈ સાધન નથી એમ હવે નહિ કહી શકાય."

શ્રી વાડીલાલ ડગલી

× × ×

"........."સ્વાધ્યાય"નો અંક મળ્યો છે. સંશોધનપ્રવૃત્તિને સંશોધનના સામયિકો વેગ આપે છે એટલે આ દિશામાં તમે પ્રશસ્ય પગલું ભર્યું છે, તે બદલ અભિનંદન."

ડૉ. પ્રબોધ પંડિત

× × ×

"........."આ પ્રકારનું ત્રૈમાસિક ખરેખર જરૂરનું છે. તેને માટે લેખ-સામગ્રી મેળવવાની મુશ્કેલી હવે પહેલાં જેટલી નથી, કારણ કે વિદ્યાનાં વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતની વિદ્વત્તા ખરેખરી સક્રિય બની છે."

પ્રો. સુંદરજી બેટાઈ

× × ×

"........" સંશોધનાત્મક માસિક તમે શરૂ કર્યું તે જાણી ઘણો આનંદ થયો. એ દ્વારા ઘણું સંશોધન બહાર આવવાની અનુકૂળતા નિર્માણ થશે."

મુનિશ્રી જંબુવિજયજી

× × ×

"......" સ્વાધ્યાય" નો પ્રથમ અંક મળ્યો. એનાથી ઉચ્ચ અભ્યાસ અને સંશોધનની દિશામાં ગુજરાતમાં તમે એક નવું પ્રસ્થાન કર્યું છે તે માટે અભિનંદન. એમાં સમાવિષ્ટ થયેલા લેખો જોતાં એના ઉજ્જવળ ભાવિની આશા બંધાય છે."

પ્રિન્સિપાલ જીવનલાલ પરીખ

× × ×

"........" સ્વાધ્યાય "નો અંક મળ્યો. આનંદ થયો. ગુજરાતીમાં આવા સંશોધન-સામયિકની ઘણી ખોટ હતી. આનાથી ગુજરાતમાં સંશોધન-વિષયક લેખનપ્રવૃત્તિને સારું ઉત્તેજન મળશે."

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

× × ×

"........વડોદરાનું સારસ્વતધન આવા રૂપમાં જ દર્શન આપતું રહે, એ જોવાનું મને બહુ ગમે છે. શ્રી જ્યોતીન્દ્ર મહેતા સાહેબે, આવા પ્રકાશનની ગુજરાતને જરૂર હતી, એ જે દૃષ્ટિથી સમજાવ્યું છે, તે સાવ સાચું છે."

શ્રી કલ્યાણરાય ન. જોશી

સ્વાધ્યાય

પુસ્તક ૧ : અંક ૨ વિ. સં. ૨૦૨૦
વસન્તપંચમી અંક જાન્યુઆરી, ૧૯૬૪

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧.	ગાન્ધારી—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા	... ૧૧૩–૧૨૫
૨.	બ્રહ્મસૂત્ર-સ્મૃતિપાદ અને ભગવદ્દગીતા—પ્રતાપરાય મો. મોદી	... ૧૨૬–૧૩૧
૩.	ઉદ્ધવસંદેશને લગતાં ગુજરાતી કાવ્યો—સુમન શાહ ...	... ૧૩૨–૧૪૭
૪.	કપડવંજનો લોખંડનો પ્રાચીન ઉદ્યોગ—રમણલાલ ના. મહેતા	... ૧૪૮–૧૫૧
૫.	મોગલકાલીન ગુજરાતાના બે વીર મુત્સદ્દીઓ—ભોગીલાલ જ. સાંડેસરા	... ૧૫૨–૧૫૫
૬.	ગૌર્જર અપભ્રંશ વિષે વધુ—ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ ...	... ૧૫૬–૧૬૮
૭.	પશ્ચિમ હિંદમાં ઉપલબ્ધ સ્મારકોના પ્રકારો—મંજુલાલ મજમુદાર	... ૧૬૯–૧૭૩
૮.	મેર પ્રજાનાં લગ્નગીત—હર્ષદ આર. ત્રિવેદી ...	... ૧૭૪–૧૮૨
૯.	જાલ્યોધર–ગુજરાતનું એક ભુલાયેલ પ્રાચીન નગર—કનૈયાલાલ ભા. દવે	... ૧૮૩–૧૯૦
૧૦.	'શલાકાપુરુષ'નું શક્ય અર્થઘટન—સોમાભાઈ ધૂ. પારેખ...	... ૧૯૧–૧૯૪
૧૧.	પ્રાચીન કાળમાં ગુજ૦માં બોલાતી સંસ્કૃત ભાષા—જગન્નાથ શ્રીધર પદેશાસ્ત્રી	૧૯૫–૧૯૭
૧૨.	સર્જનાત્મક સાહિત્યમાં કાળયોજના—સુરેશ હ. જોશી ...	... ૧૯૮–૨૦૨
૧૩.	શ્રી ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ–એક સ્મરણાંજલિ—જયન્ત પ્રે. ઠાકર	... ૨૦૩–૨૧૬
૧૪.	ગ્રન્થાવલોકન :	
	૧. શામળ ભટકૃત સિંહાસન બત્રીસી	... ૨૧૭–૨૧૮
	૨. ગોવર્ધનરામ–એક અધ્યયન	... ૨૧૮–૨૨૧
	૩. ઐતિહાસિક લેખ-સંગ્રહ...	... ૨૨૧–૨૨૩
૧૫.	સ્વાધ્યાયને આવકાર...	... ૨૨૪–૨૨૭

With compliments of

JYOTI LIMITED, BARODA

Makers of Jyoti vertical turbine pumps, 'Unibuilt' pumps, electric motors, starters, switchboards and power control gear.

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

		રૂ. ન.પૈ.
૧.	**પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ	૮=૦૦
	વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ	૫=૦૦
૨.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભોગીલાલ સાંડેસરા	૭=૫૦
૩.	ભાલણકૃત **નલાખ્યાન**—સંપાદક : પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૪.	ઉદયભાનુકૃત **વિક્રમચરિત્ર રાસ**—સં. : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર	૨=૦૦
૫.	**ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી	૪=૭૫
૬.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા	૮=૨૫
૭.	**પંચાખ્યાન બાલાવબોધ ભાગ ૧**—સં. : ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૧૮=૬૦

સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાલા

૧.	**વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧**	૧=૭૫
૨.	,, ,, ,, ૨	૧=૭૫
૩.	,, ,, ,, ૩	૪=૦૦
૪.	**નિરુત્તમા**	૨=૦૦
૫.	**વિક્રમોર્વશી**—(અનુવાદ ; મનનિકા સહિત)	૧=૭૫
૬.	**પ્રવેશકો, ગુચ્છ પહેલો**	૩=૫૦
૭.	,, ,, **બીજો**	૨=૪૦
૮.	**અંબડ વિદ્યાધર રાસ**	૩=૦૦

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વડોદરા

ત્વરિત, સુરક્ષિત નિશ્ચિત

ખાંસીનો ઘરગથ્થુ ઇલાજ

Alembic

ગ્લાયકોડીન ટર્પ-વસાકા

સુકી, શ્વાસ રૂંધનાર અને થકવનાર ખાંસીનો
સુરક્ષિત અને નિશ્ચિત ઘરગથ્થુ ઇલાજ

A63 278 R GUJ EVEREST

નાની-નાની બચતોમાંથી

મોટી મૂડી

ઊભી કરવા તમારા પૈસા

બૅન્ક ઑફ બરોડામાં

જમે કરાવો!

સેવિંગ્સ એકાઉન્ટ પર ૩ ०/० વ્યાજ

ફિક્સ્ડ ડિપૉઝિટ્સ પર મુદ્દત મુજબ ૫ ०/० સુધી વ્યાજ

ફક્ત એક રૂપિયાથી બરોડા બૅન્કમાં સેવિંગ્સ એકાઉન્ટ ખોલી શકાય છે. આપ આપની મનગમતી વસ્તુઓ માટે પૈસા બચાવી શકો છો! વળી આપ આ ખાતા અંગે અપાતી બધી સગવડોનો લાભ ઉઠાવી શકો છો. આપને ૩%નું વ્યાજ મળે છે. નોટિસ આપ્યા વગર એક વર્ષમાં ૧૦૪ વખત આપ આપના ખાતામાંથી જોઈએ એટલી રકમ ઉપાડી શકો છો! **આ સગવડો ૧૪ વર્ષ અને એથી વધુ વયના બાળકોને પણ મળે છે.**

બરોડા બૅન્કમાં ફિક્સ્ડ ડિપૉઝિટ્સ રાખીને આપ મૂડીમાંથી સ્થિર આવક મેળવી શકો છો. ૧ થી ૫ વર્ષ અથવા એથી પણ વધુ લાંબી મુદ્દત માટે ફિક્સ્ડ ડિપૉઝિટ્સ સ્વીકારવામાં આવે છે. **વ્યાજ વર્ષમાં બે વખત ૩૦મી જૂન અને ૩૧મી ડિસેમ્બરના રોજ...આપવામાં આવે છે.** ૫ વર્ષ અને એથી વધુ મુદ્દતની ફિક્સ્ડ ડિપૉઝિટ્સ પર વાર્ષિક ૫% જેટલું ઊંચું વ્યાજ આપવામાં આવે છે.

ફ્રી મેઈલ ટ્રાન્સફર

જો આપને ભારતમાં બરોડા બૅન્કની કોઈ પણ શાખામાં આપના તેમ જ બીજા ખાતેદારના ખાતામાં નાણાં ટ્રાન્સફર કરવાં હશે તો કાંઈ પણ ચાર્જ આપ્યા વગર મર્યાદિત રકમ કોઈ પણ દિવસે કરી શકશો—બૅન્કની મોટી શાખાઓમાં રૂ. ૧૦,૦૦૦ સુધી અને નાની શાખાઓમાં રૂ. ૨,૦૦૦ સુધીની રકમ ટ્રાન્સફર કરી શકાય છે.

સંપૂર્ણ માહિતી માટે બરોડા બૅન્કની નજીકની શાખામાં પધારવા વિનંતી છે.

ધી બૅન્ક ઑફ બરોડા લિમિટેડ

(સ્થાપના : ૧૯૦૮) હેડ ઑફિસ : વડોદરા

શાખાઓ : ભારતમાં ૧૯૦થી વધુ શાખાઓ. ઉપરાંત પૂર્વ પાકિસ્તાન, લંડન, પૂર્વ આફ્રિકા, ફીજી ટાપુઓ અને મૉરિશિયસમાં પણ શાખાઓ છે.

શ્રી સયાજી સાહિત્યમાલા

		રૂ. ન.પૈ.
૧.	**કહેવત કથાનકો**—પ્રણવતીર્થજી	૬=૫૦
૨.	**પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા	૪=૭૫
૩.	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૪.	**આપણું વિશ્વ**—છોટુભાઈ સુથાર	૬=૮૦
૫.	**આપણી ખનિજસંપત્તિ**—ન. મૂ. શાહ	૩=૦૦
૬.	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: કિશોરકાન્ત યાજ્ઞિક	૩=૦૦
૭.	**મીરાંબાઈ—એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર	૬=૭૫
૮.	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૦=૦૦
૯.	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—કનૈયાલાલ ભાઈશંકર દવે	૪=૨૫
૧૦.	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ગાંધી	૧૪=૦૦
૧૧.	**હરિભદ્રસૂરિ**—હીરાલાલ ર. કાપડિયા	૮=૫૦

શ્રી સયાજી ગ્રામવિકાસમાલા

૧.	**ઘઉં**—માર્તંડ શિવભદ્ર પંડ્યા	૩=૦૦
૨.	**આબાદીને માર્ગે**—કેશવલાલ વ્યાસ	૧=૭૫
૩.	**લોકનાટ્ય અને ગામડું**—જશવંત ઠાકર	૧=૨૦
૪.	**ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—કાન્તિલાલ પટવા	૨=૩૦
૫.	**સમાજશિક્ષણ**—શાન્તિલાલ શાહ	૨=૮૦

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વડોદરા

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા. ફેબ્રુઆરી ૧૯૬૪.

માટીનું વર્તુલાકાર સુશોભન
(દેવની મોરીનો સ્તૂપ)